ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૧૬

# યાત્રાવિહાર

KIRAN D. PATHAK

લેખક
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

કીમત રૂ. ૨-૫૦

પ્રકાશક :
સ્વામી સ્વયંજ્યોતિ તીર્થ
જ્ઞાનસાધન આશ્રમ
પો. મુક્તમપુર (જિ. ભરૂચ)

૨જી આવૃત્તિ
પ્રત ૧૦૦૦
કીમત : રૂ. ૨–૫૦

મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ–૨.

# પ્રસ્તાવના

અધ્યાત્મપંથે પ્રમાણ કર્યા પછીની આત્મકથાનાં સંસ્મરણો લખવાના હેતુથી તે સમયે તીર્થયાત્રા નિમિત્તે સાંપડેલા પ્રસંગોનું વર્ણન કરતાં જે શરૂઆતના પ્રસંગો લખાયા તે '**ઉત્થાન**' માસિકપત્રમાં '**યાત્રાવિહાર**' મથાળાથી છપાયા હતા. આજે એ પુસ્તકાકારે પ્રકટ થતાં, આત્મકથાની પ્રસ્તાવના જેવો થોડો લખેલો 'યાત્રાવિહાર' પણ આજે રૂઢિ પ્રમાણે પ્રસ્તાવનાની પણ પ્રસ્તાવના લખવાનો પ્રસંગ ઊભો કરે છે.

ભ. શ્રી. આદ્ય શંકરાચાર્ય 'સાધનપંચક' નામના સ્તોત્રના પહેલા શ્લોકની છેલ્લી બે પંક્તિઓમાં આજ્ઞા આપે છે કે :—

पापौघः परिधूयताम् भवसुखे दोषोऽनुसंधीयताम्
आत्मेच्छां व्यवसीयताम् निजगृहात तूर्णं विनिर्गम्यताम् ॥

**અર્થ** : (પૂર્વજન્મોના ચિત્તના મલ જેવા) પાપ સંસ્કારને ધોઇ નાંખવા; ભવ (સંસાર) સુખમાં દોષોનું અનુસન્ધાન કરવું, અને પછી આત્મા (ને જાણવા)ની ઇચ્છાનો જ વ્યવસાય કરવો, (સાધન વડે સાધના કરવી) અને નિજગૃહ (મોહમમત્વવાળા અન્ય આશ્રમ) માંથી તરત જ નીકળી જવું (આત્મસાધના માટે ચતુર્થ આશ્રમ ધારણ કરવો).

પૂર્વના પૂણ્યસંસ્કારમાંથી આવી મનોવૃત્તિ કોઇ ધન્ય પળે જાગ્રત થઈ, તે સમયની મનોદશા પ્રમાણે જન્મજન્માંતર ભરી **ભવયાત્રા**માંથી નિવૃત્ત થઈને પરમ પાવનકારી સંત-સ્વરૂપનાં દર્શન-સત્સંગની **તીર્થયાત્રા** માટેનો **વિહાર** શરૂ થયો. તે સમયના પ્રારંભના જે પ્રસંગો લખાયા છે, એમાં પૂર્વજીવનની આંતર બાહ્ય

દશા, એની પૂર્વભૂમિકા, અધ્યાત્મમાર્ગે પ્રયાણ કરવાનાં ત્યાગ વૈરાગ્ય જેવાં સાધન માટેની આંતરિક સવેગભરી મનોદશા, એ બધાંનાં યથામતિ સ્મૃતિચિત્રો આલેખવાનો આ વિનમ્ર પ્રયત્ન છે.

તે સમયની દષ્ટિ સાથે લેખનકાળની દષ્ટિનો મેળ–સુમેળ થાય એ સ્વાભાવિક છે. ઇષ્ટ પણ છે, કારણ કે પ્રત્યેક સાધના એના ઇષ્ટફલાસ્વાદ પરથી ન્યાયી ઠરે છે. આમાં આત્મશ્લાઘા નથી. આત્મસમીક્ષાના કેવલ સીધાસાદા પ્રયત્નો છે. **ભવયાત્રા** એટલે જ જીવાત્માની અસંખ્ય જન્મજન્માન્તરની સાધન સાધ્યનાં શોધન પ્રાપ્તિ માટેની વિહારલીલા; એ જ છે કર્મક્ષેત્રઃ અને એજ છે ધર્મક્ષેત્ર. ત્રિગુણાત્મક પ્રકૃતિમાં નિત્ય સુખની ઝંખના માટે જીવાત્મા પક્ષીએ અજ્ઞાન અને મોહની પાંખો વડે અંધ બનીને લોકલોકાન્તરમાં ઊડવા માંડેલી અવિરત પ્રવૃત્તિઃ એમાં સુખને બદલે દુઃખના આઘાત આવી મળતાં જ્ઞાન અને ભક્તિની પાંખો અને સદ્‌ગુરુરૂપી નિર્મળ નેત્ર વડે યથાશાસ્ત્ર ઉડ્ડયન થાય એ છે ભવયાત્રામાં નિવૃત્ત થઈને તીર્થયાત્રા પ્રતિનાં સત્પ્રયાણ. ૐ

આ પુસ્તક કેવલ આત્મલક્ષી હોવા છતાં કોઈ વિવેકી સહધર્મી એમાંથી યથામતિ સાર મેળવીને સાવધાનતાથી આગળ વધવામાં સદુપયોગ કરે એવી વિનમ્ર વિનંતી છે. પ્રસંગચિત્રો તો મને જેવાં દેખાયાં, જોયાં તપાસ્યાં, જાણ્યાં સમજાયાં એવાં દોરાયાં છે. અને આત્મલાભ તો સ્વસંવેદ્ય હોઇ એનાં ગુણગાન ગાવાં ઉચિત નથી. આત્મીયતાનો સાધક એનો ઉપયોગ કરી શકે તો કરે, એટલી પુનઃ વિનમ્ર શુભેચ્છા છે.

અષાઢ કૃ. ૧૧–૨૦૧૪<br>
મુક્તામ્રપુર – **ભરૂચ**

**સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ**

# યાત્રાવિહાર

# પ્રસંગ પહેલો

ઈ. સ. ૧૯૧૩ની સાલનો પ્રસંગ છે. હૃષીકેશથી હું પગપાળો ટિહરી જવા નીકળ્યો. સંન્યાસ આશ્રમનાં કાષાયવસ્ત્ર ધારણ કર્યા પહેલાંની, બ્રહ્મચારી અવસ્થાની આ વાત છે.

હૃષીકેશ પહેલવહેલું જ જોયેલું. એકાદ અઠવાડિયું ત્યાં રહ્યો. નષ્કિંચન અવસ્થામાં ટિહરી રાજ્યના માલિદેવલ ગામ પાસેના 'રામમઠ'માં પહોંચવાનો મને આદેશ હતો. સ્વા. શ્રી નારાયણતીર્થજી તે વખતે દિલ્હીમાં રહીને પ. પૂ. સ્વા. રામતીર્થનાં અંગ્રેજી–ઉર્દૂ લેખો-વ્યાખ્યાનોના પ્રકાશન અંગે વ્યવસ્થા કરતા હતા. દિલ્હીથી રેલ્વે રસ્તે હરદ્વાર આવ્યો, પણ ત્યાં તો ચારપાંચ દિવસ જ રહ્યો, કારણ કે એ પહેલાં જોયેલું હતું અને કેવળ શહેર જેવું જ લાગ્યું.

તાજી વૈરાગ્યવૃત્તિ હતી તેથી એકાન્તસ્થાનમાં રહેવાની ઈચ્છા તીવ્ર હતી. હરદ્વાર ન ગમ્યું, હૃષીકેશ ન ગમ્યું; તીર્થસ્થાનો તરીકેની મહત્તાનું મારે કામ નહોતું. હિમાલયમાં એકાન્ત સ્થાને રહીને સાધન–અભ્યાસ થાય એવી મનોવાંછા એટલા માટે હતી કે એ સ્થાનમાં સ્વા. રામતીર્થે પસંદ કરીને કુટિઓ બાંધવાની ટિહરીનરેશને આજ્ઞા કરી હતી. કુટિઓનું ચણતર પોણા ભાગનું થતાં જ એ તો બ્રહ્મલીન થયા. સ્વા. નારાયણતીર્થે એ સ્થાનને તૈયાર થયા પછી રામમઠનું નામ આપ્યું. સ્વ. રામતીર્થજીએ વાંચેલાં નોંધેલાં પુસ્તકોનો ત્યાં સંગ્રહ હતો. એનું તથા સૌથી વિશેષભાવે તો હિમાલયનું પ્રકૃતિસૌંદર્ય માણવાના મોહનું આકર્ષણ બહુ મોટું હતું.

હૃષીકેશથી પગપાળા ચાલીને દેહરાદૂન અને ત્યાંથી મસુરી થઇને ટિહરી પહોંચવાનો માર્ગ મેં પૂછી રાખેલો હતો. બીજે દિવસે બપોરે દેહરાદૂન પહોંચવાની ઈચ્છા હોય તો વચમાં એક રાતવાસો કરવો પડે એમ હતું. હૃષીકેશથી બારેક માઈલને છેટે એક * ગામે રાતે પહોંચાય એવી રીતે હૃષીકેશથી બપોરના બારેક વાગે, ઉનાળામાં ખરે મધ્યાહ્ને, નીકળી પડયો. કમંડલુમાં પાણી સાથે લીધું કારણ કે એ તરફ રસ્તામાં ઝરણાં નહોતાં; ઉપરાંત તે વખતે એ બાજુ જંગલી હાથીઓનો ભય હતો. જે વખતની આ વાત લખું છું તે જમાનામાં તો હૃષીકેશની સામે પાર ગંગા કાંઠે, અને આ બાજુ પણ સ્વા. ધનરાજગિરિના કૈલાસ આશ્રમની પાછળ રાત્રે હાથીઓ આવીને તોફાન મચાવી જતા. આવા ભયંકર રસ્તે મારે બારેક માઈલ કાપવાના હતા.

હું હૃષીકેશના અન્નક્ષેત્રની ભિક્ષા આરોગીને ચાલ્યો. ચારેક માઇલ જતાં એક પાણીની પરબ આવી. કમંડલુમાં ગરમ થઈ ગયેલું પાણી બદલીને ત્યાંનું ટાઢું પાણી ભર્યું, પીધું, અને કપડું પલાળીને માથે નાખ્યું.

મારો વેશ બ્રહ્મચારી જેવો હતો; દાઢીવાળ વધેલાં હતાં. માથે નાનો ટુવાલ બાંધ્યો હતો. ખભે એક શાલ, બે પાંચ બીજાં પાતળાં કપડાં, તથા નાની એવી બગલથેલીમાં મારાં સદાનાં પ્રિય શ્રી ભગવદ્‌-ગીતા, અવધૂતગીતા, તથા બ્રહ્મનામાવલિના સંસ્કૃત ગુટકા હતા.

થોડી કમંડલુ વિષે હકીકત લખી નાંખું. ઝેરી નાળિયેરનાં બનાવેલાં કમંડલુ સંન્યાસીઓ જ ઘણે ભાગે વાપરે છે. મારો વેષ હતો સફેદ કપડાંનો બ્રહ્મચારી જેવો એટલે કમંડલુ હાથમાં હોવાથી મને કોઇ કોઈ સફેદ કપડાં પહેનારા, દાઢીજટા રાખનારા નિર્મલા સાધુ જેવો માની લેતા. ભગવાં કપડાંવાળા સંન્યાસીઓએ મને હરદ્વાર—હૃષીકેશમાં

* એ ગામનું નામ અત્યારે યાદ નથી.

ટોકયો પણ હતો, એ કમંડલુ હરદ્વારમાં લાંબા સમયથી સ્વા. રામતીર્થના ભક્ત લાલા શાલિગ્રામની ધર્મશાળાના રખેવાળ પાસે પડયું હતું. સ્વા. નારાયણતીર્થજીએ ચીઠ્ઠી લખીને મને અપાવ્યું હતું, જે મારે રામમઠમાં પહોંચાડવનું હતું. મારી પાસે એક જ ઉત્તર હતો કે ગુરુઆજ્ઞાથી એને રાખ્યું છે, અને સ્વા. શ્રી રામતીર્થજીનું વાપરેલું છે. એ ઉત્તર બહુ ઠીક થઈ પડયો. ગુરુમહિમાનો જયજયકાર !

એક બીજી રમૂજી વાત બની. મારવાડના અમુક પ્રદેશમાં જયાં પાણીની બહુ અછત છે, ત્યાં ગૃહસ્થાશ્રમીઓ આવાં કમંડલુ જંગલમાં શૌચ જવા માટે વાપરે છે, કારણ કે લાંબો સમય સુધી તૂટતાંફૂટતાં નથી; માત્ર પાણીનો હાથ ફેરવવાથી શુદ્ધ થયાં મનાય છે. હૃષીકેશના મારવાડી સજ્જનો એ કમંડલુ જોઇને મારી સાથે મારવાડી ભાષામાં વાત કરવા મંડી પડતા. હું હસીને મૌન રાખતો. મને એ ભાષામાં જવાબ આપતાં પણ આવડતો નહોતો; હજુયે નથી આવડતો.

હું ચાલ્યો જાઉં છું. સાતેક માઇલ જાઉં છું ત્યાં બે માર્ગ થયા. કયે માર્ગે જાઉં ? કોને પૂછું ? કોઇ માણસ જાતનું પ્રાણી નજરે પડે એમ નહોતું. વાટ જોઈને બેસી રહું તો રાત પડે. હાથીનાં દર્શન તો ન થયાં પણ હાથીએ ઉખાડી નાંખેલાં થોડાં ઝાડ જોયાં, પેલા પરબવાળાએ બતાવેલાં.

હૃષીકેશમાં સવારે અન્નક્ષેત્રમાંથી મેળવેલાં રોટલી, દાળ, ભાત, શાક ખાતાં ચારેક રોટલી બચાવીને સાથે રાખી હતી. મને થયું કે સાંજ પડવા આવી છે; કમંડલુમાં પાણી છે; બે રસ્તા સામે આવીને સંકલ્પવિકલ્પની દુગ્ધા ઊભી કરીને મને હસે છે; એમાંથી એક રસ્તે ચાલતાં કયારે, કયે ગામ પહોંચાશે એ પૂછવા માટે કોઇ ભોમિયાનાંયે દર્શન નથી થતાં.

હું બેઠો; રોટલીઓ છોડી; નિરાંતે બેએક ખલાસ કરી; એકલી

રોટલી જ હોં ! ગળામાં અટકે ત્યારે અંદર ધકેલવા માટે હતું કમંડલુમાં ભરેલું પરબનું પાણી. મનમાં નિરાંત હતી. સાહસ કરવા તો નીકળ્યો છું; હિમાલયમાં ભ્રમણ કરવું છે; ટાઢ તાપ, ભૂખતરસ વગેરે વેઠવાની તો અંતરમાં ઝંખના છે. ખાતો જાઉં છું અને વિચાર-પુષ્પો વેરતો જાઉં છું. નિરાંતે રોટલી આરોગી; પાણી પીધું; કમંડલુ ખાલી થયું. એ કામ તો પત્યું; બે રોટલી બચી તે પાછી સાથે બાંધી લીધી.

ઊભા થઈને બે માર્ગમાંથી અંતર્યામીએ સૂઝાડયો તે માર્ગે ઝડપ-ભેર ચાલવા માંડયો. તે વખતે મારી ચાલવાની ઝડપ કલાકના ત્રણ માઇલ જેટલી તો સાધારણ હતી. અત્યાર સુધી તો નિરાંતે ભાવા-વેશમાં ઊછળતો ઊછળતો મંદ વેગે ચાલતો હતો. પણ હવે રાત્રિની ભયંકરતાએ મનને ઘેરવા માંડ્યું. હાથીઓની બીકનાં મનમાં સ્વપ્નાં ગોઠવાવાં માંડયાં, વેગ વધાર્યો અને ચાલવા માંડ્યું.

પરબવાળાએ તો રસ્તો સાચો જ છે એમ કહ્યું હતું, પણ આગળ બે રસ્તા આવે ત્યારે ડાબે જમણે માર્ગે જવાનું ન તો મેં પૂછેલું કે ન તો એણે મને કહેલું.

બે એક માઇલ ચાલ્યો હોઇશ એટલે પાણીની એક નાની એવી નહેર આવી. પર્વતોના પ્રદેશમાં નાનાં નાનાં ઝરણાંને વાળીને તથા નદીઓમાંથી ઉપરવાસથી પાણી ઉતારીને નહેરો વડે ખેતરોમાં પાણી પવાય છે. મેં નહેરે નહેરે ચાલવા માંડયું, ક્યાંક વસતી આવશે એવી આશાએ. એકાદ માઇલ જતાં એક પોલીસ જમાદાર મળ્યો; ઝૂંપડાં પણ દેખાયાં. છેવટે ગામ આવ્યું ખરું; નિરાંત થઈ.

“ક્યાંથી આવો છો ? બાવાજી !” જમાદારે પૂછ્યું.

“હૃષીકેશથી” જવાબ આપતાં આપતાં મેં ચાલ્યા કર્યું, એ પણ ખભે બંદૂક રાખીને ગામની દિશામાં નહેરને કાંઠે કાંઠે ચાલ્યો જતો હતો, બન્ને સાથે જ ચાલતા હતા.

"ક્યાં જવું છે?" આગળ પ્રશ્ન પૂછ્યો.

"હૃષીકેશથી આવું છું ને દહેરાદૂન થઇને ત્યાંથી ટિહરી જવું છે" મેં પૂરો સંકેત કહી સંભળાવ્યો.

"દહેરાદૂન જવું છે? આ તો રાણીપોખરી ગામ છે; દહેરાદૂન જવાનો રસ્તો તો બીજે ગામ થઇને જાય છે; હવે અહીંથી દહેરાદૂન જવું એ તો ઊલટી વાટ કહેવાય." એણે મને વિચારમાં ફેંક્યો.

"આ ગામ રાણીપોખરી છે? અહીંથી હવે રાજપુર થઈને મસુરીની સડકે જવું હોય તો કયે માર્ગે જવું પડે?" મેં પ્રશ્ન કર્યો.

"આમ તો દહેરાદૂનની સીધી લીટીમાં આવ્યું. અહીંથી હવે સીધા રાજપુર જવાશે, ત્યાંથી મસૂરી ને પછી ટિહરી: તમે આજ ઠીક ચક્કર કાપ્યું." એણે રસ્તો સુઝાડ્યો.

"ઠીક થયું એક રીતે. હું બપોરે બારેક વાગે હૃષીકેશથી નીકળ્યો હતો. અહીં આવતાં કેટલા માઇલ થયા હશે?" હું કેટલું ચાલ્યો એની ગણતરી પૂછી.

"ખાસા બારતેર માઇલ આવ્યા; ઠીક ઝડપ કરી."

"અહીં રાતવાસો કરવો છે; કોઇ જગ્યા હોય તો બતાવો." મેં મતલબની વાત પૂછી.

"જુઓ, આગળ નિશાળની ઓરડી છે ત્યાં સૂઈ શકાશે; ત્યાં ઠીક ન લાગે તો મારા પોલીસ થાણામાં આવજો, હું છું તો મુસલમાન પણ તમને લોટ–બટાટા આપીશ, જાતે ખાવાનું બનાવી લેજો; સુવા માટે પણ સગવડ કરી આપીશ" એણે ઈશ્વરપ્રેર્યું સ્વાગત સૂચવ્યું. જાતે મુસલમાન, એમાંયે પોલીસ જેવી નોકરી; વાટભૂલ્યા મારા જેવાને આશરો આપવા તૈયાર થાય એટલું જ નહિ પણ ખાનપાનની પણ ચોખ્ખી વ્યવસ્થા કરી આપવાનું કહે, એ એની કેટલી ઉદારતા! એની આતિથ્યભાવના અને તે પણ પર્વતીય પ્રદેશની મારા હૃદયમાં

હજીએ જાગ્રત છે. નામ યાદ નથી; પૂછ્યું પણ નહોતું : છતાં આ પ્રસંગ જ્યારે જ્યારે સ્મૃતિપટ ઉપર ઊભરાય છે, ત્યારે આવી ઉદારતા માટે ભારતીય સંસ્કૃતિ માટે માથું નમે છે.

એટલું કહીને જમણા હાથ પર આવતી પોલીસ ચોકીની ઓરડીઓ તરફ એ વળ્યો. મેં આગળ ચાલવા માંડ્યું.

સોએક ડગલાં આગળ વધ્યો હોઇશ ત્યાં એક નાની એવી ઓરડી જોઇ; આગળ પાંચસાત હાથ લાંબી પહોળી ઓશરીમાં પત્થર તથા માટીના ઢગલા પડયા હતા : આગળના ચોકમાં ગામનાં છોકરાંઓ રમતાં હતાં. મેં છોકરાંઓને પૂછ્યું :

"નિશાળ ક્યાં છે?"

"આજ નિશાળ છે; કેમ શું કામ છે?"

જેઠ મહિનાનો શુકલ પક્ષ હતો; ચંદ્રમાનું અજવાળું શરૂ થઈ ચૂક્યું હતું.

"રાતવાસો કરવો છે" મેં છોકરાઓને કહ્યું.

"આ ઓશરીમાં સૂવું હોય તો સૂઇ રહો. મહેતાજી તો બીજે ગામ રહે છે; ઓરડાની કૂંચી એમની પાસે હોવાથી કોઈ ઉઘાડી આપે એમ નથી." રમતાં રમતાં જ એકાદ છોકરાએ જવાબ આપ્યો.

"અહીં તો સૂવાય એવું નથી, બીજી કોઇ જગ્યા છે?" એ ઓશરીમાં આડા પડીને સૂવાય એવી સગવડ જ નહોતી.

"આ નહેરને કાંઠે કાંઠે ચાલ્યા જાઓ. ત્યાં એક સાધુ રહે છે." બધામાંથી એક બ્રાહ્મણ કોમના લાગતા છોકરાએ ખૂબ જ સભ્યતાભર્યો જવાબ આપ્યો.

હું આગળ વધ્યો. થોડે જ દૂર વાડ અને એક ઝાંપો આવ્યો. હું અંદર પેઠો. વિશાળ આંગણું હતું. એકાદ આંબાનું ઝાડ હતું. વચમાં મોટો ચોતરો હતો : બે છૂટી છૂટી ઓરડીઓ હતી. સંતમહાત્મા

અંદર હશે એમ માનીને મેં "નારાયણુ" શબ્દ આજુબાજુ સંભળાય એવી રીતે બોલીને મારો ખભા ઉપરનો ભાર તથા હાથમાંનું કમંડળુ ચોતરા ઉપર મૂક્યાં અને બેસી ગયો.

થાક લાગ્યો હતો. જુવાન શરીરનાં પણ હાડકાં થાકે તો ખરાં જ ને! જેઠ મહિનાને ખરે મધ્યાહ્ને ચાલેલા શરીરનું લોહી તપીને ઠંડું પડે ત્યારે કળતર થાય જ ને! ચાંદની તરફ જોયું; આ પ્રદેશ તો હિમાલયની તળેટીનો એટલે આસપાસ ત્રણચાર માઇલને છેટો હિમાલયના શરૂ થતા પર્વતોનાં ઊંચાં દૃશ્યો; વચમાં મેદાન ઉપર વસેલાં નાનાં નાનાં ગામડાંઓ; જ્યાં જ્યાં ઝરણાંની સગવડ ત્યાં ત્યાં શિયાળાઉનાળાની ઋતુમાં ખેતી થાય એવી સગવડ ઉપરાંત અહીંથી હૃષીકેશ, હરદ્વાર, દહેરાદૂન, રાજપુર, મસુરી બધાં થોડે જ દૂર એટલે વસ્તી પણ શહેરી સંસ્કારવાળી; ભણેગણે તે શહેરમાં નોકરી કરવા જાય; બીજા ગામડામાં પડયા પડયા આવડે એવી ખેતી કરી ગુજરાન ચલાવે.

છતાં પણ વેદોક્ત ધર્મમાં અસંખ્ય વર્ષોથી ચાલી આવતી સમૂહસેવાની ભાવના તે વખતે વિશુદ્ધ હતી. જતાં જતાં પણ એના સંસ્કાર દીપી નીકળે એવા હતા. હિંદુ–મુસલમાન જેવી મતવાદી વાડાબંધીની સંકુચિત મનોદશા નહોતી. ધાર્મિક ઉત્સવોને પ્રસંગે સંતસાધુઓ કે ફકીરોના સત્સંગમાં ભેદભાવ રાખ્યા વિના સૌ એક સરખી રીતે જતા, હળતામળતા અને સેવાનો લાભ ઉઠાવી આનંદ માણતા. મુસલમાન, પારસી કે ખ્રિસ્તી જેવા હિંદુ સંતની શિષ્યભાવે સેવા કરતા, તો ઈતર કોમના સંતોની કૃપાનો લાભ લેવાની ઈચ્છા રાખનારો હિંદુવર્ગ પણ નાનોસૂનો નહોતો. હજુએ વત્તેઓછે અંશે એ ભેદભાવ જ્ઞાનીસંતોના શિષ્યમંડળમાં પેઠો નથી એટલાં દેશનાં ધન્યભાગ્ય છે.

ઈશ્વરને નામે ચતુર્થાશ્રમી બનેલો કે ગમે તે વેષવાળો, વયવાળો,

સ્ત્રી કે પુરુષજાતિનો માનવજીવાત્મા પોતાનું જીવન ઇશ્વરપરાયણ વીતાવવા તૈયાર થાય, એના જીવનવ્યવસાયનો ગૃહસ્થાશ્રમીએ ભાર ઉપાડી લેવો જોઇએ એ વેદધર્મમાં જ નહિ, પણ જૈન, બુધ્ધ, ખ્રિસ્તી, મુસ્લિમ વગેરે બધા સંપ્રદાયના સિધ્ધાન્તનું આધારભૂત પગથિયું છે;-શરત એ કે એનું જીવન લોકસમૂહમાં ધર્મ, નીતિ, ભક્તિ તથા આત્મજ્ઞાનનો મહિમા વધારે એવું હોય; વ્યવહારને માર્ગે બીજાને નિરુપદ્રવી હોય અને શાંતિના વાહક જેવું એ જીવન સહવાસીઓને યથાશકિત વિક્ષેપને વખતે આશ્વાસન આપી શકે.

સેવા, ઉદારતા, ઈશ્વિરમાન્યતા, આસ્તિકતા, ધર્મભાવના, સંતકૃપા, ગુરુદયા, અને એ બધાંની સાથે વર્ણાશ્રમધર્મની મર્યાદાની વ્યવસ્થા બાંધી આપનારા પૂર્વજો, ઋષિઓ અને આચાર્યોની વિચક્ષણ વિવેકશકિતમાં આશ્ચર્યમુગ્ધ બની હું બેઠો હતો.

આંગણાના ઝાંપા તરફથી, નહેર ભણીથી ભગવાં વસ્ત્ર પહેરેલા સંતે પ્રવેશ કર્યો; ૫૦-૫૫ વર્ષની શરીરની ઉંમર હશે. એમને આવતા જોઈને હું ઊભો થયો; અમારા સંન્યાસીઓનું ખાસ પ્રણામસૂચક સંસ્કૃત વાકય " ૐ નમો નારાયણાય " બોલ્યો. એ મારા તરફ વળ્યા; પોતાની કુટિમાં એ જશે એમ ધારીને હું એમનાતરફ જવા વળ્યો : પણ એ તો મારા તરફ જ ચાલ્યા આવ્યા; મારો સામાન પડયો હતો ત્યાં આવીને પૂછ્યું :

" કયાંથી આવ્યા ? બ્રહ્મચારીજી ! "

હૃષીકેશથી આવ્યો સ્વામીજી; હૃષીકેશથી દહેરાદૂનને રસ્તે નીકળ્યો હતો, પણ રસ્તો ભૂલી જતાં અહીં આવી ચઢયો, રાતવાસો કરવો છે, ભગવન્ ! " નમ્રતાભર્યા શબ્દોથી મેં મારી સ્થિતિ સમજાવી.

" ઠીક, ઠીક; બહુ સારું કર્યું; આવો. " એમ કહીને એ પોતાની કુટિ તરફ વળ્યા; હું એમની પાછળ પાછળ ગયો.

પત્થરમાટીની ચણેલી એ કુટિ હતી, ઉપર પત્થરોની સ્લેટનું

છાપરું હતું. નાનું એવું સાધારણ પાટીઆવાળા બારણાનું તાળું ઉઘાડ્યું; હું બહાર ઊભો રહ્યો. એમણે અંદર પ્રવેશીને કોડિયું સળગાવી અજવાળું કર્યું; તરત જ બહાર આવીને બીજી દિશામાં નાની એવી જુદી કુટિ હતી તે તરફ મને આવવા કહ્યું. ત્યાં પહોંચીને ઘાસની છત, પત્થરમાટીની દીવાલ, અને નાના વાંકા વળીને અંદર જઈ શકાય એવા બારણાને પતરાનું બારણું હતું તે ઉઘાડી અંદર પેસી એમણે ત્યાં કોડિયું સળગાવી પ્રકાશ કર્યો. "તમારો સામાન અંદર લઈ આવો, સાંજે જ એક સંત ગયા એટલે કુટિ તો વાળેલી સાફ છે; પાથરવા માટે હું કંઈક લાવું છું" એમ કહી એ પોતાની કુટિ તરફ ગયા. મેં સામાન લાવીને અંદર પ્રવેશ કર્યો. એમની કુટિ દસેક હાથ સમચોરસ હતી, આ કુટિ ભાગ્યે જ પાંચેક હાથ ચોરસ હશે. ખાસી રીતે એમાં એક માણસ આરામથી સુઈ-રહી શકે એવી સગવડવાળી અને સ્વચ્છ હતી. અંદરથી દીવાલો લીંપેલી હતી. અદ્ધર ગોખલામાં કોડિયું પ્રકાશ પાથરીને અજવાળું ફેંકતું હતું.

બેત્રણ કોથળાને સાંધીને બનાવેલું સુવા-પાથરવાની શેતરંજી જેવું પાથરણું હાથમાં લઈને સ્વામીજી આવ્યા.

"લ્યો, આ પાથરો; ઉપર પાથરવાની ચાદર જેવું તો કંઈક છે ને!"

"હાજી, પંચિયું છે તે હું પાથરીશ. ઓઢવાનું પણ છે, અને ઉનાળો છે એટલે ખાસ ટાઢ તો છે નહિ, આપ હવે પધારો. મારી ચિન્તા ન કરશો; આટલી સગવડ તો બહુ છે." મેં એમને નિશ્ચિંત થવા કહ્યું.

એ ગયા; મેં પથારી તૈયારી કરી; હાથપગ ધોઈને પાણી ભરી લાવવા હું કમંડલુ લઇને નહેર તરફ જવા બહાર નીકળ્યો. પાછો આવીને જોઉં છું તો સ્વામીજીને મારી કુટિના બારણા પાસે ઊભેલા જોયા.

'બોલો, બ્રહ્મચારીજી! ખાવાની ઈચ્છા છે ને? એક જ વખત ખાવાનું વ્રત તો નથી ને? મારા હાથનું બનાવેલું ખાશો ને? હું આસપાસના ગામમાંથી કાચી ભિક્ષા માગી લાવીને ભોજન હાથે બનાવી લઉં છું. હું તો અત્યારે ખાસ નથી જમતો, પણ તમે આવ્યા છો એટલે કાંઇક બનાવી લઇએ." બ્રહ્મચારી બ્રાહ્મણ હોય તો ઘણે ભાગે પરમહંસ એટલે દંડવિસર્જન કરેલા સંન્યાસીના હાથનું રાંધેલું ન ખાય, અને એકભુકત રહેનારો વ્રતધારી હું હોઉં તો બીજીવાર રાત્રે ન જમું, એનો ખુલાસો કરવા એમણે પૂછ્યું. ન જમાડવાનો ખોટો વિવેક, કે રસોઈ કરવાનો પ્રમાદ એમની વાણી કે ભાવમાં જરાયે નહોતો દેખાતો.

હિમાલયમાં તે સમયે ઘણા સંતસાધુઓ ગંગાતટે ખાસ અને બીજે સ્થળે પણ કુટિઓમાં રહેતા હતા; એમાંના કેટલાક માધુકરી (તૈયાર રસોઇ) માગીને અને બીજી કાચી ભિક્ષા એટલે લોટ–દાળ વગેરે કાચાં અન્ન મેળવીને હાથે ભોજન બનાવી પોતાનો જીવનનિર્વાહ ચલાવી તત્ત્વચિંતનમાં સમય ગાળતા. અત્યારે પણ રહેતા હશે.

પ્રશ્ન સાંભળીને મારા મનમાં એક મોટો વજ્રપ્રહાર થયો. પેલા મુસલમાની પોલીસની આતિથ્યભાવનાએ હૃદયમાં ધર્મભકિત અને શ્રદ્ધાની આર્દ્રતાનું નાનું એવું ઝરણ ફોડયું હતું, એના મૂળમાંથી જાણે ગંગાજીના પ્રવાહ જેવો ધોધ ફાટી નીકળ્યો! હૃદય આર્દ્ર બન્યું. શરીરમાં પણ જાણે કંપ વછૂટયો. શી આ ઉદારતા, સેવા અને આતિથ્યસત્કારના ત્રિવેણીપ્રવાહની મહત્તા!

એ પ્રવાહ એકાએક અટકી પડયો.

મને મારી રોટલીઓ સાંભરી! ચાર રોટલી સાથે લીધેલી, રાત્રે શું થશે એ અશ્રદ્ધાએ એને તો પેટમાં હોમી હતી: એ પત્થર થઇને હજુ તો પડી છે, અને એ મારી પથારી પાસે પડી મને હસતી ધિકકારતી હશે, ત્યાં તો આ સંતે આટલો ભાવ અને વાત્સલ્યભર્યો મારા ઉપર પ્રેમસાગર ઢોળ્યો; એમના પ્રેમામૃતનો જાણે મારા ઉપર અભિષેક થયો.

"ના જી, મને ખાવાની જરાયે ઇચ્છા નથી, બપોરે હૃષીકેશથી ભિક્ષા કરીને નીકળ્યો છું. એક વખત ખાવાનું વ્રત નથી પણ તાપમાં ચાલીને થાકી ગયો છું, એટલે હવે તો નિરાંતે ઊંઘી જવાની ઇચ્છા છે. આપને જરાયે તકલીફ લેવાની જરૂર નથી; કૃપા કરીને આપ પણ આરામ કરો; આપ પણ ક્યાંક બહારથી હમણાં જ આવો છો ને!" મેં કલાક દોઢ કલાક પહેલાં જ એ રોટલીને પેટમાં પધરાવી છે. એવું બોલી નાંખવાની હિમ્મત ન ચાલી. પેલા ભાવના ગંગાધોધને શરમના પર્વતે ખાળી રાખ્યો. ભૂખ હતી જ નહિ. પણ સ્વામીજી હવે મને એકલો રહેવા દે તો ઠીક એવી ભોંઠપને લીધે એમને પણ આરામ લેવાની વિનંતી સ્વાભાવિક રીતે જ થઈ. એમને સુઇ જવાનું મારાથી કેમ કહેવાય ? એ સંત રાત્રે ઇશ્વરસ્મરણ, તત્ત્વચિંતવન, ધ્યાનધારણા જેવું કૈંક કરતા હોય તો ! વૃત્તિઓના વિપરીત વમળમાં મારું મન ડહોળાઇ ગયું હતું.

"ભોજન લેવાની ઈચ્છા ન હોય તો કાંઇ નહિ, પણ આરામ કરો તમે; હું અહીં એએક પોપૈયાંનાં ઝાડ છે, એમાંથી ઊતારેલું પાકેલું એક પોપૈયું પડયું છે એ લઇ આવું," એમ કહીને એ તો ગયા પોતાની કુટિમાં.

હું બેભાન શો બન્યો; મગજમાં જાણે ચક્કર આવવા માંડયાં. સંતનો કેવો ભાવભર્યો પ્રેમ ! અને હું ? હું તો તદ્દન અશ્રદ્ધાળુ ! રાત્રિના ભોજનની ચિંતામાં રોટલીઓ બાંધીને નીકળ્યો. સાંજ પડતાં વેંત એ રોટલી નિરાંતે ખાઈ લીધી; રાત પડવાની પણ મેં રાહ ન જોઇ ! જાઉં છું ત્યાગને પંથે કે જ્યાં ભાવીની ચિન્તા તો છોડવાની છે ! પ્રારબ્ધના દ્વંદ્વભોગમાં શાન્તિ સાચવતાં શીખવાની છે ! ઇશ્વિર–ગુરુમાં શ્રધ્ધા કેળવવાની છે. સાંજે કે આવતી કાલે શું ખાઈશ, કયાં સુઈશ, કોણ સહાયતા કરશે, એવી એવી સગવડીઆ શ્રધ્ધાને તો મારે તિલાંજલિ આપવાની છે: નીકળ્યો છું ઇશ્વરને ભરોસે જીવન જીવવા અને રોટલીનાં પોટલાં લઇને ફરતાં શરમ નથી આવતી ?! મનને ઠપકો આપ્યો.

ઈશ્વર દયાળુ છે, ગુરુદેવ કૃપાળુ છે, પ્રારબ્ધ અને શરીર સાથે સાથે એક જ પગલે ચાલે છે; સુખદુ:ખનાં પ્રારબ્ધ ભોગવી ફ્હાડવાં, નવાં કર્મ ન બાંધવાં, ચાલુ કર્મફલમાં પણ શ્રધ્ધા રાખીને નિર્વાહ ચલાવવો, આવાં અસંખ્ય ત્યાગવૈરાગ્યનાં સૂત્રોનો તો અનુભવ કરવાનો છે ! જોને ! આઠેક કલાકની યાત્રામાં તો અન્નોદક આપવાનો આગ્રહ થાય છે ! પણ, આ મન ! જન્મોજન્મથી ભાવીની ચિંતા કરવાની જ ટેવવાળું હોવાથી એની ગડમથલ છોડતું નથી.

વાહ રે મારી ચાર રોટલી ! તું બહુ બહુ શીખામણ આપવાના પ્રયત્નો કરે છે; પ્રત્યેક પ્રસંગે આવું શીખવાનું તો છે જ ! પણ માનવમન એટલે તો ભૂલોની જ પરંપરા. શીખેલું ભૂલવું અને ભૂલીને નવું શીખવું એ જ જાણે એનો જન્મે જન્મે અવિરત ચાલુ રહેનારો મિથ્યા કર્મજાલ ગૂંથવાનો ધંધો !

મારી વિચારમાળા તૂટી. સ્વામીજી પડિયામાં સુધારેલું પોપૈયું તૈયાર કરીને આપવા આવ્યા. હું ઊભો થઈ ગયો. મારી કુટિનું બારણું માથું નમાવ્યા વિના કોઈને અંદર આવવા દે એવું નહોતું. એમને બહાર જોતાં જ હું સફાળો ઊઠીને બહાર નીકળ્યો. પોપૈયા માટે ના કહેવા જેટલી પણ મારી સાન ઠેકાણે નહોતી. મેં એમનો પ્રસાદ લીધો.

"બહુ તકલીફ આપ લો છો, સ્વામીજી ! મને જરાયે ભૂખ નથી" બેભાનપણે આવો ટૂંકો જવાબ આપ્યો.

"એમાં શું ? આંગણે આવેલાને ભૂખ્યા સૂવા દેવાય ? લો, ખાઇ લો; આટલા ફલમાં શું છે ?" એમ કહીને એ પાછા ફર્યા.

મેં પોપૈયાને પણ પેટમાં પધરાવ્યું. તે વખતે તો ઉંમર નાની, બે વખત ખાવાની ટેવ, પથરા પણ પચી જાય એવી પાચનશક્તિ, એટલે હું ભૂખ્યો નહોતો એ વાત સાચી, પણ બે રોટલી ઉપર આટલું પોપૈયુ પડશે તો રોટલીને પણ પચાવશે એવું ફલાહારશાસ્ત્ર હું જાણતો હતો. હાથે લઇને મોંમાં મૂકવાનું કામ શરૂ કર્યું: દાંત,

જીભ અને ગળું તો પોતાનું કામ કરે એથી મનના વિચાર કાંઇ થોડા અટકે છે! પાછા વિચારો આવવા માંડયા. અકસ્માત્ અંદરથી કાંઇક જબરો ધકકો આવ્યો. જવા દે ને હવે એ રોટલીની વાત. મનને દુઃખી કરવાથી શો લાભ? પશ્ચાત્તાપથી ચિત્તને ધોતાં વર્ષો નથી લાગતાં? લાખો ખાંડી રૂને પેદા કરવામાં સમય અને પરિશ્રમ લાગે, એટલો એને અગ્નિના રતિ જેટલા તણખાથી બાળવામાં નથી લાગતો; એ તો કલાક બે કલાકમાં ભસ્મીભૂત થઇ જાય!

પોપૈયું ખાઇ લીધું બહાર જઇને હાથમોં ધોયાં, મારી પાસેની ચોપડીઓનું પોટલું ઉઘાડયું. એમાં એક હતું 'રામવર્ષા' નામનું ભજનનું પુસ્તક; સ્વા. રામતીર્થનાં ઉર્દૂ ભાષામાં લખેલાં ગઝલો ભજનો તથા એમને પ્રિય થઇ પડેલાં બીજાં ભજનોનો સંગ્રહ સ્વા. શ્રી. નારાયણ તીર્થજીએ હિંદીમાં છપાવ્યો હતો. એ મેં બહાર કહાડયું. મને લાગ્યું કે હું થોડો વિવેક દાખવવા સ્વામીજી પાસે જાઉં.

બહાર નીકળીને જોઉં છું તો એમની કુટિનું બારણું ઉઘાડું હતું. બારણા બહાર ઊભા રહીને જ કહ્યું:

"આપને પણ હવે સૂઇ જવાનો વખત થયો હશે. હું નમો નારાયણાય કરવા આવ્યો છું; સવારે વહેલાં ઊઠીને ચાલવાનો વિચાર છે એટલે અત્યારથી જ આપને રસ્તો પૂછી લઉં તો ઠીક" એમ બોલીને હું અંદર ગયો. પોતાની પથારીમાં એ શાન્ત થઇને બેઠા હતા. દીવો બળતો હતો.

"આવો, આવો; બેસો." એવો સત્કાર કર્યો. બારણાની અંદર પાસે જ હું બેસી ગયો; આવ્યો તો હતો પેલા "રામવર્ષા નામનાં પુસ્તકોનાં ભજનો ગાવા–સંભળાવવા પણ કોણ જાણે રસ્તો પૂછવાની વાત મોંમાંથી સહેજે નીકળી ગઈ. આજ મારા મગજમાં રઘવાટ હતો. બપોર પછીના, ખાસ કરીને પેલા જમાદાર સાથેની વાતચીતથી માંડીને, આ સંતના સત્કાર સુધીની વાતે મને વિહ્વળ બનાવ્યો હતો..

મારા કરતાં બમણી ઉંમરના સંત મને માન આપે છે, ફલાહાર કરાવે છે, સૂવા માટે આશ્રય આપે છે અને હું કયાંનો વતની છું, કોણ છું, વગેરેની પૂછપરછ કર્યા વિના કેવળ મને વાટભૂલ્યો અતિથિ સમજીને સત્કાર કરે છે. આવાં આશ્ચર્યથી મારા મન-વચન કર્મમાં એકતા જળવાતી નહોતી.

હું બેઠો; એમણે વાતચીત શરૂ કરી.

"દહેરાદૂન જ જવું છે કે બીજે કોઈ ઠેકાણે આગળ? કયા દેશના છો?"

"મારે જવું તો છે ટિહરીથી ચારેક માઇલ છેટે માલિદેવળ ગામ પાસે ગંગાતટે સ્વા. રામતીર્થની પસંદ કરેલી જગ્યાએ એમના શિષ્ય શ્રી. નારાયણ તીર્થજીએ 'રામમઠ' નામની જગ્યા બંધાવેલી છે ત્યાં એકાન્તસેવન કરવા. હૃષીકેશથી દહેરાદૂન, રાજપુર અને મસુરી થઇને ત્યાં જવાનું છે. શરીર ગુજરાતનું છે; દિલ્હીથી નીકળ્યાં આજે પંદરેક દિવસ થયા; એક અઠવાડિયું હરદ્વારમાં અને એટલા જ દિવસ હૃષીકેશમાં રહ્યો. આજ બપોરે ભિક્ષા લઇને દહેરાદૂનનો રસ્તો પૂછતો પૂછતો નીકળ્યો, એક જગ્યાએ બે રસ્તા આવ્યા ત્યાં રસ્તો બતાવનાર કોઈ ન મળ્યું, એટલે એક રસ્તે નીકળી જતાં આ ગામ આવ્યું. અહીં એક પોલીસ જમાદાર મળ્યા. એમણે કહ્યું કે "આ તો તમે દહેરાદૂનની સીધી લીટીમાં નીકળી ગયા."

"સાચી વાત છે; રાજપુર જવા માટે હવે અહીંથી દહેરાદૂન જવાની જરૂર નથી. આ નહેરને કાંઠે નીચે પ્રવાહે અરધોએક માઇલ ચાલશો એટલે જમણે હાથે રસ્તો આવે એ માર્ગે ચાલ્યા જશો તો એ રસ્તો રાજપુર લઇ જશે. એ રસ્તે ખૂબ જ ખેતી છે, એટલે સવારે માર્ગ બતાવનારા મળી રહેશે." રસ્તો એમણે કહી સંભળાવ્યો. આગળ વાત વધારી.

"શેની ચોપડી છે હાથમાં ? હું તો બહુ ભણ્યો–ગણ્યો નથી,. મારવાડનું શરીર છે; હૃષીકેશમાં વીસેક વર્ષ રહ્યો; છેલ્લાં ચારેક વર્ષથી અહીં રહું છું; અહીં એકાન્ત છે, અન્નપાણીની સગવડ છે. લોકો ઠીક શ્રધ્ધા રાખે છે, વિચારસાગર પહેલાં થોડો ભણેલો પણ મને એમાં જે દ્વૈતઅદ્વૈતના ખંડનમંડનના તાર્કિક ઝગડા આવે છે એ ન ગમ્યા.

"ભગવદ્ગીતાનું હિન્દી શાંકરભાષ્ય ભણ્યો, વિચારચંદ્રોદયમાંથી વેદાન્તની પ્રક્રિયા ભણ્યો. પંચીકરણ વાંચ્યું; ગિરધરકૃત કુંડળિયા, સુંદરદાસજીનો સુંદરવિલાસ, અષ્ટાવક્ર અને અવધૂતગીતા, યોગવાસિષ્ઠનાં વૈરાગ્ય મુમુક્ષુપ્રકરણ અને બીજાં એવાં હિન્દી ભાષાનાં પુસ્તકો સંતમુખે વાંચ્યા વિચાર્યા પછી તો લાગ્યું કે હવે વાંચવાની, ભણવાની કે સાંભળવાની નિશાળમાં બેઠાં બેઠાં કાનમાંથી મનમાં ભર્યા તો કર્યું, પણ એ બધું પચાવવા નિદિધ્યાસન કરવાનો તો સમયજ મળતો નથી. ત્યાં જે બધા નવા નવા સાધુઓ આવે, એ હિન્દી ન ભણ્યા હોય તો ભણે, સંસ્કૃત ભાષા શીખે એટલે પંડિત થાય, જ્યાં ત્યાં બધા ભણે અને ભણાવે, ભેગા થાય ત્યારે તર્કથી અદ્વૈત સિધ્ધ કરવાની માથાફોડ કર્યા કરે. બ્રહ્મચારીજી ! શું કહું ? મને ઝગડાનો કંટાળો આવ્યો : ન્યાય અને વૈશેષિકના પંથના અત્યારે કોઇ જોવામાં આવતા નથી. સાંખ્ય કે યોગદર્શન પ્રમાણેની પધ્ધતિનો અનુભવ કરનારા પણ કોણ જાણે ભારતવર્ષના કયા ખૂણામાં પડયા હશે, પણ જ્યાં આ વેદાન્ત વાંચવા માંડયું કે હિન્દી જાણનારાઓની સમક્ષ વિચારસાગર નામનો ગ્રન્થ બધા સામાવાળાને એકદમ એ બધાં દર્શનોની યુકિતઓનાં હથિયાર લઇને ઊભા કરી દે.

"મારા જેવો સાધારણ માણસ કે જેણે કોઇ દહાડો સામા પક્ષનું નામનિશાન પણ ન સાંભળ્યું હોય. કેવળ આત્મશાન્તિ માટે જ બધા સંબંધો ત્યાગીને ભિક્ષાર્થી બનીને એકાન્તસેવન કરવા આવ્યો હોય, એવાને આ ષડ્દર્શનના વિરોધીઓને ન હોય ત્યાંથી મનમાં ઊભા કરવા,

એમને અનુભવથી નહીં પણ યુક્તિઓથી હરાવ્યા છે એમ મનમાં ખોટો સંતોષ માનવો અને પછી એવા વિજેતા બનાવવાનો દંભ પોષવો, એ બધી વાતો કેમ ગમે ? એ બધું કેવી જાતના વેદાન્તનું રહસ્ય !

"એ બધાથી હારીને હું અહીં બેઠો છું. તમે તો અકસ્માત્ આવી ચડયા છો, પણ તમે સ્વા. રામતીર્થનું નામ લીધું એ સાંભળીને મને કૈં કૈં યાદ આવે છે. હૃષીકેશ એ આવેલા ત્યારે હું ત્યાં હતો. એમના ભાવાવેશ, એમનો વૈરાગ્ય, મસ્તી બધાં યાદ આવે છે. તે વખતે હું વિચારસાગર ભણતો એટલે મારા જેવા અસંયમી સાધુઓ એમને પ્રેમઘેલા સમજીને મશ્કરીમાં ઉડાવતા. કોઈ સ્ત્રીના વિરહવિયોગથી દાઝેલો જુવાન હશે એટલે હવે વેદાન્તી બનવા આવ્યો છે એવા અમારા જેવા વિચારસાગરિયા કટાક્ષો કરતા; ધીરગંભીર બનીને ડગલાં ભરતા સંતો હતા ખરા પણ એ બધા એમના જીવન વિષે ઉદાસીન રહેતા.

"એમના બ્રહ્મલીન થયા પછી જ્યારે એમના શિષ્ય નારાયણ સ્વામી હૃષીકેશમાં જતા આવતા થયા, સ્વા. મંગલનાથજી જેવા સંતોના પરિચયમાં આવ્યા, સ્વા. રામતીર્થનું હિન્દી વ્યાખ્યાનનું પુસ્તક પ્રગટ થયું, આ રામવર્ષા પણ છપાઇ, એમના લેખો તથા જીવનચરિત્ર ઉર્દુ માસિકમાં પ્રકટ થયાં, અને એમની દેશવિદેશની યાત્રાની તથા વેદાન્ત-પ્રચારની વાતો પ્રસિધ્ધ થઇ ત્યારે મને તો ખૂબ જ આનંદ થયો. મારી તે વખતની મૂર્ખતા ઉપર મને અત્યારે હસવું આવે છે. આત્મજ્ઞાનને પચાવવા એકાન્ત જોઈએ; પછી એ જ્ઞાન શાન્તિ આપે છે કે નહિ એ માટે લોકોની વચ્ચોવચ્ચ જીવવું જોઈએ. દેખાતી બાહ્ય અશાંતિમાં જ મનની શાન્તિ સચવાય તો જ એ શાંતિ કહેવાય, બાકી એકાન્તની મનમાની સગવડો ઊભી કરીને એમાં શાન્તિ માની લેવી એ મને તો લાગે છે, તમોગુણની વાડમાં રજોગુણ ભર્યો વિલાસમાત્ર."

મારી ધારણા કરતાં પણ આ સંત તો બહુ જબરા વિચારવાન નીકળ્યા. વિચારસાગરનો ત્યાગ કરનારા પણ જ્ઞાનના વિચારમહોદધિ

એ છે એમ લાગ્યું. એ બધું શાન્ત ચિત્તે સાંભળ્યું, હજુ એમના જેટલો મારો અભ્યાસ નહોતો. હૃષીકેશના સંતોનો મને વિશેષ પરિચય નહોતો; પણ ઇશ્વરે જ મને ત્યાંથી આ તરફ ધકેલ્યો હોય તેમ ત્યાંથી હું જલદી નીકળી પડયો. અને દેહરાદૂનનો માર્ગ ભુલાવવામાં પણ ઈશ્વરીય સંકેત હશે કે જેથી આત્મજ્ઞાનના માર્ગને હું ન ભુલું. જે રસ્તે હું જવા નીકળ્યો છું એ રસ્તે ભૂલો ન પડું, એવી પરમાત્માની યોજના જ હશે ને?

"સ્વામીજી! આપ તો જૂના અનુભવી સંત છો, હું તો હજુ એ વિષયમાં બાલક છું; રામમઠમાં રહેવાથી ત્યાંના પુસ્તકાલયનાં પુસ્તકો વાંચવાની સગવડ થશે; આસપાસના ગામમાંથી કાચી ભિક્ષા માગી લાવીને રહેવાની મને ગુરુઆજ્ઞા છે. આપ જેવા સંતોની દયા છે, તો શાન્તિ મળશે એવી શ્રદ્ધા રાખું છું."

"જાઓ, જાઓ; ત્યાં રહો; હજુ તો જુવાન છો એટલે તપશ્ચર્યા થઈ શકશે. તપશ્ચર્યા વિના વિદ્યા ફલીભૂત થતી નથી; મોજશોખ, એશઆરામ કે સુખસગવડમાં પુસ્તકો ગોખી લેવાય, ભણતર ભણાય, વ્યાખ્યાનો આપી શકાય, કથાઓ કરી શકાય, પુસ્તકો લખી શકાય, પણ એ બધા અવિદ્યાના ચેનવાળા છે. તપશ્ચર્યા કરીને જેટલું જાણીએ અને જાણેલું અનુભવીએ એનું નામ વિદ્યા. વિવેક, વૈરાગ્ય વગેરે સાધનની જેટલી કિંમત છે, તેટલી પુસ્તકપંડિત થવાની નથી, એટલું મારું કહેવું યાદ રાખી લેજો. તમે કેટલું ભણ્યા છો?" એમણે વેગમાં ને વેગમાં પ્રશ્ન કર્યો.

"ગુજરાતી માતૃભાષાનું ઠીક ઠીક જ્ઞાન છે; હિન્દી વાંચતાં સમજતાં આવડે છે; અંગ્રેજી જાણું છું; સંસ્કૃત પણ સરલ હોય તો સમજાય છે; મરાઠી વાંચતાં સમજતાં આવડે છે; પણ સ્વામીજી! જુદી જુદી ભાષાઓ જાણ્યે શું? સૌથી વધારે સરલ અને સરસ રીતે સમજાય એવી તો પોતાની માતૃભાષા જ હોય ને? અને હિન્દી પણ

એટલી જ સરલ છે. જે ભાષામાં વાંચું એ ભાષામાં લક્ષ્ય એક જ હોય તો બસ છે; બાકી તો પછી પંડિતાઈ વધારવામાં જ જિંદગી વીતી જાય, અને પંડિતાઇનું અભિમાન ચડે એ જુદું." મેં મારું પાંડિત્ય દાખવ્યું.

"ઠીક, ઠીક; ભાવિક છો, શ્રધ્ધાળુ છો, વૈરાગ્ય સ્ફૂર્યો છે, અને ગંગાતટે જઈને રવા. રામતીર્થજીના પસંદ કરેલા સ્થાને રહેવા ઇચ્છો છો, ત્યાં ઠીક પડશે. આ પહાડના લોકો બિચારા બહુ શ્રદ્ધાળુ અને સેવાભાવી હોય છે. સુખેથી જાઓ અને શ્રવણ, મનન, નિદિધ્યાસનમાં સાવધાન રહીને વિવેકવૈરાગ્ય વગેરે શરૂઆતનાં સાધનો દીપાવો એટલે ધન્ય ધન્ય ! જાઓ, હવે આરામ કરો; સવારે વહેલા જશો કે કેમ ?"

"ના જી; જરા અજવાળું થયે જઇશ. આપની કુટિરનું બારણું ઉઘડયું હશે તો દર્શન કરીને આશીર્વાદ લેતો જઇશ, બાકી આપે જે ઉપદેશ આપ્યો છે તે માટે કેટલો ઉપકાર માનું ? ૐ નમો નારાયણાય !" કહીને મસ્તક નમાવીને હાથ જોડીને હું કુટિની બહાર નીકળ્યો.

એમણે ઊભા થઈને બારણું બંધ કર્યું. ધીમે પગલે હું મારા સ્થાને આવ્યો. મન ગંભીર બન્યું હતું. હરદ્વારમાં માત્ર તીર્થ-સ્થાનોનાં અને ગંગાજીનાં દર્શનનો જ આનંદ માણ્યો હતો, હૃષીકેશમાં અનાયાસે એકબે સંતોનો સમાગમ થયો હતો, જેનું વર્ણન બીજે કોઇ પ્રસંગે કરીશ.

આ વાટ ભૂલવાનો લ્હાવો કેટલો બધો સુંદર; મારા જિજ્ઞાસુ-જીવનના આશાસ્પદ અને મંગળમય શ્રીગણેશ. કુટિમાં આવીને આસન પર બેઠો; પુસ્તક પાછું બાંધી લીધું. બારણું બંધ કર્યું; દીવો રામ કર્યો અને પરમકૃપાલુ ગુરુદેવનાં માનસિક દર્શનસ્મરણ કરીને સૂતો. પ્રણવનો માનસિક જપ પ્લુત ઉચ્ચાર થાય ત્યાં સુધી સૂતા પહેલાં ચાલુ રાખવાનો હું તે વખતે નિયમબદ્ધ અભ્યાસ કરતો હતો. એ મંત્રજપ થતાં થતાં નિદ્રાદેવીએ હાથ ફેરવ્યો અને ગાઢ સુષુપ્તિના આનંદમાં અંતઃકરણ લીન થયું.

# પ્રસંગ બીજો

રાતે નિરાતે ઊંઘ આવી ગઈ, આવે જ તો! ખરા મધ્યાહ્નની રખડપટ્ટી, પેટમાં નિરાંત, સંતની વહાલસોઈ સેવા અને હિમાલયના ઉત્તરાપંથે પ્રયાણ કર્યાના શ્રી ગણેશ થતાં આવી સરસ સગવડના શકુન થાય, એ બધાંના મેળથી તન-મન નિરાંતે ઊંઘ્યાં. થાક ઊતરી ગયો.

એક જ ઊંઘે જાગ્યો, બહાર જઇ આવ્યો; હાથ મોં ધોયાં; જાગ્રતિ ઠીક ઠીક આવી હતી એટલે લાગ્યું કે બ્રાહ્મમુહૂર્ત થઇ ચૂક્યું હશે.

આસન ઉપર બેસીને વિચારે ચડયો.

નાનપણમાં સંન્યાસીઓનાં દર્શન કર્યાં હતાં, પણ તે બાલકભાવે અને કુતૂહલભર્યાં માત્ર. એમાં કશી સત્સંગવૃત્તિ નહોતી. એક વાતના નાનપણુથી મારામાં બહુ પ્રબલ સંસ્કાર હતા. ભગવું વસ્ત્ર કે વસ્ત્રધારી કોઇ અકસ્માત્ પણ દૃષ્ટિએ પડે, તો એમાં હર્ષ થતો. આનંદનો આવેશ આવતો; એ રંગ ખૂબ જ ગમતો.

દંડી સંન્યાસી કે પરમહંસનાં દર્શન મને આનંદ આપતાં પણ વેદાન્ત, તત્ત્વજ્ઞાન, બ્રહ્મવિદ્યા, જિજ્ઞાસુ કે મુમુક્ષુપણું, એવી કશી ગતાગમ તે વખતે નહોતી.

ઇ. સ. ૧૯૧૦ની શરૂઆતમાં સ્વા. શ્રી. અખડાનંદજીનાં સુરતમાં દર્શન થયાં. સસ્તા સાહિત્યનો એ અજોડ ભિક્ષુ તે વખતે ગુજરાતમાં ઊતરી આવીને શ્રી. ભ. ગીતા તથા ભાગવતનો એકાદશ સ્કંધ છપાવીને સસ્તી-પડતર કિંમતે વેચવાના શ્રી ગણેશ કરતો હતો. એને કંઇક

સ્થાયી સ્વરૂપ પણ અપાયું હતું. વિવિધગ્રંથમાળાના એકાદ બે મણકા છપાઇ ચૂકયા હતા. એમનાં દર્શન થયાં તે પહેલાં મારી મનોદશા જબ્બર ઉછાળા મારતી હતી. સંસારમાં સંતોષ નહોતો, અધ્યાત્મ-દિશામાં ગતાગમ નહોતી; બન્ને વચ્ચે ઝોલાં ખાતો અથડાતો હતો, પણ અમદાવાદમાં અંગ્રેજી ભણતો એ દરમ્યાન પ્રાર્થના સમાજના મંદિરમાં રવિવારે થતાં કીર્તન-ભજનમાં ઘણીવાર જતો. ત્યાં વ્યાખ્યાનો પણ થતાં; સદ્ગત શ્રી.નરસિંહરાવ તથા શ્રી. રમણભાઇ નીલકંઠનાં નિરાકારવાદી પ્રવચનો સાંભળવાં મળતાં-ગમતાં.

ગુજરાતી ભણતર તે વખતનું બહું પાકું હતું. સાત ચોપડી અને છ ધોરણની એ પાયાની કેળવણી કે કેળવણીના પાયા બહુ પાકા નંખાતા. લેખન-વાચનમાં અક્ષર અને અક્ષરજ્ઞાનની સંભાળ ઠીક ઠીક રખાતી. હ્રસ્વદીર્ઘ, અલ્પવિરામ, અર્ધવિરામ, પૂર્ણવિરામ જેવાં ચિહ્નો માટે નિશાળોમાં ટોકણી થતી, અને એ રીતે ગુજરાતી ભાષાજ્ઞાન ઠીક ઠીક કેળવાતું.

ગુજરાતી શિક્ષણમાં મને બહુ સારો લાભ મળેલો છે. અગીઆરમે વરસે સાત ચોપડી પૂરી કરીને અંગ્રેજી ભણવા શહેરમાં જવાનું હતું. પણ એ યોગ આવે તે પહેલાં વચગાળાનાં બે વર્ષમાં ગુજરાતી ભાષામાં ભાંડારકરની સંસ્કૃત માર્ગોપદેશિકાના થોડા પાઠ, સંસ્કૃત સારસ્વત વ્યાકરણની સંધિપ્રક્રિયા, રુદ્રી, મહિમ્નસ્તોત્ર તથા બીજાં સ્તોત્રોનો અભ્યાસ થયો. સંસ્કૃત ભાષાની સાથે તે વખતમાં વપરાતી હાવર્ડ પ્રાયમર ખાનગી રીતે ભણીને અંગ્રેજી ભાષાની શરૂઆત કરી લીધી હતી.

અંગ્રેજી ભણવા અમદાવાદ આવ્યો, ત્યારે એક વર્ષમાં બે ધોરણ પૂરાં કરીને પાંચ વર્ષ પછી મેટ્રિકની પરીક્ષા આપવાનો પ્રસંગ પડયો હતો. આ મારું અક્ષરજ્ઞાન કે શાળાશિક્ષણ. પણ બાહ્ય વાચનનો રસ જબ્બરો, લગભગ અતિરેક જેવો. શિષ્ટભાષાનાં વાર્તાપુસ્તકો વાંચવા

મળી રહેતાં અને ઠેઠ સરસ્વતીચંદ્રનો પહેલો ભાગ એ અરસામાં જ છપાયો હતો, તે તથા તેના બીજા ભાગ અંગ્રેજી ચોથા–પાંચમા ધોરણ સુધીમાં વાંચી નાંખ્યા હતા. સમજાય ન સમજાય તોયે એ વખતની બુદ્ધિ પ્રમાણે, પણ વાંચવું–બસ વાંચવું જ એવી ટેવ–કુટેવ જે કહો તે બહુ હતી.

"કુલાપીનો કેકારવ" છપાયો; તે પહેલાં અમદાવાદથી 'બુદ્ધિ-પ્રકાશ,' 'વસન્ત,' 'સુંદરી સુબોધ' 'જ્ઞાનસુધા,' જેવાં માસિક પત્રો છપાતાં. શ્રેયસ્સાધક વર્ગનાં 'મહાકાલ,' 'પ્રાતઃકાલ,' 'ધર્મધ્વજ' એવાં ચારપાંચ માસિકપત્રો પ્રકટ થતાં.

કવિતા લખવાનો છંદ અંગ્રેજી ચોથા ધોરણમાં ભણતો ત્યારથી લાગેલો. એમાં પ્રેરણા આપનાર મુખ્યત્વે "કેકારવ" અને મિત્ર-મંડળનો સંગ. હું વિચારપ્રધાન કરતાં ભાવપ્રધાન વધારે હતો; હજુએ છું. જ્યાં ક્યાંય આવેશવાળી લાગણીનો પ્રવાહ અને ભાવવાહી હૃદય ભેટે, વાત્સલ્ય, પ્રેમ, મૈત્રી, બન્ધુતાની સુવાસ મળે ત્યાં હૃદય નમી પડે–પરવશ જ થઇ જાય. વ્યકિતના ગુણદોષ જોવાનો વિવેક નહોતો. સ્વભાવમાં સાહસિકપણું ખરું–હદ કરતાં પણ વધારે.

આમ ઇ. સ. ૧૯૧૩ સુધીના ઘડતરમાં જે અનેક પ્રસંગોએ ભાવ ભજવેલો, એમાંનાં મુખ્ય મુખ્ય ચિત્રો મન સામે આવી ગયાં. ઇ. સ. ૧૯૧૨માં સ્વા. શ્રી. નારાયણતીર્થ (શ્રી. રામતીર્થના મુખ્ય શિષ્ય) સાથે દિલ્હીથી સીમલા અને ત્યાંથી જુબલને રસ્તે પગપાળા ચકરાતા થઇને દહેરાદૂન સુધીની પર્વતીય મુસાફરી કરી હતી. ગુજરાતનું શરીર, હિમાલયની શરદી, પગપાળો પ્રવાસ, મકાઈના રોટલા તથા અડદની દાળ જેવો ખોરાક, અને શારીરિક તિતિક્ષાને અભાવે એ યાત્રાએ તો મરણતુલ્ય માંદગી આપી હતી.

ઈ. સ. ૧૯૧૦થી ૧૨ સુધીના એ વર્ષના ગાળામાં હું દિલ્હીમાં હતો. તે પહેલાં સૌરાષ્ટ્રના બીલખા ગામ પાસેના આનન્દ આશ્રમના

અધિષ્ઠાતા, યોગવિદ્યાનિપુણ, આચાર્યપદવીધર, વર્ણાશ્રમ ધર્મપક્ષપાતી, શ્રીમન્ નથ્થુરામ શર્મા પાસે મેં દીક્ષા લઈને એમનું બતાવેલું ત્રિકાલ-સંધ્યા, મંત્રજપ, વ્રત–ઉપવાસ વગેરે આચરણ ખૂબ જ સંવેગથી કર્યું હતું. એ કર્મકાંડ તથા ઉપાસનાના સંસ્કારો, બારમે વર્ષે શિવાલયમાં બેસીને કરેલાં રુદ્રાધ્યાયીનાં અનુષ્ઠાનો, મહિમ્ન સ્તોત્રના પાઠો, સંધ્યા-વંદન વગેરે થોડું કર્મકાંડ જે કરેલું એ બધામાંથી પડેલા બ્રાહ્મણ સંસ્કારથી કર્મઉપાસનાનો ઠીક ઠીક લાભ મળ્યો હતો. ત્યાર પછી થોડી આસન–પ્રાણાયામની પણ મહેનત કરી હતી.

આ બધુંયે કર્યું હતું કેવળ માનવધર્મની મહત્તા માણવા. એની પીઠમાં વ્યવસ્થિત જીવન જીવવાની આકાંક્ષા હતી અને એનું પરિણામ શું આવ્યું એ તો પરમાત્મા જાણે. પણ સુરતમાં હતો ત્યારે મેં ઉપર લખ્યું છે તેમ સ્વા. શ્રી અખંડાનંદજીનો પરિચય થયો; ત્યાં હું એકલો રહેતો હતો. વખતબેવખત સંધ્યાવંદન કરતો; સાહિત્યસેવાનો નાદ હતો, કવિતાઓ લખવામાં આવેગ હતો. મનના ઊભરા કહાડીને આપમેળે એમાં સંતોષ માનતો; પણ કોણ જાણે કેમ, ઈ. સ. ૧૯૦૫થી મને કાષાય ( ગેરુ ) રંગ વધારે ગમવા માંડયો. મુંબઈમાં એક દુકાને ભગવું ગંજીફરાક જોતાં એ ખરીદીને ખમીસની નીચે પહેરતો. 'સ્નેહજ્યોતિ' ઉપનામથી હું કવિતાઓ લખતો, જેમાંની ઘણીખરી જ્ઞાનસુધા, સુંદરી સુબોધ, વસંત તથા અન્ય માસિકપત્રોમાં છપાતી અને મારા વહાલસોયા મિત્રો મને એમાં ખરે જ ઉત્તેજન આપતા –વખાણ કરી કરીને. એ વખાણનો માર્યો હું ફુલાતો. અત્યારે લાગે છે કે એ બધા મારા મિથ્યા ધમપછાડા હતા. એમાંથી જીવનમાં ધનતા લાવે એવું બહુ થોડું નીવડ્યું; હતું જ થોડું.

સ્વા. અખંડાનંદજીનો સુરતમાં આઠેક દિવસ સહવાસ રહ્યો : હું સત્સંગ શબ્દ જાણી જોઈને નથી વાપરતો. એ પ્રસંગો પાછળથી

સાંપડયા છે. એમણે મારી આંતરબાહ્ય દશા જોઈ; હૃષીકેશ અને ઉત્તરકાશીમાં રહીને, પ. પૂ. સ્વા. રામતીર્થનો સત્સંગ સેવીને એ ગુજરાતમાં ઊતરી પડયા હતા. ધાર્મિક પુસ્તકોની અસહ્ય મોંઘવારી એ નિષ્કંચન સાધુને હૃષીકેશમાં ભારે પડી હતી. એમાંથી "સસ્તું સાહિત્ય"ની પ્રેરણા જન્મી; સાધુપુરુષ અમૃતલાલ સુંદરજી પઢિયારને મળવાનો એમને પ્રસંગ સાંપડયો; અને પડતર કિંમતે વેચવા માટે ભગવદ્‌ગીતાની પ્રતો છપાઈ.

સ્વા. અખંડાનંદજીએ મને પ. સ્વા. રામતીર્થનું શુભનામ સંભળાવ્યું. એમના ઉપદેશ તે વખતે તાજા જ ગુજરાતીમાં એમણે ઊતરાવ્યા હતા એ વાંચવાનું કહ્યું: એકલાં કર્મ અને ઉપાસના પૂર્ણ શાન્તિ નહિ આપે; પણ વેદાન્તનું જ્ઞાન અનુપમ અને સર્વોત્તમ છે એવો એમણે સંકેત કર્યો. પ્રારબ્ધવશાત્ હું ઇ. સ. ૧૯૧૦માં દિલ્હી ગયો. ત્યાં કર્મઉપાસનાપ્રધાન જીવન વીત્યું. ગીતા, ઉપનિષદ, સ્વા. રામતીર્થના ગુજરાતી અનુવાદ વગેરે વાંચવા મળ્યાં. વેદાન્ત માટે રુચિ થઈ: થિયેસોફિકલ સોસાયટીમાં પણ રવિવારે જતો; એ સાહિત્ય થોડું વાંચ્યું અને થોડી ધર્મ તથા જ્ઞાન વિષેની જિજ્ઞાસા ઊઘડી.

સંસાર અને સાંસારિક વિષયમાં તનતોડ મહેનતે પણ શાંતિ સાંપડતી નહોતી. શરીર જુવાન હતું. મિત્રવર્ગની મીઠી હૂંફ હતી. બધી જાતના મિત્રો હતા. સાહિત્યપ્રિય મિત્રોની સદ્‌ભાવશાળી મમતા હતી, પ્રાર્થનાસમાજ, બંગાળની બ્રહ્મોસમાજ, શ્રીમાન્ નથ્થુરામ શર્માનાં લખેલાં પુસ્તકો, ગુજરાતના પ્રસિદ્ધ લેખકોનાં પુસ્તકો, એવું એવું વાચનવિચાર ચાલતું હતું.

ત્યાં એક હમદર્દી મિત્રનાં ઓળખાણ થયાં. "સાગર" ઉપનામથી કવિતાઓ લખતા ભાઇ જગન્નાથ દામોદર ત્રિપાઠી, અમદાવાદના જ્ઞાનસુધા માસિકના ઉપતંત્રી તરીકે કામ કરતા ત્યારે મારાં કાવ્યો એમના વાંચવામાં આવતાં. અમે બન્ને હૃદયમાં પ્રેમનાં ભરતી–ઓટ

ભોગવતા, પ્રેમના ધોધમાર પ્રવાહને કોઇ બ્રહ્મમૂર્તિમાં ઢાલવવા મથતા હમદર્દી હતા. એમને હૃષીકેશ જવાની ઇચ્છા થઇ અને વચમાં દિલ્હીમાં મને ખાસ મળવા આવ્યા.

મારા કરતાંયે એ તો ત્યાગવૈરાગ્યથી વધારે રંગાએલા હતા. અમારી વાતચીતમાં સ્વા. રામતીર્થનું નામ નીકળ્યું. એમના શિષ્ય સ્વા. નારાયણતીર્થ તે વખતે દિલ્હીમાં રહીને રામતીર્થના લેખો-વ્યાખ્યાનોને અંગ્રેજી–ઊર્દૂમાં છપાવવાનું કામકાજ કરતા હતા. અમે અંગ્રેજી પુસ્તક ખરીદવા ગયા અને ત્યાં સ્વા. રામતીર્થનાં વાત્સલ્યપાન કરીને પુષ્ટ થયેલા, એમના ઉપદેશને પગલે પગલે ડગલાં ભરવા મથતા, આનંદ અને ઉલ્લાસભર્યા એમના શિષ્ય સ્વા. નારાયણ તીર્થનાં દર્શન થયાં. એ દર્શનમાંથી ઉદ્‌ભવી ત્યાગની તીવ્ર ઇચ્છા અને ત્યારથી શરૂ થયું જિજ્ઞાસુ જીવન; મુમુક્ષુ નહીં. જિજ્ઞાસુ એટલે સાધ્ય તથા સાધન જાણવાની ઈચ્છાવાળો સાધક, મુમુક્ષુ એટલે સાધન, સાધ્યને પંથે ચડેલો, બંધથી અકળાએલો, તત્ત્વને જાણી–અનુભવીને સ્વરૂપનો આનન્દ માણવા ઇચ્છિનાર તીવ્ર સંવેગી જિજ્ઞાસુ. હું તો હજુ જિજ્ઞાસુ થયો, મુમુક્ષુ નહીં. એ સમય તો ત્યાર પછી દસબાર વર્ષે સાંપડયો.

પૂ. સ્વા. નારાયણતીર્થનાં દર્શન થયાં. એમણે પુણ્યપ્રસાદ તરીકે આપેલાં સ્વા. રામતીર્થનાં અગ્રેજી પુસ્તકોનું અધ્યયન થયું. એકાદ બે જિજ્ઞાસુઓને એ ભગવદ્ ગીતા સંભળાવતા એનું શ્રવણ થયું. એ અઢી મહિના એમના સહવાસની હૂંફ મળી. સ્વા. રામતીર્થની જીવનલીલાના પ્રસંગો સાંભળ્યા, અને મારા અંતરની સુષુપ્ત ત્યાગવાસના ભડકી ઊઠી: સંન્યાસ–બસ હવે તો સંન્યાસ જ.

નાનપણથી મને વ્હાલનાં દાન મળ્યા કર્યાં છે; પિતૃપક્ષે સૌથી પ્રથમ પુત્ર બાલક તરીકે, તેમજ મોસાળાનાં લાડપાન હજુએ મને હૃદયમાં મધુરતા ઉપજાવે છે. સગાંસંબંધીઓમાં પણ મને વિશુદ્ધ પ્રેમનાં દર્શન

થયાં છે. સદ્દભાગ્યે તે સમયથી અત્યાર સુધી, મારા સમવયસ્ક કે વડીલ વર્ગોમાં ગણાય એવા મિત્રમંડળનો સુહૃદ્દભાવ એટલો બધો વિશાળતા-વાળો હતો–અરે ! હજુ પણ એથીયે વિશેષ છે કે એનાથી કૃતકૃત્યતાનો આનંદ અનુભવું છું. નાનાપણથી શરૂ કરીને અત્યાર સુધીમાં ઉત્તરોત્તર ચડીઆતું મિત્રમંડળ સાંપડયું છે કે જેની વચમાં રહીને હું મારે સન્માર્ગે સુરક્ષિત છું એમ મને લાગ્યા જ કરે છે.

પણ એથી હાનિલાભ બન્ને થયાં. વ્હાલ પામ્યાનો અતિરેક થયો હોય તેમ મને એનું અભિમાન ચડયું. સ્વદોષ જોવાની ટેવ તે વખતે નહિવત્ હતી તેથી જેવો હતો તેવો જ નિવૃત્તિને પંથે વળ્યો. પરન્તુ મહદ્દભાગ્યની, પૂર્વપુણ્યની, ઇશ્વરકૃપાની, મિત્રોના પ્રેમની કે સન્ત-સાધુઓની દયાની વાત તો એ નીવડી કે સન્માર્ગ સાંપડયો ત્યારે એમાંથી તારવી કહાડેલી સમજણ વડે વિવેકબુદ્ધિની કેળવણી પામ્યો. મનોમન્થન બહુ જબ્બર થયાં છે; જીવનના ઝંઝાવાતોએ શરીરને દુર્બલ બનાવ્યું છે, પણ ધન્ય છે સંતોની કરુણાપૂર્ણ દયાને કે જેમણે અદ્દભુત, અકથ્ય અને અલૌકિક રીતે અધ્યાત્મમાર્ગે એવી તો દોરવણી આપી છે કે જેનાં સુંદર પરિણામરૂપે નિરભિમાનપણે અન્તર્મુખ બની શકયો છું. ઇંદ્રિયોનો સંયમ, ચિત્તની શાંતિ, પ્રાણની ઉર્ધ્વમુખી ધારાવાહિની મનોદશા અને આત્મતૃપ્તિનાં સુખભર્યાં સંવેદનો સાંપડયાં છે–અલબત્ત આ બધું સ્વસંવેદ્ય છે: બીજાઓને જે લાગે તે ખરું ! અને આત્મ-પરીક્ષાના પરીક્ષકો તો કેવળ શ્રી ગુરુદેવ અને ગુરુતુલ્ય સન્તો જ હોય કે જેમની વણમાગી કૃપાનો પ્રવાહ દષ્ટઅદષ્ટ રીતે વહ્યા જ કર્યો છે-વહ્યા જ કરે છે. ૐ

* * *

આવું સિંહાવલોકન ઝડપથી મનોદેવતાએ કરવા માંડયું. મારી જાતને હું જોવા–તપાસવા માંડયો. અત્યારે જે સન્તના આંગણામાં હું આરામ પામ્યો છું એમનાં મનોદર્શન થયાં. એમનો સત્કાર, ટૂંકો પણ મહત્ત્વનો ઉપદેશ અને હેતાળ હાવભાવે મને મુગ્ધ કર્યો હતો.

મારું વેદાન્તનાં પુસ્તકોનું જ્ઞાન હજુ નહિવત્ હતું. રામતીર્થનાં તે વખત સુધીમાં છપાયેલાં વ્યાખ્યાનો મેં ગોખી ગોખીને જે વાંચ્યાં હતાં, એણે કાંઈ મૂલભૂત ગહન સિદ્ધાન્તો નહોતા શીખવ્યા. શાંકર વેદાન્તની પ્રક્રિયાનો એકડો પણ નહોતો ઘૂંટયો એમ કહું તો ચાલે. ભગવદ્ગીતા, અવધૂતગીતા જેવા ગ્રંથો વાંચ્યા હતા અને એક અદ્વૈત તત્ત્વ જ લક્ષ્ય છે, એવું સમજીને એવા ભાવમાં રહેવા મથતા જીવનમાં શાંતિના કરતાં ભાવના આવેશઉછાળા તમોગુણની ભૂમિકામાં ખળભળાટ મચાવતા હતા. તમોગુણમાંથી સત્ત્વગુણમાં જવા માટેના વચ્ચેના પૂલ જેવા રજોગુણી ભક્તિભાવો, તથા નિર્ગુણ નિરાકાર, અદ્વૈતવાદના રાગરંગમાં હું મઝા માણતો બન્યો હતો. અદ્વૈતતત્ત્વની ઓળખાણ તો દૂર રહી પણ સામાન્ય સમજણ મેળવવી કેટલી કઠિન છે એનું સાનભાન તો હવે આવે છે. એ તો કાચો પારો જીરવવો છે; ઉપનિષદ્ એને અસ્ત્રાની ધાર પણ ચાલવા જેવું અઘરું માને છે, એ વાત સંપૂર્ણ સત્યથી ભરેલી છે એમ હું અત્યારે કબૂલ કરું છું.

આ સંતે તો પોતાની ટૂંકી વાત કહીને પતાવ્યું અને વિચાર-સાગર જેવા ગ્રંથોનાં નામ બોલી ગયા. મને એવાં પુસ્તકોનો પરિચય નહોતો. હૃષીકેશમાં આઠેક દિવસ રહ્યો હતો, તે દરમ્યાન તો મુગ્ધભાવે ગંગાતટે શાંતિ શોધતો બેસી રહેતો અને સંતોનાં દર્શન કરીને તૃપ્તિ માણતો. મારે તો ભગવા રંગનો મહિમા માણવો હતો. એ વસ્ત્ર-ધારણની પીઠમાં કેટલી પ્રખર સાધના અને બહુમૂલ્ય જીવનરત્નની ખાણ છે એ બંને જાણતાં છતાં હજુ મને એ માર્ગનું વિશેષ જ્ઞાન નહોતું. એ આકર્ષણને હું મોહ તો નથી કહેતો કારણ કે વાત્સલ્યભર્યાં સગાંસંબંધી, વ્હાલભર્યું મિત્ર મંડળ અને સંસારમાં સૌને ઉપયોગી થઈ પડવાની આવડત છતાં હું એ બધાંનો ત્યાગ કરીને વૈરાગ્ય કેળવવા નીકળ્યો છું એ જવાબદારી તો પૂરેપૂરી સમજ્યો હતો. જે કર્યું હતું એમાં ભાવાવેશ હતો, પણ પાર પાડવાની પૂરી સમજણ નહોતી.

'વિચારસાગર' કેવો ગ્રન્થ હશે? તત્ત્વચર્ચાની યુક્તિપ્રધાન મનોદશા શા માટે વિઘ્નકારક હશે? પ. સ્વા. રામતીર્થ અને વિવેકાનંદના દેશવિદેશના વિજયડંકા મારા કાનમાં ગૂંજ્યા કરતા હતા; વેદાંતનો સર્વદેશી પ્રચાર કરવો, નિજાનંદ નિમગ્ન, મસ્ત દશામાં વિહાર કરવો, અને સદા સર્વથા 'શિવોऽहम्'ની મનોદશા રાખવી એવું કેમ ન બની શકે? આવી રીતે એકાન્ત અજ્ઞાતવાસ સેવવો એટલે જ આત્મજ્ઞાનનો અવધિ આવી ગયો?—આવી કુતર્કજાળ પણ મારા મનોભૂતે ગૂંથવા માંડી!

ના; ના; આ સંતને મારામાં કશો સ્વાર્થ નથી; બ્રહ્માંડભરનો, જન્મોજન્મનો ભાર ઉતારીને વિરમી બેઠા હોય, અખંડ વિશ્રાંતિ તથા શાંતિ ભોગવતા હોય એવા આ સંત છે! વળી પાછાં ઉપકારવૃત્તિ સાથે શ્રદ્ધાભક્તિ સ્ફુર્યાં.

એટલામાં બહાર ૐ ૐના ધ્વનિ સાથે આંગણામાં ચાંખડી-પડયાં પગલાંનો અવાજ સાંભળ્યો. સંત ઊઠીને બહાર નીકળ્યા હશે એમ ખાતરી થઈ. મારું સિંહાવલોકન બંધ પડયું. કલાક–દોઢ કલાક વીતી ગયો હશે, એટલે વહાણું વાયું હશે એમ માની હું પણ કુટિમાંથી બહાર નીકળ્યો. ખરેખર! સવાર થઇ ગયું હતું. પેલા સંત પુરુષે વેદાન્તના તારતમ્ય જેવું જે સારગર્ભિત ઉપદેશશિક્ષણ મને આપ્યું હતું એ મારી વિચારમાળાનું કારણ હતું. મને એમણે મુમુક્ષુ માની લીધો હશે! માને જ તો! આવો હિમાલયમાં નિવાસ કરવા નીકળેલો જુવાનજોધ બ્રાહ્મણવર્ણી બ્રહ્મચારી એને આંગણે ભૂલોભટકયો આવીને ઊભો રહે, અને પ. સ્વા. રામતીર્થનું સ્મરણ તાજું કરાવે ત્યારે એમના સહૃદય ચિત્તનો પ્રવાહ સ્વાભાવિક આત્મજ્ઞાનના ઉદ્‌ગારરૂપે બહિર્મુખ થાય એમાં શું આશ્ચર્ય! મને અત્યારે એમના સંકેતની મહત્તા સમજાય છે તેટલી તે વખતે નહોતી સમજાઇ; અત્યારે પણ એ સંસ્મરણો મને નિવૃત્તિધર્મનું સ્વરૂપ સમજવામાં ઉપકારક થઇ પડે છે.

"ૐ નમો નારાયણાય !" કહીને નહેર ઉપરથી હાથમોં ધોઇને પાછા આવતા સંતને મેં પ્રણામ કર્યાં.

"ઊઠ્યા ? ઊંઘ આવી હતી ને ?" એમણે પ્રશ્ન કર્યો.

"હાજી ! મઝાની ઊંઘ આવી હતી. શરીરનો થાક ઊતરી ગયો, જાણે ચાલ્યો જ નથી એમ લાગે છે." મેં એમના સ્વાગતની મૂક પ્રશંસા કરતો ઉત્તર વાળ્યો.

"હજુ તો જુવાન છો ! એટલું ચાલવામાં થાકી જશો તો પછી આ ઉત્તરાખંડમાં કેવી રીતે રહી શકશો ? આગળ તો ચાર ધામ (યમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રિનારાયણ)ની યાત્રા કરવાનો પણ પ્રસંગ આવશે. આ હિમાલય જ આપણો સંતસાધુઓનો સ્વદેશ છે, બાકી બીજા બધા પરદેશ." એમણે મને ગમે એવું સત્ય ઉચ્ચાર્યું. મારો ઉત્સાહ વિશેષ જાગ્રત થયો.

"હાજી ! મને પર્વતીય પ્રદેશમાં રહેવાનું બહુ મન છે. અત્યારે તો હાલમાં ટિહરી પાસેના રામમઢમાં જ જવું છે. ગુરુઆજ્ઞા છે કે મારે ત્યાં એકાન્તમાં ભિક્ષા માગીને રહેવું અને થાય એટલો શાસ્ત્રાભ્યાસ કરવો. ત્યાં પુસ્તકોનો બહુ સારો સંગ્રહ છે એમ સ્વામીજી (સ્વા. નારાયણતીર્થ)એ કહ્યું છે. શરૂઆતમાં આપના આશીર્વાદ મળ્યા એ મારાં અહોભાગ્ય !" મારી મનઃકામના મેં કહી બતાવી.

"હા; હા; જરૂર જાઓ અને એકાન્ત–અભ્યાસ કરી આત્માનંદ લૂંટો. આ બાજુ આવવાનું થાય તો આવજો કોઈ દિવસ." એમણે આશીર્વાદ સાથે નિમંત્રણ આપ્યું.

"હવે મારે અહીંથી કયે રસ્તે જવું ? સ્વામીજી ! મારો વિચાર હૃષીકેશથી દહેરાદૂન, ત્યાંથી રાજપુર અને ત્યાંથી મસુરી થઈને રામમઢમાં પહોંચવાનો હતો. પણ હું અહીં આવી ચડયો." મેં અત્યારે પણ પાછો માર્ગ પૂછ્યો.

"જુઓ; હૃષીકેશથી તમે અહીં આવ્યા તે દહેરાદૂનની સીધી

લીધાંમાં આવ્યા, હવે અહીંથી રાજપુર સીધા જાઓ. દહેરાદૂન જવાની જરૂર જ નથી. આ નહેરે નહેરે એકાદ માઇલ જશો એટલે જમણે હાથે રસ્તો આવશે ત્યાંથી એ માર્ગે ચડી જજો. રસ્તામાં ખેતી છે એટલે માર્ગ બતાવનારા આજ તો મળી રહેશે," એમ કહીને એ પોતાની કુટિ તરફ મળ્યા. મેં એમને "ૐ નમો નારાયણાય" કહીને પ્રણામ કર્યા. નીચા નમીને ચરણસ્પર્શ કરવા જેટલી મારામાં બુદ્ધિ નહોતી; હું પોતાને ભણેલો ગણેલો સંસ્કારી–ત્યાગી માનતો હતો ને !

અંદર જઇને સામાન બાંધ્યો; શરીર ઉપર બધું ગોઠવીને બહાર નીકળી નહેરને કાંઠેકાંઠે ચાલવા માંડયું. થોડે દૂર જતાં હરિયાળાં ખેતરો આવવા માંડયાં, ક્યાંક ક્યાંક કામ કરતા ખેડૂતો નજરે પડતા હતા. હજુ પેલો રસ્તો આવ્યો નહોતો.

ઝપાટાબંધ ચાલ્યો જાઉં છું. શરીર તાજું છે; અંગે અંગે સ્ફૂર્તિ છે; હવામાન સરસ છે; આનંદ છે, અને હિમાલયમાં જાઉં છું એ વિચારે મનમાં એવો તો વેગ ભર્યો હતો કે પવનવેગે જાણે દોડતો જ જાઉં.

પેલો રસ્તો આવ્યો. વણપૂછી એ વાટ પકડી; ખેતરોની વચ્ચોવચ્ચ ચાલવાનું હતું. ઝરણાંનાં પાણી ખેતરોમાં સીંચાતાં હતાં; એની નીકોમાં અવિરત પ્રવાહે મનનાં મંદ વેગ જેવું પાણી વહ્યા કરતું હતું અને ખેતી તૃપ્ત થતી હતી.

પણ આ શું ? ખેતરો પૂરાં થયાં; રસ્તો પણ બંધ; અને હવે તો આવ્યું જંગલ. બધે વનવગડો. આ જંગલમાં આગળ સીધી વાટ તો હતી જ નહિ. વગર પૂછ્યે મેં નાની એવી કેડી પકડી હતી, રસ્તો નહિ !

હવે ક્યાં જાઉં ? કઈ દિશામાં ? સૂર્યદર્શન થતાં હતાં. ચારે દિશામાં નજર નાંખી જોઈ. ક્યાંય માણસની બોલચાલ કે હીલચાલ સંભળાય છે? ક્યાંય એકાદી ઝૂપડીનાંએ દર્શન થાય છે ?! કશું કાને ન પડ્યું. નજરે ન ચડ્યું. વળી પાછી ગઈ કાલના જેવી જ દશા બેઠી !

બેસીને થોડો આરામ લીધો. શું કરું ? બેસી રહીને રાહ જોવાથી કાંઇ રસ્તો જવાબ આપશે ?! આ વનવાસી વૃક્ષોને વાચા થોડી જ ફૂટવાની હતી ?! ખભેથી ભાર ઉતારીને નીચે મૂક્યો; મનમાં તો ચિંતાભાર વધ્યો હતો–વધતો જતો હતો.

થોડીવાર થઈ અને વાનરસેનાની ખેલકૂદ સંભળાઈ. દૂરદૂરથી આવીને એ લાલ મોંનાં વાંદરાં મસ્તીએ ચડયાં હતાં તે જોયાં. મારાથી બસોએક પગલાં દૂર હશે. એમને તો આનંદ હતો. ભગવાન્ રામચંદ્રજી કૃપા કરીને એમની સેનાદ્વારા કાંઈ સંકેત કરે અને માર્ગદર્શન થાય ! હે રામચંદ્રજી ભગવાન્ !

થાક ઉતારીને પણ કંટાળીને પાછો ઊભો થયો. એટલું યાદ હતું કે ડાબા હાથની દિશામાં રાજપુર છે. એટલે એ દિશામાં ચાલવા માંડયું. સારે નસીબે જંગલ બહુ ગાઢ નહોતું. વૃક્ષો દૂર દૂર અને છૂટાં છૂટાં હતાં. કલાકેક ચાલ્યો હોઇશ ત્યાં વળી પાછી ખેતી આવી. હાશ ! થોડી નિરાંત થઇ. કોઇ મળે તો રસ્તો પૂછવાની આશા ઊપજી. હર્ષભેર ખેતરો તરફ ચાલવા માંડયું. કોઇ મનુષ્યદેહનાં દર્શન ન થયાં. ત્યાં પણ વાનરોની જ કૂદમેલ હતી. હું થોડું ઊભો રહ્યો. એકાદ ભયંકર હિંસક પ્રાણીની ચીસ સંભળાઈ ! હાથી હશે ? વાઘ હશે ? રીંછ હશે ? વાંદરાં પણ વધારે ઊછળવા માંડયાં; એ ટોળાના મહન્તે મોટે અવાજે ઘૂરકવા માંડયું.

જોઈ લ્યો મઝા ! હિંસક પ્રાણીની એક જ ત્રાડથી આ વાનરો પણ ભયભીત બને છે. વાંદરાં ચડાય એટલે ઊંચે ઝાડની ટોચે ચડી ગયાં. પડકાર ફેંકતો જમાતનો મહન્તવાનર ચીસો પાડયા કરતો હતો.

મને પણ ભય લાગ્યો; થોડો પ્રાણકંપ થયો. ચારે બાજુ ફરી ફરીને નજર ફેરવવા માંડી, નજરે તો કશુંયે નહોતું ચડતું. બીજી વાર એ ચીસ ન સંભળાઇ; વાનરો શાન્ત પડયા. કોઇ ક્યાંક હશે તે બીજે માર્ગે ચાલી ગયું હશે. હું એમ ને એમ નીચે બેસી ગયો. આંખો બંધ કરીને ઇશ્વરસ્મરણ કર્યું.

ભયની અવસ્થા વ્યતીત થઈ. ઈશ્વરસ્મરણથી પ્રાણ શાંત થયા. મનમાં ગંભીરતા આવી. મૃત્યુનો ભય મારા જ્ઞાનમાં, બુદ્ધિના પ્રદેશમાં ન હોવા છતાં, જન્મજન્માન્તરની મન તથા પ્રાણની ટેવને લીધે એમાં જે કંપસંચાર થયો હતો, એ પાછળથી અજન્મા આત્મસ્મરણથી શાંત થયો.

બેસી રહેવાથી રસ્તો કાંઇ કળાવાનો હતો ? અને રસ્તો ન સૂઝે તો પણ સમજી રાખેલી દિશામાં તો જવું જ જોઈએ ને ? ચાલવા માંડયો. ખેતી પૂરી થઈ અને સૂકી નદીનો પટ આડો આવીને સૂઇ પડયો હોય તેમ સામે આવ્યો.

સામે કાંઠે જાઉં કે આજ કાંઠે ચાલું એવી દુગ્ધા ઊભી થઇ. સામે કાંઠે જવાનું નક્કી કર્યું કારણ કે એ રાજપુરની દિશા હતી. પથરાવાળી, ખાસી ત્રણસોક ફૂટ પહોળા પટવાળી નદીમાં ચાલીને સામે કિનારે જઇ ઉપરવાસ ચાલવા માંડયું.

આજ સવારથી વાદળાં જામેલાં હતાં. ઘટા વધવા માંડી અને જોતજોતામાં વરસાદે જોર કર્યું. પવન નહોતો, પણ પાણી એકદમ એકધારું પડવા માંડયું. હું પલળવા માંડયો એટલે સૂકી નદીને કાંઠે એક પાણી નીગળતા ઝાડ નીચે આશરો લીધો. વૃક્ષની ઘટા કાંઇ છત્રીની ગરજ ન સારે. મેં એક પંચિયું ઓઢી લીધું હતું. એ નીચોવીને પાછું ઓઢી લીધું. ઝાડની શાખા–પાંદડાઓ ઉપર વરસાદ પડતો હતો, તેમાંથી ગળાઈ ગળાઇને મોટાં ફોરાં મારા ઉપર પડતાં હતાં. પુસ્તકની થેલી ખોળામાં લઇને શરીરની ઓથથી એને બચાવવા પ્રયત્ન કર્યો. હું તો સાંગોપાંગ સવસ્ત્ર પલળી ગયો.

અર્ધોએક કલાક વરસાદ પડયો હશે. બંધ થયો, પણ સૂર્યદેવનાં દર્શન દુર્લભ હતાં. ધીરે ધીરે તડકા-છાયામાં, કપડાં એક એક કરીને નીચોવી નીચોવીને પહેરવાનાં પહેર્યાં, અને બીજાં આસપાસ જમીન પર પહોળાં કર્યાં.

અને જોઈ લ્યો મારા મનજીમહારાજની ગમ્મત. મારી પીઠ પરનાં કપડાંની અંદરથી ગઇ કાલની બચેલી એ રોટલીએ દર્શન દીધાં. સાક્ષાત્ અન્નપૂર્ણા વિશ્વચક્રના આકારે સ્નાન કરીને શુદ્ધ તથા આર્દ્ર થઇને જાણે મારી સામે દૃષ્ટિપાત કરતાં હોય તેમ પ્રકટ થયાં. એ રોટલી ! ચારમાંથી એની આહુતિ વૈશ્વાનરે ગઇ કાલે લીધી હતી. આજ હજુએ મારી શાન્ત, ગુપ્ત સંગાથી થઇને અત્યારે પ્રત્યક્ષ થાય છે.

રાત્રે સ્વામીજીના સત્કારથી હું વિહ્વળ બનીને સ્વભાવના સિંહાવલોકનમાં વ્યસ્ત હતો, ત્યાં આ રોટલીને કોણ સંભારે !? રાત્રે એને કાઢી નાંખવાનું ન સૂઝયું, અને સવારે તો જે વધારાના વસ્ત્રમાં એને લપેટી હતી એને ખભે નાંખીને ગચ્છન્તિ કર્યું હતું. કાલે એટલા જ માટે બચાવી હતી કે રાત્રે ભૂખ લાગે તો ખાઇ લેવાય; રાતની વાત રાતે ગઇ; અત્યારે એણે અહીં આવીને પોત પ્રકાશ્યું.

એ રોટલીની સાથે હું એકીટશે જોઇ રહ્યો–ત્રાટક કરતો હોઉં એમ. અન્નક્ષેત્રની ગઇ કાલે સવારે બનાવેલી રોટલીએ આટલી લાંબી સફર કરી; મારી સાથે રખડી, ભટકી, પલળી અને બંધ પોટલીમાં પડયાં પડયાં એણે આવીને પોતાની હયાતી યાદ દેવડાવી.

પેટમાં ભૂખ હતી ? હા; દસેક વાગ્યાનો વખત હતો. હજુ મેં સ્નાન નહોતું કર્યું. હાથમોં ધોઇને જ સ્વામીજીના આશીર્વાદ લઇને નીકળ્યો હતો. રસ્તો ભૂલ્યો છું, પણ પેટની ભૂખ નથી ભૂલ્યો. રોટલીને છૂટી પાડીને થોડે ઝાંખે તડકે મૂકી. પાણીથી પલળી હતી, પણ બીજી રીતે એ બગડી નહોતી એની ખાતરી કરી જોઈ.

તડકો વધતો જાય છે. નિરાંતે, નિશ્ચિતભાવે કપડાં સૂકાવા માટે બેઠો છું. આગળપાછળ સૂકી નદી સૂતી છે; બન્ને બાજુ જંગલ છે માર્ગની મૂઝવણ ચાલુ છે. રોટલીની કરામત બાકી છે.

ઊભા થઇને આમતેમ એટલામાં જ ફરવા માંડયું. એક પંચીઆને

બે હાથમાં પકડીને સૂકાવા માટે હવામાં વીંઝવા માડયું. થોડીવારે એની ભીનાશ ઓછી થઈ; સાધારણ ભેજ રહ્યો એટલે એને પહેરીને પહેરેલું બદલીને નીચોવી નાંખ્યું.

ક્યાં સુધી અહીં બેસી રહેવું ? સૂર્યનારાયણે વાદળાંનો પડદો ઉડાવી દીધો, સુંદર દર્શન થયાં; તાપ શરૂ થયો. હાશ ! હવે કપડાં જલદી સૂકાઈ જશે અને રોટલી પણ.

બેઠો છું; નિરાંતે બેઠો છું; દિવસ છે એટલે વધારે ચિંત્તા નથી. ગઇ કાલે તો સાંજ હતી તેથી રાત પડવાનો ભય હતો. આજ તો હજુ ઘણા કલાક બાકી છે, એટલી વારમાં ક્યાંક એકાદ ગામ તો આવશે ને !

મનજીમહારાજે રમત રમવા માંડી. એને આ રોટલીનો શું વિધિ કરવો એની ચિંતા પેઠી.

શ્રદ્ધાએ જોર જમાવ્યું. ગઈ કાલનો તાજો અનુભવ પણ ભુલાઇ ગયો. પરમાત્મા ભૂખે નહિ મારી નાંખે; અને કદાચ અન્નજલ વિના શરીર પડે તોયે શું ? તૈયારી આવી હોવી જોઈએ; પણ હું તો હજુ તાજો વિરકત. વૈરાગ્યનો, ભક્તિનો, શ્રદ્ધાનો, તપશ્ચર્યાનો—આવાં આવાં જ્ઞાનસાધનનો એકડો ઘૂંટનાર મનની રમતને ન પારખી શકયો. ક્યાંથી પરખાય ? મોટા મોટા મુનિઓને એણે મૂઝવ્યા છે. રાજર્ષિઓને રમાડયા છે; બ્રહ્મર્ષિઓના બોધમાં એણે ગાબડાં પાડયાં છે અને સંતસાધુ કહેવાતા તપસ્વીઓને તપાવી તપાસીને પણ ક્ષણમાત્રનાં સ્ખલનથી ઠંડાગાર બનાવી દીધા છે. વાંચો પુરાણો અને વિચારી જુઓ સ્ખલનનાં દૃષ્ટાંતો.

મન અને ઈન્દ્રિયો બંને એક સાથે વિષયો તરફ દોટ મૂકે ત્યાં બુધ્ધિ બાપડીનું શું ગજું ? આંધળી ભીંત બનીને એમની દાસી—ગરીબડી રાંક ગુલામડી બની જાય. એ જે કાંઈ કરે એને યોગ્ય માની બેસે. આ જ છે માયા, અજ્ઞાન, અવિદ્યા !

મનમાં થયું કે આ બે રોટલી ખાઈ લઉં તો?! ક્યારે, ક્યાં પહોંચાશે એ તો ભગવાન જાણે, અન્નક્ષેત્રમાંથી, લોકોના દાનભાગમાંથી મેળવેલી અને શરીરપોષણમાં ઉપયોગી થાય એવી રોટલીને વનવગડામાં ફેંકી દેવી?–ના; ખાઇ જ લેવી. ભિક્ષાર્થી વિરક્ત બનવા તો નીકળ્યો છું. સાંભળ્યું છે કે ઘણા સંતસાધુઓ માધુકરી માગી લાવીને, ગંગાજીનાં શીતલ પાણીમાં પલાળી પવિત્ર કરીને ઉદરપૂર્તિ કરે છે–સ્વાદને મારવા અને શરીરનો વૈરાગ્ય કેળવવા. હું ખાઇ લઉં એમાં વાંધો શું છે? આટલુંયે અન્ન નિરુપયોગી શા માટે જવા દેવાય? સ્વાદ જીતવાનો પ્રયોગ થશે, અન્નદાતાનો હેતુ સફલ થશે, દિવસભરની મારી ચિન્તા મટશે!

સ્નાન નથી કર્યું એમ જ ને? પણ આ વરસાદે મને કપડાંભેર નવરાવ્યો છે એનું શું? બદલવાં પડે એવી રીતે તો કપડાં પલળી ગયાં છે. આથી વળી બીજી કઈ રીતે ન્હાવાનું હોય!

મનજીભાઇએ પોતાના કર્મને શુદ્ધ શાસ્ત્રોક્ત રીતે ધાર્મિક ઠરાવી દીધું. રોટલીઓને હાથમાં લીધી; ધીમે ધીમે, પલાળીને પોચા ટોપરા જેવી બનેલીને પેટમાં પધરાવી. ખભા ઉપર એટલો ભાર ઉપાડવો ઓછો થયો. પેટને ભાર ન લાગે–ન જ લાગે.

વાહે રે રોટલીની રમત! વાહરે રે મનના ખેલ! પોતાના પ્રત્યેક કર્મને નિત્યને માટે યોગ્ય જ ઠરાવવાં એ છે એનો સ્વભાવ. શાસ્ત્રમાંથી, વડીલોના ઉપદેશમાંથી, લોકરૂઢિમાંથી, ચાલુ સમયના વ્યવહારમાંથી, બધેથી એ એવો જ સાર મેળવે કે જ્યાં પોતે તો સર્વોત્તમ સદાચાર અને વિવેકી વર્તન રાખીને પારકા પોતાના કલ્યાણ માટે જ જાણે જીવતો હોય!

મારા મને મને છેતર્યો. રોટલીને ન ફેંકી દેવાની બધી દલીલો સાચી હોવા છતાં, મારે તો શીખવાની હતી દેહનિર્વાહ માટે ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખવાની બાલબોથી ! ગઈ કાલે બે રોટલીએ જેટલું નહોતું શીખવ્યું, એટલું આ બચેલી બે રોટલીએ શીખવી દીધું. રાત્રે મુસ્લિમ

પોલીસ સજ્જન, અને વયોવૃદ્ધ સંતનાં સ્વાગત વણમાગ્યાં, વણકલ્પ્યાં આવી મળ્યાં હતાં, છતાં આ રોટલી અત્યારે ખાઈ લીધી. ગઈ કાલે ઇશ્વર હતો અને આજ નથી! પ્રારબ્ધ તો ડગલે ને પગલે આગળ દોડતું જાય છે.

અન્નવસ્ત્ર કે બીજાં દેહપોષણનાં સાધનો મળે, ન મળે, ગમે તેવાં મળે, તો પણ એ બધાંયથી મનને ઉપર ખેંચી લાવીને જ્યારે જ્યારે એ દેહદૃષ્ટિનો વિચાર કરે ત્યારે એને આત્મસ્મૃતિના દેહાતીત પાઠ ભણાવવાના છે; એમાંથી મુક્ત બનવાનો તો અભ્યાસ કરવાનો છે! રોટલી શા માટે ખાધી? વખત આવ્યે અન્નદેવ સગવડ ન કરી આપત! ખાતાં ખાતાં આવા વિચારો આવતા હતા; વિચારો અને કર્મની દિશામાં વિરોધ હોવા છતાં, પાછલી ટેવને લીધે ઇંદ્રિયો જીતી ગઇ; વિચારો હાર્યા. પરિણામે પારાવાર પશ્ચાત્તાપ!

રોટલીની રમત પૂરી થઈ; મનને ખૂબ ધમકાવ્યું, સમજાવ્યું; ગાલ ઉપર બેચાર તમાચા ચોડી દીધા. પશ્ચાત્તાપ થયો. પોક મૂકીને રડયો! પુનઃ એવું ન થાય એવું મનોબલ પામવા, હિમાલયના પ્રવેશ દ્વારમાં, સૂકી નદીમાં મેં રોઈ રોઇને આસું પાડયાં. મારાં નેત્રે ગંગાયમુનાનો પ્રવાહ વહેવડાવ્યો, એમાંથી થોડાં આંસુ એ સૂકી નદીનેય સાંપડયાં હશે!

## પ્રસંગ ત્રીજો

સૂકી નદીને કાંઠે, ભીની આંખે, આર્દ્ર હૃદયે અને શૂન્ય મને ઘણી વાર બેસી રહ્યો. નજર નીચે હતી. હાથ કાંકરાની રમત કરતા હતા. ઘણીવારે ભાન આવ્યું કે હવે ઊઠીને આગળ ચાલવા માંડવું જોઇએ.

અમનસ્ક ભાવે ઊભો થયો. કપડાં સમેટીને બીજા સામાન સાથે ખભે ગોઠવ્યાં અને નદીને એક કિનારે આગળ પગલાં ભરવા માંડયાં. પશ્ચાત્તાપની ગરમી પછી જે ભોંઠપની ઠંડક આવી હતી એણે મનની સાથે ચાલવાની ગતિને પણ નરમ બનાવી દીધી.

ધીમે પગલે ચાલ્યો જાઉં છું. દહેરાદૂન નહીં પણ હવે રાજપુર આવશે, બપોરે ત્યાંથી સીધાં ચડાણ ચડીને મસુરી જવાશે એ ગણતરીમાં મન ગુંથાઈ રહેલું હતું. પેલા સંતપુરુષે મને રાજપુરને જ માર્ગે ચડાવ્યો હતો, એમ હું માનતો હતો.

બેઅઢી માઇલ નીકળી ગયો હોઇશ. એટલામાં વાદળાં ખસી ગયાં, જમીન પણ કોરી આવી. વરસાદ તો મને નવરાવી, ખવરાવી, રોવરાવીને જાણે સ્નાન–ખાન–જ્ઞાન આપવા જ આવ્યો હોય એમ લાગ્યું. જંગલની ઘટા પણ પૂરી થઇ; થોડે દૂર ખેતરો દેખાવા માંડયાં. સૂર્યનારાયણ માથે આવીને ગરમી ફેંકવા માંડયા હતા. તાપ લાગવા માંડયો. માથે કપડું નાખીને હું ચાલ્યો જાઉં છું.

પગનો વેગ વધ્યો. બાર–એક વાગવા આવ્યા હશે. સ્નાન–ખાનથી પરવાર્યો હતો, પણ જલપાનની જરૂર પડી ! અન્નને પચવા માટે સાથે

જલ જોઇએ ને! પલળેલી, કૂણી અને વાસી રોટલી પેટના જઠરાગ્નિમાં હોમાઈને હવે તો રંધાવા માંડી, ત્યાં પાણી વિના એકલો અગ્નિ તો શેકી નાખે! લોહીમાંથી ખેંચીખેંચીને પાણી લેવા માંડે, શરીરના રસકસ સુકાય એની સાથે જ મોંમાં સોસ પડે.

પાણી ક્યાંય દેખાતું નથી. સપાટ જમીન હોય તો મૃગજળના દૃશ્યથી પણ આશાતન્તુ થોડો આરામ આપે. પણ આ તો રહ્યું હિમાલયની તળેટીનું જંગલ, ઊંચીનીચી જમીનનાં ખેતરો અને બાકી વનવગડો. નદીને કાંઠે કાંઠે જ ચાલ્યો જાઉં છું, પણ નદી તો કઠોપનિષદ્‌ના ઋષિએ દાનમાં આપવા માંડેલી વસુકી ગયેલી ગાયોના જેવી અત્યારે હતી. ચોમાસામાં ધોધમાર પૂરપ્રવાહ વહેતો હશે અને મૂળમાં રડયું ખડયું પાણી હશે તેની આ ખેતરો માટે નહેર બંધાઈ હશે, અત્યારે તો નિષ્ઠુરના કાળજા જેવા નદીના પત્થર મને પડયા પડયા હસતા હતા.

પગમાં વેગ વધ્યો. છત્રીના અભાવે માથે કપડું નાખ્યું હતું, પણ પાણીની તરસ સતાવવા લાગી.

હાશ! ખરે જ પેલાં ખેતરો પાસે આવ્યાં કે પાણીની નાની એવી નહેર નજરે ચડી. જોતાં જ મન સ્વસ્થ થયું.

બેઠો. હાથમોં ધોયાં, માથા ઉપરનું વસ્ત્ર ભીંજવ્યું અને નિરાંતે પાણી પીધું. એક કામ પત્યું. પાછળથી આવતા એક માણસનાં દર્શન થયાં. ગામથી એ ખેતરમાં પાણી સીંચવા આવ્યો હશે. મને જોઈને ઊભો રહ્યો.

"ક્યાંથી આવો છો બ્રહ્મચારીજી? આ બાજુ તો કોઇ રસ્તો નથી." આડવગડેથી આવતો જોઈને મને પૂછ્યું.

"સવારે રાણીપોખરીથી નીકળ્યો છું. ત્યાંથી રાજપુર જવા

નીકળ્યો હતો, પણ રસ્તો ભૂલ્યો એટલે નદીને કાંઠે કાંઠે ચાલ્યો આવું છું. તમે કયે ગામથી આવ્યા? ગામ કેટલુંક દૂર છે?"

"આ તો રાયપુર છે, રાજપુર નહીં. અહીંથી દહેરાદૂન આશરે ત્રણેક માઇલ થાય. રાજપુર તો તમે વચમાંથી વળ્યા હોત તો આવત. રાજપુરથી ક્યાં જવું હતું?" મારા પ્રશ્નનો જવાબ વાળતાં એણે આગળ પ્રશ્ન કર્યો.

"મારે રાજપુરથી મસૂરી થઈને ટિહરી પાસે માલિદેવલ ગામ પાસેના રામમઢમાં જવું છે. હવે અહીંથી મસૂરી જવાશે? તમે રાયપુરના હશો. એ કેટલું દૂર છે?"

"આ રહ્યું આ ટેકરીની પાછળ: જુઓ સામે શિવાલયનું શિખર દેખાય છે. આ પાણીની નીકેનીકે જાઓ એટલે એક મોટી નહેર આવશે. ત્યાં જ શિવાલય છે; એની પાસે રાયપુર ગામ છે. વસ્તીનો મોટો ભાગ બ્રાહ્મણોનો છે. જલદી જાઓ, માધુકરીનો વખત થવા આવ્યો છે. મોડા પહોંચશો તો પછી નહીં મળે. જંગલમાંથી રખડતા આવો છો તે ભૂખ પણ લાગી હશે. ત્યાંથી મસૂરી જવું હોય તો સાંજના પહોંચી જશો"

સદ્‌ભાવભર્યાં વચનોથી એણે મને સાંત્વન આપ્યું. અને બધા અન્નપૂર્ણાના જ ભક્ત હોય તેમ જ્યાં ત્યાં મારા દેહપોષણ માટે જ સત્કાર કરવા માંડે છે! એમ જ ઉપદેશ આપતા હોય કે જાણે "હે સત્પથના યાત્રાળુ! નિર્ભય થઇને ચાલ્યો જા; યોગક્ષેમના તો ઢગલા પડ્યા છે આગળ. દેહચિંતાથી મુક્ત બનીને આત્મચિંતનમાં ચિત્તને પરોવ. ઇશ્વરકૃપા કે પ્રારબ્ધ સદાસર્વથાનાં તારાં સંગાથી છે."

હું કાંઇ બોલ્યો નહિ એટલે એણે આગળ ચલાવ્યું: હું બ્રાહ્મણ છું. આ આખું ગામ બ્રાહ્મણ જમીનદારોનું છે. ભણ્યાગણ્યા બહાર

નોકરી પણ કરે છે. વસ્તી શ્રધ્ધાળુ અને સુખી છે. જાઓ, જલદી ગામમાં પહોંચી જાઓ. તડકો વધવા માંડયો છે." એમ કહીને એ પોતાના ખેતર તરફ વળ્યો.

સચિંત મને હું એને જોતો જોતો થોડી વાર તો બેસી રહ્યો. આ તે ચતુર્થાશ્રમી પ્રતિનાં સેવાભક્તિ કે મારું પ્રારબ્ધ! હું એ વખતે પ્રારબ્ધના વર્ગભેદ જાણતો નહોતો. અન્તરમાં જિજ્ઞાસુના ભાવ હતા; વેશ બ્રહ્મચારી જેવો ખરો. અને આજથી ચાળીશ વર્ષ પહેલાં હિમાલયના ઉત્તરાપ્રદેશમાં સંતસાધુઓ પ્રતિ અનહદ ભક્તિભાવ હતાં એ તો મેં ત્યાર પછી પણ અનુભવેલું—ખૂબ અનુભવેલું.

મારે શીખવાનું હતું ભાવિની ચિંતામાંથી મનને મુક્ત રાખીને મારા સ્વાધ્યાયમાં અંતરાય વિના એક ચિત્ત લાગી જવાનું. એ શિક્ષણ અંતર્યામી ભગવાન્ ક્ષણે ક્ષણે શીખવતા હતા. ખરેખર! આખી યાત્રાના શ્રીગણેશ તે શ્રીગણેશ જ થયા હતા—ભિક્ષાની બાબતમાં.

પાએક કલાકનો આરામ લઇને, જલપાનથી તૃપ્ત થઇને પેટની તપેલીમાં શેકાતી રોટલીમાં પાણી રેડીને ઊભો થયો. રાયપુરના મંદિરના શિખર ભણી દૃષ્ટિ કરી! ભગવાન્ ત્ર્યમ્બકનું પુરુષપ્રકૃતિથી પર નેત્ર સર્વવ્યાપી અને દિગન્તદર્શન કરે એવું છે; એ કામને ભસ્મીભૂત કરીને આત્માની અમૃતવર્ષા કરે છે. ૐ હર! બોલીને ઊભો થયો; ચાલવા માંડયું.

શિખર અને ધ્વજા દેખાતાં તો હતાં, પણ ટેકરીની પ્રદક્ષિણા કરીને કેડીએ ચાલતાં ખાસ્સો અર્ધોએક કલાક ગયો હશે. દોઢેક માઇલ તો ખરું જ. વનવાસી ખેડૂતને, રાતદિનના રખડપટ્ટીવાળાને, ડગલેપગલે જમીન માપનારાને જે ચાલવાની ઝડપ હોય છે એ વેગને લીધે સ્થૂલ દેશનાં બંધન પણ ટૂંકાં લાગે છે. 'આ રહ્યું' 'પાસે જ છે' એમ

કહેનારો ગામડિયો ખેડૂત જ્યારે કોઇ પરગામની વાટની ગણતરી કરે ત્યારે આપણો અનુભવ તો એમાં અર્ધસત્ય જ અનુભવે છે; અર્ધા કલાકને બદલે બે કલાક, અને અર્ધા ગાઉને બદલે ખાસ્સા બે ગાઉની મજલનો આપણે પંથ કાપવાનો હોય છે, એવો પગપાળા કરેલી યાત્રાનો ત્યાર પછીનો અનુભવ છે. પણ હજુ તો આ પહેલો જ પ્રસંગ હતો; એટલે એણે મને ઉત્સાહ આપવા 'પાસે જ છે' એમ કહ્યું હશે એવી એના કહેવા ઉપર ભાવશ્રધ્ધા થઈ.

મંદિર આવ્યું. મોટી નહેરને કાંઠે આસપાસ ત્રણેક ઓરડીઓ વચમાં મોટો ચોક અને નીચે બેપાંચ આંબાનાં ઝાડ હતાં. પાંચપંદર માણસો બપોરનો આરામ લેતા આડા પડયા પડયા જાગતા હતા. મને જોઇને બધાએ મારી સામે જોયું.

"ક્યાંથી આવો છો બાવાજી?" એકાદ જણે સવાલ પૂછ્યો.

"રાણીપોખરીથી આવું છું." ટૂંકો જવાબ આપીને આંબાના થડ પાસેના ઓટલા ઉપર છાંયડે હું બેસી ગયો.

આરામપ્રિય વર્ગે આરામને બહાને પડખાં બદલીને ઊંઘવાની તૈયારીઓ કરી.

મને પેલી માધુકરી (ભિક્ષા)ની ઇચ્છા થઈ. મનમાં થયું કે લાવને પ્રયોગ કરી જોઉં. હજુ સુધી એવો પ્રસંગ સાંપડયો નહોતો. હૃષીકેશમાં તો અન્નક્ષેત્રમાંથી બીજા સંતસાધુઓની ટોળીમાં ભળીને સાથે સાથે એ લાભ લીધો હતો. એમાં ઘેર ઘેર ભટકવાનું નહોતું, ન તો કાંઇ બોલવાનું, કે ભિક્ષા નહી મળે એવી શંકા નહોતી. અન્નક્ષેત્રમાં જવું, રેલ્વેસ્ટેશને ટિકિટ બારી પાસે ઊભા હોઈએ એમ હારબંધ ઊભા રહેવું, અને વારો આવે એટલે દાળભાત, રોટલી, શાકને ઝોળી તથા પિત્તળના કોઇ વાસણમાં લઇને મૂંગા મૂગા ગંગા કાંઠે જઇને આરોગી લેવું. એમાં માન-

અપમાનનો, મળ્યા ન મળ્યાનો, ટાઢાઊનાનો કે સ્વાદ-અસ્વાદનો સવાલ જ ઊભો થાય એમ નહતો.

અહીં તો ગામમાં ઘેર ઘેર જવું, "નારાયણ હરે!" કે એવું કંઈક બોલીને યજમાનને સંબોધન કરીને ભાન કરાવવું કે તમારે આંગણે ભિક્ષુ-અતિથિ માધુકરી લેવા આવ્યો છે, એને શ્રધ્ધાસગવડ હોય તે આપો.

પેટમાં પડેલી એ રોટલીની કશી ગણતરી નહોતી. મધ્યાહ્ન કરીને સૂર્ય પશ્ચિમ તરફ વળવા માંડયો હતો એટલે પ્રયોગ કરવાનું મન થયું.

"ગામમાં માધુકરી મળશે ને?" મેં રાયપુરના આરામપ્રિય સજ્જનોને પ્રશ્ન પુછ્યો.

"હવે અત્યારે માધુકરી કેવી? બધાં ખાઇ પી પરવાર્યાં હશે. ભૂખ્યા છો?" એક સજ્જને આદર બતાવીને જવાબ આપ્યો.

"મોડું થઈ ગયું છે ખરું? આટલામાં કોઇ સંતસાધુ રહે છે? થોડો આરામ કરવો છે." રાતની સંતપુરુષના સત્કારની મીઠાશ મારા મનમાંથી ટપકી પડી. અહીં મોટી ઓસરીમાં તો પાંચપંદર જણા સુતા આળોટતા હતા. હું બેઠો હતો એ જગ્યામાં આંબાના થડ ઉપર મંકોડા ઉભરાતા હતા; એથી પણ કોઈ સ્વચ્છ, શાંત સ્થાનની પણ ઇચ્છાએ એમાં સાથ પુરાવ્યો.

"આ નહેરને રસ્તે રસ્તે ચાલ્યા જાઓ. એ ઝરણના મૂળ પાસે એક બંગાળી સ્વામી રહે છે. પાકી કુટિ છે, ત્યાં ઠીક સગવડ થશે, બાકી માધુકરી તો હવે મળે એમ નથી. કોઇ રડયું ખડયું કદાચ આપે, પણ તાપમાં કેટલુંક ભટકશો? પાસે પૈસા હોય તો ગામમાં કંદોઈની દુકાન છે, ત્યાંથી કાંઇ ખરીદીને ખાઇ લ્યો." એણે ચોખ્ખી વાત કહી નાંખી.

મેં માધુકરી માગવાનો વિચાર બંધ રાખ્યો. પેટમાં એ રોટલી તો

પડી હતી. રાતની વાત રાતે; અને રાત ક્યાં પડશે ? કારણ કે હવે તો મસુરીની દિશા જ પકડવાની હતી; ત્યાં પહોંચાય કે નહિ એવા લાંબાપહોળા વિચારમાં મન મૂઝાવા માંડ્યું. નહેરને કાંઠે કાંઠે બંગાળી સ્વામીનાં દર્શન માટે જવાનું ઠીક લાગ્યું અને સામાન ખભે નાખીને ચાલવા માંડ્યું.

ટેકરીની તળેટીમાં પાકી ચણેલી નહેરને કાંઠે કાંઠે પગકેડીએ ચાલ્યો જાઉં છું. ટેકરી પશ્ચિમ તરફ હતી એટલે સૂર્યનો તાપ નહોતો લાગતો. વૃક્ષની પણ ઠીક ઠીક ઘટા હતી. પૂર્વ તરફ માઇલેકનું પહોળું મેદાન હતું અને એની પીઠમાં દૂર દૂર પર્વતમાળનાં દર્શન થતાં હતાં.

સાંજે મસુરી પહોંચવું જોઈએ એવી ઇચ્છા હોવા છતાં ય ત્યાં છ માઇલની સીધી ચડાઇ ચડવાનો એની સાથે જ વિચાર આવ્યો. મસુરી ચડવાની સડક પૂછવાનું ભૂલી ગયો; તાપથી કંટાળ્યો હતો. રાજપુરને બદલે રાયપુર આવ્યું. મસુરીના રસ્તાની સીધી શરૂઆત તો રાજપુરથી થતી હતી એમ સાંભળ્યું હતું. કશાએ ચોખ્ખા વિચાર વિના ચાલ્યો જાઉં છું.

અર્ધોક માઇલ પૂરો થતાં નહેરના મૂળમાં ચારપાંચ આંબાના ઝાડનું ઝૂંડ હતું. મઝાનો ચોક હતો. ત્યાં એક ઈંટચૂનાની બારેક ફૂટ સમચોરસ કુટિરની પછીત દેખાઇ. આગળ જઇને જોયું તો બારણું અંદરથી બંધ હતું. આઠેક ફૂટની છાપરાવાળી ઓશરીમાં હું બેઠો અને ૐ નમોનારાયણાયનો ધ્વનિ કરીને અંદર રહેતા સંતને મારી હાજરીના પ્રણામ સૂચક ખબર પહોંચાડ્યા.

અંદરથી 'નારાયણ'નો પ્રતિધ્વનિ થયો. મને મનમાં નિરાંત થઇ કે અંદર સંત છે અને આરામનિદ્રામાં નથી. પણ જાગતા છે. ખભાનો ભાર ઉતારીને બેઠો.

પર્વતની ટેકરી પૂરી થતી હતી. થોડે દૂર નહેરના પાણીનું મૂળ

ઝરણું હતું. પંદરેક ફૂટ ઊંચેથી પાણીનો ધોધ પડતો હતો. દૃશ્ય સુંદર હતું. એકાન્ત પણ રમણીય હતું. સ્થાનની શોભાની સાથે સાથે સ્વાધ્યાયમનન માટેની સુંદર વ્યવસ્થા સચવાય એવી એ કુટિર હતી.

દસેક મિનિટમાં બારણું ઊઘડયું, હાથમાં ભિક્ષા–ભોજનપાત્ર, વસ્ત્ર તથા કમંડળુ લઈને સ્વામીજી નીકળ્યા.

'આવો, બ્રહ્મચારીજી ! બેસો હું વાસણ માંજીને આવું છું." હસતે ચહેરે જરા માથું નમાવીને કહેતા ગયા.

હું શ્વેતવસનધારી બ્રહ્મચારી; એ કાષાયવસ્ત્રધારી સંન્યાસી; પ્રસન્નમુખે સત્કાર કરે અને નમ્રતાસૂચક મસ્તક નમાવી પ્રેમ દાખવે; એમાં એમનાં દર્શનમાં ઉચ્ચ સંસ્કારનો મને સ્પષ્ટ ભાસ થયો.

હૃષીકેશમાં હું આઠેક દિવસ રહ્યો હતો, પણ મેં કોઈપણ સંતનો અંગત પરિચય નહોતો સેવ્યો. ક્યાંક શાસ્ત્રચર્ચા થતી હોય, સંતનો સત્સંગ ચાલતો હોય, તો તટસ્થભાવે જતોઆવતો પરન્તુ કોઇના પરિચયમાં આવવાનું મન જ નહોતું થયું. કારણ કે મારે ત્યાં રહેવું જ નહોતું.

અને સંતોના સ્વભાવ, સત્સંગ માટે એમની પાસે જવાની રીતભાત, તથા પ્રશ્ન પૂછવા જેટલું વેદાન્તશાસ્ત્રનું ભાષાજ્ઞાન એવું કશુંયે હજી મને આવડતું જ નહોતું. મારું વાચન મેં આગળ કહ્યું તેમ હતું માત્ર સ્વા. રામતીર્થનાં લેખ–વ્યાખ્યાન પૂરતું જ. ટિહરી પાસેના રામમઢમાં જવું, ત્યાં એકાન્તસેવન કરવું, જપતપ કરવાં, યમનિયમનું પાલન કરવું, અને ત્યાં જે ગ્રંથભંડાર છે એનો અભ્યાસ કરવો. ઉપરાન્ત થોડા જ મહિના પછી સ્વા. શ્રી નારાયણતીર્થ ત્યાં આવવાના હતા એટલે ગુરુમુખશ્રવણની ઈચ્છા પૂરી થશે એવી શ્રદ્ધા તથા ઉત્સાહને લીધે હૃષીકેશના સન્તોના પરિચયમાં આવ્યો નહોતો.

સ્વામીજી શબ્દસ્વાગતથી મને બેસવાનું કહીને ઝરણા પાસે ગયા. તળેટાના વળાંક પાસે એ દૂર જઈને હાથમોં ધોઇને તથા વાસણ માંજીને પાછા આવ્યા.

"ક્યાંથી અત્યારે અહીં આવી ચડયા?" એમ કહી વાસણ મૂકવા અંદર ગયા. તરત જ પાછા આવીને હું કાંઇ જવાબ આપું તે પહેલાં જ એમણે કહ્યું;

"બીજી વાત પછી. અંદર થોડું ભિક્ષાન્ન છે તે પહેલાં ખાઇ લ્યો. દૂરથી આવ્યા હશો, અજાણ્યા અને નવીન લાગો છો તેથી ભિક્ષા-માધુકરી જેવું પણ કૈં નહીં બન્યું હોય. અલ્પસ્વલ્પ જે છે તે લઇ લ્યો."

અણધારી ભિક્ષા સાંપડી. મારે મન તો કુટિવાસી, આશ્રમવાસી, સ્થાનાપન્ન સંતમહન્તના સ્વાગતમહિમાની પદ્ધતિ અને સત્કારસેવાનો આ સહજસ્વભાવે જે પ્રત્યક્ષ બોધપાઠ મળ્યો, એની જ મહત્તા હતી.

હું આવ્યો ત્યારે એ ભિક્ષાન્ન આરોગતા હશે. મારા 'નારાયણ' એવા શબ્દમાત્રના શ્રવણથી ગામમાંથી માધુકરી લાવીને ઉદરતૃપ્તિ કરતા સન્ત આંગણે આવેલા અતિથિઅભ્યાગતને ટુકડામાંથી ટુકડો આપીને–**અતિથિદેવ** બને છે, એનું મને અલૌકિક દર્શન થયું. ભગવતી મીરાંબાઇના ભજનની એક ટૂંક મને યાદ આવી:

"માગીને ખાના, સંતો! ભીખીને ખાના રે!
ટુકડેમેંસે ટુકડા દેના, મેરે લાલ!
લાલ! મેરે દિલમેં, અબધૂ! લગી રે બેરાગણ–
જોયું મેં તો જાગી! અબધૂ!"

ખરેખર! હું પણ જાગ્યો. ટુકડામાંથી ટુકડો આપનારા અપરિચિત સંતનો પ્રસાદ પામવા હું કશું યે બોલ્યા વિના પરસાળ ઉપર હાથપગ

ધોઇને શાન્ત આજ્ઞાધારીની પેઠે કુટિમાં દાખલ થયો. એક પતરાવળામાં ત્રણેક રોટલી, થોડું શાકપાન, એક બુંદીનો લાડુ અને નાની એવી વાડકીમાં થોડી દાળ મારા સત્કાર માટે એમણે ગોઠવી પીરસી રાખ્યાં હતાં; પાસે નાનું આસન પણ મૂક્યું હતું.

હે પરમાત્મન્ ! કૃપાલુ કુબેરભંડારી ! માતા અન્નપૂર્ણે ! આ મારા પ્રારબ્ધનો હિસ્સો છે એવા મિથ્યાભિમાનનો નાશ કરજો. આપની આ અયાચિત કૃપા, અહેતુકી કરુણા અને અલૌકિક ક્ષેમભાવ માટે શું શું બોલું, વિચારું કે અનુમાન કરું ! વાસ્તવિકતા પ્રત્યક્ષ જોઉં છું અને હૈયું કૃપાભારથી લચી પડે છે; ચાક્ષુષ બોધપાઠથી મસ્તક નમી પડે છે, અને હૃદયમાં આભારનાં ઝરણાં એવાં જોરથી ઊછળે છે કે એ ભાવસમાધિનાં અદ્વિતીય સાધન બને એવાં છે.

જેવાં જેનાં કર્મ, તેવા તેના ભોગ એ બધી વાત સાચી, પણ કર્મ અને કર્મફળની પેઢીના હિસાબકિતાબ માનવપ્રાણી કરવા બેસે તો સરવૈયું બંધ બેસતું આવવાનો સંભવ નથી. વિશ્વચક્રનો ચોપડો લખનાર કોઇ ચિત્રકેતુ હશે એ વાતને ક્ષણભર માની લઇયે, છતાં એમાં આપણા એકલાનું ખાતું જોવા જઇએ તો પણ અનાદિ કાલથી કર્મચક્રના ચક્રાવે ચડેલો જીવ આંધળો ભીંત બને, અથવા અહંકારનો જડ હિમાલય બની બેસે ! કયા કર્મનો કયો બદલો, કયાં અને કયે સમયે એ બધી અસંખ્યકોટિ જીવાત્માના ચોપડાનાં સરવૈયાં જોવાની ભાંજગડમાં પડીએ તો માથું ભમી જાય.

શુભાશુભ, પુણ્યપાપ, ધર્માધર્મ જેવાં કર્મભેદનાં વિધાન પારખીને શુભ અને પુણ્ય, ધર્મકર્મ પ્રતિ તન–મનનો વેગ વાળવા જેવી સદ્બુદ્ધિ આપે એટલી જ શ્રીઇશ્વર પાસે પ્રાર્થના !

અને સુખભોગ મળે ત્યારે મારા પુણ્યકર્મનાં ફલ માનીને ફુલાવવાનું જ હોય તો એવા પ્રારબ્ધસિધ્ધાન્તના માન્યતાવાળા અહંકારને જેટલો વહેલો નિર્મૂળ કરીએ એટલી શાન્તિની શીઘ્રતા.

સુખસગવડ કે દુઃખઅગવડ બન્ને કર્મભોગ ખરા, પણ બન્નેમાં ઇશ્વરની કૃપા જ સમજે એ છે ભક્ત; એ જ જિજ્ઞાસુ, એ જ મુમુક્ષુ; એમ થાય તો જ અહંકાર સાત્વિક બને અને છેવટે પરમતત્ત્વમાં ઓગળી ઓસરી શકાય. ૐ

આ તત્ત્વજ્ઞાનની ચર્ચા તો અત્યારે સ્ફુરી તેવી લખી છે. તે વખતે તો હું માત્ર વિનમ્ર જ બન્યો હતો. અનુભવના આશ્ચર્યમાં, સંતોના સત્કારયુક્ત વાત્સલ્યમાં શાન્ત તથા કૃપામુગ્ધ જરૂર બન્યો હતો, એવું સ્મરણપટમાં કોતરાઇ ગયેલું છે.

એ પોતે બહાર બેઠા; હું અંદર ગયો અને મારું ભોજનસ્થાન તથા એમની પરસાળમાં બેસવાની જગ્યાઓ પરસ્પર બન્નેને જોઇ શકાય એમ હતી.

હું ભિક્ષાન્ન પાસે બેઠો; અન્તરથી શ્રીઅન્નપૂર્ણાને પ્રણામ કર્યા; આહાર શરૂ કર્યો. એ ઝરણા તરફ જોતા શાન્ત બેઠા હતા.

મેં ઉદરપૂર્તિ કરી. વાસી પલળેલી બે રોટલી ઉપર તાજી ત્રણ રોટલી અને મિષ્ટાન્ન પધરાવ્યાં.

ગઈ રાતના જેવો જ સંતને આંગણે સત્કાર થયો. હિમાલયમાં જઇને ભિક્ષાવૃત્તિ પર નિર્વાહ કરવાનો હતો એમાં આ પ્રસંગોએ શ્રધ્ધા, વધારી. સરલતા થશે એવો નિશ્ચય થયો. આ તરફના લોકો શ્રધ્ધાળુ, સેવાભાવી અને ઈશ્વરનિમિત્ત જીવન જીવનારા માટે ઉદારતત્પર છે એવી ખાતરી થઇ. અંતરમાં હર્ષ ઉદ્‌ભવ્યો.

ગઇ કાલની ચાર રોટલીનો આખો કિસ્સો મનને ધોવા માટે પૂરતો હતો. એ ચાર રોટલી આટલે વર્ષે પણ ભૂલ્યો નથી; એ બધું અત્યારે લખી શકું છું એ જ એનો પુરાવો છે અને જ્યાં જ્યાં, જ્યારે જ્યારે યજમાનગૃહે ભિક્ષાનો પ્રસંગ સાંપડે છે, ત્યારે એ ચાર રોટલી

ભાગ્યે જ ભુલાય છે. એણે સંતોષ પેદા કર્યો; યથાપ્રાપ્ત ભોજનમાં સ્વાદ–અસ્વાદનો નહીં, પણ ચિત્તને નિર્મળ કરવાનો, ઈશ્વરનો ઉપકાર માનવાનો, વર્ણાશ્રમધર્મની મહત્તા માણવાનો અને યજમાનને ધન્યવાદ આપીને કૃતાર્થ થવાનો અદ્વિતીય હેતુ છે; એ સદ્વિચાર અત્યાર સુધી ટકયો છે એ ઇશ્વરકૃપા છે, અને છેલ્લાશ્વાસ સુધી ટકી રહે એવી અંતર્યામી સ્વરૂપદેવને હાર્દિક પ્રાર્થના છે. એના કરતાં સારું ભિક્ષાન્ન ત્યાર પછી સાંપડયું છે; ખરાબ પણ ભોગવી લીધું છે; પણ એવું ભિક્ષાન્ન-એ ચાર રોટલી તો મારે મન ચાર વેદ ઉપદેશ પૂરો ન પાડે એવો આકાશવૃત્તિનો યતિધર્મ સમજાવી ગઇ છે. ૐ

ભોજન કરીને, પાત્ર હાથમાં લઇને હું હસતે ચહેરે બહાર નીકળ્યો; ઝરણા પાસે જઇને હાથમોં ધોઇ તથા વાસણ માંજીને પાછા આવીને અંદર મૂકી દીધાં.

સ્વામીજી બહાર બેઠા હતા. એમણે હવે નિરાંતે પૂછવા માંડયું:

"કયાંથી આવો છો? આમ આડે રસ્તે કયાંથી નીકળી પડયા?"

મેં અથેતિ કહેવા માંડયું:

"શરીર ગુજરાતનું છે. પ. પૂ. સ્વા. રામતીર્થના પટ્ટશિષ્ય સ્વા. નારાયણતીર્થનો વર્ષેક પહેલાં–(દિલ્હી, મે ઇ. સ. ૧૯૧૨) પરિચય થયો. એમનું શરણ સ્વીકાર્યું; એમની સાથે સિમલા, જુબ્બલ, દહેરાદૂન એમ થોડું વિચર્યો; હવે એકાન્તસેવન અને સ્વાધ્યાય માટે ટિહરી પાસેના માલિદેવલ ગામ પાસે ગંગાજીને કિનારે સ્વા. રામતીર્થજીના સ્મારક જેવો રામમઠ છે, ત્યાં જવાની મને ગુરુઆજ્ઞા છે. ગુજરાતમાંથી દિલ્હી આવી ત્યાંથી નીકળી હરદ્વાર તથા હૃષીકેશમાં એક એક અઠવાડિયું રહી, હવે પગપાળો રામમઠમાં જવા નીકળ્યો છું. હૃષીકેશથી દહેરાદૂન, રાજપુર, અને મસુરી થઈને ત્યાં જવાનું હતું; ગઈ કાલે બપોરે

હૃષીકેશથી નીકળતી વખતે રસ્તો પૂછીને નક્કી કર્યો હતો. પણ વાટ ભૂલી ગયો; રાત્રે રાણીપોખરી પહોંચ્યો; ત્યાં એક સન્તની કુટિરમાં રહ્યો: એમણે કહ્યું કે હવે અહીંથી સીધા રાજપુર જવાશે. હું નીકળ્યો તો ખરો પણ રાજપુરને બદલે રાયપુર આવ્યો. અહીં રસ્તામાં કોઇ ભાગ્યે જ મળે તેથી વનવગડામાં ભૂલો પડયા કરું છું. રાયપુરના શિવાલયમાં ગયો ત્યાં આપની પાસે કોઈએ આવવાનું કહ્યું: અહીં આવ્યો ત્યાં આપનાં દર્શન થયાં; આપનો ભિક્ષાપ્રસાદ મળ્યો અને હવે આપ કહો તે રસ્તે જાઉં. આપ હમેશાં અહીં જ નિવાસ કરો છો? સ્થાન બહુ જ સુન્દર અને એકાન્ત છે." સાસે સાથે એમના વિષે કંઇક જાણવાની ઈચ્છાવાળો ગર્ભિત પ્રશ્ન પણ કરી નાખ્યો.

"હું તો બંગાળાના શ્રી રામકૃષ્ણ મિશન (મઠ-સંઘ)નો સંન્યાસી છું. મારું નામ છે કરુણાનંદ. અમારા મઠના સંન્યાસીઓને મઠનાં જુદાં જુદાં કેન્દ્રમાં યોગ્યતા પ્રમાણે કામ કરવા માટેની યોજના હોય છે. પરન્તુ કોઇને નિવૃત્તિ માટે થોડા સમય માટે ક્યાંક રહેવા જવાની મનોવૃત્તિ થાય તો સંઘપતિની, મઠના પ્રમુખની આજ્ઞા મેળવીને જઈ શકાય છે. હું છએક મહિનાથી આ તરફ આવ્યો છું. આ સ્થાન મને ગમી ગયું છે. રાયપુરના બ્રાહ્મણવર્ગની આ જમીન છે; આ કુટિર પણ એમણે જ સંતસાધુ માટે બંધાવેલી છે. એમની પરવાનગીથી અહીં રહ્યો છું. કાયમ માટે કોઇને અહીં રહેવા દેતા નથી. ત્રણેક મહિનાથી અહીં છું, રાયપુરની બ્રાહ્મણવસ્તી શ્રદ્ધાળુ છે; ગામ થોડે દૂર છે, પણ એને લીધે અહીં એકાન્ત ઠીક મળે છે. એકવાર માધુકરી લઈ આવું છું. આનન્દ છે. સ્વાધ્યાય ઠીક થઈ શકે છે.

"તમે ટિહરી જાઓ. સ્વા. રામતીર્થે જ્યાં સંન્યાસ ગ્રહણ કર્યો એ પત્યારગામમાં પણ બ્રાહ્મણોની જ વસ્તી છે. મેં એ પ્રદેશ તથા સ્થાન જોયાં છે. માલિદેવલ ગામ પાસે ટિહરીના મહારાજાએ બનાવી આપેલી બે રહેવા માટે તથા એક રસોડા માટેની ત્રણ કુટિઓ છે. એ સ્થાન પણ રમણીય છે. ગામ પણ સારું છે. તમારી ઉંમર

જોતાં તમે પણ સારી રીતે ભણેલાગણેલા તો હશો. હું તો ઇચ્છું છું કે જેમ પ. શ્રી રામકૃષ્ણના શિષ્યવર્ગે રામકૃષ્ણ મઠ અને મિશનની સ્થાપના કરીને જે સંતસમાજ ઊભો કર્યો છે તથા દેશવિદેશમાં રામકૃષ્ણ–વિવેકાનંદના સંદેશને જાગ્રત રાખે છે તેવું જ પ. શ્રી રામતીર્થજીનો શિષ્યવર્ગ કરે તો ભારતવર્ષનું માનવજીવનના પાયા જેવું તત્ત્વજ્ઞાન સદાસર્વદા જીવન્ત રહે. ભારતનો એકમાત્ર અણમોલ વારસો પૃથ્વી ઉપરની સમસ્ત માનવજાતને મળ્યા કરે."

અમે કલાક દોઢકલાક આવી રીતે ઘણી વાતો કરી: હું સાધુસમૂહમાં પ્રવેશ કરનાર ઉત્સુક; એ ભારતવર્ષની એક માત્ર નિયમબદ્ધ સંસ્થાના આજીવન સભ્ય; એમાં મારે તો એમની પાસેથી બધું શીખવા–સાંભળવાનું જ હોય. અત્યારે એ બધું યાદ આવે છે અને આવા અણમોલ પ્રસંગોએ, સદ્‌ભાવશાલી સન્તોના પરિચયમાંથી પડેલા આંતરસંસ્કારનો લાભ જોઉં છું, ત્યારે ખરે જ આશ્ચર્ય સાથે ઉપકારવૃત્તિથી મસ્તક અણધાર્યું નમી પડે છે.

બન્ને જમીને બેઠા હતા એટલે એમણે ઊઠીને અંદર જઈ પાણી પીધું; સાથે ભરેલો પ્યાલો બહાર લાવીને મને આપ્યું. એમની સમત્વદૃષ્ટિ, પ્રેમભાવ અને આદરભાવના માટે મને હજુ પણ માન છે.

ત્યાર પછી હું રામમઠમાં રહેતો હતો ત્યારે મારી પાસે આવીને એક રાત રહી ગયેલા. ઇ. સ. ૧૯૨૦માં એમણે દહેરાદૂન–રાજપુરને મધરસ્તે એક આશ્રમ સ્થાપ્યો હતો. હું તે વખતે દહેરાદૂનમાં એક સજ્જનને ત્યાં અતિથિ હતો. મારી સાથે પૂજ્ય સ્વા. અખંડાનંદજી તથા બીજા બે સન્તો હતા. આશ્રમમાં શ્રી રામકૃષ્ણ જયન્તીનો ઉત્સવ હતો, ખાસ નિમંત્રણ આપીને અમને બધાને ત્યાં લઇ ગયા. અને મારી પાસે વ્યાખ્યાન આપવાની પ્રવૃત્તિ કરાવીને મને માન આપ્યું હતું.

એમનું નામ સ્વા. શ્રી કરુણાનંદજી હતું એમ એમણે સ્વમુખે જ

કહ્યું હતું. અંગ્રેજીના વિશેષ વિદ્વાન્ નહોતા, પણ મારા સંન્યાસ લીધા પછી પાંચસાત વાર એમને મળવાનો પ્રસંગ સાંપડયો છે, ત્યારે ખૂબ જ પ્રેમથી ભેટી પડતા, અપૂર્વ આનંદ પામતા. અત્યારે એમનું પાર્થિવ શરીર હયાત નથી, પણ જે દિવ્યભાવથી ભરેલા એમને મેં જોયા–જાણ્યા છે, એ પુણ્યસ્મૃતિ મારા ચિત્તને પાવન કર્યા કરે છે.

બપોરના ત્રણ સાડાત્રણ કલાક આનંદઉત્સાહની વાતચીતમાં ચાલ્યા ગયા. શરીરનો થાક વિસારે પડયો હતો. એટલામાં પંદરવીસ પહાડી માણસોનું ખભે પાકા મણ દોઢમણનો ભાર ઉપાડીને જતું ટોળું એ રસ્તે નીકળ્યું. બધા ઝરણા પાસે પાણી પીવા બેઠા. એમાંના ઘણાખરાએ સ્વા. કરુણાનંદજીને નમન કર્યું. તરત જ સ્વામીજી બોલી ઊઠ્યા :

"બ્રહ્મચારીજી ! તમને ટિહરીનો સંગાથ મળી ગયો. આ બધા યમ્નોત્રી–ગંગોત્રીના યાત્રાધામના* પંડાઓનું ટોળું લાગે છે. ઉનાળામાં નીચેના પ્રદેશમાં પોતાનાં યજમાનવર્ગને ગંગાજલ આપવા તથા દાનદક્ષિણા માટે આ લોકો દરવર્ષે જાય છે. ત્યાંથી પાછા આવીને હવે ઘેર જાય છે. ધીમે ધીમે તેઓ ચાલશે. અહીંથી પગકેડીએ એ બધા મસૂરીની સડક ઉપર જશે; તમે એમની સાથે થઇ જાઓ. સડક ઉપર પહોંચી ગયા પછી તો તમે ક્યાંય ભૂલા નહીં પડો. સથવારો બહુ સારો છે." એમ કહીને મને લઈને ઝરણા પાસે એ પંડાઓ પાણી પીને ચલમતમાકુ પીતા હતા તેમની પાસે લઇ ગયા.

"પંડિતજી ! ગંગોત્રી જાઓ છો ને ?" એમણે પ્રશ્ન કર્યો.

"હા, મહારાજ ! અમારે દહેરાદૂન, રાજપુર, મસૂરીનો લાંબો સડકનો રસ્તો ન પરવડે. પગકેડીએ જતાં પર્વતોનાં સીધાં ચડાણ-ઊતરાણ આવે, પણ પાંચદસ માઇલ ઓછું ચાલવું પડે, એવું ચડવા

---

* 'ગોર'ને એ તરફ પંડિત શબ્દના અપભ્રંશ જેવા 'પંડા' શબ્દથી ઓળખે-બોલાવે છે.

ઊતરવાનું અમને કયાં નવાઇનું છે, એટલે આ પગકેડીએ જઈએ છીએ. આજ જંગલમાં આગળ રાતવાસો કરીશું. કાલ સવારે મસુરી અને ટિહરી વચ્ચેના ધનોલ્ટી મુકામે પહોંચીશું. ત્યાંથી પાંચેક માઇલ આગળ જતાં ઉત્તરકાશીનો ઉતરાઇવાળો પગરસ્તો ફંટાય છે, ત્યાંથી ગંગોત્રીને રસ્તે ચડી જઇશું" એમણે વિગતવાર હકીકત કહી નાંખી.

"જોયું, બ્રહ્મચારીજી ! મારું અનુમાન સાચું પડ્યું. તમે એમની સાથે થઇ જાઓ. મસુરીની સડક ઉપર આવતી કાલે એ ચડી જશે. પછી તમને અડચણ નહીં પડે." એમ કહીને પેલા પંડાઓને મારે માટે કહ્યું:

"પંડિતજી ! આ બ્રહ્મચારીને ટિહરી પાસે માલિદેવલ ગામે જવું છે. તમે એમને સડક સુધી સાથે રાખીને લઇ જાઓ. તદ્દન નવાસવા અને અજાણ્યા છે; હૃષીકેશથી અહીં આવતાં સુધીમાં જ ભૂલા પડતા આવ્યા છે, એટલે અહીંથી પગરસ્તે ચાલે તો જંગલમાં કયાંના કયાં ચડી જાય એટલે અત્યારે તમારી સાથે લેતા જાઓ. આવતી કાલે તો સડક ઉપર ચડી જશો એટલે ત્યાંથી એ સીધા સડકરસ્તે ટિહરી જઇ શકશે."

બધામાંથી ચાલીસેક વર્ષના એક બ્રાહ્મણે આનંદથી કહ્યું "હા સ્વામીજી ! લઈ જઇશું, ચાલો બ્રહ્મચારીજી ! તૈયાર થઈ ને અહીં આવી જાઓ; અમે હવે ઊભા થવાની તૈયારીમાં જ છીએ. તમે મારી સાથે જ રહેજો; મારી સાથે મારો ચૌદ વર્ષનો દીકરો છે. આપને ભિક્ષાપણ હું જ કરાવીશ; કાંઇ પણ હરકત નહીં આવે; જાઓ, જલદી આવી જાઓ."

"બસ, એટલું જ કામ હતું, પંડિતજી !" સ્વામીજીએ એટલું એને કહીને મારા ખભા ઉપર હાથ મૂકીને કહ્યું:

"પત્યું; ઠીક થઇ ગયું, આ સાથ બહુ સારો. ધીમે ધીમે ચાલશે, તમને થાક પણ નહીં લાગે. ભિક્ષાને માટે પણ અડચણ નહીં પડે અને ઠેઠ સુધીનો જ સાથ મળી ગયો એમ સમજોને. પંદરવીસ જણા છે એટલે આનંદ કરતા બધા ચાલ્યા જશે."

અમે બન્ને કુટિએ આવ્યા. મેં મારો સામાન ખભે નાંખ્યો: એમને નીચા નમીને પ્રણામ કરવા જાઉં છું, ત્યાં એમણે મને રોકીને મારા નમસ્કૃત હાથને પોતાના બે હાથમાં લઇને 'જય ગુરુ ૐ' એટલું બોલીને મને વિદાયમાન આપ્યું. હું પેલા પંડા-પંડિતસમાજ સાથે ભળી ગયો. બધાએ ઊભા થઈને પહાડની તળેટીમાં પગકેડીએ ચાલવા માંડયું.

# પ્રસંગ ચોથો

પર્વતીય પ્રદેશની મારી આ બીજી મુસાફરી હતી. આજથી બરોબર એક વર્ષ પહેલાં ઇ. સ. ૧૯૧૨નો મે મહિનો—વિ. સં. ૧૯૮૬ ના વૈશાખ માસમાં પ. સ્વા. રામતીર્થના પટ્ટશિષ્ય શ્રી. સ્વા. નારાયણતીર્થનાં પ્રથમ દર્શન પછી, એમની સાથે સિમલા, જુબલ અને દહેરાદૂન ફરી આવ્યો હતો, પરંતુ તે વખતે મને બધી સગવડો હતી; જો કે શરીરમાં વ્યાધિએ ઘર કર્યું હતું તેથી લાંબો મરણતોલ મંદવાડ પાછળથી ભોગવ્યો હતો.

અત્યારે હું એકલો હતો. ત્યાગભુક્ત જીવનના શ્રી ગણેશ કરવાનો શોખ હતો; ભિક્ષોપજીવી બનવાના કોડભરેલો હું રામમઢમાં સ્વાધ્યાય માટે જવાની હોંશમાં હતો. પરંતુ ઉત્તરાખંડનાં સૌજન્ય અને આતિથ્યનો આનંદ માણવાનો તો આ પ્રથમ જ પ્રસંગ હતો.

ચાર ધામના યાત્રાસ્થાનના પંડયાઓ ઉનાળામાં સપાટ પ્રદેશોના યજમાનને ગંગાજળ અને દેવપ્રસાદ પહોંચાડી ભેટપૂજા લેવા માટે લગભગ પ્રત્યેક વર્ષે નીચે ઊતરી આવી ભારતવર્ષમાં ફરે છે, અને વતનમાં પાછા ફરે ત્યારે પોતાની સાથે પુષ્કળ સાધનસામગ્રી લઇ જાય છે. દરેક પંડયાની ખાંધ ઉપર પાકા બંગાળી મણ-પોણામણનો ભાર હતો. કેડી સાંકડી હતી એટલે એક કતારમાં બધા ચાલ્યા જતા હતા. મારા યજમાન પંડિતજી મને સાથે—લગભગ બધાની વચ્ચે જ રાખીને ચાલતા હતા; વચ્ચે વચ્ચે મારી સાથે થોડી વાતો કરીને મને ઉત્સાહ આપતા.

બપોરના ચારેક વાગ્યાનો સુમાર થયો. એટલે સાંજ પડતાં ક્યાંક રાતવાસો કરવાની વાતો ચાલતી હતી. હું મૂગો મૂગો ચાલ્યો જતો હતો. આજે મારી ચાલમાં ઝડપ નહોતી. સવારની રખડપટ્ટી, ભૂલભૂલામણી અને એ દિવસના અવનવા અનુભવોએ તન–મનને થકવી નાંખ્યાં હતાં. પૂરો ભાર લઇને ધીમે ચાલતા પંડ્યાઓનો સાથ અત્યારે તો એ દૃષ્ટિએ પૂરેપૂરો અનુકૂળ લાગ્યો.

થોડીવારે નાનું એવું ઝરણું આવ્યું. બધાએ ભાર ઉતારીને ચલમપાણી કર્યાં. હું શાંત બેસી રહ્યો. કશો ભય નહોતો. કશી ઉતાવળ નહોતી. સાથસંગાથ મઝાનો હતો. આગળ ક્યાં રાતવાસો થશે એનીયે મને આજ ચિંતા નહોતી. થોડીવારે 'ચાલો, બ્રહ્મચારીજી!' કહીને મારા યજમાન પંડિતે પોતાનો બોજ ખાંધ પર ચડાવ્યો એની સાથે જ બધા તૈયાર થઇને ચાલવા માંડ્યા. માઇલેક આગળ જતાં એક નદી પ્રત્યક્ષ થઈ. પ્રવાહ નાનો પણ સુંદર હતો. કાંઠે કાંઠે ચાલતા હતા. પશ્ચિમ તરફનો પર્વત ખૂબ જ ઊંચો હોવાથી તડકો લાગે એમ નહોતું અને હવે ક્યાંક રોકાઇ જવું જોઈએ એ દૃષ્ટિએ એમની અંદર અંદર વાતો થતી સંભળાતી હતી. પહાડી ભાષાનો આ પહેલવહેલો જ પરિચય એટલે એમની વાતોમાં વધારે સમજણ તો નહોતી પડતી,

નદીનો પટ પહોળો થવા લાગ્યો. થોડે દૂર જતાં ઠીક ઠીક પહોળાઇ આવી. જે કાંઠે અમે ચાલતા હતા ત્યાંથી પૂર્વ દિશામાં એંશી પંચાશી ફૂટની ઊંચાઇએ એક ભેખડ આવી, ઉપર સપાટ મેદાન અને નાના નાના ક્યારા જેવાં ખેતરો હતાં. ક્યાંક ઉપરના ઝરણામાંથી પાણી મેળવીને ખેડૂતો ત્યાં ખેતી કરતા હશે એમ લાગ્યું.

એ જગ્યાએ દૂરથી એક મોટું ઝૂંપડું દેખાયું 'દુકાન આવી' એવું અમારા યજમાન પંડિતે કહ્યું એટલે બીજાઓએ 'હા' કહીને ત્યાં રાતવાસો કરવાની સંમતિ દેખાડી. ચાલતાં ચાલતાં રાતવાસો કરી શકાય એવી જ જગ્યા હતી. નદીનો પ્રવાહ હતો; પ્રવાહથી સોએક

કદમ દૂર ઊંચી ભેખડ ઊપર રેતી અને નાના નાના પથરાની સીધી સપાટ જમીન હતી, ત્યાં ખીણમાં સૌએ ભાર ઉતાર્યો; સામે નદીનો પ્રવાહ, પચીસેક પગલાં ઉપર ચડીએ એટલે દુકાન અને દુકાનની પાછળ ખેતરો હતાં.

“ અહીં આ ભેખડ પાસે પથારી કરો, બ્રહ્મચારીજી ! તમે વચમાં સૂવાનું રાખજો; આસપાસ અમે બધા હશું એટલે ઠીક પડશે. ” એમ કહીને એણે પોતાનો સામાન ઉતાર્યો. સાથે ચૌદેક વર્ષનો એનો છોકરો હતો. એને સૂવાની જમીન ઠીક કરવાનું કહ્યું. મારી પથારી બાપદીકરાની વચ્ચે રાખવાનું નક્કી થયું. પોતે નદી કાંઠે ગયો અને છોકરાને બળતણ લેવા મોકલ્યો.

મેં પંચિયું પાથરીને બાકીના સામાનનું ઓશીકું બનાવ્યું; કમંડળુ લઈ ને હું પણ નદી કાંઠે જવા નીકળ્યો. પંડયાઓએ અમારી બન્ને બાજુએ પોતાની પથારીઓ થાય એમ સામાન ઉતાર્યો, અને કોઇ પાણી તરફ તો કોઈ બળતણ લાવવા ઊપડયા.

નાની સ્વચ્છ જળવાળી નદીને કાંઠે જઇને મેં હાથ, પગ, મોં ધોયાં. મારા યજમાન પંડિત ચેલારામ પણ ત્યાં જ હતા. એમણે પાણી ભરીને ચાલવા માંડયું; ચાલતાં ચાલતાં “ તમે નિરાંતે આવજો, હું ખાવાનું બનાવું છું. ” કહેતા ગયા.

હાથમોં ધોઈને હું શાંતિથી નદી કાંઠે બેઠો. સામે કાંઠે ઊંચો પર્વત હતો. મારી પાછળ રેતીકાંકરાનું મેદાન; સોએક પગલાં લાંબી પહોળી તળેટી જેવી ભેખડ, ત્યાં આસપાસની વસ્તી તથા વટેમાર્ગુ માટે સીધા–સામાન તથા પરચુરણ સામાનની દુકાન. એકાન્તવાસ માટેની મારી પ્રથમ યાત્રાની આજની બીજી રાત્રિ.

નદીને સામે કાંઠે ઊંચો સીધો પર્વત હતો. હજારબારસો ફૂટ કરતાં વધારે ઊંચો ઊભો ઊભો ચિત્રની પેઠે સૂર્યના તાપને ખાળીને

છાંયડો આપતો હતો. એની પાછળ કોઈ ગામ હશે, પણ ત્યાંથી સીધા ઊતરીને અહીં અવાય એવો રસ્તો દેખાતો નહોતો. પહાડની ઉપર તથા સોએક ફૂટ નીચે નાની પગદંડીએ ઊતરીને બકરાં ચરતાં હતાં, અને તેની સાથે બેત્રણ સ્ત્રીઓ બકરાંના જેટલી જ કુશળતાથી ઘાસ કાપતી હતી. સાથે ગીતોનો લલકાર હતો. એકાન્તમાં ગીતગાન સાથીની ગરજ સારે છે. મન રાગતાનમાં મસ્ત હોય, હાથ કામ કર્યા કરે, આસપાસનાં લોકસમૂહને પણ માનવસત્તાનું ભાન થાય અને તન-મનનો ભાર હલકો થાય; ગામડાંમાં ખેતરોમાં કામ કરતાં માણસોને મુખે સરસ્વતી પોતાની વીણાના આછાપાતળા સૂર સ્વાભાવિક રીતે જ પૂરે છે !

* * *

થોડી મારા જીવનસંસ્કારની વાત લખી નાંખું, હું સૃષ્ટિ સૌંદર્યનો ખૂબ જ તરસ્યો ! કાન્ત અને કલાપી, નરસિંહરાવ અને ન્હાનાલાલ, મણિલાલ અને બાલાશંકર, એવા એ યુગના કવિઓનાં કાવ્યરત્નોની ચમકઝમકથી ઠીક ઠીક રંગાએલો, અને આ ત્યાગની પાછળ પણ ભાવનામાં હિમાલયનાં સૃષ્ટસૌંદર્યનો મોહ પણ ખરો.

દિલ્હીમાં ઈ. સ. ૧૯૧૦ થી ૧૯૧૨સુધી રહ્યો ત્યાં સાહિત્યરસિક નહીં, પણ પ્રેમાળ મિત્રમંડળ હતું. મારા બાળપણના મિત્ર શ્રી. જાદવજી હીરજી વળીઆ દિલ્હીમાં રંગનો વેપાર કરતા હતા. કેવળ જાતમહેનત અતે વહેવારુ કુનેહથી પ્રારબ્ધે એમને સુયોગ આપી ધનિક બનાવ્યા. એમનાં માતાપિતા પવિત્ર, પ્રેમાળ અને ઇશ્વરપરાયણ હોવા સાથે બહુ જ પુણ્યશાળી જીવાત્માઓ હતા. લોહીમાં પુણ્યસંસ્કાર લઈને જન્મેલા એ મારા મિત્રની સાથે હું દિલ્હીમાં હતો, અને ઈ. સ. ૧૯૧૦માં દિલ્હી જતાં પહેલાં બીલખા આનન્દાશ્રમના અધિષ્ઠાતા શ્રી નથ્થુરામ શર્મા પાસે મેં મંત્રદીક્ષા લીધેલી. દિલ્હીમાં એકલા રહેવાથી જે સમય-લાભ મળતો તેનો ઉપયોગ ત્રિકાળ સંધ્યાવન્દન, ગાયત્રી અને

પંચાક્ષરનો મંત્રજપ, ધાર્મિકવાચન, થિયોસોફીની સભામાં રવિવારે મળતી સભાનો ચર્ચાલાભ, બીજા એકાદ બે કર્મકાંડી મિત્રોનો સહવાસ, અને ભાઈશ્રી જાદવજીને ત્યાં મને થોડામાં થોડા કામકાજથી, તેમ જ એમના મારા પ્રતિના સદ્‌ભાવથી મારા તે સમયના સ્વભાવ પ્રમાણે કર્મ ઉપાસનાનો ઠીક ઠીક લાભ મળેલો—અને આધ્યાત્મિક વાચનનો પણ.

ત્યાંથી એક મિત્ર સાથે બેત્રણ દિવસ માટે હરદ્વાર જઈ આવ્યો, ત્યારે પર્વતીય પ્રદેશ. હરદ્વાર પાસેનો ગંગાપ્રવાહ, સંતસાધુઓના મઠ–આશ્રમો તથા પુરાપ્રાચીન સ્થાનોનાં દર્શન કરવાનો લ્હાવો મળ્યો હતો. ત્યાં સાંભળેલું કે હરદ્વારથી તેરેક માઈલ દૂર હૃષીકેશ નામનું સુંદર સ્થાન છે; ત્યાંથી પર્વતના સાંકડા પ્રદેશમાંથી મુક્ત થઈને ગંગાજી સપાટ પ્રદેશમાં ઉતરી આવે છે; કાલીકમલીવાળા તથા પંજાબ સિંધક્ષેત્ર નામનાં બહુ મોટાં અન્નક્ષેત્ર છે, ઘાસની પર્ણકુટિ બાંધીને જ્ઞાની વિરક્ત સન્તો ત્યાં રહે છે, અને બીજી સંસારી વસ્તી નહિ જેવી હોવાથી હૃષીકેશ જાણે સંતસાધુઓનું જ દેવધામ છે એવું એવું ચિત્તાકર્ષક વર્ણન સાંભળીને, ઉત્તરપ્રદેશ માટેની જિજ્ઞાસા કે નિવાસ-વૃત્તિને ઉત્તેજન મળ્યું હતું. હરદ્વારથી ત્રણેક માઈલ ભીમગોડા સુધી જઈને જ પ્રવેશદ્વારમાંથી આગળ વધીને યમ્નોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદરિનારાયણનાં ચારધામની યાત્રાની શરૂઆત થાય છે, એવું જાણ્યું એટલે એ ઉત્તર દિશાની તીર્થભૂમિને દંડવત્ પ્રણામ કરીને સંતોષ માન્યો હતો, અને ખરે જ ! પરમાત્માને પ્રાર્થના કરી હતી કે એ મને સત્ત્વર બોલાવી લે.

દિલ્હીમાં સ્વા. નારાયણતીર્થનાં દર્શન થયાં. સ્વા. રામતીર્થજીની જીવનકથા વાંચી, ઉત્તરપ્રદેશનો એમનો મુક્તવિહાર જાણ્યો, ગંગા-નિવાસ કરીને એમણે બ્રહ્માનંદ માણ્યો,—એવું એવું જાણ્યું એટલે હિમાલયમાં જવાની ઉત્કટ ઇચ્છા થઈ હતી.

આજે એ ફલીભૂત થાય છે ! ચિત્તમાં હર્ષ છે—લગભગ ઉન્માદ

જેવો. હું વિદ્વાન નહોતો; હજુયે નથી જ; ખપ પૂરતું જ વાંચ્યું વિચાર્યું છે, અને અત્યારે પણ એમ જ લાગે છે કે જીવનમાં ઉતારવા પૂરતું જ વાંચી-જાણીને સંતોષ રાખ્યો હોત, અનુભવ તરફ વિશેષ લક્ષ્ય આપ્યું હોત, અતિવાચનમાંથી બચી શક્યો હોત તો અત્યારે વિશેષ આત્માનંદ માણી શકાય એટલી બાહ્યનિવૃત્તિ પણ સાંપડી હોત !

પણ '**હોત**' એમ કહેવામાંયે અસંતોષ કે પશ્ચાત્તાપ નથી. કારણ કે વધારે વાંચ્યું છે એમ લાગે છે એનું એ પરિણામ માત્ર છે. સન્તો સાચું જ કહી ગયા છે કે આપઘાત કરવા માટે તો દાંત વડે જીભ કચરવાથી પણ કામ પતી જાય છે; બાહ્ય સામ્રાજ્ય સ્થાપવા માટે અસંખ્ય સૈનિકોના લશ્કરની જરૂર ખરી. તેમ આત્મજ્ઞાન મેળવવા માટે તો વિવેકવૈરાગ્ય વગેરે બહિરંગ તથા શ્રવણ, મનન, નિદિધ્યાસન જેવાં અંતરંગ સાધનો જીવનમાં ઊતરે, એકાન્તિક ચિંતવન થાય, એમાં બાધક નીવડે તેવી પંડિતાઈ તથા સભાજિત થવાની શાસ્ત્રવાસના વધારે એવી દાર્શનિક આંટીઘુંટીથી મુક્ત રહી શકાય એટલે બસ. વિષય-સંયોગથી ઇંદ્રિયો દુર્બલ બને, વિષયચિંતવનથી ચિત્ત ચંચળ થાય, શાસ્ત્રવાચન, માનતૃષ્ણા અને શરીરપોષણ—ની વાસનાત્રય—ને લીધે માન-સિક વિક્ષેપ વધે, તથા સંસારની આસકિત દૃઢ થાય છે. પરંતુ એ બધાનો વૈરાગ્ય અને આત્માના વાચક ૐ નો સ્વાધ્યાયરૂપ અભ્યાસ એ બે સાધનો પ્રમાણે જીવન કેળવવામાં કશી પંડિતાઇની જરૂરીઆત નથી. દેશદેશાન્તરમાં ભટકવું પડે એવું ય નથી અને સાચું એક માત્ર, સર્વશ્રેષ્ઠ, અનિવાર્ય, અલૌકિક, તથા શાસ્ત્રસિદ્ધ સાધન તો છે કોઇ બ્રહ્મવિદ્‌નું શરણ : એ હોય તો બધાં સાર્થક, ન હોય તો બધાં નિરર્થક, આવું જે અત્યારે સમજાય છે, તે એ વખતે જ સમજાયું હોત તો ?

પણ '**હોત તો**' નકામા શબ્દ છે; એ બધાની આવશ્યકતા હતી. માનવીય જીવનની સમસ્ત ઘટનાઓ ઉપકારક અને ઉપદેશક નીવડે છે, જો એમાંથી વિવેક વડે સાર તારવી કાઢતાં આવડે તો. જે ઉપયોગી

હતું તે જ પરમાત્માએ ક્રમશઃ અપાવ્યું છે, એ જ છે શ્રદ્ધાનો પ્રથમ પાઠ અને એનાથી 'તો' શબ્દ કપૂરની પેઠે ઊડી જાય છે.

એ વખતે યુવાન શરીર, કાવ્યવાચનના પરિણામે સૌંદર્યમાં રાચવાની ચિત્તવૃત્તિ, વેદાન્તના સંસ્કારથી તીવ્ર ત્યાગનો પડેલો જોરદાર મનોવેગ, એ બધાંથી ધકેલાતો તણાતો હું હિમાલયમાં પ્રવેશ કરવા આવ્યો હતો. દિલ્હીનો વ્યવસાય છોડ્યો, સગાસંબંધી અને સ્નેહીવર્ગ તજ્યાં, મિત્રવર્ગની વિનવણી ન ગણકારી, અને આવેશના પૂરમાં તણાતો વહેતો હું હિમાલય ભણી વાયુવેગે જાણે ઊડતો જતો હતો.

કલાપીના કેકારવની કરુણ કાવ્યધારા મને વિશેષ ગમતી. કલાપીના વૈરાગ્યની અશ્રુધારા તરબોળ કરી મૂકતી. હૈયાફાટ રુદન મેં કર્યાં છે; વર્તમાન સંસારદશા ગમે નહીં, સ્વચ્છંદી સંસારજીવન રુચે નહીં; સુધારાનો પવન તે વખતે શરૂ થયો હતો; આર્યસમાજ અને પ્રાર્થના-સમાજનાં આંદોલન સંસારી વિધિનિષેધને તોડવાનો પ્રચાર કરી રહ્યાં હતાં.

પરન્તુ એ બધામાંથી મને ઈશ્વરશરણ ગમ્યું. બહોળું મિત્રમંડળ હતું; એમાં સાહિત્યસેવી હતા; હૃદયસ્પર્શી સુહૃદ્ હતા; શાંત સલાહ-સહકાર આપે-કરે એવા મદદગાર હતા. 'સરસ્વતીચંદ્ર'નું પેલું 'પડ્યું પાનું નિભાવી લે'ની શાણી સલાહ આપે એવા પણ હતા. આસપાસ વિદ્વાન્ વડીલો હતા. શ્રી નથ્થુરામ શર્માની મંત્રદીક્ષા લીધી તે પહેલાં જ હું એમના મુખ્ય, વિદ્વાન, અને યોગસાધનમાં અગ્રસર બનેલા શિષ્યવર્ગના પરિચયમાં હતો. એમાં પૂર્વાશ્રમના કેટલાએક નિકટના સંબંધી હતા; પૂજ્યસ્થાને હતા. એમાંના ઘણા અત્યારે હયાત નથી. સમવયસ્ક મિત્રોમાંથી ઘણા હયાત છે જેમના રાહ નિરાળા છે; કેટલાએક અત્યારે મારી સડસઠ વર્ષની ઉમરે હૃદયથી સહાનુભૂતિ-પ્રેમ દાખવે છે: એ બધાંની સાથે અંતરનો તાર જોવોને તેવો જ

રહ્યો છે. પરસ્પરના જીવનપ્રદેશના માર્ગ નિરાળા છતાં પ્રેમ બલવત્તર અને દૃઢ બન્યો છે. એ પ્રેમથી જ જાણે હું અત્યારે યથેષ્ટ આત્માનંદ માણી રહ્યો છું. એ બધાને ધન્યવાદ છે !

મારા મિત્રલાભની વાત કરું. ઈ. સ. ૧૯૦૨માં સૌરાષ્ટ્રના વળા (વલ્લભીપુર)માં હું અંગ્રેજી ત્રીજા ધોરણમાં ભણતો હતો; ત્યાં તે વખતે ત્રણ ધોરણ સુધીની નિશાળ હતી. અમારા વર્ગમાં વિદ્યાર્થી હતા માત્ર નવ. એમાં ભાઇ લક્ષ્મીશંકર બધેકા મારા મિત્ર હતા. અમારો મેળ એટલો સરસ હતો કે દર રવિવારે અમે નવે જણા એકઠા થઇને ઘેર લખી લાવેલા નીતિવિષયક નિબંધો વાંચતા, અને એવા એવા જીવનઘડતરનો ચર્ચાવિનોદ કરતા. અમારી સભાનું નામ 'જ્ઞાનોદય સભા'; એના સભાસદ મુખ્યત્વે નવ, પણ પાછળથી હેડમાસ્તર સાહેબનું ઉત્તેજન મળતાં શાળાનું મકાન રવિવારે વાપરવા મળતાં લગભગ ત્રણેય ધોરણના સાઠેક જેટલા વિદ્યાર્થીઓનો એમાં સમાવેશ થયો.

બાળશિક્ષણની નવીન પદ્ધતિ રજૂ કરનાર દક્ષિણામૂર્તિ શિક્ષણ સંસ્થાના નામે પ્રસિદ્ધિ પામનાર સદ્‌ગત શ્રી ગિરજાશંકર ભગવાનજી બધેકાનું એ વતન હતું; મારા સહાધ્યાયી ભાઈ લક્ષ્મીશંકરના એ કાકાના પુત્ર થાય. તે વખતના ભાવનગરના સ્ટેશનમાસ્તર શ્રી હરગોવિંદ અજરામર પંડયા (દક્ષિણામૂર્તિવાળા મોટાભાઇ) એમના મામા થાય; મોસાળમાં રહીને એ ત્યાં ભણતા, પણ વેકેશનની રજાઓમાં અથવા બીજા પ્રસંગોમાં અવારનવાર જ્યારે વળા આવે, ત્યારે અમારી સભામાં ઉત્સાહ રેડાતો અને આનંદ વધતો. સાંજે બધા ગામ બહાર ફરવા નીકળીએ, અજવાળી રાત હોય, સૂકી પણ પૂર આવે ત્યારે ગાંડીતૂર બનીને પુરુષપણું દાખવે એટલે પુરુષવાચક ઘેલો નામ પામેલી નદીના રેતીના તટમાં બેઠા હોઈએ; સંયમવિષયક વિદ્યાર્થી-બુદ્ધિ પ્રમાણે ચર્ચાઓ થાય, જ્ઞાનપ્રાપ્તિ માટે અવનવું વાંચ્યું વિચાર્યું

હોય એની આપલે થાય, દેશવિદેશના સાહસિક વીરોનાં દૃષ્ટાન્તો તપાસી જોવાય—આવું આવું જીવનઘડતરની સામગ્રી જેવું ખૂબ એકઠું થતું. આનંદ અને ઉત્સાહ ઉપજાવે એવું ભાવી જીવનની તૈયારી સમું ખૂબ જ એ સંભળાવતા. જ્ઞાનની ચર્ચા વખતે એક વાકયવિષે અમે બહુ ચર્ચા કરેલી. હું ત્રીજા ધોરણમાં અને એ ભાવનગરમાં ચોથા ધોરણમાં ભણે. એકવાર એમણે Knowledge is power વિષે મોટું જાણે વ્યાખ્યાન આપેલું, એ મને અત્યારે પણ યાદ છે. બ્રહ્મચર્ય વિષે બોલતાં બોલતાં એ અદ્‌ભુત ઉત્સાહમાં આવી જતા.

અમારી મૈત્રી ગાઢ બની; વળામાં ત્રણ ધોરણ કરીને હું ચોથા-પાંચમા ધોરણના અભ્યાસ માટે લાઠીમાં રહ્યો. દરમ્યાન ભાવનગર જવાના પ્રસંગો પુષ્કળ સાંપડતા; અમારો પત્રવ્યવહાર પણ ચાલુ રહેતો, અને એ મૈત્રીએ ખૂબ જ નિકટતા વધારી.

લાઠી એટલે કલાપીનું ધામ. તે વખતે કલાપી દેવલોક થયા હતા. કેકારવ છપાયો નહોતો. પણ અમારા હેડમાસ્તર શ્રી જગન્નાથ પંચોળી મારા ઉપર ખૂબ જ વાત્સલ્ય દાખવતા અને સ્કૂલના પુસ્તકાલયમાંથી જુનાં માસિકો તથા પુસ્તકો ખાસ વાંચવા આપતા. સુદર્શન, ચંદ્ર જેવાં માસિકપત્રો તથા એવાં જ બીજાં પુસ્તકો મળે એટલે મારો સાહિત્યશોખ વધ્યો. સરસ્વતીચંદ્રના એએક ભાગ તો મેં ઇ. સ. ૧૯૦૦ પહેલાં વાંચ્યા હતા. લાઠીમાં ભણતો ત્યારે નાનાં નાનાં માસિકપત્રોમાં મારી નોંધપોથીમાં એકઠાં કરેલાં "સુબોધવાકય સંગ્રહ" મોકલતો અને એ છપાતાં ત્યારે આનંદ માણતો. દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનની પ્રવૃત્તિ તો ઘણી મોડી શરૂ થઈ અને શ્રી ગિજુભાઇ એ પ્રદેશમાં પ્રવેશ્યા તે પહેલાં એટલે ઈ. સ. ૧૯૦૨થી ૧૯૧૨ સુધીની અમારી મૈત્રી ખૂબ જ ગાઢ રહી. એમનામાં વિવેકશક્તિ, સ્વતંત્ર વિચારશક્તિ અને સાહસિકવૃત્તિ બહુ સારા પ્રમાણમાં હતી. એ દસ વર્ષના ગાળામાં મારાં મનોમન્થન જબરાં હતાં. હું સાહસિક

અને ક્રાન્તિવાદી, એ સાહસિક છતાં સંસારપક્ષે પ્રવાહપતિત ન્યાયમાં માનનારા, એટલે મારી ગરમીનો પારો ધોરણસર રાખવાની એ ગરજ સારતા.

એ થોડું આફ્રિકા રહી આવ્યા; ત્યારપછી વકીલાતનું ભણ્યા. હું ૧૯૧૨માં દિલ્હીથી કારણવશાત્ જ્યારે વીરમગામ સુધી આવ્યો ત્યારે એ વકીલની પરીક્ષા આપીને ભાવનગર જતાં વીરમગામ ઉતર્યા. અમે સંકેતથી મળ્યા કે અકસ્માત્ એ અત્યારે યાદ નથી પણ અમારા બન્નેના મિત્ર શ્રી મગનલાલ જેઠાલાલ શુકલને ત્યાં ઊતર્યા. હું તો ત્યાગનો નિશ્ચય કરીને જ વીરમગામ એની પૂર્વ તૈયારી માટે આવ્યો હતો; ત્રણ દિવસરાત અમે ચર્ચાઓ કરી; આત્મજ્ઞાન, યોગ, અધ્યાત્મવિદ્યા સંન્યાસ, ગૃહસ્થાશ્રમ, વગેરે વિષયો ઉપર તે વખતની સમજણ પ્રમાણે વાદવિવાદ થયા, અમારો વિરોધ રહ્યો; એ ભાવનગર ગયા, હું પાછો દિલ્હી ગયો. અને ત્યાંથી સ્વા. શ્રી નારાયણતીર્થજી સાથે સિમલા, જુબ્બલ તથા દેહરાદૂન ગયો. અમે જુદા પડયા તે પડયા જ. પછી છેવટ સુધી નથી મળી શકયા.

પરન્તુ મૈત્રી અને સદ્ભાવ બન્નેના અંતરમાં સમાન રીતે છેવટ સુધી જાગ્રત હતાં. હું હિમાલયમાં રહ્યો; ઉત્તરપ્રદેશમાં રહ્યો; ઇ. સ. ૧૯૩૨થી છોટાઉદેપુરમાં બારેક વર્ષ સ્થાયી રહ્યો, ગુજરાતમાં આમતેમ વિચરું છું—છતાં એ મિત્રો શરીરથી ન મળ્યા તે ન જ મળી શકયા- ઇચ્છા હોવા છતાં નથી મળી શકયા; દૈવગતિની વિચિત્રતા; બીજું શું ?

ભાવનગર છોડીને એ રાજકોટ રહેતા હતા ત્યારે ત્યાંની એમની શાળામાં એક વિદ્યાર્થીને મેં છોટાઉદેપુરથી ભલામણ ચિઠ્ઠી લખી આપી હતી, એનો સુંદર જવાબ આપ્યો હતો. "તમારી ચિઠ્ઠી મળી; શ્રી......ને દાખલ કર્યો છે. ખાસ સંભાળ રાખીશ. તમે ત્યાં સુન્દર આશ્રમ બાંધીને બેઠા છો એનું વર્ણન સાંભળ્યું. હું યે એવા આશ્રમમાં માનું છું !" વગેરે.

અમે નાના હતા ત્યારે યોગવિષયક ચર્ચાઓ કરતા; કારણ કે શ્રી નથ્થુરામ શર્માના શિષ્યમંડળની છત્રછાયામાં અમારો ઉછેર હતો. શ્રી વિશ્વનાથ સદારામ પાઠક (પાછળથી સંન્યાસ આશ્રમ સ્વીકાર્યો હતો.) શ્રી હરગોવિંદ અજરામર પંડ્યા, વગેરે અમારો મુરબ્બીવર્ગ. શ્રી ગિજુભાઇ કહેતા કે મારું અંતિમ ધ્યેય તો છે એ યોગમાર્ગના આંતરિક અનુભવના દર્શન કરવાનું: પણ આ બધું ઉકેલી લીધા પછી. મને લાગે છે કે દક્ષિણામૂર્તિને એમણે પ્રાણ આપ્યા, અને એમનું જીવન પૂરું થયું. એમનાં છેલ્લાં વર્ષમાં અમે મળી શક્યા નથી એટલે એમના આંતરિક જીવન વિષે હું કશું લખી શકતો નથી; પણ મારા પ્રતિનો સદ્ભાવ હમેશાં મારા અંતરમાં જાગ્રત છે. જામનગરમાં એ માંદગીને બિછાને હતા, ત્યારે છોટાઉદેપુર પત્ર આવ્યો:

"મારી તબીયત ઠીક નથી; દાકતરોની સલાહ છે કે ક્યાંક હવાફેર માટે જવું. તમે જ યાદ આવ્યા; તમારો આશ્રમ સુંદર છે એ હું જાણું છું, તમારો જવાબ આવે એટલે ત્યાં આવું"

આ હતો એમનો છેલ્લો પત્ર, જે વાંચીને હું મૂંઝવણમાં પડયો. છોટાઉદેપુરના આશ્રમમાં બધી સગવડ હતી. દાકતરી સલાહ પણ મળે એવી યોજના હતી. પરન્તુ માંદગીમાંથી ઉઠેલા કે મંદવાડ ભોગવતા શરીર માટે ત્યાંનાં હવાપાણી જરાયે અનુકૂળ નહિ, એટલું જ નહિ પણ ખૂબ જ પ્રતિકૂળ. ત્યાંના બાર વર્ષના વસવાટમાં મુખ્ય અડચણ હવા-પાણીની. પાણી કબજિયાતવાળું, ચોમાસું મેલેરિયા તાવથી ઉભરાઈ પડે એવું, અને પાછળથી એ આશ્રમ ઉઠાવી લેવામાં પણ જ્યાં આબે-હવાની પ્રતિકૂળતા જ કારણભૂત હતી, તેમાં મારા સુહૃદને, કથળેલી તબિયતવાળાને ત્યાં કઈ રીતે નિમંત્રું ? મેં વિગતવાર પત્ર લખીને બધું દુઃખ સાથે જણાવ્યું. એમના પુત્રનો પત્ર આવ્યો કે એ પૂના જશે; ત્યાં ગયા અને હરિ ॐ तत्सत्।

મને અત્યારે પણ આ ખૂંચે છે; એ મિત્રે મારા તે વખતના મનો-

મન્થનમાં પ્રકાશ પાથરવાના તન-ધનથી પ્રયત્નો કર્યા છે. એને હું તે વખતના મિત્રવર્ગમાં વિના સંકોચે પ્રથમ પંક્તિમાં મૂકું છું. શાંતિ હો એ સદ્‌ગત મિત્રને !

ઈ. સ. ૧૯૦૫માં અમદાવાદમાં હું ભણતો હતો. એ અરસામાં સંસાર-અસંસારની મૂઝવણ થવા માંડી, ભણવામાં હું હુશીઆર હતો. પરન્તુ ભાવિ કેવું હશે ? કેવું બનાવવું ? વર્તમાન સંજોગોમાંથી અનુમાનથી તારવી કહાડવા જતાં તો વિપરીત બંધનોની બેડીઓ જ મને દેખાયા કરતી ! ભયાનકતાએ મને મૂઝવી માર્યો; કર્મઅકર્મનું ભાન ન રહ્યું. અને મેં અભ્યાસ છોડયો.

કાવ્યપ્રદેશની મને સહાયતા મળી; મુક્તકલ્પનાવિહાર, સ્વતંત્ર જીવનવ્યવસાય, એકલો અને એકાકી બનવાનો એમાંથી સંકલ્પ જાગ્યો. છઠ્ઠા ધોરણની અર્ધવાર્ષિક પરીક્ષા આપી અને પેલા 'કવિતા'ના વાચનનો આવેશ ઉપડયો. શું એ ગાંડપણ ?!—અત્યારે લાગે છે હો ! તે વખતે તો હું જાણે યુગાવતારી કવિસમ્રાટ ! હું તો એ અભ્યાસ મૂકીને ઉપડયો સીધો મુંબઈ—એ મોહમયી નગરીમાં કવિતાઓ વેચીને કમાણી કરવા ! સ્વતંત્ર ઉડ્ડયન માણવા.

"સ્નેહજ્યોતિ" ઉપનામથી હું માસિકપત્રોમાં કાવ્યો મોકલતો. ઇ. સ. ૧૯૦૨-૩માં લખેલાં હયાત નથી. ૧૯૦૪ માં જે લખાયેલાં તેમાંનાં બે "કિરણકલાપ"*માં છપાયાં છે. ૧૯૦૫માં જે લખાયેલાં તેમાંનાં ચાર છપાયાં છે. એ સમયની મનોદશાનું એમાં પ્રતિબિંબ છે. વાચનનો પ્રભાવ હો કે પૂર્વસંસ્કારને અનુકૂળ સંવેદન હો, પણ કોઇ અકલ્પ્ય ભાવનામાં વિહરવાની ઊંડી ઊંડીયે કોઈ અભિરુચિ હતી, એમ મને લાગે છે. મુંબઇ ગયા પછી થોડી રખડપટ્ટી થઇ. રહેવા કરવાની

*કિરણકલાપ: 'સ્નેહજ્યોતિ' ઉપનામમાંથી લખેલાં કાવ્યોનો સંગ્રહ ઇ. સ. ૧૯૩૩માં છપાયો હતો, અત્યારે એની પ્રતો સિલકમાં નથી.

—લેખક

અગવડ સગવડો વેઠી. કોઈ સુષુપ્ત સંસ્કાર ભાવિકથન કરતા હોય એમ લખાતું હતું.

*     *     *

*"હવે શું ધારવી કફની ? અરે કફની ? નહિ કફની;
નહિ કફની, નહિ જામો, સહુ એ ફંદ ને ફાંફાં !
વિધીના રંગ પીવા છાંટવા દેહે પછી ફરવું;
વિધીના ખેલ જોવા ને ભજવવા; મૂકવા ફાંફાં !

તા. ૧૬–૭–૦૫

*     *     *

મારે ઉરે જગતની નથી જાલગ્રન્થિ,
ઇચ્છા નથી કંઇ ઉપાધિ ઉપાડવાની;
હું એકલો ફકીર યોગી વળી સ્વમાર્ગી
પંથે પડયો પથિક વિશ્રમી ચાલનારો.

મારે ન કીર્તિતણી કાંઈ ઉરે અપેક્ષા,
ને દ્રવ્ય સંગ્રહી થવું ધની એ ન વાંચ્છા;
છો ગુપ્ત સ્થાન રહીએ કદી તો ય શું છે ?
પામો પ્રસિદ્ધિ કદી તો ય શું સાર એમાં ?"

તા. ૧–૧૦–૦૫

અભ્યાસ છોડયો, પણ વિદ્યારતવૃત્તિને એથી અસંતોષ થવા માંડયો. દિશાભૂલ જેવું છે એમ લાગ્યું. એ દરમ્યાન એ મિત્રોનો પરિચય થયો અને એક વર્ષનો કૂદકો મારીને એક વર્ષ પછી એટલે મેટ્રિકની અર્ધવાર્ષિક પરીક્ષા પછી અમરેલી હાઈસ્કૂલમાં દાખલ થઇને ઈ. સ. ૧૯૦૬માં પરીક્ષા આપી. ઈતિહાસમાં એ જ માર્કની ઊણપે રહી ગયો. આ થયું શાળાશિક્ષણનું ઇતિશ્રી !

* "કિરણકલાપ"માંથી ઉતારેલું.

શ્રી ગિજુભાઇ ઇ. સ. ૧૯૦૬ના જૂન-જુલાઇમાં આફ્રિકા ગયા. હું સાથે જ જવાનો હતો, પણ સાંસારિક કારણવશાત્ ન જઈ શક્યો. ત્રણેક વર્ષે એ પાછા આવ્યા ત્યારે મારી મનોનૌકા ભવદરિયે તોફાનમાં હતી.

ઈ. સ. ૧૯૦૫થી ૧૯૦૬ સુધીમાં બે મિત્રો મળ્યા. શ્રી કૃષ્ણપ્રસાદ ગિરિજાશંકર ભટ્ટ અને શ્રી વિઠ્ઠલરાય માધવજી ભટ્ટ. એ બન્ને અત્યારે અશરીરી છે, બન્ને અમરેલીના જ વતની; એમના જ આગ્રહથી અમરેલી ગયો, હાઇસ્કૂલમાં દાખલ થયો: ભાઈ કૃષ્ણપ્રસાદે પોતાને ત્યાં જ મને રાખ્યો; બન્નેએ સાથે પરીક્ષા આપી; અમે બન્ને મિત્રો ઉત્તીર્ણ ન થઈ શક્યા. કારણો અનેક હતાં.

શ્રી કૃષ્ણપ્રસાદને પણ હું સન્યાસ ધારણ કર્યા પછી એક જ વાર થોડાક કલાક માટે વડોદરામાં શ્રી વિઠ્ઠલરાય ભટ્ટને ત્યાં મળી શક્યો. ત્યાર પછી પરસ્પર ઇચ્છા હોવા છતાં નથી મળી શકાયું.

ભાઈ વિઠ્ઠલરાય માધવજી ભટ્ટ, એલ. એમ. એન્ડ એસ. થયા પછી પ્રથમ શાહપુરા, મેવાડમાં અને ત્યાર પછી વડોદરાના સરકારી દવાખાનામાં નોકરી કરતા હતા. હું પહેલીવાર શિમલા, જુબ્બલની યાત્રા કરીને મંદવાડ વ્હોરી આવ્યો ત્યારે દિલ્હીથી સીધો એમની પાસે શાહપુરા ગયો હતો. એ ત્યાં એકલા જ રહેતા હતા; મારી સારવાર કરી; અમારો સુહૃદ્ધર્મ બહુ ગાઢ હતો; હુ ત્યાગનિશ્ચયી; એ વ્યવહાર અને કુટુંબપ્રિય, બન્નેનાં ધ્યેયમાં ખૂબ જ ભેદ; પણ એમણે સ્વા. નારાયણતીર્થજીને મળીને મારા વિષે ખૂબ જ ચર્ચાઓ કરેલી, સંન્યાસઆશ્રમ માટેની યોગ્યતા-અયોગ્યતા વિષે અમે ત્રણેય એકમત હોવા છતાં, ભાઈ વિઠ્ઠલરાય મને એમની વચ્ચેથી ગુમાવવા ઈચ્છતા નહોતા. એમનો મારા પતિનો સદ્ભાવ અપૂર્વ હતો. વડોદરામાં જ્યારે એ હતા, ત્યારે બીજાના અતિથિ બનેલા મને જાતે આવીને આગ્રહપૂર્વક પોતાને ઘેર લઇ ગયા અને જે ગામમાં એ હોય, ત્યાં જવાનું બને તો મારે એમને ત્યાં જ

ઊતરવું, એવું વચન મેળવેલું. મેં યથાશક્તિ પાળ્યું છે. એમાં મેં ક્ષતિ કરી હશે, પણ એમણે નહીં.

અત્યારે એ બન્ને મિત્ર પણ હયાત નથી. ઉદાર પ્રેમનાં એ મીઠાં મિત્રપંખી; સ્થૂલ શરીને અન્નજલથી પોષણ મળે એ તો કદાચ મૃત્યુ સુધી જ ચાલે, પણ સૂક્ષ્મ શરીરને મળતાં હૃદયદાનનાં, પાવક પ્રેમનાં સુહૃદના સદ્‌ભાવનાં, અને મધુર મૈત્રીનાં પોષણ જન્મે જન્મે વૃદ્ધિ પામીને અન્તિમ જન્મે આત્માનાં અમૃત પાય છે. એમાં નિઃસ્વાર્થ સેવા છે; તીવ્ર ત્યાગ છે; અને પ્રાણપોષક પુણ્યસંચય થતો હોવાથી અંતરને એવું તો શુદ્ધ સ્ફટિક જેવું બનાવે છે કે એમાં આત્માનો પ્રકાશ સ્વાભાવિક જ ઓતપ્રોત થાય.

અમારું મિત્રમંડળ નભોમંડળના નક્ષત્રમંડળ જેવું, પરમ પ્રેમના દિવ્ય તંતુથી ગુથાયેલું, મારે મન તો અલૌકિક હતું – ખરે જ એ દિવ્ય હતું. મને એમના પરિચયથી ખૂબ જ લાભ થયો છે! ધન્ય એ પુણ્યશાળી હૃદયોને!

આ બધું લખવામાં આત્મપ્રશંસા નહીં, પણ મારા તે વખતના જીવનભાવના નિરીક્ષણનો હેતુ છે. ઇ સ. ૧૯૦૯થી ૧૯૧૨ સુધીમાં બીજા મિત્રોનો પણ સદ્‌ભાવ પામી ચૂક્યો છું. એમાં શ્રી નર્મદાશંકર બાળાશંકર પંડ્યા, શ્રી સાગર (જગન્નાથ દામોદર ત્રિપાઠી) અને પૂજ્ય સ્થાને રાખું એવા સ્વા. શ્રી અખંડાનંદજી:—એ ત્રણેય અત્યારે પાર્થિવ દેહે નથી; વિસ્તાર કરવાનો, પ્રસંગચિત્રો દોરવાનો આ પ્રસંગ નથી; પણ હું ત્યાગસંકલ્પી થયો, એની પાછળ કેવાં બળોએ કેવું કેવું અને ક્યારે ક્યારે કામ કર્યું છે એનું અત્યારે મને અને આ 'વિહાર'ના વાચકોને યત્કિંચિત્ ભાન થાય એથી આ બધું ચિતરું છું. હું કબૂલ કરું છું કે વેદાન્તની પરિભાષા પ્રમાણે હું શુદ્ધ જિજ્ઞાસુ કે મુમુક્ષુ નહોતો; ભક્તિની થોડી અસર ખરી: સંન્યાસ આશ્રમ સ્વીકારવાની ધગશ હતી,

એકાન્તનિવાસ, કાવ્યની સાથે દાર્શનિક કે તત્ત્વવાઙમયનો સ્વાધ્યાય, જપ, પાઠ, અને ધ્યાનનો આગ્રહ, આવું આવું ઘણું હતું, અને તીવ્રતા એટલી બધી હતી કે પ. સ્વા. રામતીર્થનાં જીવન, લેખન, કથનના અભ્યાસે મને ગુજરાતમાંથી ઉપાડીને ફેંક્યો હિમાલયમાં.

ઇશ્વરની હું કૃપા માનું છું; મિત્રોના સહૃદય સ્નેહની હું કદર કરું છું, જે કોઇ થોડા સન્તોનાં દર્શન થયાં, એમણે આપેલા ઉત્સાહ અને આશીર્વાદ મારે મન બહુમૂલ્ય છે. અને આ બધું પણ અત્યારે જ્યારે આયુષ્યની સાતમા દસકાની ગંભીરતાથી સિંહાવલોકન કરું છું ત્યારે પણ.

ઇ. સ. ૧૯૧૩ સુધીનો આ હતો જાગ્રતિકાળ; અવિદ્યામાંથી ઉત્થાન કરવાનો યૌવનમદ; આ અરસામાં હૃદયે ઘણા ઊભરા ઠાલવ્યા હતા. શરીરને વાગે એટલે લોહી વહેવા માંડે એમ એ દસકો મારે માટે નર્યો ઘાત–આઘાતનો હતો. હૈયું છોલાતાં વેંત જ હાથ લખવા માંડે, છંદ–સ્વચ્છંદભર્યું લખાણ લખાય. એને વાંચી વાંચીને ભાવનિમગ્ન પડયો રહેતો.

તે સમયનું જીવન ખૂબ જ ભીંસમાં દબાયેલું હતું. કશુંયે ગમે નહિ, કયાંય ફાવે નહિ; અને એવું જ થાય એટલે બીજું શું લખાય ? પ્રાર્થના કર્યા કરતો.

"હાવાં પ્રભુ ! ક્ષમી બધી ઉરવાંચ્છનાઓ,
હાવાં, પ્રભુ ! ક્ષમી કઠોર અવન્દનાઓ,
લેજે ઉપાડી તુજ શિષ્ય પ્રવાસીને આ,
આવી જશે કૂદી અનન્ત સમાધિકાલ"

* * *

"કૂદું પહાડ કૂદું વારિધિ ઠેકી ઠેકી,
કૂદી સીમા જગતની સહુ વિશ્વ ફેંદું;

એ સત્ય ચૂસી સહુ સારવી સોમ ત્યાંનો
એ પાન બ્રહ્મ-પ્રભુ-આત્મમહીં વિલોકું,"

તા. ૭-૩-૦૯

*　　*　　*

"ખૂચે બધું જગત કંટકથી ભરેલું,
બ્રહ્માંડ વીંધી પર ઊડી જવું જ શોધ્યું."

*　　*　　*

"જીવ્યો હતો *સુહૃદગાન ભણી ભણીને"

*　　*　　*

†"ચાલ્યાં જવું"તું પણ એ ન કરી શકયો હું,
§સ્વર્ગે જવું"તું નહિ શાથી કરી શકયો એ?"

*　　*　　*

"મારૂં જીવ્યું જગતને નહિ કામનું કૈં,
મારૂં શીખ્યું જગતને પણ છે નકામું;
જીવીશ તો ય સમજીશ મરી ચૂકયો છું,
આ દેહમાં જ સહુ જન્મ પૂરા કરીશ.'

તા. ૩૦-૧૧-૦૯

*　　*　　*

માનસ-સરના ભરતીભર્યા તરંગમાં રાચી, કૂદી, નાહી, થાકીને હું ૧૯૧૨ માં તૈયાર થયો હતો. સંસાર અને સાંસારિક સંબંધોમાં કશો સાર રહ્યો નહોતો. બધું ક્લેશકર, ઉપાધિમય, ચિન્તાગ્રસ્ત અને વિષાદપૂર્ણ છોડીને હિમાલયમાં એકાન્તવીર વેદાન્તવીર પ. રામતીર્થની

*મિત્રમંડળનો સદ્‌ભાવ. †૧૯૦૫માં જઈને પાછો આવ્યો. §એકવાર વિષપાન કરીને દેહાન્તની ઇચ્છા કરેલી.

ચરણરજથી પાવન થયેલી ભૂમિમાં, એમણે જ પસંદ કરેલી જગ્યાએ બંધાયેલ રામમઠમાં એમના પટ્ટશિષ્ય સ્વા. નારાયણતીર્થનાં રક્ષા–દીક્ષા નીચે સ્વાધ્યાય માટે હું ઉપડયો હતો.

*　　　*　　　*

સામે પર્વતની સીધી દીવાલ ઉપર દૃષ્ટિ છે; ઘડીમાં નીચે વહેતા જલપ્રવાહ ઉપર પડીને શીતલતા માણે છે. હાથ પાણીમાં છબછબિયાં કરે છે; અને મન—મન તો જીવનનું સિંહાવલોકન કરે છે.

ત્યાગ કરીને નીકળ્યો છું એમ માનું છું, પણ ત્યાગ શાને માટે? જે મેળવવું છે એ તો શ્રદ્ધાની અસિધારા ઉપર પડયું છે. ઘડીમાં વિચાર આવે છે કે:

**यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते।**

સંસારનાં સુખ હતાં; કમાણી કરવાનાં અક્કલ–આવડત હતાં; એ બધું 'ધ્રુવ' છોડીને જે મેળવવું છે એ 'ધ્રુવ' છે ખરું? અત્યારે તો એ અધ્રુવ જ ને? અને સંસારને અધ્રુવ માનું તો બન્ને અધ્રુવ જ રહે!—ઠીક ત્યારે; એ અધ્રુવની વચ્ચે હું તો ધ્રુવ છું ને? જન્મ-જન્માન્તર ભોગવતાં ભોગવતાં મારો કયાં નાશ થવાનો છે? હુ કયાં અધ્રુવ છું? ઝખ મારે છે બીજી બધી આળપંપાળ અને કલ્પનાઓ!

ઊઠ, ઊભો થા; મનજીરામ ઊઠો અને પેલા પંડયાઓએ તમારે માટે તૈયારી કરી છે એ જરા જુઓ તો ખરા! શાં તમારાં પ્રારબ્ધ છે? કેવી ઇશ્વરની દયા છે? ગુરુદેવ શી ઘટના ગોઠવે છે—રોજ અવનવી!

ઊઠીને કમંડળું લઈને પથારી તરફ પગલાં ભરતાં ભરતાં વિચાર આવ્યો પેલી દુકાન તરફ જવાનો. એ તરફ વળ્યો. શેઠજી બહાર પત્થર ઉપર બેઠા બેઠા હુક્કો ગગડાવતા હતા. અંદર થડા ઉપર એમનો દીકરો બેઠો હશે એમ લાગ્યું. એક જ હારમાં ત્રણ ખંડવાળી છાપરી હતી. વચમાં દુકાન, જમણી બાજુ રસોડું, અને ડાબી બાજુની છાપરી ખાલી.

રસોડામાંથી એક સ્ત્રી નીકળીને નદી કાંઠે પાણી ભરવા ચાલી. ઘૂમટો તાણ્યો એટલે મને લાગ્યું કે શેઠની પુત્રવધૂ હશે.

હું છાપરી પાસે પહોંચ્યો અને શેઠજીનો આવકાર મળ્યો. "આવો, બ્રહ્મચારીજી ! આ પંડયા કહેતા હતા કે તમે એમની સાથે ટિહરી જાઓ છો."

"હા શેઠ, સંગાથ મળી ગયો એટલે ઠીક થયું." મેં એટલો જવાબ આપીને આમતેમ જોવા માંડયું. મનમાં વિચાર થયો કે ત્યાં નીચે ભેખડમાં સૂવું એના કરતાં શેઠજી આ છાપરીમાં સૂવા દે તો નિરાંત ખરી. ખાવાની પંડયાજીને ના કહીને અહીં આવતો રહું. બપોરે જ ખાધું છે એટલે ખાસ ભૂખ લાગી નથી.

"અહીં આ બાજુની છાપરી ખાલી છે, એમાં સૂઇ રહું તો તમને કાંઇ વાંધો નથી ને ?" મેં સૂવાની જગા માટે માગણી કરી.

"ખુશીથી. ખાલી જ પડી છે, લીપેલી પણ છે; ત્યાં ભેખડમાં ઉઘાડામાં સૂવા કરતાં અહીં ઠીક પડશે. જાઓ સરસામાન લઈ આવો." શેઠજીએ પ્રસન્નતાથી કહ્યું.

હું પંડયાસમૂહ પાસે ગયો. ચેલારામ પંડિત ચૂલો સળગાવવાની ધમાલમાં હતા. એમનો દીકરો સીધું સામાન કહાડતો હતો. મેં જઈને એમને ખાવાની ના પાડી, છાપરીમાં સૂવાની વાત કરી અને આસન ઉપાડીને દુકાન ઉપર આવ્યો.

"આવો મહારાજ ! અરે મંગનીરામ ! વહુને કહે આ છાપરી વાળી આપે. મહારાજ રાતે ત્યાં સૂઈ રહેવાના છે." શેઠજીએ પોતાના પુત્રને આજ્ઞા કરી.

હું થોડીવાર બહાર બેઠો. નાનાં શેઠાણી છાપરી વાળવા ગયાં. શેઠજી હુકકો પીતા પીતા વચમાં 'રામ' નામ બોલીને આરામ લેતા

હતા. વાતવાતમાં એમણે કહી નાખ્યું કે સહરાનપુરથી અહીં આઠ મહિના દુકાન કરવા આવે છે. મોટો છોકરો એના કુટુંબ સાથે ત્યાં દુકાન ચલાવે છે; શેઠાણીનો દેહાન્ત થયાં સાત આઠ વર્ષ થઈ ગયાં. પોતે તો હવે દેખરેખ જ રાખે છે. બન્ને દીકરાને પરણાવી ચૂકયા છે. ધંધો ઠીક ચાલે છે, એટલે પ્રભુની કૃપા માનતા હતા.

છાપરી સાફ થઇ એટલે મેં અંદર જઇને પથારી કરી. કમંડળ મૂકયું : બહાર આવીને જોઉં છું તો શેઠ ઘરમાં ગયા હતા. સૂર્યાસ્ત થઈ ગયો હોવાથી બહાર બેસવું નકામું સમજી હું અંદર ગયો અને આસન ઉપર બેઠો. થોડીવારમાં થાકનો માર્યો આડો પડયો અને ખાસી ઊંઘ આવી ગઇ.

"બાવાજી ! ઊઠો જમવાનું તૈયાર છે ! થાકયા પાકયા ઊંઘી ગયા કે શું ?" બૂમ સાંભળીને હું ઊભો થયો. મારી છાપરીમાં અંધારું હતું. બહાર ચાંદની હતી. મંગનીરામ મને જમવા બોલાવવા આવ્યો હતો; કલાક દોઢકલાકની મીઠી નિદ્રા મેં લીધી હશે એમ લાગ્યું, કારણ કે પોપચાં ઉપર ભાર ઠીક ઠીક હતો.

અહો અન્નપૂર્ણે ! ઊંઘમાંથી ઉઠાડીને પણ તું મને જમાડવાની વણમાગી કાળજી રાખે છે ! પંડયાને મેં ના પાડી હતી. શેઠજી પાસે વાત નહોતી કરી, તેમણે જમવાનું પણ કહ્યું નહોતું. પણ ભારત-વર્ષનો અતિથિમહિમા કયાં મને અજાણ્યો હતો !

આજ આખા દિવસમાં ત્રણ વાર જમવાનું સાંપડયું. બે ભીની વાસી રોટલી, પછી સ્વા. કરુણાનંદજીનાં કરુણાપ્રસાદ જેવાં મિષ્ટાન્ન સાથે રોટલીશાક અને અત્યારે જંગલમાં માત્ર સૂવાની આજ્ઞા માગીને ઊંઘું છું, ત્યાં મારવાડી–હા, મારવાડી શેઠનું આતિથ્ય માણવાનો લ્હાવો મળ્યો.

નથી ખાવું એમ કહ્યું નહોતું તેથી શેઠની સ્વાગતા માટે આટલી મોડી રાતે, બધી તૈયારી પછી ના કેમ પડાય! કોગળા કરીને હું બહાર ઊભો છું એટલી વારમાં મંગનીરામે મને રસોઇઘરમાં બોલાવ્યો. કોથળાનું આસન પાથર્યું હતું. પાસે થાળીમાં ઘઉંની ઘીથી નીતરતી મઝાની મોટી બે રોટલી અને બટાકાનું મઘમઘતું રસદાર શાક પીરસેલાં જોયાં

ઊંઘમાંથી ઉઠાડીને મને જમવા નોતરે ત્યાં મારે ના કઈ રીતે કહેવી! ખોટી ખેંચતાણનો ત્યાં અર્થ જ શો? 'નારાયણ' 'નારાયણ' બોલતાં બોલતાં અંદર જઇને આસન ઉપર જમાવ્યું. ત્રીજી રોટલીનો ખૂબ જ આગ્રહ કર્યો, મેં પરાણે ના કહી, "થાળી વાડકો તો વહુ માંજી નાંખશે મહારાજ! ત્યાં જ પડયાં રહેવા દો." શેઠે કહ્યું.

બહાર આવી હાથ મોં ધોઇ શેઠજી દુકાનના થડા ઉપર બેઠા હતા ત્યાં જઈને ઊંબરા પાસે પડેલા કોથળા ઉપર બેઠો. મારા યજમાન સાથે થોડી વાતચીત કરવા જેટલો તો વિવેક કરવો જોઈએ ને!

દુકાનમાં આમ તેમ નજર ફેરવી; બેત્રણ જાતના લોટ, દાળો, બટાકા, ડુંગળી, ગોળ, તેલ, મીઠું મરચું. બીડીઓ, એક ખૂણામાં ગ્યાસતેલનો ડબો, નાના એવા બારણાં વગરના કબાટમાં કપડાં ધોવાનો સાબુ, દીવાસળી અને થોડી શીશીઓ હતી. ઝીણવટથી જોતાં લાગ્યું કે એમાં પેઇનકીલર જેવી દવાઓ, અને વધારેમાં બ્રુકબૉન્ડની ચાનાં નાનાં પડીકાં; અને સૌથી વધારે નવાઇ જેવું લાગ્યું હેર ઑઇલની ભાતભાતની તેલની શીશીઓ, સુગંધની શીશીઓ, સોયદોરા, અને ન્હાવાના સાબુનાં પડીકાં; હિમાલયમાં પણ વૈભવની વસ્તુઓ પહોંચી છે ખરી! મારી નજર પહેલી આ વસ્તુઓ ઉપર ગઈ અને પછી બધે ફરી વળી. હા, પણ ગામડામાં યે લોકો સાબુથી ન્હાય ધૂએ, અને વ્હાઇટ ઓઈલનાં બનેલાં સુગંધી તેલો વાપરે એટલો સુધારો (?) તો થયો ને!

"શેઠજી ! માલસામાન તો ઠીક ઠીક રાખો છો!" મેં વાત શરૂ કરી.

"હા; બીજું થોડું કાપડ, તાળાં, નકૂચા, ખીલા જેવો વધારાનો સામાન પેલી મોટી પેટીમાં રાખીએ છીએ; ઠીક છે મારા ભાઇ, ગુજરાન ચાલે છે."

શેઠજીએ સંતોષ બતાવ્યો.

"આ સુગંધી તેલો, અત્તરો અને ન્હાવાના સાબુ પણ ખપે છે?" મેં મુખ્ય આશ્ચર્યની વાત પૂછી.

"હા ! જુવાનિયાઓ લઈ જાય છે. આ પંડયાના બે છોકરાઓ જ હમણાં તેલસાબુ લઈ ગયા. ખપત ઓછી પણ ભાવ સારો આવે એટલે રાખીએ છીએ." વેપારી રીતે શેઠજીએ જવાબ આપ્યો. વધારે વાત આગળ ન વધી, મને પણ ઠીક ઠીક વસ્તુઓ યાદ રહી ગઇ છે. જો જો કોઈ વાંચનારને પહાડમાં જઈને દુકાન માંડવાનું મન ન થઇ જાય ! આ તો ચાળીસ વર્ષ પહેલાંની વાત છે; અત્યારે તો પહાડીઓમાં પણ ઠીક ઠીક કેળવણી વધી છે. અમારી વાતનો અંત આવ્યો.

શેઠજી આજ જમવાના નહોતા. પૂછતાં એમણે કહ્યું: "હું કોઈક વાર જ રાત્રે જમું છું. એક વખત ખાવાથી વૃદ્ધાવસ્થામાં તબિયત ઠીક રહે છે. સવારમાં વહેલાં ઉઠીને દૂધ પી લઉં છું. રાતે તો દૂધ નથી મંગાવતા, કારણ કે દૂરથી લાવવાની મુશ્કેલી પડે."

"સારી વાત છે; મનેય છેલ્લાં બેએક વર્ષથી એક વખત ખાવાની ટેવ છે, પણ નિયમ નથી લીધો. મુસાફરીમાં તો જ્યારે મળે ત્યારે ખાઈ લઉં છું. આજ તો શેઠજી! અત્યારે ખાવું જ નહોતું, હું તમને ના કહ્યા વિના સૂઈ ગયો અને તમે રસોઇ બનાવડાવીને મને જમાડયો એટલે પછી શું કરું !" મેં વસ્તુસ્થિતિ જ માત્ર કહી.

"એમ હોય ? હજુ તો જુવાન છો, એ તો પચી જશે. આંગણે આવેલાને રૂખોસૂકો રોટલો આપ્યા વિના ચાલે ? એમાંય તમે પાછા બ્રહ્મચારી; એકાન્તમાં ભજન કરવા જાઓ છો." શેઠજીએ યજમાનધર્મ કહી સંભળાવ્યો.

રાત વધારે થઇ ગઈ હતી. એટલીવારમાં નાનાં શેઠ-શેઠાણી જમી પરવાર્યાં હોય એમ લાગ્યું. શેઠ સૂવાની તૈયારી કરવા ઊઠયા. હું પણ "શેઠજી, રામરામ !" કહીને મારી છાપરીમાં આવીને સૂઈ ગયો.

નાનાં બાળક રાત્રે વહેલાં અને ભૂખ્યાં ઊંઘી જાય, ત્યારે વહાલસોઈ માતા ઊંઘમાંથી ઊઠાડીને ખવડાવે કે દૂધ પાય છે. વિશ્વંભરી માતા અન્નપૂર્ણાએ ઊંઘમાંથી ઉઠાડીને મને જમાડયો, ત્યારે જ એને નિરાંત વળી હશે ને ! ?

# પ્રસંગ પાંચમો

એક જ ઊંઘે સવાર પડી. આખા દિવસની રખડપટ્ટી કાંઈ નાનીસૂની નહોતી. સવારે પાંચેક વાગે, પેલા સેવાભાવી સંતના આશીર્વાદ માગીને ચાલી નીકળ્યો; વનવગડામાં એકલો પડયો. તાપમાં પણ ચાલ્યા જ કર્યું; ખાવાનું અનિયમિત પણ ઠીક ઠીક, જ્યારે મળ્યું ત્યારે અને જ્યાં મળ્યું ત્યાં ખાધા જ કર્યું; ખાવું જ પડયું, અને થોડી ઊંઘ લીધા પછી ઘીથી તરબોળ ગરમાગરમ રોટલી અને શાકને પેટમાં પધરાવ્યા પછી તન-મનનો થાક ઉતારી નાંખે એવી નિદ્રાદેવી શા માટે કૃપા ન કરે ?!

આંખ ઊઘડી અને પેલા પંડિતોનો કોલાહલ કાને અથડાયો. હું પણ કમંડળુ લઇને બહાર નીકળ્યો. હાથમોં ધોઈને જોઉં છું તો મારા યજમાન પંડિત તૈયાર થઇને મને બોલાવવા જ આવતા દેખાયા. "બ્રહ્મચારીજી ! તૈયાર છો ને ?" એમ કહેતા ટેકરી ઉપર ચડીને મારી પાસે આવીને દુકાનના આંગણામાં ઊભા રહ્યા.

"ચાલો, તૈયાર જ છું." એમ કહીને મેં અંદર જઇને સામાન ગોઠવીને ખભે નાંખ્યો. અમારી વાતચીત સાંભળીને શેઠ પણ જાગીને બહાર નીકળ્યા. હોકા માટે દેવતા સળગાવવા આંગણામાં બેઠા; પંડિતજી પણ તંબાકુ પીવાનો લાગ લેવા બેસી ગયા. મેં બહાર આવીને ઉપર પ્રમાણે જોયું, એટલામાં બીજા પંડિતો પણ ખભે ભાર લાધીને આવી ચડયા.

બધા આવી ગયા એટલે પં. ચેલારામે ચલમમોહ જતો કર્યો અને "ચાલો બ્રહ્મચારીજી" એમ મને તથા "રામરામ, શેઠજી !" એટલો દુકાનદારને વિવેક કરીને પતાવ્યું.

બધા હારબંધ આગળ ચાલવા માંડયા. પર્વતની ખીણ હતી. નદીનો કાંઠો હતો, અને તડકામાં ચાલવાના ત્રાસથી બચવા માટે, ઊઠીને તાજા શરીરે ઝપાટાબંધ બધાએ જાણે દોડવા જ માંડયું. કાલ બપોરની ચાલ ધીમી હતી; અત્યારે એ બધાની ઝડપી ગતિથી મને મારી ઉતાવળી ચાલની ટેવ પ્રમાણે મઝા આવી. ખભે પાંચસાત શેરનો અને તે પણ કપડાંનો જ ભાર, એટલે હું તો જ્યાં સુધી એ રસ્તા ન આવે ત્યાં સુધી સૌની આગળ દોડતો જ ચાલ્યો જાઉં. વધારે છેટું પડી જાય ત્યારે બેસીને આરામ લઉં. આનંદ આવતો હતો.

કશું ખાસ લખવા જેવું ન બન્યું. અગિયારેક વાગવા આવ્યા હશે. ખીણમાં ઊંચે ને ઊંચે જતા સુર્યનારાયણનાં દર્શન ઉગ્ર બનતાં જતાં હતાં. રાતના બાંધી રાખેલા રોટલાનું બધાયે શીરામણ વચમાં અર્ધોએક કલાક રોકાઇને કરી લીધું હતું. મને પ્રેમભર્યો આગ્રહ કરવા છતાં મેં સ્વીકાર નહોતો કર્યો; પહાડના બ્રાહ્મણો સ્નાન કરીને એમને આવડે એવા થોડા ગાયત્રીમંત્રના જપ તથા સુર્યનારાયણને અર્ધ્ય આપ્યા વિના ભોજન કરતા નથી, પણ જેઓએ યજ્ઞોપવીત ધારણ કર્યું હોય તેઓ જ; બાકીના તો સ્નાનપૂજાની તકલીફ કર્યા વિના ઊઠતાં વેંત જ ઉદરને આહુતિ આપી દે છે. અમારી મંડળીના યજ્ઞોપવીત ધારણ કરેલા દ્વિજવર્ગે સ્નાન કરીને અને બટુકોએ સ્નાનધ્યાન વિના વાટમાં જ શિરામણ કરી લીધું હતું. હું જ એકલો એમની દૃષ્ટિથી અપવાસી હતો, એટલે કૈંક વહેલું ગણી શકાય એ રીતે રસોઇ કરવાને બહાને બધાએ ભાર ઉતાર્યો અને ચૂલા ગોઠવવાની તથા લાકડાંપાણી લાવવાની તજવીજમાં

સૌ પડ્યા. મેં સ્નાન માટેની તૈયારી કરવા માટે ઝરણાના જલપ્રવાહ ભણી વાટ પકડી.

જેટલા પંડ્યા એટલા ચોકા–ચૂલા એ તો ઉત્તર–પૂર્વના બ્રાહ્મણોનો જન્મસિદ્ધ અધિકાર–સ્વભાવ છે.

બાર ભૈયા ને તેર ચોકાની વાત તો સૌ જાણતાં હશે, ઉત્તર અને કાશીથી પૂર્વના પ્રદેશના પૂરબીઆ ભૈયાઓમાં ચોકાછૂતનો અજબ રિવાજ છે. દીકરાની વહુ સાસરે આવે ત્યારે જ્યાં સુધી એને માટે અમુક વિધિ ન થાય ત્યાં સુધી એના પતિ સિવાય જેઠજેઠાણી, દેરદેરાણી, સાસુસસરા કે એવાં બીજાં કુટુંબીજનો એના હાથનું રાંધેલું ન જમે. ભાઇઓ ગૃહસ્થાશ્રમી થાય ત્યારે પણ એકના ઘરનું બીજો ઘણા લાંબા વખતે જમે. બાર ભૈયાની વાત પણ તેવી જ છે. બાર જણા યાત્રાએ નીકળ્યા એટલે બારે જણાએ બાર ચૂલા સળગાવ્યા. રાંધતી વખતે કોઇ પોતાના ચૂલામાંથી બીજાને અગ્નિ ન આપી શકે, એટલા માટે એક ચૂલાને માત્ર દેવતા લેવા માટે જ રસોઇના કામમાં લીધા વિનાનો રાખે એટલે એ તેરમો ચૂલો અગ્નિ લેવા માટે રાખે. કારણ કે એ અગ્નિ જ પવિત્ર મનાય. ઘણાં વર્ષો પહેલાંની વાત છે. એક પૂરબીઆભાઇને એ વિષે મેં પૂછ્યું ત્યારે ગમ્મતમાં જવાબ મળ્યો કે મારા મોટાભાઈ પરણ્યા છે, પણ પરણ્યા પહેલાં એ વહુ ખાનપાનથી ચોખ્ખી–પવિત્ર રહી છે એવું નક્કી ન થાય ત્યાં સુધી એના હાથનું અમે કઇ રીતે ખાઇ શકીએ! કોઇ કોઇ ઘરમાં તો સાઠ-સીત્તેર વર્ષની ડોશીઓ, પૌત્રપ્રપૌત્રની પ્રમાતા થઇ હોય છતાં પેલો વિધિ ન થયો હોય તેથી કાં તો સ્વયંપાકી રહે, શક્તિ હોય ત્યાં સુધી રસોડું એને માથે જ રહે, અથવા પૂરી, પરોઠા શાક–જેવી ‘પક્કી રસોઇ’ બીજાના હાથની ખાઇને નિર્વાહ કરે. આ પંડિતોએ પણ દસબાર ચૂલા કરીને રાંધવા માંડ્યું. આ વાત તરત જ મારા મગજમાં ફરી વળીને સળવળાટ કરવા માંડી! જે અગ્નિનું નામ જ

પાવક એટલે પવિત્ર કરનાર કહેવાય છે એને સ્પર્શ કરવામાં પણ મનુષ્ય પોતે સ્નાન–ખાનપાનથી પોતાને પવિત્ર માનીને–બીજો ગમે તે દુરાચાર કરતો હોય છતાં, એ પાવકને અપાવક માની પવિત્ર કરવા મથે, એ છે આપણી ધાર્મિક કર્મકાંડની અજ્ઞાનભરી અવળી બાજુ ! સૌએ પોતપોતાની કામગિરી શરૂ કરી દીધી.

નદીના કાંઠાના એ ત્રણ ફૂટના ચોરસ પહોળાઈના સપાટ પથ્થરો ઉપર બટાટા ડૂંગળી છૂંદાવાં માંડયાં: ચપ્પુ, છરી કે દાતરડાના અભાવે શાક સુધારવાની આ તજવીજ તદ્દન સ્વાભાવિક છે. સીધી સપાટ શિલાને ધોઇને ઉપર પથ્થરવડે શાકને છૂંદી નાખીને લોખંડની નાની એવી તગારા જેવી કડાઇમાં વઘારી નાંખવું, એ જ શિલા ઉપર લોટની કણક બનાવીને હાથથી જુવારબાજરીના રોટલાની પેઠે ઘઉંની કણકના રોટલા બનાવી, એ જ કડાઇ–તવી–પેણી જેવા નાનકડા તગારાને ચૂલા ઉપર ઊંધુ ગોઠવી અર્ધી એના ઉપર અને બાકીની ચૂલાના ભાઠામાં નાંખીને રોટલીઓ તૈયાર કરવી, તૈયાર થયેલા શાકને વનવગડાથી પડીઆ પતરાવાળાં થાય તેવાં પાન લાવીને એના તપેલી વાડકા બનાવી એમાં શાક, દાળ કાઢી લેવાં, અને પછી નિરાંતે પ્રકૃતિના પ્રસન્ન ખોળામાં, વૃક્ષની શીતલ છાયામાં, અનાયાસે એકઠાં થયેલાં પ્રીતિપાત્ર સ્વજનો સાથે સહભોજન કરવું–એ છે મૂલ, સ્વાભાવિક વનભોજન; શહેરના વિદ્યાર્થીઓ, શિક્ષકો કે એવાં બીજાં કૃત્રિમજીવનથી થાકયાં પાકયાં વન-વિહાર કરવા જાય, ત્યાં વાસણકૂસણ લઇ જાય, રાંધે અને ખાસ હેતુપૂર્વક વનભોજન માણે એ છે આ સ્વાભાવિક વનવાસીઓના વનભોજનની નકલ! અસલને અભાવે મનુષ્ય નકલ કરે એ પણ મનુષ્યનો સ્વભાવ જ છે ને ! સ્નાનથી પરવારી હું નદીકાંઠે માનસિક જપ કરતો બેઠો હતો, ત્યાં "ચાલો, બ્રહ્મચારીજી ! ભોજન થઈ ગયું !"ની બૂમ સંભળાઈ. હું સચેત થયો; ઊઠયો અને મારા યજમાને મને એ તરફ જતો જોઇને 'આવો આ તરફ' એમ કહ્યું એટલે પાણીના

કમંડળું સાથે એમના ચોકા પાસે થોડે દૂર ભિક્ષાર્થી બનીને બેઠો.

પતરાવળામાં ચારેક ઘઉંની રોટલી–અલબત્ત મોટા રોટલા જેવી જ, ઘીથી ચોપડેલી અને ઉપર ડૂંગળીબટાકાનું શાક પીરસાઇને મારા બન્ને હાથમાં પં. ચેલારામજીએ આપ્યું. "વધારે માગી લેજો; શરમાશો નહીં" એવો આગ્રહ કરીને પિતાપુત્ર પણ જમવા બેસી ગયા.

મેં વનભોજન માણવા માંડયું. ડૂંગળી, લસણ જે જ્ઞાતિમાં સર્વાંશે વર્જ્ય હતાં એ જ્ઞાતિમાં શરીરનો જન્મ હોવાથી પૂર્વસંસ્કાર વિરોધી હતા. અત્યારે જેવી રીતે એની છૂટ થઇ ગઇ છે–એમ કહો કે સૌએ લીધી છે, એવી મારા નાનપણમાં નહોતી લઈ શકાતી. પણ મેં ઘણાં વર્ષ મુંબઈમાં ગાળેલાં. જ્યાં મિત્રો સાથે દક્ષિણીઓનાં "ક્ષુધાશાન્તિ ઉપાહારગૃહો"માં એમની ઢબની પાતળભાજી ખાધેલી; જેમાં એ બે જ મુખ્ય વસ્તુઓ હોય છે, એટલે મને સૂગ નહોતી. અત્યારે તો વપરાશ વધી છે, ગુણભંડારગ્રન્થો પણ વધી ગયા છે, એટલે મોંઘવારીના જમાનામાં જે શાક મહિનાઓના મહિના સુધી ઘરમાં સાચવી શકાય, કાચું ઘણ વાપરી શકાય, એવી એ "ગરીબોની કસ્તુરી" માટે એ સમયમાં ખૂબ જ પ્રતિબન્ધ હતો, અને પ્રતિબન્ધનું દબાણ જેટલું વધારે પડતું હતું, તે હળવો થતાં, કમાન છટકતાં બમણા જોરથી એનો સ્વાદ–વ્યવહાર વધી પડયો છે, એથી એ વખતે જે મારા જેવા નવીન પ્રવેશ કરનારને માનસિક આઘાત થાય એની કલ્પના બીજાને અત્યારે આવે પણ કઇ રીતે?

ભારતવર્ષના બ્રાહ્મણોમાં મુખ્યત્વે બે વિભાગ મનાય છે; નર્મદા નદી એની સીમા છે; નર્મદાથી ઉત્તરપ્રદેશના બધા બ્રાહ્મણો ગૌડ અને નીચેના પ્રદેશના દ્રાવિડ તરીકે ઓળખાય છે. એ બન્ને વચ્ચે સંસ્કૃત ભાષા તથા વેદવેદાંગનાં પ્રમાણગ્રન્થો સર્વસામાન્ય હોવા છતાં, પરસ્પર કન્યાવિવાહ ન થઇ શકે એટલું જ નહિ પણ સહભોજનમાં પણ

પ્રખર વિરોધ છે: વર્તમાનકાલમાં જ્યાં અત્યારે આન્તરપ્રાંતીય, આન્તરદેશીય, આન્તરખંડીય લગ્ન અને ભોજનવ્યવહારમાં એકતા થતી જાય છે, તે વખતે એ જૂના ભેદવ્યવહારની કલ્પના પણ કોણ કરી શકે? બ્રાહ્મણોના ૮૪ ભેદ તો પ્રસિદ્ધ છે કે જેના ઉપરથી સમસ્ત બ્રાહ્મણોને ભોજનદાન કરાવવું હોય તો "બ્રાહ્મણોની ચોર્યાશી" કરી એમ કહેવાય છે. બ્રાહ્મણ તરીકે જીવન ગાળતા હોય ત્યાં સુધી તો જાણે ઠીક પણ એ ગૌડ અને દ્રાવિડો સંન્યસ્ત આશ્રમ ધારણ કરીને દંડી સંન્યાસી બને, તો પણ એક પંક્તિએ ભોજન કરતા નથી. ગૌડ–દ્રાવિડનો ભેદ એમના અભેદ આત્મજ્ઞાનમાં પણ કાંટાની પેઠે ખૂંચ્યા કરે છે. પરસ્પરના ખાનપાનના ભેદના વિષવાદ જતા નથી, ભગવાન શંકરાચાર્ય દ્રાવિડ હતા, એમના પરમગુરુ શ્રી ગૌડપાદાચાર્ય ગૌડદેશના હતા. એ ગુરુશિષ્યનું દૃષ્ટાંત સર્વપ્રત્યક્ષપ્રમાણ હોવા છતાં પણ, વર્ણાભિમાનને ભસ્મીભૂત કરવા માટે ચતુર્થાશ્રમનું શરણ કીધેલું હોવા છતાં, ગૌડ–દ્રાવિડના સહપંક્તિ માટેના ઝઘડા એટલા બધા પ્રચંડ બને છે કે દંડી સંન્યાસીઓ ભોજન વખતે પણ કોઈવાર પરસ્પર દંડાસ્ત્રના પ્રહાર કરવાનું યે ભૂલતા નથી.

ત્યારે દ્રાવિડ દેશમાં શરીરજન્મ પામીને ઉત્તરાખંડના પ્રખર તપસ્વી, તત્ત્વવિદ્ અને વેદધર્મોદ્ધારક શ્રી ગૌડપાદ આચાર્ય જેમના ગુરુના પણ ગુરુ થાય છે, એવા ભ. શંકરાચાર્ય, માંડૂક્ય ઉપનિષદની કારિકા ઉપરના પોતાના ભાષ્યને અન્તે આ પ્રમાણે પ્રણામ કરે છે:

प्रज्ञा वैशाखवेधक्षुभितजलनिधेर्वेदनाम्नोऽन्तरस्थं
भूतान्यालोक्य मग्नान्यविरतजननग्राहघोरे समुद्रे ।
कारुण्यादुद्दधारामृत मिदममरैर्दुर्लभं भूतहेतोर
यस्तं पूज्यामि पूज्यं परमगुरुमसुं पादपातैर्नतोऽस्मि ॥

અર્થ: જે નિરંતર જન્મજન્માન્તરરૂપ ગ્રાહોને લીધે અત્યંત

ભયાનક છે, એવા સંસારસાગરમાં જીવોને ડૂબેલા જોઇને જેઓએ કરુણાવશ પોતાની વિશુદ્ધ બુદ્ધિરૂપ મંથનદંડના આઘાતથી ક્ષુભિત થયેલા વેદ નામના મહાસમુદ્રમાં રહેલા આ દેવદુર્લભ અમૃતને પ્રાણીઓના કલ્યાણને માટે તારવી કાઢયું છે, એ પૂજનીયના પણ પૂજનીય પરમગુરુ ( શ્રી ગૌડપાડ આચાર્ય )ને એમના ચરણોમાં નમી પડીને પ્રણામ કરું છું.

ભ. શંકરાચાર્યના વિદ્વાન શિષ્ય સ્વા. સુરેશ્વરાચાર્ય પોતાના નૈષ્કર્મ્યસિદ્ધિ નામના ગ્રંથમાં ગૌડ–દ્રાવિડનો ભેદ ટાળીને ગુરુ તથા પરમગુરુને કેટલી બધી પૂજ્ય દૃષ્ટિથી જુએ છે એ વિચારી જુઓ. અજ્ઞાનના સંહાર માટે આત્મજ્ઞાનની ઉપયોગિતા સમજાવતાં અદ્વૈત-સિદ્ધાંતના સમર્થ પ્રતિપાદક તરીકે એ લખે છે કે :

एव गौडैर्दाविडैर्नः पूज्यैरयमर्थः प्रभाषितः ॥

નૈષ્કર્મ્યસિધ્ધિ ખંડ ૪–શ્લો. ૪૪

**અર્થ** : એવી રીતે અમારા પૂજ્ય ગૌડપાદાચાર્ય તથા દ્રાવિડ આચાર્ય ( શ્રી શંકરાચાર્ય ), બન્નેએ એવો જ અર્થ કર્યો છે.

આવી રીતે ગૌડદ્રાવિડની જ્ઞાનભૂમિકાની એકતા હોવા છતાં, અત્યારના બ્રાહ્મણો અને દંડી :સંન્યાસીઓ ગૌડદ્રાવિડના વિરોધી વાડાનાં બંધનમાંથી મુક્ત થતા નથી.

બ્રાહ્મણ વર્ણમાં ભેદવાદ જોનારા, માનનારા અને આગ્રહ રાખનારા દંડીસંન્યાસીઓ પોતાના પૂર્વ આચાર્યોનાં આવાં સ્તવનોનો અર્થ સમજશે ખરા ?—ક્યારે ?

* * * *

વિષયાન્તર થયું. અત્યારની દૃષ્ટિએ આટલું લખાઈ ગયું અને ગમે તેટલું સંભાળું તો પણ કૈંક તો અત્યારની દૃષ્ટિનો રંગ એમાં આવવાનો ભય–સંભવ ખરો જ !

ગુજરાતની છએ પ્રકારની નાગરની કોમ કંઇક સ્વભાવે રીતભાતે બીજા બ્રાહ્મણવર્ગ કરતાં વિચિત્ર રીતે જુદી તરી આવે તો છે જ ! ગુણદોષમાં નહીં ઊતરું, પણ અત્યારથી ૫૦–૬૦ વર્ષ પહેલાં શુધ્ધ નાગરી નાતમાં ખાવાપીવા સંબંધે એવી સખત મર્યાદાઓ હતી, એવા કડક નિયમો હતા, કે અન્ય બ્રાહ્મણવર્ણના ઘરનું ભોજન તો શું પણ જલપાન કરવામાંએ આભડછેટ મનાતી !

ખાનપાનની આભડછેટના આવા કડક વાતાવરણમાં મારા નાનપણના ઉછેરને લીધે બીજાના ઘરનું ખાનપાન સ્વીકારમાં મન અમુક સંકોચ અનુભવતું. અમદાવાદમાં ઇ. સ. ૧૯૦૪–૫માં જ્યારે હું અંગ્રેજી ભણતર ભણતો ત્યારે મિત્રોએ સારા નંબરે ઉત્તીર્ણ થવાનો આનંદ માણવા આઇસક્રીમ, શેવગાંઠિયા, ચેવડા જેવા બજારુ પદાર્થો ખાવાનો પ્રસંગ ઊભો કર્યો; ત્યારનો મનોભાવ હજુ પણ મારા સ્મરણમાંથી ખસ્યો નથી.

કંઇક નવું, અણગમતું, અયોગ્ય કરી રહ્યો છું એવા ભાન સાથે, આંતરિક સંકોચ સાથે જાણે હું ભોજનપ્રતિબંધ તોડવાનો પદાર્થપાઠ શીખતો હોઉં એવી વિચિત્ર મનોદશા થઇ હતી. ત્યાર પછી તો એ સંકોચ નહોતો રહ્યો : કંઇક દેખાદેખી અને કંઈક સ્વતંત્ર વિચારને લીધે.

અત્યારે પણ મનમાં ખાનપાન વિષે વિચારો ઘોળાવા માંડયા. પર્વતીય પ્રદેશમાં જઈને ભિક્ષાર્થી બનવું છે; સંન્યસ્ત આશ્રમ સ્વીકારવો છે; જેવું ભિક્ષાન્ન મળે તેવું ખાવાની ટેવ પાડવી છે; સ્વાદને ખાતર નહીં, પણ દેહપોષણને માટે જ ખાવું છે. આવા ગરીબ

લોકોનું ભાવભર્યું લૂખુંસૂકું જે મળે તે ખાઈને શરીરને એવી રીતે વિસારવું છે કે આત્મચિંતનમાં જ ચિત્ત નિમગ્ન રહે.

બીજો વિચાર પણ આવ્યો. મને રસોઈ બહુ જ સારી રીતે અને ઝડપથી કરતાં આવડતી. ખાવાપીવાની વિવિધ વાનીઓ કુશળ સ્ત્રીવર્ગના જેવી જ બનાવી જાણતો; એમાં સ્વાદનો પણ શોખ હતો. સ્વચ્છતા, સ્વાદ અને રાંધણકળાનું મિથ્યાભિમાન એમાં મુખ્યત્વે પ્રેરણા કરતાં. હવે ? હવે ય જાતે જો રસોઈ કરવી પડે તો થાય, પણ સ્વાદ માટે નહીં; જે મળે તેમાંથી રોટલીરોટલો કે મીઠું, ખીચડી ઘેંસ કે રાબ જેવું મળે તેવું ખાવું—એ સિધ્ધાંતનો સ્વીકાર કરવાનો સંકલ્પ હતો. અને તેથી આ રોટલાશાકમાં મઝા આવી. હૃષીકેશમાં અન્નક્ષેત્રની ભિક્ષા લીધી હતી. ગઈ કાલે સંતોની ભિક્ષામાં ભાગ પડાવ્યો હતો–પ્રારબ્ધે કે સંતોની આતિથ્યભાવનાએ, એ પ્રશ્ન જુદો છે. પણ એમાં અને આજની ભોજનસામગ્રીમાં ખૂબ તફાવત હતો; રાતની મારવાડી સજ્જનની પરોણાગતમાં પણ રોટલી હતી. આજે તો ઘઉંના લોટના રોટલા છે, અને અધકચરું કાચુંપાકું, મરચાથી થનથની ઉઠાય એવું તીખું તમતમતું શાક છે !

ૐ प्राणाय स्वाहा કરીને ખાવા માંડ્યું. આહારવિધિ પૂરો થયો. એકાદ રોટલી બચી તે પક્ષીઓ ખાશે એ આશાએ જંગલમાં "કાકા" કરીને ફેંકી દીધી અને હાથમોં ધોઈને હું નિરાંતે બેઠો; સાધારણ આરામ માટે આડો પડ્યો. પંડિતવર્ગ ભોજન પતાવવાની તૈયારીમાં હતો. પછી એમનું ધુમ્રપાન થોડા ગપાટા સાથે શરૂ થયું. કલાક દોઢકલાક આરામ લીધો અને વળી પાછું ચાલવા માંડ્યું.

હવે અમે થોડા ઊંચાણ ઉપર આવ્યા હતા. સૂર્યનારાયણનો પ્રકાશ પડતો હતો, તાપમાં ચાલવાનું હતું. થોડે દૂર જતાં ઝરણું નીચે રહી ગયું અને અમે પહાડના ચડાણ ઉપરની પગદંડીએ ચાલવા

માંડ્યું. વેગ તો ધીમો જ હતો. ખાધા પછી પાકા મણ સવામણનો ભાર અમે ઉપાડીને ચાલવાનું પંડિતોને પણ જરા અઘરું પડતું હોય એમ લાગતું હતું. તાપને લીધે એમના કપાળ–ગાલ ઉપર પરસેવાના રેલા ઊતરતા હતા.

મારી ઉતાવળી ચાલને લીધે હવે પંડ્યાઓની ધીમી ચાલનો કંટાળો આવવા માંડ્યો. પગકેડી એક જ અને સીધી વાટની હોવાથી મેં સૌની આગળ અને ઝડપથી ચાલવા માડ્યું; એકાદ માઇલ ચાલીને એમના આવવાની રાહ જોતો બેસીને થોડો આરામ કરું. બપોર નમવા માંડ્યા. ચારેક વાગ્યાનો વખત થયો હશે. એકાદ વાર આરામ કરીને એમને મળ્યા પછી હું આગળ ચાલ્યો જાઉં છું. ઉતાવળીઓ સંગાથ મળે તો ચાલીને મસુરી-ટેકરીની સડક ઉપર જલદી પહોંચી જવાની મનમાં ગડબડ વધી; એ જ વખતે ઈશ્વરીય સંકેત પ્રમાણે ૩૦–૩૨ વર્ષનો એક જુવાન, કંઇ પણ ભારબોજ વગરનો દોડતો જતો હોય એમ પાછળથી આવીને મારી સાથે થતાં વેંત આગળ વધવા માંડ્યો.

“ક્યાં જવાનું છે?” મેં પૂછ્યું.

“સડક ઉપર ધનોલ્ટી પહોંચવું છે. આજ રાતે જ પહોંચી જવાય તો ઠીક એમ મનમાં છે એટલે ઉતાવળે ચાલું છું” એણે ચાલતાં ચાલતાં જ જવાબ આપ્યો.

“મારે પણ જવું છે તો સડક ઉપર; આ કેડીએ સડક ઉપર કયું ગામ આવશે?” ધનોલ્ટી ક્યાં છે એ જાણતો ન હોવાથી પ્રશ્ન કર્યો.

“તમારે ક્યાં જવું છે? આ રસ્તે ઉપર જતાં ટિહરીને રસ્તે બેએક માઇલ આગળ ધનોલ્ટીની સડક ઉપરની દુકાનો આવશે. ગામ

થોડું દૂર છે, પણ દુકાનનું નામ પણ ધનોલ્ટી જ છે. એણે મને જવાબ આપ્યો.

"મારે ટિહરી જવું છે; તમારી સાથે ચાલું? ત્યાંથી આગળ ટિહરી જવાશે?"

"હા; ચાલો, એક કરતાં બે ભલા; પહોંચશું તો ઠીક નહિ તો રસ્તામાં ક્યાંક રાતવાસો કરી લેશું? બ્રહ્મચારી બાવા લાગો છો." એણે મારો સંગાથ પસંદ કર્યો. અમે સાથે સાથે ચાલવા માંડયું–દોડવા જ માંડયું.

પંડિતોની આટલી પરોણાગત ચાખીને મેં એમને પાછળ મૂકયા. એમની રોજના સાત–આઠ માઇલ ચાલવાની રીતનો મને ખૂબ જ કંટાળો આવ્યો હતો. આ જુવાન એકલો, છડો, કશા ભારબોજ વગરનો મને સંગાથી તરીકે ઠીક ઠીક લાગ્યો, અને મુસાફરોની દુનિયામાં જ્યાં બધા જ મુસાફર છે ત્યાં કાયમનો સંગાથ કોઇનો જ નથી, એ ન્યાયે, મેં એક મુસાફરના ટોળાને છોડી બીજા મુસાફરનો સાથ લીધો, સાંપડયો એટલે સ્વીકારી લીધો. અહીંથી સડક સુધીનો રસ્તો પાંચછ માઇલ લાંબો હશે એમ મારા સાથીએ કહ્યું હતું. રાત પડતાં ત્યાં પહોંચી જવાની હોંશમાં અમે બન્નેએ હરણફાળ ભરવા માંડી. હવે હતી બે પહાડની વચ્ચે ઊંચે ચડતી ખીણ. એમાં વચ્ચે વચ્ચે થોડી જમીન આવે ત્યાં ખેતરો હતાં. પગકેડીએ ઉત્સાહભેર અમે દોડયા જતા હતા; સાંજ પડવા માંડી હતી; કયાંય વસ્તી દેખાતી નહોતી; બધે ખેતરો હતાં, પાણીનાં ઝરણાંનો યે અવાજ નહોતો સંભળાતો. કયાં રાતવાસો થશે, કોઇ સ્થાન મળશે કે આકાશમંદિરની પૃથ્વી તત્ત્વની બનેલી આ પગદંડી ઉપર જ કયાંક વૃક્ષની ઓથે અને જમીનની પથારી ઉપર નિદ્રાદેવીનું આરાધન કરવું પડશે, એ ચિન્તા અમને બન્નેને મનમાં ઊભી થઇ હતી.

# પ્રસંગ છઠ્ઠો

પૂર ઝડપે અમે બન્ને ચાલ્યા જઇએ છીએ. સૂર્યાસ્ત થઇ ચૂકયો. સડક કેટલી દૂર છે એમ મારા સાથીને પૂછતાં, રાત પડતાં પહેલાં તો નહીં જ પહોંચાય એવો નિરાશાભર્યો જવાબ મળતાં પગ ઢીલા થવા માંડયા. ધીરે ધીરે ચંદ્રમાનો પ્રકાશ પથરાવા માંડયો. કેડીએ કેડીએ ચાલ્યા જઇએ છીએ. ડાબી બાજુ ઊંચા પહાડ હતા, જ્યાં ચડયા પછી મસૂરીથી ટિહરી સુધીની પાકી સડક ઉપર અમારે પહોંચવું હતું. જમણી બાજુ ખેતરો હતાં. ચાંદનીના અજવાળામાં કયાંક મકાનો જોવાની આશામાં ડાબી બાજુ જોતા જોતા ચાલતા હતા. અમે સાથે થયા ત્યારે પાંચ-છ માઇલ ચડયા પછી સડક આવશે એવી ગણતરી ખોટી પડી, કારણ કે અત્યાર સુધીમાં એટલું તો અમે ચાલી નાંખ્યું હતું. હવે તો રાત પડી. કેડીની આસપાસ કોઇ વિશાળ વૃક્ષ પણ નહોતું કે જેની નીચે રાતવાસો કરીએ.

આ હતી આ પ્રવાસની ત્રીજી રાત : એ રાત્રિએ આતિથ્યનો આદર આપીને મધુરતા આપી ગઈ એથી કદાચ પ્રારબ્ધ કર્મના પુણ્યનો, મારા ત્યાગ તથા વૈરાગ્યનો, કે એવો એવો કંઇ અહંકાર ઊભો થાય તે પહેલાં તો આ ત્રીજી રાત્રિ કંઇક જુદો જ સદ્બોધ આપવાની તૈયારી કરતી હોય એમ લાગવા માંડયું. કોઈ ગામ દેખાતું નથી. માણસનો અવાજ સંભળાતો નથી; વહેતાં ઝરણાં કે નદીનાળાંનો ખળખળાટ કાને પડતો નથી. ડાબી બાજુનો પહાડ આકાશભણી ઊંચું માથું રાખીને મસુરીની સડક સાથે સગપણ બાંધીને ઉદાસીનપણું દાખવે છે, ત્યારે જમણી બાજુ સૂકાં, ખાલી ખેતરો પાથર્યાં પડયાં છે. " અમે જ તમને અન્નવસ્ત્ર આપીએ છીએ, પણ અત્યારે ખાલી છીએ ત્યારે અમારું જ તમને શરણ લેતાં શા

માટે શરમ આવે છે ? ખેડૂત અમારી મીઠી ગોદમાં આરામથી સૂઈ શકે છે. તમે સમ પ્રદેશના યાત્રી બનીને અહીં મઝા માણવા આવ્યા છો, ત્યાં તમારા દેશમાં અમારાં જેવાં જ ખેતરો નથી? આવો, પધારો, ચાંદની રાત છે, ઉનાળો છે, ટાઢ નથી, તડકો આથમ્યો છે, પથારી કરીને આરામ મેળવતાં કેમ બીઓ છો ? " આવું આવું સમજાવતાં હોય એવા તરંગો મનમાં ઊભરાય છે. આનંદની ઊર્મિઓ ઊછાળતો હું મારા સંગાથી સાથે ચાલ્યો જાઉં છું.

આંખોનો ચકડોળ ફેરવતાં, રૂપેરી ખેતરોમાં દૃષ્ટિ ઠારતાં ક્યાંક ઝૂંપડા–ઘરની આશાતૃષ્ણાથી મનને ચિન્તિત રાખીને વણબોલ્યા ચાલ્યા જઈએ છીએ. સૂર્યાસ્ત થયાં પણ દોઢ–બે કલાક થઇ ગયા.

અચાનક મારા સંગાથીની વાણી સંભળાઈ, એ મારી આગળ આગળ પવનવેગે દોડતો હતો. મને પણ એની ગતિએ પાછળ પાછળ પગ ઉપાડવામાં મુશ્કેલી લાગે એમ નહોતું. " પણે એક છાન દેખાય છે—" એણે કહ્યું અને જમણી બાજુ હાથ લંબાવ્યો.

છાન શબ્દનો અર્થ હું ન સમજ્યો એટલે પૂછવું પડ્યું.

" પણે નાનું એવું છાપરા જેવું દેખાય છે, જુઓ તમને દેખાય છે ? " એણે સ્પષ્ટતા કરી.

વધારે પૂછતાં સમજાયું કે શિયાળાની ઋતુમાં ઉપરના પર્વતીય પ્રદેશમાં બરફ પડે છે, ટાઢનું જોર વધે છે, અને ખેતી થઈ શકતી નથી, એટલે એ લોકો પોતાનાં ઢોરઢાંખરને ઉનાળામાં અહીં નીચેના પ્રદેશમાં ચરાવવા માટે આવે ત્યારે ઘાસનું છપ્પર કરે તે છાન: લાકડાના થાંભલા ઊભા કરી ઘાસની ભીંતો તથા છત બનાવીને બનાવેલું છાપરું તે એમની છાન. મનેય હવે એની બતાવેલી દિશામાં ચાંદનીના સ્વચ્છ, શ્વેત સરોવરમાં નાના એવા કાળા ધાબા જેવું કંઇક દેખાયું–ચંદ્રમાં જેમ કલંક છે તેવું જ. તરત જ કેડી મૂકીને અમે નીચે ઊતર્યા અને ખેતરો

ખૂંદતા ખૂંદતા એ દિશા તરફ વળ્યા. ઉતાવળે ચાલીને ત્યાં પહોંચ્યા. ઘાસનું એ ખાલી છાપરું હતું. વરસાદની મોસમ પાસે આવવાથી ખેડૂતો છોડીને ચાલ્યા ગયા હતા. હાશ ! રાત રહેવાની જગ્યા તો સાંપડી ! એ પાંચ દિવસમાં જ ખાલી થયું હશે એટલે એની દીવાલો તથા છત સાજાંસારાં હતાં.

અંદર પેઠા; અંધારાને લીધે કાંઇ સુઝે એમ નહોતું. મારા સંગાથીએ દીવાસળી સળગાવી એટલે ઢોર બાંધવાની જ જગ્યા હતી એની ખાતરી થઈ; બહાર જઇને થોડું ઘાસ લાવી તાપણું કર્યું; ઘાસની સાવરણી બનાવીને બન્ને જણાએ પથારી કરવાની જગ્યા સાફ કરી; હવે પાણીની ચિંતા ઊભી થઈ. છપ્પર છે એટલે ક્યાંક નજીકમાં પાણી હોવાનો સંભવ તો ખરો જ; બહાર ઊભા રહીને આમતેમ પાણીનો ખળખળાટ સાંભળવા કાન માંડયા પણ વ્યર્થ. હું તો બહાર ઊભો ઊભો વિચાર કરતો હતો પણ મારો સાથી ઝૂંપડાની પાછળના ભાગમાં ફરતો ફરતો પાણીની શોધમાં ગયો હોય એમ મને લાગ્યું. ત્રણસોએક પગલાં દૂરથી મને કમંડળુ લઇને ત્યાં જવાની બૂમ મારી. જઇને જોઉં છું તો સાત્ત્વિક મનુષ્યના સ્વભાવ જેવું શાંત ગંભીર નાનું એવું–નાના એવા પ્રવાહનું, ઘોંઘાટ વગરનું એક ઝરણું વહેતું હતું.

હાથપગ ધોયા; કમંડળુ ભરીને અમે બન્ને પાછા છપ્પરમાં આવ્યા. અંદર તાપણી હતી. આછે અજવાળે અમે અમારાં વસ્ત્ર પાથરી આસન જમાવ્યાં અને બેઠા. જગ્યા મળી એનો મનમાં સંતોષ હતો. અમે પરસ્પર વાતોએ ચઢ્યા. પહેલાં તો ખાવાની વાત નીકળી; એણે કહ્યું : “ હું આજ સાંજે ઉપરની સડક ઉપર ચડી જઇશ એ હિસાબે કાંઇ પણ ખાવાનું સાથે રાખ્યા વિના જ ચાલ્યો આવ્યો. પણ સવારે ઠીક ઠીક ખાધું છે એટલે ચાલશે. તમારે ભૂખ્યા રહેવું પડશે.

“ કાંઇ ખાસ જરૂર નથી, બપોરે પેલા પંડિતોની સાથે ખાધું છે, અને હવે તો ગંગાકિનારે નિવાસ કરવો છે, ત્યાં એક જ વખત ખાવાનો

નિયમ લેવો છે. પહેલાંની પણ ટેવ છે એટલે વાંધો આવે એમ નથી. ”
ત્યાર પછી ક્યાંથી આવો છો ને ક્યાં જવું છે—એનો મને અત્યાર સુધી પૂછાતો પ્રશ્ન મારા સાથીએ પૂછ્યો, અને બધાયને જે જવાબ આપતો આવ્યો છું એ આપ્યો. એણે થોડા હાસ્ય સાથે “ ઠીક ” એટલું જ કહ્યું.

પૂછવા પરથી જણાયું કે એ ક્ષત્રિય હતો. ઉત્તરકાશી પાસેના ગામડાનો એ રહીશ; પોતાનો એક ભાઈ દહેરાદૂનમાં નોકરી કરતો હતો એની પાસે રૂપીઆ લેવા ગયો હતો. એની પાસે પચાસ સો રૂપીઆનું જોખમ હશે પણ જ્યાં માણસનાં દર્શનનો જ સંભવ નથી ત્યાં લૂંટાવાની બીક જ શાની હોય ? અને મને તો એ ચોર માને જ શા માટે ?

એ ગામડામાં નિશાળમાસ્તર હતો. અને પછી તો એણે પોતે જ વાત આગળ ચલાવી.

“ અમારું ગામ ગંગાકિનારે છે, એટલે ગામની બહાર બરોબર ગંગાકાંઠે એક કુટિ ગામવાળાઓએ બનાવી છે જેમાં જતા આવતા સંત સાધુ રહે અને ગામમાંથી માધુકરી માગી લાવીને નિર્વાહ ચલાવે. હું બારતેર વરસનો હતો ત્યારે થોડું હિન્દી ભણી લીધા પછી ઘેર હતો, તેવામાં એક કાલિકાનંદ નામના સંન્યાસી આવીને એ કુટિમાં રહ્યા. ગામમાં માધુકરી લેવા આવે ત્યારે મારા જેવાં નાનાં છોકરાં છોકરીઓને બોલાવે એટલે અમે સાંજે એમની કુટિએ જતાં. એ અંગ્રેજી ભણેલા હશે તેથી અમને અંગ્રેજી શીખવવાની શરૂઆત કરી. ત્રણેક મહિનામાં અમે ચાર પાંચ છોકરાં થોડુંક ભણ્યાં, દૂધદહીં લઇ જઇએ, કંઇક ખાવાનું પણ પહોંચાડીએ એટલે માયા ઠીક ઠીક બંધાઈ. સવારે પણ પછી તો જવા માંડ્યું. સવારમાં અમને हरगंगे हरगंगे जय पार्वतीशंकर हरगंगे મંત્રની જોરજોરથી ધૂન કરાવે, પછી ગંગાકિનારે સૂર્ય સામે ઊભા રાખીને ગાયત્રીમંત્રનો જપ કરાવે, અને છેવટે દંડવત્ કરાવીને “ ગંગા માત કી જે ” બોલાવી લે એટલે અમે છૂટા પડીએ.

“ એમની ઉંમર ત્રીસ–પાંત્રીસ વરસની હશે. રૂપેરંગે પણ

ઃડારૂપાળા હતા. બોલવાચાલવામાં ખૂબ જ હોંશિયાર. શિયાળાના ત્રણેક મહિના રહ્યા પછી મહાશિવરાત્રિનો ઉત્સવ કર્યો. અમે બધાંએ વ્રત-ઉપવાસ કર્યો. તે દિવસે સ્વામીજીએ એક જ કૌપિનભેર રહીને આખે શરીરે ભસ્મલેપન કર્યું; બપોર પછી ભાંગ તૈયાર કરી. એમણે મનમાની પીધી અને અમને પણ એવી પાઇ કે કશું દિનદશાનું ભાન ન રહ્યું. સ્વામીજી તો કુટિના આંગણામાં નશામાં ચકચૂર થઇને પડયા હતા. બાફી રાખેલા બટાટા અને પેંડા જ્યાં પડયા હતા ત્યાં જઇને અમે બધાએ ફાવે-તેમ ખાવા જ માંડયું. ખવાય એટલું ખાધું, અને પછી પડયા ગંગાજીમાં સ્નાન કરવા. જ્યાં કુટિ હતી ત્યાંથી ગંગાજીને કાંઠે કાંઠે અમારું ગામ ત્રણેક ફર્લાંગ દૂર હતું, ન્હાતા અને તોફાન કરતા અમે પાણીથી તરબોળ થયેલા બધા અધારું થતાં ઘેર પહોંચ્યા.

“ઘરના મુરબ્બીઓ ખૂબ ગુસ્સે થયા.

“બધી વાત પૂરી કરું એ પહેલાં એ સ્વામીજીની મોહમાયા કહી સંભળાવું. અમારા ગામમાં બધાં મળીને પચીસ ત્રીસ ઘર. ત્રણ બ્રાહ્મણનાં, પંદરેક ક્ષત્રિયનાં અને બીજાં અસ્પૃશ્ય ગણાતાં ડોમડાંનાં હતાં. પોતે માધુકરી લેવા માટે ગામમાં આવે તે વખતે મોટાં તો બધાં ખેતરમાં કામ કરવા ગયાં હોય, ઘેર અમારા જેવાં નાદાન નાનાં નાનાં છોકરાં હોય તે એમને માટે રાખી મૂકેલી માધુકરી આપીએ અને સ્વામીજી અમને લાડ લડાવે.

“બ્રાહ્મણોનાં ત્રણે ઘરમાં ભાગ્યે જ કોઇ ભણેલું હતું, બધાંનો ખેતીનો ધંધો અને એનું કારણ એવું હતું કે એ બધા મૂળમાં તો પહાડના બ્રાહ્મણ જ નહીં. કોઈ પરદેશી બ્રાહ્મણ આવીને પહાડની બ્રાહ્મણ કન્યાને પરણેલો. એના એ વંશવારસ એટલે પહાડના ઉચ્ચ-કુલના બ્રાહ્મણો એમની સાથે કન્યાની લેવડદેવડ કે ભાણાવ્યવહાર નહોતા રાખતા.

“એમની દીકરીઓ ઉત્તરપ્રદેશમાં જઇને આપી આવતા, અને પહાડના દૂરના પ્રદેશમાંથી કોઇ ગરીબ બ્રાહ્મણોની કન્યાને નાણાં આપીને પોતાના પુત્રોને પરણાવતા.”

આટલે સુધી એણે વાત કરી ત્યાં પગથી સાથળ સુધી મને સળવળાટ શરૂ થયો. મેં પગ ઊંચાનીચા કર્યા. પગની આંગળીઓથી સાથળ સુધી ચળ આવવા માંડી : મારો સાથી વાત કરતો કરતો પોતાના હાથ પગ ઉપર ફેરવતો હતો, એનું રહસ્ય મને એકાએક સમજાયું. હું ઊભો થઈ ગયો. પગને ખંજવાળતો ખંજવાળતો બોલ્યો: "આ તો ઢોરની કોઢ છે તે જુઆ પથારીમાં થઈને શરીર ઉપર ચડવા માંડયા. ભારે કરી, અહીં તો સુવાય એમ લાગતું નથી." જુઆએ તો મને નૃત્ય શીખવ્યું, ધમધમ વારાફરતી પગ નાચવા માંડયા. હાથ તો ખંજવાળમાં રોકાઈ ગયા હતા. મારા સાથીએ પણ મારી નકલ કરી; પાથરેલાં પંચીઆં ઉપાડીને બહાર નીકળ્યા. ખંખેર્યાં, અને પગે ચોંટેલી ઈતડીઓ–જુઆ જે કહો તે વીણીવીણીને ફેંકવા માંડયા.

પગે ખંજવાળ વધી પડી. જુઆ ખરી પડે એમ માની પગ પછાડતા હતા. જુઆઓએ અમને જાણે બહાર, છાપરાના આંગણામાં, ચાંદનીના સ્વચ્છ, શીતળ, શ્વેત પ્રકાશમાં નચાવીને હિમાલયના જમાતા શંકરના નૃત્યને યાદ કરાવ્યું.

"અંદર સુવાનું બને એમ લાગતું નથી." મેં કહ્યું.

"હા, ભાઈ! છે તો એવું જ; ઢોરની કોઢમાં તો જુઆ–ઈતડીઓ હોય જ. હાથ વતી ગમે તેટલું વાળીએ ઝૂડીએ, પણ એ તો ભીંતોમાં પણ ભરાઇ બેઠેલી, તે આપણા જેવાંનાં શરીરનું લોહી પીવા ગંધ પારખીને ઊતરી આવે. એને કયાં ખબર છે કે આ ઢોર નથી. પણ માણસ જેવા માણસ છે, ને થાકયાપાકયા મુસાફર છે." એમ કહીને એ ખૂબ જ હસ્યો.

"ચાલો બહાર પથારી કરીએ" એમ કહીને અમે બન્ને અંદર જઇને બીજો સામાન બહાર લઈ આવ્યા. આંગણું દસેક ચોરસ હાથ પહોળું હતું, ત્યાં હાથ વડે જમીન સાફ કરીને પંચીઆં પાથર્યાં, વહેલી સવારના થોડી ટાઢ પડશે. ત્યારે ઊઠીને ચાલવા માંડશું એવો નિશ્ચય કરીને બેઠા.

આંગણામાં આસન જમાવીને બેસી શકાય એવા થોડા સપાટ ઊંચા પત્થર હતા. પથારીઓ છોડીને અમે એની ઉપર ગોઠવાયા, ચળ ચાલુ હતી; એકાદ જુઓ પાછળ ખભા ઉપરથી હાથમાં પણ આવ્યો. એકબે ઢીમણાં સાથળ ઉપર જામ્યાં. ચાલો, આ અણધાર્યા યજમાનો જગાડીને વાર્તા કરાવશે ત્યાં સુધી કરશું, અને શરીર થાકશે ત્યારે નિદ્રાદેવીની કૃપા હશે તો થોડી વાર આડા પડશું. જે થાય છે તે ઠીક જ થાય છે, એમ માનીને અમે બેઠા; "પછી પેલી વાતનું શું?" મેં પૂછ્યું.

"જવાદોને એ વાત, ભલા માણસ! એમાં કંઇ સાર નથી. એ સ્વામીજી જબરા માયાવી નીકળ્યા. બ્રાહ્મણકુટુંબની એક સોળ-સત્તર વર્ષની કુંવારી છોકરી દૂધ લઇને સ્વામીજીને સવારસાંજ રોજ આપવા આવતી. પોતાને ખર્ચે રોજ સ્વામીજીએ એને ત્યાં દૂધ બાંધ્યું હતું. એને એક જ કન્યા હતી. કન્યાનાં માબાપ નિર્ધન હતાં; અને અમે પણ સવારસાંજ જઇએ ત્યારે ઘણી વાર એમની સાથે સ્વામીજી વાતચીત કરતા હોય. એમની કન્યા પાર્વતી દૂધ આપવા આવી હોય ત્યારે અમે જઇ પહોંચતા. નાના એવા ચૂલા ઉપર દૂધ ગરમ કરી આપી સ્વામીજીને પીવડાવી, ગંગાજીથી પાણી ભરીને પછી એ ઘેર જતી.

"સ્વામીજીએ સ્નાન કર્યું હોય અથવા સામટાં કપડાં ધોવાનાં હોય ત્યારે પણ એ ધોઇ આપતી. અમને હવે સમજાય છે કે સ્વામીજી જો કે માધુકરીથી ઉદરપૂર્તિ કરતા પણ લોક પરિચય વધારવા માટે એમની પાસે નાણાં પણ હોવાં જોઈએ. દૂધ વેચાતું મંગાવે. એમની પાસે નાવાધોવાના ઊંચી જાતના સાબુ હોય, શરીરે ચોળવા એમને સરસ મઝાનું તેલ જોઇએ, અને કોઇ કોઈ વાર ટપાલમાં મીઠાઇ મેવાનાં પારસલ પણ આવતાં.

"અમનેય મેવા મીઠાઇનો પ્રસાદ મળતો, પેલી પાર્વતીને તો ખાસ મળે જ. એ બન્નેનો પરિચય વધી પડયો હતો. એનાં માબાપ પણ

ઘણી વાર સ્વામીજી પાસે આવતાં જતાં. એમ લાગે છે કે કંઇ છાની-છપની ગોઠવણો પણ ચાલતી હશે. કારણ કે પાર્વતી એનાં માબાપથી છાનીછપની નહોતી આવતી. એ બધી વાતનો પડદો તો એ શિવરાત્રિને દિવસે જ ઉંચકાયો.

"અમારા બધાંની ગંગાજીથી સીધા ઘેર જવાની વાત કહી એ વાતને ટૂંકી કરવા માટે હતું. પણ હવે તો આખી રાત ઊંઘ ન આવે ત્યાં સુધી વાતો જ કરવાની છે એટલે ચોખવટ કરું. અમે ઘેર તો મોડા ગયા. ગંગાકાંઠે નાવામાં મશગૂલ હતા; ઉપર પાર્વતી સ્વામીજી પાસે આવી હશે ત્યાંથી ગંગાકાંઠે પાણી ભરવા આવી.

"અમે ભાંગના કેફમાં ગાંડાતૂર હતા. પાર્વતીએ પણ નીચે આવીને અમને જોયા એટલે એ પણ અમારી સાથે પાણીમાં નાવા પડી. શિવરાત્રિને લીધે લગભગ ગામના છોકરાઓ જ સ્વામીજી પાસે હતા, તેમાં આ કિશોરવયમાં આવેલી પાર્વતી દોડીને અમારી સાથે નાવા તથા ખેલકૂદમાં ભાગ લેવા માંડી એટલે અમે બધા ગેલમાં આવી ગયા.

એક જણાએ પૂછ્યું: "પાર્વતી, ભાંગ પીધી કે નહિ?"

"અરે મેં પોતે પહેલાં ખૂબ પીધી અને સ્વામીજીએ મને પરાણે પકડીને પછી પીવડાવી તે જુદી; તમે ક્યારના મસ્તી કરો છો?" એ રંગમાં આવી હતી તેથી ચોખ્ખું કહી નાંખ્યું.

"વાહરે પાર્વતી! સ્વામીજી તો પીને ઢળી પડયા હતા ત્યાંથી તેં ઊભા કર્યા કે શું?" ટીખળ આગળ ચાલ્યું.

"ગંગાજીના શીતળ જળમાં સ્નાન કરવાથી તથા થોડી તોફાન-મસ્તી કરી લેવાથી અમે ખાસ બેહોશીમાં નહોતા. પણ એ અવસ્થાનો સ્વભાવ તો તમે જાણો છો જ ને! બધાએ પાર્વતીને પકડીને ગંગાજીના પ્રવાહમાં ઊભી રાખી, એને વીંટળાઈને એના ઉપર પાણીની છાલકો મારતા મારતા "हरगंगे हरगंगे जय पार्वतीशंकर हरगंगे" ના બૂમબરાડા મારવા માંડયા.

" શિવદત્ત કરીને બ્રાહ્મણનો એક છોકરો બહુ તોફની હતો એણે વધારે ગમ્મત કરવા માંડી.

" અલ્યા પાર્વતી તો અહીં છે, પણ શંકર તો ઉપર ઘેનમાં પડયા છે, ઊભા રહો હું એમને પણ ઉપાડી લાવું " એમ કહેતાં ભેખડ ચડીને ઉપર ગયો; અને ખરેખર ! પાએક કલાકમાં તો સ્વામીજીનો હાથ પકડીને ગંગાતટે લઇ આવ્યો. "

વાતમાં બીભત્સ રંગ આવતો જોઈ મને કંટાળો આવવા માંડયો. મારી હિમાલયપ્રયાણની ત્રીજી રાત્રિએ, કોઈ પદચ્યુત અધોગત, નામ-વેશ ધારી સંન્યાસીની ભલે સાચી બનેલી વાત હોય, પણ એથી મને લાભ શો ? એ ગમે તે હશે; ગમે તેમ કર્યું હશે; પણ આવી વાત સંભળાવનારને નિર્દોષ માની લઇએ, તો પણ એમાં હેતુ તો ચતુર્થાશ્રમની નિન્દા જેવો જ દેખાયને !

" ટૂંકમાં કહેવાનું તમારું એમ હશે કે બન્ને પછી નાસી ગયાં; એમ જ ને ! હોય, માસ્તરસાહેબ ! સંસારમાં બધાય આશ્રમીઓમાં સ્વચ્છંદ છે, એટલે કેટકેટલાની વાત કરીએ ? તમેય આવી વાત કયાં ઉપાડી ? " કંટાળાભરેલા હૃદયે મેં કહ્યું : " અરે, એ સંન્યાસી અને પાર્વતી તરત અહીંથી ચાલ્યાં ગયાં, પાર્વતીનાં માબાપ પણ ગામ છોડીને જમાઇને ત્યાં ગયાં; એ કાલિકાનંદજી જેને અમે પાર્વતીશંકર નામથી ઓળખતા તે અત્યારે તો કાનપુરમાં ચોપડીઓની દુકાન ચલાવે છે અને ખાસ્સો ઘરબારી બનીને બેઠો છે. કમાણી પણ સારી છે, આને તો પંદર–વીસ વર્ષ થવા આવ્યાં.

" માફ કરજો તમને ખોટું લાગ્યું હોય તો, પણ જ્યારે મારા મનમાં આ વાત સ્ફૂરી ત્યારે તમને દુભવવાનો ખ્યાલ નહોતો. હવે હું સમજ્યો કે તમે અત્યારે બ્રહ્મચારી વેશમાં ઉત્તરાખંડમાં જાઓ છો, આગળ ઉપર સંન્યાસી પણ થશો, એટલે મેં તમને જાણે સંન્યાસીઓ આવા જ હોય એમ સંભળાવવા માટે વાત શરૂ કરી હશે.

" ના ના બ્રહ્મચારીજી ! બધાય કાંઇ એવા નથી હોતા. સારા વધારે હોય છે, પણ શેર ઘઉંના હજારો દાણામાં એકાદ મોટો તોલા સવા તોલાનો કાંકરો હોય એ તરત જ નજરે ચડે. કારણ કે આપણી ઇચ્છા તો ઘઉં જ જોવાની હોય છે, તેથી કાંકરો અળખામણો લાગે છે અને નજરે પણ એ જ વહેલો ચડે છે.

" આમ આવા હજારોમાં એક હોય તો પણ લોકોની આંખમાં એ ખૂંચે એટલે વધારે યાદ રહે અને એની વાતો પણ વધારે થાય. આ કાલિકાનંદની વાતમાં એનો એકલાનો ક્યાં દોષ છે ? પાર્વતીના માતાપિતાએ જ છોકરીને ઠેકાણે પાડવા બધું કાવતરું કર્યું હશે એમ કેમ નહીં ? અને પેલા કાલિકાનંદ પણ ભગવા રંગે કપડાં રંગીને તાજા જ અહીં જપ–તપ કરવા આવ્યા હશે, તેમાં પ્રસંગ સાંપડયો, અને ભગવાન કામદેવનો વિજય થયો.

" તમે ખોટું ન લગાડશો. આ તો નજરે જોયેલી વાત હતી તે કહી દીધી. બીજી એક મહાપુરુષની વાત કહું : એક ૨૦–૨૫ વર્ષની ઉંમરના સંન્યાસી આવીને રહેલા. માધુકરી કરવા નીકળે ત્યારે કેવળ મૌન જ રાખે. મુખેથી " ૐ નારાયણ " એટલો જ શબ્દ બોલે, ઘરવાળાએ ખૂબ સાવધાની રાખવી પડે કારણ કે એ વધારે વખત આંગણે ઊભા જ ન રહે.

" ગામના થોડા પુરુષો સાંજરે એમની પાસે જાય. ત્યારે મનુસ્મૃતિ તથા ભગવદ્‌ગીતામાંથી પ્રવચન કરે. મનુસ્મૃતિ પ્રમાણેના આચારવિચાર ઉપર ધર્મના નિયમો ઉપર, અને એ પ્રમાણેના જીવનવ્યવહાર ઉપર એ બહુ જોર દેતા. આ વાત તો પાંચ-સાત વર્ષ પહેલાની જ છે. કારણ કે એ વખતે હું પણ રોજ જતો અને સવારે જઈને ગામવાળાએ દૂધના વારા બાંધી રાખેલા તે પ્રમાણે ઉઘરાવીને આપી આવતો.

" સ્ત્રીવર્ગ જાય તો વાતચીત ન કરે. દૂરથી કોઇ ૐ નમોનારાયણાય કહીને દર્શન કરે એટલે " નારાયણ " શબ્દમાત્રથી ઉત્તર આપીને સુખી થાઓ એટલા શબ્દ ઉમેરી તરત ચાલ્યા જવાનો સંકેત કરે.

" લોકોની શ્રદ્ધાભક્તિ એમના ઉપર ખૂબ જ હતી. દૂધ દહીં,

તેમ જ બીજી જરૂરી ચીજો ગામલોકો પૂછીપૂછીને ભાવભક્તિપૂર્વક એમને આપી આવતા. બોલવું થોડું, હળવુંમળવું પણ સત્સંગ પૂરતું અને લેવું તે ખપ જોગું. ચાર પાંચ મહીના રહી ગયા હશે પણ એમની સુવાસ હજુ સૌના મનમાં ભરી છે. બીજાયે ઘણા આવે જાય છે અને સારા જ વધારે આવે છે, કારણ કે હિમાલયમાં ગંગાતટે એકાન્તસેવન કરવા આવે તે શા માટે તપોભંગ થવા દે ? પેલા કાલિકાનન્દની તો વાત જ મૂકી દોને. એણે તો એટલું બધું હળવામળવાનું, વાતો કરવાનું, લેવડદેવડ કરવાનું, ને ભિક્ષામાં પણ અમુક જોઈએ અને અમુક નહીં એમ કહેલું તથા પરિણામ પણ મેં કહ્યું એવું આવ્યું એટલે સૌના મનમાં એને માટે કંટાળો આવેલો.

એટલું બોલીને એની નાની એવી પાણીની લોટી લઇને ઝરણા તરફ શૌચ માટે ગયો. મને જુદી જુદી જાતના વિચારોએ ઘેરી લીધો. એની લાંબી વાત પૂરી થઇ એટલું સારું થયું, નહિ તો મારે ન છૂટકે વાતનો વિષય બદલવો પડત અથવા પથારી ઉપર સૂઇને પડી રહેવાનો ઢોંગ કરવો પડત.

જે ચતુર્થાશ્રમનો, એ આશ્રમને જ્ઞાનનિષ્ઠા મેળવવા–કેળવવા અને બ્રહ્માનંદ માણવાનો, તત્ત્વવિદ્ જીવનમુક્ત મહાત્માઓનો, ત્યાગવૈરાગ્યની પરાકાષ્ટાના મૂર્ત સ્વરૂપનો અને એ રીતે વેદોકત જ નહિ, પણ જૈન, બુદ્ધ, ખ્રિસ્તી, મુસ્લિમ જેવા મુખ્ય મુખ્ય તાત્વિક સિદ્ધાન્તોનું પણ જેને પોષણ–સમર્થન મળે એવા બધા ધર્મોમાં બ્રહ્મવિદ્ જ બ્રહ્મ છે, એ સિદ્ધ કરવા માટે જીવન્તમૂર્તિ સ્વરૂપનો અન્ય સંસારી સમક્ષ ખડાં કરવાનો મહિમા અપરંપાર ગાયેલો છે. જ્યાં હું એ માટે તૈયારી કરું છું, સાધનમાર્ગને પગલે પગલે ચાલીને આત્મસમર્પણની ભાવના ભરીને અહીં એકાન્તસાધના માટે જાઉં છું, તેની સમક્ષ આવી વિપરીત વાતો આવે, એ માર્ગના અભ્યાસીઓનું અનુકરણ કરનારા કાલમહિમાને લીધે વધી પડયા છે એવું જાણું ત્યાં મારે શું કરવું, એવો મહા પ્રશ્ન સહજ સ્વભાવે ચિન્તા કરાવે. ઉપરાંત શ્રદ્ધા રાખવી કે નહિ, અમુક વેષધારી

તત્ત્વવિદ્ જીવન્મુક્ત, જ્ઞાની, ગુરુપદવીયોગ્ય સન્ત છે કે નહિ એ જાણવું કઇ રીતે ? એ અક્ષરજ્ઞાની એટલે ભણેલા હોવા જ જોઈએ કે નિરક્ષર હોય તો ચાલે ? શાસ્ત્રવિદ્યાનો ઉપદેશ આપે, કથાશ્રવણ કરાવે એ સન્ત કે બીજી કોઇ રીતે એમની પરીક્ષા ખરી ? અને પરીક્ષા જો મારે જ કરવાની હોય તો તદ્દન અસંભવિત છે, કારણ કે હું તો પ્રથમ શ્રેણીનો અભ્યાસી હોઈ એ સર્વોત્તમ શિખરે પહોંચેલાની કઈરીતે પરીક્ષા લઈ શકું ?

મન્થન ચાલ્યું. જાતતપાસ શરૂ કરી; પહેલાં વાંચ્યું હતું તે યાદ આવવા માંડયું. પુરાણોમાં ઘણાએ તપસ્વીઓનાં સ્ખલન વર્ણવ્યાં છે, અને દોષ જોવા બેસીએ તો બધા દેહધારી વ્યવહાર કરતી વખતે તો એક સરખા જ લાગે. બુદ્ધિભેદ હોય, શક્તિભેદ હોય, એવા ઘણા ઘણા ભેદ હોય, એમાંથી અભેદ માર્ગે ચિત્તને રાખીને આંતરિક અભેદ અનુભવે અને વ્યવહારના ભેદ ને એ ભેદમાંથી ઊભાં થતાં દ્વંદ્વને ચિત્ત ઉપર ન તો ચોંટવા દે કે ન એનો રંગ ચડવા દે—એવા વિરલાને જાણવો ઓળખવો કઇ રીતે ?

માસ્તરસાહેબ શૌચથી પરવારીને આવ્યા; હું શાન્ત હતો તેથી "ઊંઘ આવવા માંડી કે શું ?" એમ પૂછ્યું.

"જુઓ, બ્રહ્મચારીજી! પેલી વાતથી માઠું ન લગાડશો. હું ઉત્તરકાશીના સ્વા. રામાશ્રમનો શિષ્ય છું; જુઓ આ રહી મારા ગળામાં રુદ્રાક્ષની માળા. હવે હું એકવીશ માળા ફેરવીશ, પછી ઊંઘવાનો વિચાર કરીશ." એમ કહીને એણે પોતાના ગળામાં રાખેલી માળા હાથમાં લઇને દેખાડી.

"એ મહાત્મા કેવા છે ?" મેં સહજ ભાવે પૂછ્યું;

"ત્રીસ-ચાળીશ વર્ષથી ઉત્તરકાશીમાં જ રહે છે. એ જૂના ખંડિયેર જેવા શિવાલય પાસેની ઓરડીમાં રહે છે, ક્ષેત્રમાંથી માધુકરી લાવીને ખાય છે, વિદ્વાન પણ છે અને યાત્રાળુઓ આવે એ બધાં એમનો સત્સંગ કર્યા વિના જાય જ નહિ. નીચે દેશમાંની પણ ઘણા

સારા સારા ભણેલો એમના શિષ્યો છે, પણ એમની તો એક જ જાતની રહેણીકરણી ! ઓઢવાપાથરવાનાં સાદાં ચાર–પાંચ કપડાં, અને ક્ષેત્રમાંથી મળે એ ભિક્ષાનું ભોજન. ”

મેં નામ યાદ રાખ્યું. એણે આગળ ચલાવ્યું.

“ સ્વા. રામતીર્થનું તમે નામ કહો છો એ ટિહરી પાસે વાનપ્રસ્થ થઈને આવ્યા ત્યાર પછી ઉતર કાશીમાં * સ્વા. રામાશ્રમનાં દર્શન કરવા આવ્યા હતા. સાચુંખોટું જે હોય તે ખરું પણ સ્વા. રામાશ્રમ પાસે જ સ્વા. રામતીર્થને સંન્યાસદીક્ષા લેવી હતી એવું અમે સાંભળ્યું છે. પણ અમારા સ્વામીજીએ એ માટે ના પાડી.”

*સ્વા. રામાશ્રમ ઉત્તરકાશીમાં રહેનારા વિખ્યાત સંન્યાસી હતા. હું ઇ. સ. ૧૯૧૫માં પ. પૂ. સ્વા. નારાયણ તીર્થની સાથે યમનોત્રી તથા ગંગોત્રીની યાત્રાએ ગયો ત્યારે મેં એમનાં દર્શન કર્યાં હતાં; ત્યાગી અને તપસ્વી સન્ત હતા. વિદ્વત્તા તો ખાસ નહીં, પણ એમની આત્મનિષ્ઠા બહુ સારી હતી. એમણે કોઇને સંન્યાસદીક્ષા આપેલી જ નથી. સ્વા. રામતીર્થજીએ સંભવ છે કે એમની પાસે દીક્ષા લેવાનું પૂછ્યું હોય, અથવા સંન્યાસઆશ્રમ વિશે પોતે વાનપ્રસ્થ અવસ્થામાં ટિહરી પાસે પટિઆરગામમાં રહેતા હતા તે વખતે ઉત્તરકાશી જઇને કંઇક સલાહસૂચન કર્યાં હોય. કારણ કે આ જ વાત પાછળથી મારા હિમાલયનિવાસ દરમ્યાન ઘણાને મુખે તેમજ કર્ણોપકર્ણ પણ સાંભળી છે. કહેવાય છે કે સ્વા. રામાશ્રમ અને સ્વા. કેશવાશ્રમ બે ગુરુબન્ધુઓ ઉત્તરાખંડની યાત્રાએ ગયા, ત્યાં સ્વા. રામાશ્રમ ઉત્તરકાશીમાં રહ્યા અને એમના ગુરુબન્ધુ સ્વા. કેશવાશ્રમ જ્યાં પાછળથી રામમઠ હતો તે માલિદેવલ ગામની પાસેના ગંગાઘાટ ઉપર નિવાસ કરતા હતા. સ્વા. કેશવાશ્રમનું શરીર તો વર્ષો પહેલાં પંચત્વ પામી ચૂકયું હતું.

હું ઉત્તરકાશીમાં એમનાં દર્શને ગયો ત્યારે ઉત્તરપ્રદેશના ત્રણચાર જિજ્ઞાસુઓ એમની પાસે બેઠા હતા, જેમાંના એક તે વખતે ડેપ્યુટી કલેકટર હતા. પોતે સરકારી અમલદાર, તે વખતનો અમલદારી કેફનો જમાનો, બંગભંગની સ્વદેશી ચળવળ પછીનો સ્વદેશભકિતનો ઊભરો, અંગ્રેજ સરકારના

"એમ ! સાચી વાત છે ? મેં કાંઇ આવું હજુ સુધી સાંભળ્યું નથી." મારા આશ્ચર્યનો પારો ઊછળ્યો.

"હું ક્યાં સાચું જ હશે એમ કહું છું ! પણ બનવા સંભવ ખરો કે નહિ ?" એણે પ્રશ્ન કર્યો.

"ચાલો, પણ હવે આપણે ઊંઘવાની મહેનત કરીએ" એમ કહીને હું પથારી ઉપર પડયો.

એણે પથારી ઉપર બેસીને પોતાના જપ શરૂ કર્યા, મને ઊંઘ આવે એમ નહોતી. પડયાં પડયાં હું પણ બીજું શું કરું ? નિત્યના અભ્યાસ પ્રમાણે મેં માનસિક જપ શરૂ કર્યા.

---

છુપી પોલીસખાતાની ભણેલાગણેલા સાધુસંન્યાસીઓ પાછળની દોડધામ અને હેરાનગતિ એ બધું તે વખતે ખૂબ જોરમાં હતું. પર્વતીયપ્રદેશના નિવાસમાં પણ સ્વા. રામતીર્થની પાછળ ગુપ્તચરો કંઈ કંઇ વેશમાં જતા. સંન્યાસ ધારણ કર્યા પછી રામમઠથી નીકળી મસુરી, દહેરાદૂન, દિલ્હી વગેરે સ્થાનોએ જતાં મને પણ એ જમાનામાં ગુપ્તચરોના સ્વાગતનો સારો એવો લાભ મળતો. ઉપર કહ્યું તે ડેપ્યુટી કલેકટર અંગ્રેજ સરકારના અત્યંત વફાદાર નોકર તરીકે સંતસાધુઓનો પરિચય સેવતા એવી ગંધ અમને બધાને એમના પરિચયથી આવી હતી.

સ્વા. રામાશ્રમજીને એમણે અર્ધરાજકીય પ્રશ્ન પૂછયો; "અહીં એક સુંદર આશ્રમ થવો જોઇએ. આપ નવજુવાનોને શિક્ષણ આપો, દેશવિદેશમાં એ બધા વિચરે; ધર્મ અને દેશના ઉદ્ધાર માટે ઉપદેશ આપે તો આ ભારતવર્ષનો સત્વર ઉદ્ધાર થાય," આવું આવું એ ડેપ્યુટી કલેકટર મહાશયે કહ્યું.

સ્વા. રામાશ્રમજીએ ખૂબ હસીને ગંભીર ભાવે ઉપદેશ આપ્યો. "જુઓ ડે. ક. સાહેબ ! આ દેશવિદેશના ઉદ્ધારની અમને ના નથી. અમે આત્મારામ એટલે આત્મભાવનામાં મનને રાખીને એનો આનંદ માનનારા છીએ, એથી આત્માથી પૃથક્ અનાત્મદેશકાળનું ભાન કાંઇ નથી રહેતું એમ નથી. અમારા આદ્ય શંકરાચાર્યે જગતનું ઉદ્ધરણ કર્યું, પણ એ ધર્મના સાધન વડે. જ્યાં સુધી અમારાં શરીર હોય ત્યાંસુધી અમને દેશકાળનું ભાન, એની ચડતી પડતી

અર્ધાક કલાકે એની જપસંખ્યા પૂરી થઈ હશે એટલે ઊઠીને બહાર જઇ આવ્યો. મેં પડખું ફેરવ્યું. મને જાગતો જોઈ એણે કહ્યું: "કેમ ? બ્રહ્મચારીજી ! ઊંઘ નથી આવતી ? જુઆ કરડે છે કે શું ?"

"ના ના, અહીં બહાર તો જુઆ નથી, અને ઠંડક પણ સારી છે, પણ આજ હજી નિદ્રાદેવી કૃપા કરતાં નથી." મેં જવાબ વાળ્યો.

"જુઓ, પેલી વાત માટે કહો તો હું તમારી ક્ષમા માગું; એને મહેરબાની કરીને મનમાં ન રાખશો. આવા કલિકાલમાં એવા અસંખ્ય

---

અવસ્થા, પૈડાના આરા ઊંચાનીચા થાય એમ કાલના યુગ કે આરાની દશા બદલાય, અને એ પ્રમાણે સંસારીજીવોનાં વ્યવહાર વર્તન થાય; અમે તટસ્થભાવે એમાંથી મૂઝાયેલાં અકળાયેલાં હોય તેમને ત્યાગ અને તત્વજ્ઞાનનો ઉપદેશમાર્ગ ચીંધીએ. અને એ માર્ગે જનારાનું કલ્યાણ થાય એમ ઇચ્છીએ. પણ અત્યારની સ્થિતિ તદ્દન જુદી જ છે.

"તમે અમને જે શિખામણ આપો છો એ છે ક્ષત્રિયવર્ગને સુધારવાનો માર્ગ. રાજ્યકર્તા એટલે રજોગુણ ભરેલો ક્ષત્રિયવર્ગ. તમે જ કબુલ કરો એવું છે કે અત્યારે તો હિંસા, દ્વેષ, છલકપટ , વગેરેનો તમોગુણ ફેલાઇ રહ્યો છે; અમને સુધારવા તમે અમને આશ્રમ સ્થાપવાનું કહો છો તો સાંભળો હવે.

"પહેલાં તો આ આશ્રમના અધિષ્ઠાતા તમે બની જાઓ. અથવા તમે જ પહેલાં એમાં દાખલ થાઓ. ધનવૈભવ, સ્ત્રીપુત્રપરિવાર બધાનો ત્યાગ કરીને અહીં પહેલો નંબર તમારો જ આવે એમ કરો. તમે તૈયાર થાઓ અને તે અમારા ધર્મમાર્ગની શરતે. પછી તમે તમે મોટો આશ્રમ સ્થાપો. બીજાઓને રાખો અને ધર્મમાર્ગે દેશસુધારણા કરો.

"અમે તમને સંન્યાસ લેવાનો ઉપદેશ કરતા નથી, પણ તમે અમને આશ્રમધારી બનવાનું કહો છો; ખરી રીતે એ કામ તમારું છે. તમારે અમારી પ્રેરણા લઇને આશ્રમ ચલાવવા હોય તો ચલાવો. પણ તમારી રજોગુણી તમોગુણી ઉપદેશ અને આચારવિચારની પદ્ધતિનો સ્વીકાર કરીને તમારી

દંભીઓ આપણા દેશમાં ભમતા હશે. આપણે એમાં શું ? સાચો માર્ગ ક્યાં કોઈનાથી અજાણ્યો રહે છે ! તમે ત્યાગી જણાઓ છો, વળી સ્વા. રામતીર્થજીના શિષ્ય સ્વા. નારાયણતીર્થજીની છાયામાં છો, એટલે તમને શી હરકત આવવાની છે ? !" એની આટલી સહૃદય વાતચીતે મારા મનને ફેરવી નાખ્યું. મને સમજાયું કે એણે સહજ

---

ધર્મહીન પ્રેરણા પ્રમાણે અમે તમારા આજ્ઞાધીન નોકર બનીને આશ્રમ ચલાવીએ, એ કોઈ કાળે બન્યું નથી, બનવાનું નથી.

"ભ. રામચંદ્રજીએ ઋષિઓ પાસે દેશોદ્ધારનાં કામો કરાવવા માટે આશ્રમો નહોતા ઉપજાવ્યા. ભ. કૃષ્ણચંદ્રે પોતાના કુલગુરુ ઋષિઓ, તેમ જ ભકતગણ વિદુર, ઉદ્ધવ તથા સુદામા વગેરે પાસે દેશોદ્ધારનાં કામ નહોતાં કરાવ્યાં; વ્રજમંડળની ગોપિકાઓને સ્વયંસેવિકાઓ બનીને યુદ્ધમાં પાટાપીંડા કરવા નહોતી બોલાવી.

"તમે તો ઊલટી ગંગા વહેવડાવવા ઈચ્છો છો, અને પશ્ચિમની જે પ્રણાલિકાએ ત્યાગ, વૈરાગ્ય અને ધર્મપ્રધાન ભારતની પ્રજાને છેલ્લાં સોબસો વર્ષથી અધર્મના ખાડામાં નાંખી છે, અને પશ્ચિમને ગુરુ માનીને ભવિષ્યમાં પણ જે બનશે, એ બધું ભારતમાંથી ધર્મ, તત્ત્વજ્ઞાન, સદાચાર અને સંયમને નિર્મૂળ કરશે એમ અમને તો લાગે છે.

"તમારે એક જ લાકડીએ સૌને હાંકવા છે; વર્ણ અને સંસ્કાર, કર્મ અને કર્મફલ, જન્મમૃત્યુ અને જન્માન્તર શરીર, એવી કશી ગતાગમ વગર તમે અંગ્રેજી સરકારના નોકરો અંગ્રેજી નજરે જ બધાને દોરવા માગો છો અને ઉપરથી બહાનાં કાઢો છો, ઉત્તરાખંડની યાત્રાએ આવીને પાવન થવાનાં. નોકરચાકર તથા વૈભવ વગેરે સાથે લઇને આ પવિત્ર માર્ગને વિષયી બનાવી મુસાફરીની લહેર માણો છો, એ તમારો કઈ જાતનો ધર્મ ?

"જરા વિચાર કરો, ડે. ક. સાહેબ ! તમે અમને કહેવા આવો છો એ તમે જ પહેલાં કરી બતાવો. અમારા વિચારો, પ્રાર્થનાઓ, ભાવનાઓ, ત્યાગ,

સ્વભાવે, એના મનમાં સ્ફૂરી આવી તેવી વાત કહી નાંખી હતી; કારણ કે એ પોતે બહુ ઉચ્ચ કોટિના સંતનો શરણાર્થી હતો.

"ચાલો, ત્યારે હું તો હવે સૂઇ જાઉં છું; હું તો આજ બહુ લાંબેથી ચાલીને આવ્યો છું." એમ કહીને એણે પથારીમાં લંબાવ્યું.

વાતચીતમાં હું બેઠો થઇ ગયો હતો. ઊભો થઇને બહાર જઈ આવી હાથમોં ધોઇ હું પણ પડયો પંચિયું પાથરેલી પથારીમાં.

---

વૈરાગ્ય, ભકિત, અને આત્મજ્ઞાનતાં આંદોલનો જ પૃથ્વી ઉપર તો પ્રાણ જાણે પણ આ ભારતવર્ષમાં રહીસહી ધર્મશાન્તિ અને વર્ણસંસ્કૃતિ સાચવી રહ્યાં છે. જાઓ, મઝા કરો મનમાની અને સ્વદેશ, સ્વકુળ, સ્વવર્ણ, સ્વધર્મને પાણીવેગે સમુદ્રમાં નાંખવા જાઓ છો એનો કંઇક રસ્તો કહાડો, હજુએ જો તમારા સંસ્કાર સુધરે તો."

આટલું બોલીને સ્વામી રામાશ્રમજી શાન્ત થયા. મહેરબાન ડેપ્યુટી કલેકટર સાહેબ શ્યામ થયા; એમના ચહેરા ઉપર નિસ્તેજ પામરતા પથરાઈ વળી. બીજા પ્રેક્ષકો દિંગ્મૂઢ બનીને સ્વામીજીની ગંભીર મુખમુદ્રા તરફ જોઇને સ્તબ્ધ બની બેઠા. મને એમના જ્ઞાનની, નિવૃત્તિમાર્ગની, ત્યાગવૈરાગ્યની તથા સ્પષ્ટવકૃત્વની અવર્ણનીય તાજગી મળી.

## પ્રસંગ સાતમો

કંઈક વિચારમાળા ફરતી હોવાને લીધે કે થોડુંક મચ્છર જેવાં જીવજન્તુઓના કરડવાથી, કોણ જાણે કેમ પણ પહેલાંની બે રાત્રિ જેવી ઊંઘ આજે ન આવી. શરીર તો થાકેલું જ હતું, પણ થોડી મનની ગડમથલ અને આકાશમન્દિરની ખુલ્લી છત નીચે જ સૂવાનું, એ અણધાર્યા પ્રસંગે શરીરને અર્ધજાગ્રત રાખ્યું હતું. વહેલા પાંચેક વાગે ઊઠ્યા હોઈશું; હાથમોં ધોઈને કશી ખાસ વાતચીત કર્યા વિના ચાલવા માંડ્યું. સડક નજદીક આવતી હતી એટલે પગકેડી ઊંચે ચડતી હતી. મારા સંગાથીની ઝડપ ગજબની હતી. હુંયે પાછળ દોડયે જતો હતો; કલાક દોઢકલાક ચાલ્યા ત્યાં મસૂરીથી ટિહરી જવાની સડક ઉપર પહોંચ્યા. મસુરીથી ટિહરીનો ચાલીસ માઇલનો સુંદર સડકનો પાકો માર્ગ સીધો નીચે ઊતરવાનો, કોઈ પણ જાતના ચઢાણ વગરનો હતો. થાક લાગે નહીં, રસ્તો પૂછવો પડે નહીં અને ચારપાંચ માઇલને છેટે સરસ દુકાનો આવે ત્યાં દૂધ, દહી, લોટ, દાળ, ચોખા, ઘી વગેરે રસોઇનું સીધુંસામાન, રાત રહેનાર માટે લાંબી પરસાળ અને નાસ્તા-ચવેણા માટે પણ ચણા, ગોળ, ટોપરું વગેરે મળી શકે. સડક ઉપર બેએક માઇલ ચાલ્યા પછી એવી એક દુકાન આવી.

દુકાન પાસેના નાના એવા બાંકડા પર એક ૫૦–૫૫ વર્ષના સંન્યાસી અને ૧૮–૨૦ વર્ષના બ્રહ્મચારી મહારાજ બેઠા હતા. દુકાનમાં ચૂલા ઉપર દૂધ ઊકળતું હતું. મેં સન્તને ૐ નમોનારાયણાય કર્યા; એમણે હસીને પૂછ્યું; કયાંથી આવો છો ? બ્રહ્મચારીજી ! કયાં રાત

હતા ? " મને મસુરીથી આવતો માનીને રાતે ક્યાં હોઇશ એમ જાણવા પ્રશ્ન કર્યો. મેં મારી વાત કહી. હું બેઠો, મારો સંગાથી તો ચાલવા જ માંડ્યો. એ રહ્યો પહાડી. એને સાથ સંગાથની શી પરવા પડી હોય ? અને હુંયે હવે એની સાથે શા માટે દોડું ? સડક આવી ગઇ હતી.

સ્વામીજી મહારાજને દુકાનદારે પ્યાલામાં દૂધ ભરીને આપ્યું. સ્વામીજીએ તરત જ દુકાનદારને ઇશારો કર્યો અને મને તથા પેલા પંજાબી બ્રહ્મચારીને ચણા–ગોળ ખાવા માટે મળ્યાં. અમે લીધાં અને ખાવા માંડયાં. સ્વામીજી પંજાબમાંથી આવીને ઉત્તરકાશી જતા હતા એમ પૂછતાં જણાયું.

અહીં બેઠાં બેઠાં સડકની સામે પર્વતની ખીણમાં નાનાં નાનાં ગામ દેખાતાં હતાં. એકાદ બે નાની નદીઓ, મોટાં ઝરણાં જેવી વહેતી વહેતી આંખને તૃપ્ત કરતી હતી. વનસ્થલની શોભા, મારો નવીન પંથ, રામમઢ પાસે આવતો જાય છે એનો હર્ષ, અને અત્યારે અયાચક રીતે મળેલા ચણા ( શેકેલા ) ગોળનો નાસ્તો, બધા શુભશકુનથી ચિત્તમાં પ્રસન્નતા આવી હતી. હૃષીકેશથી અહીં સુધી પહોંચતાં વચમાં ત્રણ રાતવાસા થયા, આતિથ્ય માણ્યું, જુદી જુદી પ્રકૃતિના સંગાથીઓ મળ્યા, વનવિહાર કરતાં બ્રહ્મચારી–સાધુઓના સત્કારની માહિતી મળી; એ બધી વાતો અંતરમાં ભાવી માટે ઉત્સાહ આપતી હતી.

ત્યાગ અને તિતિક્ષા વડે જ દીપાવવાનો આ ચતુર્થાશ્રમ, જ્ઞાન અને વૈરાગ્યવડે સુરક્ષિત જીવન જીવવાનો સંન્યાસધર્મ, ગુરુભક્તિના ગૌરવ અને બ્રહ્મભાવના નિરભિમાનથી આંતરિક સત્ત્વસંપત્તિ વધારવાનો અલૌકિક માર્ગ, એની કલ્પના કે આદર્શ કેટલાં સુન્દર છે !

× × × ×

બ્રહ્મચર્ય આશ્રમમાં ગુરુકુલમાં નિવાસ કરો; સેવાશુશ્રુષાથી ગુરુદેવનો પ્રસાદ પામો. લૌકિક વિદ્યામાં પારંગત થાઓ; અલૌકિકપરમાર્થ-વિદ્યાના શ્રીગણેશ કરીને એ પ્રમાણે જીવન જીવવાનો આદર્શ બનાવો. આ છે માવનનાં સંસ્કારશુદ્ધ બીજારોપણ.

ગૃહસ્થાશ્રમી બનો; પતિપત્નીના યુગ્મને પુરુષપ્રકૃતિનું, શિવ-પાર્વતીનું, પરસ્પર સૂચક–પૂરક બને એવું, અભિન્ન સંજ્ઞાવાળું દ્વંદ્વ સમજો; કામવિકારથી ઉત્તેજિત થઇને નહીં, પણ પ્રજાસંતતિના વંશક્રમ માટે જાતીય ધર્મ પાળો; પુત્ર પરિવારને ઈશ્વરદીધો, પ્રારબ્ધપ્રાપ્ત અને સેવા નિમિત્ત મળેલો જીવસમૂહ માનો; પૂજ્ય ઋષિઓની, આરાધ્ય દેવદેવતાની અને પુણ્યનામ પિતૃઓની કર્મકાંડ વિધિ પ્રમાણે ઉપાસના કરો; પુરુષપ્રકૃતિના ધર્મની એવી રીતે ઇતિશ્રી કરીને અશરીરી ભાવ કેળવવા તપશ્ચર્યા અને ત્યાગને પુણ્યપંથે જવાના શ્રીગણેશ કરો. આત્મા નથી પુરુષ કે નથી સ્ત્રી, એ ભાવની જાગ્રતિ રાખવા તૈયાર થાઓ.

વાનપ્રસ્થી બનો, પિતૃમંડળ કે પ્રજાસંતતિના મધ્યસ્થ પિંડ તરીકે ગૃહસ્થાશ્રમીનો ભાગ ભજવ્યો, એમાંથી છૂટીને દેવયાનના વિશુદ્ધ માર્ગે ઉડ્ડયન કરવા કટિબદ્ધ થાઓ; પતિપત્ની તરીકે સશરીર રહેવા છતાં, આત્મજાગ્રતિનાં અશરીરી ધર્મ માટેનાં કર્મ–ઉપાસના કરો; પ્રકૃતિ કે પુરુષ, પત્ની કે પતિ, પુત્રો કે પુત્રીઓ, પૌત્રપરિવાર કે પિતામહ વંશાવલિ—એ બધા સંસારીક્રમને જ્યાં ને ત્યાં પડતો મૂકીને, સાંકળની વચલી કડી છૂટી જાય તેમ એમાંથી મુક્ત બનો. ઉપાસનાના પૂજાક્રમમાં અંગપ્રત્યંગે દેવદેવતાની સ્થાપના–ન્યાસ કરતા હતા, એ **દ્વૈતવાદમાંથી**, પૂજ્યપૂજક ભાવમાંથી, નામરૂપમય સમસ્ત દેહમાં એક માત્ર બ્રહ્મનો જ ન્યાસ કરવારૂપ જે **સંન્યાસ** ધર્મ છે, એની પૂર્વ તૈયારી કરો. બ્રહ્મચર્ય આશ્રમમાં શ્રીગણેશ કરેલી પરમાર્થપરા-

વિદ્યાને લક્ષ્ય બનાવો. તપશ્ચર્યા વધારો અને જ્ઞાનભાસ્કરનાં પ્રખર તેજવડે બુધ્ધિને પ્રોજ્જ્વલ કરો; આ છે વાનપ્રસ્થ આશ્રમનાં શોભા અને ધર્મ.

અને છેલ્લો તથા સર્વોપરિ છે સંન્યાસ આશ્રમ. બ્રહ્મચર્ય આશ્રમમાં બ્રહ્મવિદ્યાપ્રાપ્તિનાં વ્રત લીધાં; ગૃહસ્થાશ્રમમાં વટવૃક્ષ બનીને પ્રારબ્ધપ્રાપ્ત જીવસમૂહોની સેવા દ્વારા ઈશ્વરસ્મરણ રાખ્યું; વાનપ્રસ્થ આશ્રમમાં પુરુષપ્રકૃતિના લિંગભેદને ભસ્મીભૂત કર્યાં; અને હવે ?— લિંગભેદ, જાતિભેદ, પ્રકૃતિભેદ, જીવ-ઈશ્વરભેદ, જીવજગતભેદ એવા એવા બધા ભેદભાવને એક જ અભેદ સ્વરૂપ અજાતિ, અલિંગી પરમ તત્ત્વમાં લીન કરો; વ્યકિતગત अहम्‌નો બ્રહ્મમાં સંન્યાસ કરીને એ સર્વવ્યાપી બ્રહ્મનો સ્વાનુભવ સિધ્ધિ કરવાનો આદેશ ઝીલો; अहम्, त्वम्, तत्, इदम्, सर्वम्, એ બધુંય બ્રહ્મ છે; એ एक અને अद्वितीय છે; એમાં નથી લોકસેવા કે જીવસેવા; નથી આલોક કે પરલોક, જગત, સંસાર, જગદીશ, જીવસમૂહ, જન્મમૃત્યુ-એવા કશા શારીરિક ભાવ તમારા સ્વરૂપમાં નથી. સમસ્ત દ્વૈતનો એક અને અદ્વિતીય આત્મામાં સમજણપૂર્વક અને સંપૂર્ણ રીતે न्यास કરવો એ છે संन्यास. દેવદેવતાઓના સમૂહને રીઝવી રીઝવીને લૌકિક કલ્યાણ સાધ્યાં; પાર્થિવ શરીર ધારણ કરીને પૃથ્વીપતિથી માંડીને પૃથ્વીપુત્ર સુધીના અધિકારભેદવાળા જીવાત્માઓને પ્રસન્ન કર્યાં; સેવાથી શુદ્ધિ મેળવી; દાન, પુણ્ય, વ્રત, તપ, તીર્થભ્રમણ, સત્સંગ, ગુરુશરણવિધાન—બધાં પુણ્યપાવક કર્મો અને ચિત્તશોધક ઉપાસનાના ધર્મોથી બ્રહ્મભાવનો પરિપકવ અધિકાર કેળવી લીધો. હવે કરો એ બધાનો **સંન્યાસ :** પ્રારબ્ધપ્રાપ્ત દેહ અને પ્રયત્નસાધ્ય આત્માસાક્ષાત્કાર—બન્નેની સુરક્ષા માટે આજીવન આત્માનુસંધાન રાખો. શ્રવણ કરી લીધું, એના ઉપર મનન કરી જોયું એ પ્રમાણે નિદિધ્યાસનનો તાર સાંધ્યો; પરિણામે સુંદર આત્માકારવૃત્તિ લાધી; બધું બ્રહ્માકાર ભાસ્યું; રોમેરોમે આનંદ ઊમટયો. વૃત્તિએ વૃત્તિએ

જ્ઞાનદીપ પ્રકટ્યા; શ્વાસેશ્વાસે સદ્ધર્મ સ્ફૂર્યા; શબ્દેશબ્દે બ્રહ્મઘોષ ગાજ્યા અને જે હતું, એ તેમનું તેમ અનુભવમાં ઊતર્યું; માનવજીવનનું અંતિમ લક્ષ્ય સિધ્ધ થયું; બ્રહ્મલીલાની પૂર્ણપ્રાપ્તિ—પ્રાપ્તની પ્રાપ્તિ !

*　　*　　*　　*

અત્યારે સમજાય છે એવું રહસ્ય સમજવાનું તે વખતે મારામાં શાસ્ત્રજ્ઞાન નહોતું; આવો શબ્દભંડોળ નહોતો; વિવેકની ઊણપ હતી; પણ કોઈ અજ્ઞાત—અદૃષ્ટ પૂર્વસંસ્કારની પ્રેરણાથી હું એ માર્ગે ઊડતો હોઉં એમ લાગતું હતું. અંગપ્રત્યંગમાં ઉત્સાહના ઊભરા હતા; અનાયાસે આવી પડતા પ્રત્યેક પ્રસંગને હર્ષથી વધાવી લેતો હતો; ચિત્ત આશાવાદી બનીને પ્રાણમાં પ્રગતિ પૂરતું હતું.

સ્નેહાળ સગાસંબંધીઓનું ધર્મઋણ, પ્રેમાળ મિત્રધર્મની હૂંફનો ત્યાગ, દેવઋણ, ઋષિઋણ, પિતૃઋણ જેવાં બધાં ઋણનો વિચાર મૂકી દઇને એ બધાંયના મૂલ જેવા બ્રહ્મઋણનું દેવું પતાવવાના સંકલ્પથી હું નીકળ્યો હતો, એટલી સમજણ તો એ વખતે જરૂર હતી જ. ભૂખતરસ અને ટાઢતડકા વેઠવાં પડશે; અપમાનના કડવા ઘૂંટ ડગલે ને પગલે પીવા પડશે; કામક્રોધ અને મોહમમતાના આવેશોની સામે લડવું—ઝઝૂમવું પડશે. માનવસંબંધથી એકલો અને અસહાય, એક માત્ર પરમાત્માની અદૃષ્ટ કૃપા પર નિર્ભર રહીને ઈષ્ટપ્રાપ્તિ મેળવવા હું જાઉં છું એવું અવશ્ય સમજતો હતો.

કર્મના સંચિત, ક્રિયમાણ તથા પ્રારબ્ધ જેવા ત્રણ ભેદ; કર્મ, ઉપાસના અને જ્ઞાનની સાધનાના ત્રણ યોગભેદ; ષડ્દર્શન અને દ્વૈત-અદ્વૈતના અસંખ્ય મતભેદ—એ બધાની ઝીણવટ બુધ્ધિમાં નહોતી, પણ પ. પૂ. સ્વા. રામતીર્થના લેખો, વ્યાખ્યાનો, જ્ઞાનેશ્વરી ગીતા, સમર્થ રામદાસ મહારાજનો દાસબોધ, થોડાં ઉપનિષદો, અને એવું એવું બીજું

ઘણું ઘણું વાંચી લીધું હતું; એને લીધે ઓછી અને આછી આછી પણ મારા માર્ગની કલ્પના મારા ખ્યાલ બહાર નહોતી.

*　　*　　*　　*

નાનપણ યાદ કરું છું અને સંન્યાસીઓનાં દર્શનમાત્રથી થતો તે વખતનો હર્ષક્ષોભ મને યાદ આવે છે. તે વખતનો ભાવ એટલે રૂઢિ પ્રમાણે દર્શન કરીએ અને પગે લાગીને આશ્ચર્યમુગ્ધ બનીએ.

એકાદ જૂનો પ્રસંગ ચિતરું. સૌરાષ્ટ્રમાં ઢસા જંકશનથી ત્રણેક માઇલ દૂર જલાલપુર ગામમાં પિતાશ્રી ગુજરાતી શાળાના શિક્ષક હતા. ચોક્કસ વર્ષો યાદ નથી પણ ઈ. સ. ૧૮૯૪થી ૧૯૦૭-૮ સુધી એઓ ત્યાં રહ્યા હશે અને મેં ગુજરાતી ત્રીજાથી તે વખતના સાત ધોરણ સુધીનો અભ્યાસ ઈ. સ. ૧૮૯૯ સુધીમાં ત્યાં જ પૂરો કર્યો. એ ગામ ભાવનગર રાજ્ય તરફથી તે વખતના દીવાન શ્રી શામળદાસ મહેતા (જેમનું નામ ભાવનગરની કૉલેજ સાથે જોડાયેલું છે, તેમને) બક્ષિસ તરીકે સં. ૧૯૨૯ (ઈ. સ. ૧૮૮૫)માં મળવાથી ઈનામી ગામના જાગીરદાર મનાતા તે વખતના સુખસમૃદ્ધ નાગરકુટુંબના માનમર્તબારૂપે ત્યાંની વ્યવસ્થા સુધરી. વસુલાત ઉઘરાવવા તેમ જ બીજા સ્વતંત્ર વહીવટ માટે ત્યાં એક થાણદારની નીમણુંક થઈ. અવારનવાર દીવાનકુટુંબ ત્યાં મહિનો માસ રહી જાય, એ માટે શહેરી ઘાટનાં મકાનો, ફર્નિચર, રાચરચીલું, વાડીબગીચો, ગામના આગળના ભાગમાં પાકો કિલ્લો, મુખ્ય દરવાજો, ધર્મશાળા, એવી એવી રાજ્યદીવાન તથા ગામધણીને શોભે તેવી બધી સગવડો ત્યાં ઊભી થઇ. ઈ. સ. ૧૯૦૭ પછી મેં એ જોયું નથી. હવે તો રાજ્ય અને રાજા, જમીનદારી અને જમીનદારની સંજ્ઞાઓ લોપ પામી. વહીવટી રીતરસમો અને મોભાદાર રહેણીકરણી ગઈ. કુટુંબોના વંશવારસોની પણ રીતભાત બદલાઈ ગઇ હશે—રહ્યા માત્ર એમના વંશવારસોને, તે સમયના વતનીઓને કે ત્યાં જીવનપાલન કરેલા

મારા જેવા રડયાખડયા આગન્તુક નિવાસીઓને મીઠાંમીઠાં અને આછાં-પાતળાં આવાં કંઈક સંસ્મરણો.

તે અરસામાં જલાલપુરમાં થાણદાર તરીકે આવ્યા હતા શ્રી જીવનરામ વેલજી દવે. શીહોરના એ વતની; ભાવનગર રાજ્યની નોકરીમાંથી શ્રી શામળદાસભાઈએ પોતાના ગામવહીવટ માટે આ બુદ્ધિકુશળ યુવાનને ઝડપીને જલાલપુરના થાણદાર બનાવ્યા.

પણ વહીવટીકાર્ય તો એમનું ગૌણ હતું. એ સંસ્કૃતના વિદ્વાન્, ભાગવતના અભ્યાસી અને બ્રાહ્મણને ભૂષણરૂપ કર્મકાંડના નિયમબધ્ધ ઉપાસક હતા. એટલું જ નહિ પણ સ્વાધ્યાય ઉપરાંત અધિકારી બ્રાહ્મણોને અધ્યયન પણ કરાવતા. એમની ધર્મનિષ્ઠ વૃત્તિને લીધે પિતાશ્રીને એમની સાથે ગાઢ પરિચય થયો. નાના એવા ગામમાં ઔદિચ્ય, ખેડાવાળ, મોઢ, રાજગોર અને તપોધન જેવો બ્રાહ્મણવર્ણ હતો. કપોળ અને જૈન વાણિયાની વસતી હતી. બધાયમાં અગ્રસર રહેતો હતો રજપૂત વર્ગ; એ ગરાસિયાની બે ડહેલીઓ હતી. કણબીની વસ્તી પણ બહુ જ મોટી અને બધી સમૃધ્ધ. તે વખતે પણ ગામની ઉપજ બહુ સારી હતી.

શ્રી જીવનરામ દવે શ્રધ્ધાળુ, વિદ્વાન અને ગંભીર સેવાભાવી હોવાથી સાયંકાલે નિત્યપ્રતિ દેવદર્શને જતા. ગામની વચ્ચોવચ્ચ ચારેક હાથ ઊંચી ઓશરીવાળા વિશાળ ચોરામાં રામજી મંદિર હતું; ત્યાંથી પાછા ફરતાં સીધે રસ્તે ગામના દરવાજા તરફ જતાં જમણે હાથે નીલકંઠ મહાદેવનું મંદિર, એમાં ગામલોક પાણી ભરી શકે એવો કૂવો, અને સાથે ગોસાઇસાધુનું કુટુંબ રહેતું. આગળ જતાં એક હનુમાનનો આસપાસ જાળીવાળો ખુલ્લો ચોતરો અને એની પાસે જ નિશાળનું, શિક્ષક પણ રહી શકે એવું પથ્થરના ચણતરનું, સગવડવાળું પાકું મકાન, જ્યાં મેં સાત વર્ષની ઉમરથી એકવીસ વર્ષ સુધી જીવન ગાળ્યું.

ઇ. સ. ૧૯૦૦થી અંગ્રેજી ભણતર માટે અમદાવાદ, વળા, લાઠી, અને અમરેલી રહ્યો પણ રજાઓ કે ઇતર પ્રસંગે તો એ જ વતન જેવું બની ગયું હતું.

ત્યાંનાં સંસ્મરણો બહુ જ મીઠાં; શ્રી જીવનરામ દવેના ધાર્મિક સ્વભાવને લીધે સંતસાધુઓ અને દંડી કે પરમહંસ સંન્યાસીઓ પણ આવતા. ગામની બહાર મોટા ચોકની વિશાળ ધર્મશાળા હતી. વચ્ચે એએક મોટાં ઝાડ, નાનું એવું રામજી મંદિર અને પૂજારી રામદાસ બાવો, એ એની વસ્તી. ધર્મશાળાની બહાર શિવાલય, દરબારી માલિકીની પાકા કૂવાની વાડી, પાણીની પૂરેપૂરી સગવડ એટલે અવારનવાર ત્યાં સન્તસાધુંઓ આવે અને શ્રદ્ધાળુ લોકસમૂહને ધર્મલાભ મળે.

સ્વા. ભજનાનન્દ કરીને એક પરમહંસ આવતા. એમની ઉંમર હશે તે વખતે ૫૦–૫૫ વર્ષની; ખભે ઝોળી ભરીને ભજનોનાં નાનાં નાનાં છાપેલાં પુસ્તકો હોય, એ સૌને વહેંચે અને નિશાળ પાસે બહાર હનુમાન ચોતરા ઉપર સવારસાંજ બેઠા બેઠા નાનાં નાનાં છોકરાંઓને ભજન કંઠે કરાવીને ગવરાવે. એમનું આસન–સ્થાન તો પેલી ધર્મશાળા જ. ભિક્ષાભોજન શ્રધ્ધાળુ લોકોને ત્યાં થઇ જાય જેમાં નિમંત્રણોની સ્પર્ધા ચાલે. આ બધું મારી સાતથી તેર વર્ષ સુધીની ઉંમરનું સંભારણું છે. સ્વા. ભજનાનન્દનો વર્ણ ગૌર, બાંધો નીચો, વસ્ત્ર સ્વચ્છ અને ભગવા રંગની તેજીલી છાપ રાખે એવાં, હાથમાં કમંડળુ અને ખભે ભજન ભંડારનાં ચોપનિયાંની ઝોળી, સાથે સાધારણ ઓઢવા-પાથરવા–પહેરવાનાં વસ્ત્રો એટલી એમની પરિગ્રહસંપત્તિ, મને એ વેષ ગમતો. છાનોછપનો પણ એમની પાસે જાઉં અને શું વાતો થતી હશે એ યાદ નથી પણ એમનું વહાલસોયું વર્તન હજુએ ચિત્તમાં એમની આનંદભરી મુખમુદ્રા ખડી કરે છે અને એ પ્રસન્નતામાંથી હજુયે પ્રસાદ પામું છું.

એક આવતા મારવાડી બ્રહ્મચારીજી; ધર્મશાળામાં ઊતરે; અમારે ઘેર પણ ભિક્ષા માટે ઘણીવાર આવે. કંઠમાં રુદ્રાક્ષના મોટા દાણાની માળા, કપાળમાં ભસ્મત્રિપુંડની સાથે કંકુનો ચાંદલો, હાથમાં દોરી લોટો અને "નારાયણ નારાયણ" "મહાદેવ મહાદેવ"નું નામ વાતવાતમાં વચ્ચે બોલ્યા કરે. એ ભણેલા નહોતા પણ ધર્મશાળામાં એમની પાસે જઈએ, ત્યારે કંઈકને કંઈક આસપાસની જમીન સાફ કરતા હોય, ફૂલ તુલસી વીણીવીણીને મંદિરના પૂજારીને આપી આવે, ગાયની સેવા કરે, અને સાંજ પડે એટલે મહાદેવની પાસે બેસીને ત્રણ-ચાર કલાક સુધી માળા ફેરવ્યા કરે. અમે એમને માળા ફેરવતી વખતે શું બોલો છો એમ પૂછી પૂછીને સતાવીએ એટલે આંખો મીંચીને જોરથી ૐ નમઃશિવાયનો એવો ઘાંટો પાડે કે અમે બીકના માર્યા નાસી જઇએ.

એક વાર વરસાદ લંબાયો. બ્રહ્મચારી મહારાજે મહાદેવના મંદિરમાં પાણી ભર્યું, મહાદેવને જળથી મૂઝવવા માંડયા; અનશન રાખીને એ ઊભા ઊભા જપ કર્યા કરે. એક, બે અને ત્રણ દિવસ થયા તોયે વરુણદેવ રીઝાયા નહીં. ગામલોકોએ ફલાહાર માટે આગ્રહ કર્યો, દૂધ-પેંડા આપવા માંડયા, પણ બ્રહ્મચારીજીએ ત્રીજી રાત્રિ એમની એમ ગાળી. ચોથે દિવસે સવારના ચાર વાગ્યાથી વૃષ્ટિ શરૂ થઈ. ગામ-આગેવાનો દોડતા પલળતા બ્રહ્મચારીજી પાસે આવ્યા; એમણે દૂધથી પારણું કર્યું; સાયંકાલે મહાદેવનાં ભવ્ય આરતીપૂજા થયાં. ત્રણેક દિવસ વરસાદ ચાલુ રહી બંધ થતાં બ્રાહ્મણોની ચોર્યાસી થઇ. બ્રહ્મચારીજીને સારી એવી રકમ દાનદક્ષિણામાં મળી: આવી હતી તે વખતની ધર્મભાવના અને પ્રજાની નીતિમત્તાવાળી સંપીલી સહકારી રહેણી કરણી.

એક બીજા તપસ્વી બ્રાહ્મણ આવેલા; એ સાત-આઠ ગાઉ દૂરના જ વતની, પણ કાશીએ જઈને પંચકેશ વધારી આવેલા; ભસ્મત્રિપુંડ કરેલાં,

ગળામાં ને હાથમાં રુદ્રાક્ષની શાસ્ત્રવિધિ પ્રમાણે માળા–બેરખા મઢેલા; નખ પણ વધારેલા; ઉંમર ૬૦–૬૫ વર્ષની એટલે સફેદ જટા–દાઢીથી બહુ જ દીપી નીકળતા; અમારે ત્યાં પધરામણી થયેલી; ભિક્ષાભોજન અને દાનદક્ષિણા એમણે લીધેલાં, પણ વાતચીત થતાં તો એમની નિરક્ષર દશા ઉઘાડી પડી ગઇ. મને તો એમની વેષભૂષા બહુ ગમેલી. ચાંખડીઓ પહેરેલી ચટકમટક ચાલ, પાતળાં ઝાંખા ભગવા રંગે રંગેલાં મલમલનાં વસ્ત્ર, જટા તથા દાઢી–મૂછનો ભરાવદાર દૂધના ફીણ જેવો જથ્થો, કંઠ, મસ્તક, હાથ બધે રુદ્રાક્ષના અલંકાર, હાથમાં ધ્યાન વખતે ટેકો રાખવાની આશા (લાકડાની T આકારની ઘોડી), એ બધું કોને ન આકર્ષે ?

એક આવ્યા દંડી સંન્યાસી, એમને ભિક્ષા તો બ્રાહ્મણને ત્યાં જ કરવાની હોય; ધર્મશાળાની એક ઓરડીમાં એમનો ઉતારો હતો. પિતાશ્રી તથા ગામના બીજા ચારપાંચ બ્રાહ્મણો સવારસાંજ દર્શન-સત્સંગે જાય. સાંજે કાંઇ વાચનવિચાર ચાલતા હોય, થાણદાર સાહેબ પણ અવારનવાર આવે, એટલે એ ભણેલા હશે એમ મને સાંભરે છે. હું તો નાનો બાળક, સવારસાંજ દર્શન કરી આવવાનું અજ્ઞાપાલન કરવું અને વખત મળે તો એમની પાસે થોડું બોલ્યા વગર બેસી રહેવાનું ગમે એટલે બેસી આવું. એમનો નિવાસ લંબાયો એટલે પછી ત્યાં જ રસોડું થયું.

જે ધર્મશાળામાં રામજી મંદિર હતું અને એના પૂજારી રામદાસજી મહારાજ રહેતા હતા ત્યાં જ જુદી ઓરડીમાં આ સ્વામીજી મહારાજનો ઉતારો હતો. રામજીમંદિરમાં એક ગાય હતી; રામદાસજી પાકટ ઉંમરના હતા; ભગવાન રામચંદ્રજીનાં સેવા–આરતી પૂજા કરે અને ગૌમાતાની જાતે જ સેવા કરીને દૂધનો પ્રસાદ પામે. સ્વામીજી મહારાજ દંડધારી સંન્યાસી હતા, એટલે બ્રાહ્મણને ત્યાં જ ભિક્ષાભોજન લે.

અદ્વૈતના પક્ષપાતી હશે, વર્ણભેદના આગ્રહી હશે એટલે દ્વૈત ઉપાસનાનો થોડો ઘણો વિરોધ પણ કદાચ કરતા હશે. આખો દહાડો ભગવાન અને ગૌમાતાની સેવામાં વખત ગાળતા રામદાસ મહારાજ પ્રતિ કંઈક ઘૃણા કે તિરસ્કારના શબ્દો એ બોલી ગયા હશે એમ અનુમાન થયું હતું. કારણ કે એ સ્વામીજીના ગયા પછી બીજે જ દિવસે રામદાસ માંદા પડયા. પિતાશ્રી થોડું વૈદું જાણતા અને કરતા તેથી તેઓ તથા એક બીજા ગામવૈદ્ય ત્યાં ગયા; તપાસી જોયું; રામદાસ મહારાજ શરૂઆતમાં શુધ્ધિમાં હતા ત્યારે બોલી ગયા કે પેલા સંન્યાસીએ મને ગાયનું છાણ-વાસીદું કરતો જોઈને 'ભંગીઓ' કહ્યો હતો, તેથી મેં ધતૂરાનાં બીજ ખાઇને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો છે. મારે મરવું છે; દવા નથી પીવી."

ઝેર ઉતારવાના ઘણા પ્રયત્નો થયા, ગામના આગેવાનો તેમજ લોકોનાં ટોળાં જામવા માંડયાં, પણ રામદાસ મહારાજનું ઝેર ન ઊતર્યું અને એ સાકેતવાસી થયા.

પેલા દંડી સંન્યાસી એકાદ માસ રહ્યા હશે તે દરમ્યાન એમને મળેલાં માનપાન ઉપર પાણી ફરી વળ્યું. એ સંન્યાસી તો છો રહ્યા, પણ ત્રીસેક વર્ષથી શાંત સ્વભાવથી રહેનારા રામદાસને ભંગીઓ કહે અને એમનું મૃત્યુ થાય, એ દૂષબુધ્ધિ માટે દંડધારી સંન્યાસી માટે સૌના મનમાં ખૂબ જ આઘાત થયો. ફરી ગામમાં એમનાં પગલાં નહોતાં થયાં.

ગામમાં મુસલમાનોની વસ્તી પણ સારી એવી હતી. એકાદ બે કુટુંબ મેમણનાં, અને બીજાં તેલની ઘાણી ફેરવનારા ઘાંચીનાં. એમને લીધે કે કોણ જાણે કેમ, પણ ગામમાં એક ફકીરનો તકિયો હતો. મોટો વિશાળ વંડો, આંગણું, ચોક, એકબે ઝાડ; એક કોઈ જૂના

ઓલિયાની કબર, ઓશરીવાળું મકાન, અને ત્યાં એક ફકીર રહે; વયોવૃદ્ધ સૂકલકડી કાયા, નાની પણ ફરક ફરક ઊડે એવી ધોળી પૂણી જેવી દાઢી, પગમાં ચાંખડીઓ અને શાંત મીઠા બોલો સ્વભાવ એ ફકીર સાહેબનો હતો. એમને બધાં "સાંઇ" કહેતાં.

ધૂણી ઉપર બાટી દાળ બનાવી ખાય. હિન્દુ વસ્તીની વચમાં રહેવાનું અને ગામમાં ગરાસિયાનું જોર એટલે માંસાહારનું નામનિશાન નહીં; દારૂનું વ્યસન તો ગામમાં હતું જ નહી. અલબત્ત એની જગ્યાએ અફીણનું જોર બહુ હતું. "સાંઈજી" પોતે અફીણી એટલે કસૂંબાનું જોર જામે. અફીણીઓ ભેગા થાય, હોક્કાનો ગડગડાટ અને ચલમોના ફુંફાડા ચાલતા હોય, કે સાંજના પહોરના કે બપોરના નવરાશને વખતે સોગઠાબાજીની રમઝટ જામે. રાત્રે એથીએ બમણા જોરથી શાંત વાતાવરણમાં એકતારા અને મંજીરાની સાથે ભજનની ધૂન જામે. ઉપદેશ જેવું કશુંએ નહીં; બધાય સંપશાંતિથી જીવે; સુખદુ:ખમાં સમભાગી બનીને સહકાર કેળવાય. હિંદુ મુસલમાનોના ઉત્સવો નિ:ષ્પક્ષપાત રીતે ઉજવાય. રાસગરબા ગરબીના પ્રસંગો એટલા બધા ઉલ્લાસથી ઉજવાય કે આખા ગામમાં ઘેર ઘેર આનન્દ વરતી રહે.

નીલકંઠ મહાદેવમાં ગોસાંઈ ભવાનીગર રહે; એમની ઉંમર ૭૦-૭૫ વર્ષની હશે. અખાડાના સાધુ જેવો દાઢી-જટાવાળો એમનો વેષ. એ પોતે તો વિરક્ત સાધુ હતા પણ એમણે જે શિષ્ય બનાવ્યો તે થયો સંસારી; એટલે શિષ્યનાં વહુબાળકોનો વિસ્તાર મહાદેવની વિરક્ત જગ્યામાં વધી પડયો. એમ કહેવાતું કે એ સ્થાનના આદિસંન્યાસી સન્ત પુરુષ ધરમપુર મહારાજાના કુલગુરુ હતા. એકવાર મહારાજા પોતે કે એમના કોઈ ઉચ્ચ અધિકારી એ સ્થાનમાં દર્શન માટે પણ આવેલા. સ્થાન સુન્દર હતું. પૂજા આરતી બહુ સારી રીતે થતાં, શ્રાવણ માસમાં રુદ્રાભિષેક માટે બ્રાહ્મણોની ઠઠ જામતી, અને કોઇ રડયા ખડયા પરદેશી

બ્રાહ્મણો આવીને પાર્થિવેશ્વર પૂજા પણ કરતા. આવું હતું એ ગામનું મને સંસ્કાર પડયા છે એવું પવિત્ર વાતાવરણ.

*　　　*　　　*　　　*

બારમે વરષે ગુજરાતી સાત ધોરણ પૂરાં કર્યાં અને અંગ્રેજી ભણવા ભાવનગર જવાનું હતું ત્યાં પ્લેગની શરૂઆત થઈ. એ રોગ તે વખતે પહેલવહેલો જ દેશમાં આવી ચડેલો અને ચેપી ગણાતા એ રોગની બીક પણ બહુ જબરી. મારા શિક્ષણનો પ્રશ્ન ઊભો થયો. ભાવનગર અંગ્રેજી ભણવા જવાનું બંધ રહ્યું એટલે ગામમાં જ કંઇક ભણવાની શરૂઆત થઇ. શ્રી જીવનરામ દવેનું અવસાન થઇ ચૂક્યું હતું પણ એક બ્રાહ્મણ કુટુંબ ઉપર એમના ઠીક ઠીક શુભસંસ્કાર પડયા હતા. શ્રી દેવશંકર નથુરામ અને એમના નાના ભાઇ શ્રી નાનજીભાઇ એ બન્ને એમની પાસેથી કર્મકાંડ, ભાગવત કથા, થોડું સંસ્કૃત વ્યાકરણ, તેમજ રુદ્રી મહિમ્ન સ્તોત્ર વગેરે જે ભણ્યા હતા, એનો લાભ લેવાની મને તક મળી. શ્રી નાનજીભાઇ પાસે રુદ્રી અને મહિમ્ન ભણ્યો. સંધ્યાવંદન તો ઘરમાં જ શીખી લીધું હતું. શ્રી દેવશંકરભાઇ પાસે સંસ્કૃત સારસ્વત વ્યાકરણનો થોડો શરૂઆતનો ભાગ ભણ્યો; ભાંડારકરની માર્ગોપદેશિકાના થોડા પાઠ પિતાશ્રી પાસે ભણવાના મળ્યા અને અંગ્રેજી હાવર્ડ પ્રાયમર પણ શીખી લીધી.

શ્રાવણ મહિનો આવે એટલે નીલકંઠ મહાદેવમાં રુદ્રાભિષેક માટે જવાનું થાય; બેચાર મિત્રો એકઠા થઇએ; શ્રદ્ધાભર્યા ભોળા ભાવથી વિધિસર રુદ્રીનો પાઠ થાય; સ્તોત્રો ગવાય; અને "હરહર મહાદેવ હર" ના જયઘોષ કરીને પોતાને કૃતકૃત્ય માનીએ.

અવારનવાર ઘેર સંતસાધુઓ ભિક્ષાભોજન માટે આવે; શ્રી દેવશંકરભાઇના કુટુંબ સાથે ગાઢ પરિચય એટલે એ આવે ત્યારે ભાગવતની વાર્તાઓ, તેમ જ ભાગવતમાં આવતી કેટલીએ સ્તુતિઓ

સાંભળવાની મળે; એ બધું તે વખતે બહુ ગમતું; એમાં આનંદ આવતો, પિતાનો સ્વભાવ સહૃદય, શાન્ત અને સૌમ્ય સેવાભાવી હતો. માતા સ્નેહાળ, વાત્સલ્યથી ભરેલાં અને વ્યવહારકુશળ. બન્નેમાં પ્રેમ ભરી લાગણીથી સગાંસંબંધીની સેવા કરવાની સ્વભાવગત આવડત અને માતુશ્રી વિષે તો કશુંયે વિશેષ નહિ લખું. એમના વાત્સલ્યગુણનો મને યત્કિંચિત્ લવલેશ પણ મળ્યો હોય તો હું ધન્ય છું. ૐ !

ત્યાં, એવા જલાલપુર ગામમાં થયેલા ઉછેર દરમ્યાન આવાતેવા ઘણા પ્રસંગો પડતા; સન્તસાધુઓનાં દર્શન માત્રથી હર્ષ થતો. એક બીજી બાલિશતા લખી નાંખું. ગામમાંથી શ્રી દેવશંકર નથુરામ, એક ગરાસિયા, એક સોની, અને એક કણબી, એમ ચાર જણા ઘેરથી કહ્યા વગર છાની રીતે નીકળીને યાત્રા કરવા કાશીએ ગયા; ત્યાંથી બદરિનારાયણની યાત્રાએ પહોંચીને જ એમનાં પરાક્રમી-પુણ્યકર્મની સૌને ખબર આપેલી. યાત્રા કરીને જ્યારે ઢસા સ્ટેશને ઊતર્યા, ત્યારે આગળથી ખબર આપેલા હોવાથી, એમના સ્વાગત માટે ભજનમંડળી સાથે આખા ગામમાંથી બસોપાંચસો માણસનું સામૈયું ત્યાં સુધી ગયેલું. વાજતેગાજતે એ બધા ક્ષેમકુશળ પાછા આવ્યા. તે વખતની મહાન મુશ્કેલી ભરેલી યાત્રા કરી આવ્યા, ઘેરથી જતી વખતે થોડું દ્રવ્ય લઇ ગયેલા એનો સદુપયોગ કર્યો અને ૩૦-૩૫ વર્ષના આ ચારેય જણા જ્યારે પ્રસન્ન ચિત્તે કુશળ પાછા આવ્યા, ત્યારે આખું ગામ હર્ષઘેલું બનેલું. બ્રાહ્મણોની ચોર્યાશી કરવાનું તો તે વખતે બહુ જ સહેલું. આખા ગામની વસ્તી બ્રાહ્મણોનાં ઘર વગે પડતાં વહેંચી લે અને બધા બ્રાહ્મણો જમીને તૃપ્ત થાય.

મારી ઉંમર દસ-અગીઆર વર્ષની હશે. અમે પણ ચમત્કાર કરવાની અકકલ દોડાવી. મને યાદ છે કે અમે પણ થોડા મિત્રો ખૂબ જ ગંભીરતાથી વાતો કરતા; પેલા ચાર જણ ગયા હતા એટલે અમેય ચાર ભાઇબંધોએ બદરિનારાયણની યાત્રાએ જવાનો ઈરાદો કર્યો.

શ્રી દેવશંકરભાઇ યાત્રાનું સુન્દર વર્ણન કરતા; પર્વતીય પ્રદેશની રમણીયતા, યાત્રાધામમાં દેવદર્શનની મહત્તા, અન્નક્ષેત્રમાંથી મળતો અયાચક લાભ, એવું એવું સાંભળીને અમેય વિચાર કર્યો કે ઘેરથી છાનું કંઈ લઈ જઇએ, અને પછી તો યાત્રાળુઓ તરીકે મદદ મળી રહેશે.

મને બીજાંનાં નામ યાદ નથી; પણ એક હું, એક ગરાસિયાભાઈ, એક કણબી અને એક વાણીઆ મિત્ર; ચારેય જણાએ મહિના બે મહિના સુધી છાનીછાની વાતો કર્યા કરી; અનેક યોજનાઓ કરવા માંડી; શું શું લઇ જઇએ, કેટલું ઉપાડી શકીએ, રાંધવા કરવાનું શું થાય, એવી એવી વાતો નકકી કરી લીધી. એ ઉંમરે પણ મને દાળ, ભાત, રોટલી, શાક, ખીચડી વગેરે આવડતાં એટલે એ માટે મેં તૈયારી બતાવી. પાંચપંદર રૂપીઆની પણ જોગવાઇ થઈ અને સારો દિવસ જોઈને નીકળી પડવાનું નકકી કર્યું.

દિવસ નકકી થયો તેને આગલે દિવસે બપોરે રવિવાર હોવાથી ગામને પાદર તળાવ ઉપર મોટાં પીંપરનાં ઝાડ હતાં ત્યાં છાંયડે નિરાંતે વાતો કરવા પહોંચી ગયા. અમુક અમુક પોતપોતાને ઘેરથી કેવી રીતે લઇ જવું એની સૌએ પોતપોતાની રીતે ગોઠવણ કરી લીધી.

અને શું થયું ?—બીજું શું થાય ? પેલા વાણીઆભાઇ ફસકયા. ગરાસિયાભાઇને ગુસ્સો ચડયો એટલે ખૂબ પીટયા. વચ્ચે પડયા હું અને કણબી મિત્ર. રોતા રોતા પેલા વૈશ્યબન્ધુ ઘેર ગયા અને વાત ઉઘાડી પડી ગઈ! થઈ રહ્યું !-કેવી મઝા ? મનથી તો અમે બદરિનારાયણ થઈ જ આવ્યા’ને ?

આવી બધી વાતો ગ્રામ્યજીવન ગાળનારા બાળકો માટે સુલભ જ હોય છે. બધાયને કંઇને કંઇ આવા સંસ્કારો પડયા હોય છે; આથીયે વિશેષ ધર્મકર્મના ઉત્તેજક પ્રસંગોથી ઘણાંયનાં બાલજીવન ઘડાયાં હોય છે, એટલે આ પ્રસંગોની બીજાઓ માટે ખાસ મહત્તા પણ ન હોય, હું

તો લખું છું મને જેની એ પ્રસંગોની દૃઢ છાપ પડી છે તેની માત્ર અલ્પસ્વલ્પ નોંધ. હું જાણું છું કે આથીયે વધારે મહત્ત્વના બનાવો બીજાના જીવનમાં બન્યા હશે; પણ મારે કહેવાનું એ છે કે મને ભગવો રંગ, અને ભગવાંધારીનાં દર્શનમાં જે પ્રિયભાવ હતો તેના સંસ્કારની પૂર્વરૂપે દેખાતી આ ભૂમિકા હતી.

* * * *

હૃષીકેશ આવ્યો ત્યારથી ભગવારંગધારીઓની વચ્ચે રહ્યો હતો; આ રસ્તે આવતાં પણ સંતસાધુઓનાં દર્શન થતાં હતાં, હિમાલય-નિવાસનાં સ્વપ્નાં સાચાં પડતાં હતાં, એટલે મારો આનંદ વધતો જતો હતો.

સ્વામીજી દૂધ પી રહ્યા. અને બન્નેએ ચણાગોળને ચાવી લીધાં; પાણી પીધું; અને ત્રણેય જણ સાથે ચાલવા માંડયા. સ્વામીજી સાથે કશી વાતચીત નહોતી થતી; એ ઉત્તરકાશી જવાના હતા અને એમનો રસ્તો થોડે દૂર જતાં જ ડાબે પડખે ફંટાવાનો હતો; પેલા બ્રહ્મચારી મહાશય મારી સાથે થોડી વાતો કરવા મંડયા; સ્વામીજીને આગળ જતા રાખીને અમે બન્ને પાછળ ચાલ્યા જતા હતા. બ્રહ્મચારીનું નામ અત્યારે યાદ નથી રહ્યું. ઉંમર ૧૮-૨૦ વર્ષની, ગૌર વર્ણ, ઊંચાઇ સારા પ્રમાણમાં, દુબળી કાયા, પંચકેશ રાખેલા, અને માત્ર ત્રણચાર વસ્ત્ર જ સાથે લઈને નીકળેલો એ જુવાન ખૂબ જ વિરકત હતો. પૂછતાં એણે કહ્યું કે એ હરદ્વાર પાસેના કાંગડી ગુરુકુલમાં ભણતો હતો. બ્રાહ્મણ બાલક, માતાપિતાનું અવસાન થયેલું, નિર્ધન સ્થિતિ, અને અનાથ હોવાથી નાનપણથી ગુરુકુલનો આશ્રય લીધો હતો. સામાન્ય રીતે આર્યસમાજમાં બ્રહ્મચારીઓના ગુરુકુલમાં બ્રહ્મચર્ય-રક્ષણ માટે કડક નિયમો હોય છે. ભાઈબહેનનો સંસર્ગ પણ ઈષ્ટ નથી માન્યો. સ્ત્રીપરિચયનો તો સમૂળ નિષેધ જ માની લેવાનો. એવા શિસ્તપાલનમાં એ ત્યાં ઊછર્યો હતો.

કોઇ ઉત્સવને પ્રસંગે આ બ્રહ્મચારી એકવાર હરદ્વારના મેળામાં આવ્યો : હરદ્વાર એટલે પંજાબી સ્ત્રીપુરુષ યાત્રાળુઓનું તીર્થધામ. અસંખ્ય લોકો આવે, ગંગાસ્નાન કરે. દેવદર્શન થાય, આસપાસનાં રમણીય સ્થાનમાં ભ્રમણ કરે, અને મુક્ત રીતે નિર્ભય બનીને સ્ત્રીપુરુષોનાં ટોળે ટોળાં આમ તેમ વિચરે. એમાં યુવાન અને યુવતીઓ પણ હોય, આ બ્રહ્મચારીને એ જનસંસર્ગ થતાં જ પોતાના બ્રહ્મચર્યભંગનો ભય ઊભો થયો. બાહ્ય રીતે અસંગ રહીને એણે અધ્યયન કર્યું હતું એનો પ્રત્યાઘાત થયો. સ્ત્રી-યુવતીનાં દર્શન થતાં જ મન અને પ્રાણમાં વિકાર થવા માંડયો, એટલે એ તો દોડયો હિમાલયમાં એકાન્ત શોધીને બ્રહ્મચારી બનવા. એને ઇશ્વર દર્શનની ઝંખના નહોતી, આત્મસાક્ષાત્કારની ખેવના નહોતી, એ તો ગુરુકુલમાંથી છૂટયો હતો બ્રહ્મચર્યપાલનનો કીમિયો શોધવા. જ્યાં જનસંસર્ગ વિશેષ ન હોય, સ્ત્રીદર્શનના ઓછામાં ઓછા પ્રસંગો સાંપડે, એવા એકાન્તસ્થાનમાં જઇને રહેવાની ઇચ્છાથી એણે ઉત્તરાખંડ તરફ વગર વિચારે ચાલવા માંડયું હતું. હરદ્વારથી દહેરાદૂન આવીને મસૂરી આવ્યો; ત્યાં પંજાબી મહાત્માનો સંગાથ થતાં સાથે સાથે ચાલી નીકળ્યો હતો.

સ્ત્રીશરીરધારી માતાનું એને વાત્સલ્ય મળ્યું નહોતું, કારણ કે એ તો એને વરસ દિવસનો મૂકીને દેવલોક પામી હતી, ત્રણેક વર્ષની ઉંમરે પિતાનો દેહાન્ત થયો હતો. કાકાકાકીએ ગુરુકુલમાં મોકલ્યો ત્યાં અનાથ બનીને એ ભણ્યોગણ્યો.

નિરાકાર પરમાત્માની પ્રાર્થના, કર્મકાંડમાં યજ્ઞ, આચારમાં કઠોર તપશ્ચર્યા અને સ્ત્રીદર્શનથી વિમુખ રહેવાની પ્રતિબંધવાળી રહેણીકરણી-માંથી એને જ્યારે એકાએક જનસંસર્ગ સાંપડયો અને શરીરની ૧૮-૨૦ વર્ષની ઉંમર થઇ, ત્યારે જાતીય વિકારે મનમાં ચંચલતા ઊભી કરી. એથી ભયભીત બનીને એમાંથી બચવા માટે એ હિમાલયમાં દોડયો જતો હતો.

## પ્રસંગ આઠમો

મારો બ્રહ્મચારી સાથી તદ્દન સાદો સીધો બ્રહ્મચારી જ નીવડ્યો. એની બધી વાતો નિર્દોષ બાળકના જેવી જ હતી. મેં મારું જવાનું સ્થાન કહી બતાવ્યું, પણ ત્યાં કેવી સગવડ છે, મકાન કેવાં છે એ હું જાણતો નહોતો. ત્રણેક કુટિઓ છે એવું મને પ. પૂ. સ્વા. નારાયણ તીર્થજીએ રૂબરૂ કહ્યું હતું. વિશેષ કંઇ જ નહીં. એક કુટિ રસોડા તરીકે વાપરવાની હતી. એક મોટી કુટિ એ પોતે ત્યાં આવીને રહે એ માટે હતી. એમાં એ વખતે એક દક્ષિણી બ્રહ્મચારીને રહેવાની ગોઠવણ કરી આપી હતી, ત્રીજી એક ઓશરીવાળી કુટિમાં પુસ્તકોનાં કબાટ તથા વાસણ વગેરે પરચુરણ સામાનની પેટીઓ હતી અને એની બન્ને બાજુ, વગર ઓશરીની એકઢાળવાળી આઠ ચોરસ ફૂટની બે નાની ઓરડીઓ હતી. એમાંની એકમાં મારે રહેવાનું ઠીક પડશે એમ એમણે કહ્યું હતું. ભોજન માટે પાસે પોણો માઇલ દૂર માલિદેવલ નામનું ૫૦-૬૦ ઘરનું ખેતીનો ધંધો કરતા બ્રાહ્મણ તથા ક્ષત્રિય વર્ણની વસ્તીનું ગામ હતું, ત્યાં "ભિક્ષાન્ દેહિ" કરીને લોટ, દાળ જે કાંઇ મળે તેમાંથી ઉદરપૂર્તિ કરવાની હતી. નાણાં તો મારી પાસે હતાં નહિ, પણ દાળ, મીઠું, મસાલા, ઘી કે બીજું કંઇ જોઇએ એને માટે માલિદેવલથી ટિહરી જતાં વચમાં લાલા બનવારીદત્ત નામના સજ્જનની મોટી દુકાન હતી, ત્યાંથી ઉધાર લાવવા માટે એમની ઉપર ચિઠ્ઠી લખીને આપી હતી. મકાનની સગવડ હું જાણતો નહોતો; ભિક્ષાની સગવડ-અગવડ પરમાત્માના હાથમાં હતી. મને જે લોભ હતો તે તો પ. પૂ. સ્વા. રામતીર્થજીએ વાંચી વિચારીને સંગ્રહી

રાખેલાં પુસ્તકોના વાચન-મનનનો. ત્યાં રહીશ, ગંગાતટનું સૌંદર્યભર્યું એકાંત હશે, ભિક્ષાન્ન મળી રહેશે, અને તેથીયે વધારે એ કુટિઓના રખેવાળ તરીકે તથા સ્વામીજી ત્યાં હોય ત્યારે એમની સેવા માટે ટિહરી રાજ્ય તરફથી એક ચોકીદાર રહેતો હતો એની સગવડ મળશે; આવી થોડીઘણી માહિતી તો મને મળી ગઇ હતી.

મેં મારા સંગાથીને આ બધી વાત કરી; એને એક જ ધૂન હતી કે ક્યાંક એકાન્તમાં રહેવું અને પરમાત્માનું સ્મરણ કરીને સ્ત્રીદર્શનથી થતા ભયને નિર્મૂળ કરવો. ક્યાં જશે, ક્યાં સ્થાન-આશ્રય મળશે, કોઈ સંતના શરણમાં રહેશે, સત્સંગ કરશે, એવી કશી ગતાગમ કે વિચાર કર્યા વિના એ તો દોડયો જતો હતો હિમાલયમાં. જબરો સાહસિક યુવાન !

અમે જે દુકાને સવારે ચણાગોળ ખાતા હતા તે મસૂરીથી ભાગ્યે જ સાત-આઠ માઈલ દૂર હશે. મસૂરીથી ટિહરી ચાળીસ માઈલ થાય; વચમાં ચારપાંચ ચટ્ટીઓ (વિશ્રામસ્થાનો) આવે. છેલ્લું વિશ્રામ-સ્થાન હતું "કોડિયા" જ્યાંથી ટિહરી નવેક માઈલ જ રહેતું હતું. પાંચેક માઇલ ચાલ્યા પછી એક દુકાન આવી. અમે બેઠા, પેલા સંન્યાસી મહાત્મા તો ઉત્તરકાશીનો પગકેડીનો માર્ગ ફંટાતો હતો ત્યાં વચ્ચેથી સિધાવી ગયા હતા. અમારાથી જુદા પડતી વખતે અમને બન્નેને, ભિક્ષાના નવશીખાઉ, અણઘડ બ્રહ્મચારી-વેષધારીઓને, ટિહરી પહોંચતાં સુધી ભોજનની અડચણ ન પડે, એવી લાગણીથી રૂપિયો એક રોકડો દક્ષિણા તરીકે આપી ગયા હતા. અમે લેવા માટે ખૂબ જ, વિવેકીભરી આનાકાની કરેલી, પણ છેવટે પેલા બ્રહ્મચારીએ એમની સાથે મસૂરીમાં રાત ગાળેલી એટલે એટલા સુખકર પરિચયનો લાભ એણે તરત જ લઈ લીધો; હશે. રાત્રે કામ લાગશે એમ મને પણ

પછીથી લાગેલું, અયાચક રહેવા છતાંયે જે મળે છે આશ્રમધર્મથી ઘડાયેલા એક વયોવૃદ્ધ સંત અમારી દયા ખાઇને જે આપે છે, એમાં પણ ઇશ્વરી સંકેત તો હશેજ ને.

દુકાન આવી એટલે પેલો રૂપીઓ મારા સાથીના મનમાં કૂદાકૂદ કરવા માંડયો. એનું નામ મેં એને હજુ સુધી પૂછ્યું નહતું. પણ એ લાંબો, ગોરો, પાતળો જુવાન એ કપડાંભર ચાલી નીકળ્યો હતો. ખભે એક કાશ્મીરી શાલ હતી પાસે જલપાત્ર નહોતું. હજુ ગઈકાલે જ એણે હરદ્વાર છોડયું હતું. દુકાન પાસે બહાર એક વૃક્ષઘટા નીચે અમે બેઠા ; અગિયાર વાગી ગયા હશે. તડકો હતો. વાદળાં આજ દયાળુ બનીને છાયા કરી આપવા નહોતાં આવ્યાં. બેઠા એટલે અમારી વાતચીત શરૂ થઈ:

"બંધુ! ભૂખ લાગી છે? કંઈ ખાવાનું લેવું છે?" મિત્ર બોલી ઊઠયા.

એના "બંધુ" શબ્દનો રણકાર બહુ મીઠો લાગતો હતો. અત્યાર સુધીની રસ્તે ચાલતાં થયેલી વાતચીતમાં એણે એ સંબોધન અનેક વાર કર્યું હતું.

કાંગડી ગુરુકુલમાં બ્રહ્મચર્યવાસ કરીને વિદ્યાભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પરસ્પર બધાને એ શબ્દથી સંબોધતા હતા. પંજાબી ભાષામાં એકબીજાને "ભાઈજી" કહીને બોલાવવાનો જે સામાન્ય રિવાજ છે, એનો સંસ્કૃત શબ્દ "બંધુ" આર્યસમાજીઓએ યોજીને પ્રચલિત કર્યો હશે કદાચ.

"ના, ના, કંઈ ખાવું નથી. આ દુકાન નાની છે અને અહીં રસોઈ કરવાની સગવડ નથી, એટલે આગળ કયાંક સાંજે ચારેક વાગે પહોંચશું ત્યાં પેલા રૂપીઆના સીધાસામાનથી સરસ રસોઈ બનાવીને

ખાશું. ચણાગોળ ખાધાં છે, એનાથી ત્યાં સુધી નહિ ચાલે? તમને ભૂખ લાગી હોય તો કંઇક ખાઇ લો." મેં મનમાં ઘડી રાખેલી યોજના કહીને એને ખાવાની છૂટ આપી.

"નહિ, બન્ધુ! મને ભૂખ લાગી નથી. તમારો વિચાર બરોબર છે. આગળ રાત રહેવાય એવી સારી જગ્યા ક્યાં છે એ હું દુકાનદારને પૂછી આવું. લાવો, કમંડળુમાં પાણી પણ ભરતો આવું. મને તરસ લાગી છે, તમનેય લાગી હશે." એમ કહીને એ કમંડળુ લઈને ઝરણા પાસે ગયો; ત્યાંથી પાણી પી તથા કમંડળુ ભરીને દુકાનદાર પાસે જઇને ચટ્ટીનું નામઠામ પૂછી પાછો આવ્યો. મેં પાણી પીધું. અમે થોડી વાર બેઠા.

"બન્ધુ!" એનો મીઠો વહાલભર્યો શબ્દ સાંભળ્યો.

"કેમ!" મેં પૂછ્યું.

"આપણે ભેગા થયા ત્યાંથી આઠેક માઇલ આવી ગયા. હવે બારતેર માઇલને છેડે 'કોડિયા' નામની સરસ ચટ્ટી છે, ત્યાં મકાન પણ સારાં છે, અને ટિહરી ત્યાંથી નવ માઇલ રહેશે. આપણે જેવી રીતે જલદી ચાલીએ છીએ તેવી જ રીતે ચાલશું તો હવે ચારેક કલાકમાં ત્યાં પહોંચી જઈશું." એણે ગણતરી કરીને રાતવાસાનું સ્થાન કહી નાંખ્યું.

મસૂરીથી ટિહરીની સડક ચાળીસ માઇલ લાંબી, જરાયે ચડાણ વગરની, એટલું જ નહિ પણ થોડા એકાદ બે માઇલના વચ્ચે વચ્ચે આવી જતા સીધા ટુકડા સિવાય, બીજી સડક તો એવી ઊતરાણવાળી કે, એક લંબગોળ પીપને મસૂરી આડું ગબડાવી દીધું હોય તો વગર અટકયે ટિહરી જઈને જ ઊભું રહે એવી છે. ચાલવાની

જરાયે તકલીફ નહીં. દોડવાની જ મઝા આવે એવી અને ઊંચાણ ઉપરની પાકી, સ્વચ્છ અને સરસ સડક એટલે આસપાસ, ઊંચે અને નીચે ખીણો, ભેખડો, ઝરણાં, વૃક્ષવૃન્દ વગેરે સૃષ્ટિસૌંદર્યનાં દર્શનોથી નેત્ર અને હૃદયને તૃપ્ત કરતાં કરતાં પગ કેટલું ચાલ્યા એનું ભાન તો જ્યારે બેસીએ ત્યારે જ લાગેલા થાક ઉપરના અનુમાનથી કરવું પડે. આવો સરસ રસ્તો, સરળ સંગાથી અને ગજવામાં એક આખો રૂપીઓ એમાંથી સાંજે કે રાત્રે યથેચ્છ ખાવાનું બનાવવાની મનની ઘેલછા—એ બધાં પવનવેગે અમને "કોડિયાચટ્ટી" તરફ દોડાવતાં હતાં.

"એમ ? ચાલો ત્યારે ચરણદાસએ ચાલવાની આજ્ઞા કરીએ. ત્યાં જઇને જ સ્નાન કરશું, કપડાં ધોશું અને નિરાંતે આરામ લેવાય એ માટે ત્યાં જલ્દી ચાલવા માંડીએ." એમ કહેતાવેંત અમે બન્ને ઊઠીને ઝડપથી ચાલવા માંડયા.

"બન્ધુ !" વળી પાછો ટહુકો સંભળાયો; એને કહેવાય નહિ એટલે એ રણકારથી મારે એકલાં એટલાં મનમાં આનન્દ માણવાનો હતો.

"કહો, ભાઈ સાહેબ !" મેં જાણીજોઇને ભાઈ શબ્દ વાપર્યો.

"બન્ધુ ! ભાઈ શબ્દ પણ ભ્રાતા શબ્દનો અપભ્રંશ છે, એ હું જાણું છું, પણ ભ્રાતા અને બન્ધુ શબ્દનો ભેદ અમને એવો શીખવાય છે કે સહોદર, એક જ માજણ્યાં હોય તે ભ્રાતા અને સ્નેહથી બંધાયેલાં હોય તે બન્ધુ. ભ્રાતા, સખા, મિત્ર, બન્ધુ, સુહૃદ એવા બધાયે શબ્દોમાં થોડો થોડો અર્થભેદ તો હશે જ ને ? બન્ધુ ! અમને તો બન્ધુ કહેવાની જ ટેવ પડી ગઈ એટલે વાતવાનમાં 'ભાઇ' ની જગ્યાએ બન્ધુ શબ્દ જ બોલાઇ જાય. તમને નવાઇ લાગે છે ?"

શબ્દોના વ્યાકરણની દષ્ટિએ થતા ભેદાભેદની ચર્ચા કરવા અમે ક્યાં એકઠાં થયા હતા કે એવી માથાફોડ કરવી? અને હુંયે ક્યાં સંસ્કૃત–વ્યાકરણનો મોટો પંડિત હતો કે એની સાથે એની ચર્ચા કરવા બેસું? મને તો એના વારંવારના સંબોધનની મઝા આવતી હતી-ગમ્મત લાગતી હતી, અને વધારેમાં એના 'બન્ધુ' શબ્દ બોલવાની સાથે ચહેરા પર મન્દ મન્દ સ્મિત અને વહાલના ઊભરા આવતા હોય એમ દેખાતું હતું; ખરે જ જે આનંદ આવતો હતો, એ અત્યારે શબ્દોથી પણ વર્ણવી શકું એમ નથી. એનામાં નિર્દોષતા હતી, સરળતા હતી, વિવેકભરી મીઠાશ હતી અને પ્રેમાળુતા હતી; એ બધાં મને કોણ જાણે કેમ, આ કઠોર પરિશ્રમના પ્રવાસમાં મધુરતા આપતાં હતાં; બસ, એટલું જ.

"બન્ધુ! હું તો એમ પૂછતો હતો કે તમે જ્યાં રહેવાના છો ત્યાં સાથે હું રહું તો તમને કાંઈ વાંધો ખરો?" એણે વાત છેડી,

"જો, ભાઈ! હું જ્યાં જાઉં છું તે તો મારું ગુરુસ્થાન છે. સ્વા. રામતીર્થની ઉત્તરાવસ્થામાં સ્થિર થવાની ઇચ્છા થઈ એટલે એમણે આ સ્થાનને પસંદ કર્યું. ટિહરીના મહારાજાએ એમને માટે ત્યાં કુટિઓ બંધાવવા માંડી. દરમ્યાન સ્વા. રામતીર્થજી બ્રહ્મલીન થયા. ત્યાર પછી એમના શિષ્ય સ્વા. નારાયણતીર્થજીએ પોતાના ગુરુના સ્મારક તરીકે એ સ્થાનને રામમઠ નામ આપીને રહેવાનો નિર્ણય કર્યો, એટલે ટિહરીનરેશે એ કુટિઓ તૈયાર કરાવી આપીને એમને સુપ્રત કરી. રાજ્ય તરફથી એક નોકર રાખી આપ્યો અને સ્વામીજી અવારનવાર ત્યાં આવીને રહી જાય છે. સ્વા. રામતીર્થનાં વ્યાખ્યાનો, લેખો વગેરે અંગ્રેજી તથા ઉર્દૂ ભાષામાં દિલ્હીમાં છપાવવાનું ખર્ચ તથા વ્યવસ્થા માસ્તર અમીરચંદજી કરે છે, અને એની લેખ તથા પ્રુફતપાસણી માટે અત્યારે સ્વામીજીને વર્ષનો મોટો ભાગ દિલ્હીમાં રહેવું પડે છે.

"મેં એમને ગુરુ તરીકે સ્વીકાર્યા છે. મને એકાન્તમાં રહેવાની ઇચ્છા થઇ એટલે ત્યાં રહેવા માટે એમણે આજ્ઞા કરી તેથી જાઉં છું. ત્યાં બીજી કશી સગવડ નથી. મારે ભિક્ષાન્ન ઉપર રહેવાનું છે; બીજા કાણુ અને કેટલા ત્યાં રહી શકે, સ્વા. રામતીર્થજીના સિદ્ધાન્તને માનનારો શિષ્યવર્ગ જ ત્યાં રહે કે બીજા પણુ રહી શકે એની મને કશી માહિતી નથી. હું તો સાવ નવોસવો અને અજાણ્યો છું. મારું પોતાનું જ ત્યાં શું થશે અને કેમ રહેવાનું હશે એનું હજુ કાંઈ ઠેકાણું નથી, ત્યાં હું તમારે માટે અત્યારે શુ કહી કશું ? પણુ તમે મારી સાથે તો ચાલો જ છો; ત્યાં પછી આપણે વિચાર કરી જોઇશું.

"અને તમારા સિદ્ધાન્ત તો આર્યસમાજના ને ? તમને વેદાન્ત ગમશે ? કાંઇ એવું વાંચ્યું છે ?" સાથે સાથે મેં એની તત્ત્વજિજ્ઞાસા જાણવા માટે પ્રશ્ન કર્યો.

"બન્ધુ ! મેં સત્યાર્થપ્રકાશ વાંચ્યો છે. વેદ વિના બીજું પ્રમાણ આર્યસમાજીઓ માનતા નથી. પણ મારે એની ભાંજગડમાં અત્યારે પડવું નથી. જુઓને પેલું સામેના પહાડ ઉપરનું ઝરણું ! સીધી ઊંચી ભેખડ ઉપર લગભગ ત્રણસોએક ફૂટથી સીધું નીચે સરી પડે છે; એકાદ હાથ જેટલો પ્રવાહ હશે અને પવનના ઝપાટા નથી એટલે એવું દેખાય છે કે પર્વતને ટેકો મૂકવા માટે પરમાત્માએ શુદ્ધ ચાંદીનો થાંભલો બનાવીને ગોઠવ્યો હોય !"

એનું સૃષ્ટિવર્ણન રસપ્રદ લાગ્યું. એ બેસી ગયો; મેં તરત જ એની નકલ કરી; ખરે જ દૃશ્ય બહુ રમણીય હતું. અમે ચાલતા હતા તે સડકની પાસે જ ચારસો–પાંચસો ફૂટ ઊંડી ખીણુ હતી. સામે સીધું માપવા જઈએ તો બેએક માઈલને અંતરે એક પર્વત ઊભો હતો. એમાં અમારી સડકથી પચાસેક ફૂટ ઊંચેથી સ્ફટિક જેવું, ચાંદીની પેઠે

ચળકતું, મારા 'બન્ધુ'એ વર્ણવ્યું તેવું જ ઝરણુ સરસરાટ એકધારું નીચે ઊતરી પડતું હતું.

રમણીય દશ્યે નેત્રને સીધાં ત્યાં જ પરોવ્યાં; હૃદયમાં રસિકતાભરી ઊર્મિઓ ઊછળવા માંડી, એનો રસાસ્વાદ માણવા બન્નેની વાચાએ મૌનવ્રત અને ચિત્તે જાણે એકાગ્રતા સાધી લીધી. દર્શન હતું સુન્દર એટલું જ ભવ્ય !

સૌન્દર્યભાવનાએ સિદ્ધાન્તચર્ચાને દબાવી દીધી. "બન્ધુ"ની આગલી–પાછલી જાણવાની મનોવૃત્તિ અત્યારે તો શાન્ત થઇ ગઇ.

સારી રીતે અમે શાન્ત બનીને બેઠા. બન્ધુ જ બોલ્યા : " ઊઠો; હવે ચાલવા માંડીએ."

" કેમ ભૂખ લાગી કે શું ?" હસીને મેં ટૂંકમાં પતાવી ઊભા થઇ ચાલવા માંડ્યું.

ત્રણેક વાગે અમે કુડિયાચટ્ટી પહોંચ્યા. સુન્દર સરકારી ડાકબંગલો, બીજાં પણ બેત્રણ નાનાં નાનાં મકાનો, એએક દુકાન અને સરકારી લાકડકામ ત્યાં થતું હતું, એટલે લાકડાંના વેરણીઆનો પડાવ હતો. પાટીઆંને ઊભાંઆડાં અને ઉપર ગોઠવીને એમણે છાપરાં બનાવ્યાં હતાં.

અમે દુકાને જઇને બેઠા. મકાન તો મોટું હોવા છતાં એમાં અમને આશરો મળે એમ નહતો. વધારે પૂછપરછ કરતાં લાકડાના ઇજારદાર પાસે જઈને એકાદ ખાલી ઝૂંપડામાં રાંધીખાઇને રાત ગાળવાની વાત કરતાં અમને ત્યાં સગવડ થઇ. અંદર જઇને સામાનથી ખભો હલકો કરીને સાફસૂફી કરી નાંખી. પાસે સરસ ઝરણું હતું. ન્હાયાધોયા; સીધુંસામાન, પાણી વગેરે લાવીને રસોઇ બનાવવા માંડી. અમારો રૂપીઓ અમને ઉત્સાહ આપતો હતો.

ચોખા, મગનીદાળ, બટાકા લાવીને વઘાર મૂકેલી ખીચડી બનાવી; સાથે સરસ મોણ નાંખીને ચારેક બાટી બનાવી અને સ્વાદથી એ ભોજનની મૉજ માણી. ઉદરપૂર્તિ ગઈ; મન તૃપ્ત થયું. સાંજ પડવા આવી હતી. અહીં ટાઢનું જોર જણાવા માંડયું. દહેરાદૂનથી મસુરી ખૂબજ ઊંચે, ત્યાંથી નીચે ઊતરતાં ઊતરતાં ટિહરી દસેક માઇલ રહે એવી આ ઊંચી ટેકરી ઉપર મઝાની શીતળતા હતી. અમારાં પાતળાં વસ્ત્ર એમાં ઓઢવા–પાથરવાં માટે પૂરતાં કામ લાગે એમ નહોતાં. આસપાસથી બળતણ એકઠું કરી તાપણું કરીને એની ગરમીથી, અને ઉપર ચંદ્ર ખીલ્યો હતો તેની શીતળ ચાંદનીથી ઉષ્મા અને પ્રકાશમાં પણ શીત ઉષ્ણનો ભેદ અનુભવતા બેઠા; ટિહરી પહોંચવાની આ છેલ્લી રાત હતી, આવતી કાલે નિર્દિષ્ટ સ્થાને પહોંચી જવાશે, જ્યાં ગંગાનો સુન્દરતટ, સ્વામી રામની પસંદગી પામેલી ભૂમિ ઉપર બંધાએલી કુટિઓ, પુસ્તકસંગ્રહ–અરે ! હિમાલયનિવાસ ??!

તમે કદી શિયાળામાં તાપણું કરીને તાપવા બેઠા છો ? ગમે તેટલી સંખ્યામાં બેઠા હો, પણ સૌના હાથ આગ સંકોરવામાં, એકાદ કકડો અગ્નિમાં હોમવામાં, કે એવી કામગીરીમાં અનાયાસે કે અનિચ્છાએ રોકાઇ રહેશે. અમારા બન્નેના હાથ વારાફરતી પાસે એકઠાં કરી રાખેલાં ઈંધણાં સ્વાભાવિક રીતે અગ્નિમાં હોમ્યે જતા હતા. દૃષ્ટિ પણ એ અગ્નિદેવના ઉષ્મપ્રકાશમાં લગભગ એકાગ્ર થઇ ગઇ હતી. એટલામાં ટહુકો સંભળાયો :

“બન્ધુ ! આ સ્થાન બહુ સુન્દર છે, પણ પાણીનું ઝરણ બહુ જ નાનું તથા નજદીકમાં બહુ પાસે કોઇ ગામડું નથી. મને અહીં જો રહેવાની જગ્યા મળી આવે તો સુન્દર દૃશ્ય છે. નાનું એવું ગામડું હોત તો નિર્વાહની સગવડ થઇ જાત” બંધુને આ સ્થાન ગમ્યું; એકાન્તસેવન અને ભિક્ષાન્નપ્રાપ્તિના મનોરથે એને બોલાવી નાખ્યું; એણે બોલી નાંખ્યું.

હું વિચારમાં પડયો એટલે થોડીવાર કંઇ પણ ન બોલ્યો. અહીં મસૂરી–ટિહરીની ધોરી વાટ ઉપર, દૃશ્યની મોહક રમણીયતાથી એ મુગ્ધ બન્યો હતો. દરરોજના પાંચ–પચ્ચીસ મુસાફરોની અવરજવર, ઉદરપોષણનાં સાધનનો અભાવ, એકાન્તનું નામનિશાન નહીં, ત્યાં આ ભોળા ભટ્ટાચાર્ય બન્ધુને રહેવાનું મન થઈ ગયું. સ્ત્રીદર્શનથી મુક્ત રહેવાની ઇચ્છા હતી, બ્રહ્મચર્યપાલનનાં સાધન–સાધનાનું એને ભાન નહોતું, બસ એકાન્તસેવન અને સ્ત્રીદર્શનનો ભય, એવી એકમાર્ગી ધૂનમાં ને ધૂનમાં એ અહીં સુધી પહોંચ્યો હતો. મને લાગ્યું કે નિર્દોષ છે ખરો, પણ કશાયે નિશ્ચિત હેતુ વગર આમ હિમાલયમાં દોડયા જવાનો શો અર્થ ? ઉંમર નાની, અપરિપક્વ બુદ્ધિ, કોઇ સંતનાં માર્ગદર્શન, પ્રેરણા કે કૃપાનો અભાવ, આવી અનિશ્ચિત મનોદશા લઈને એ દોડયો જાય છે, એટલે જ આવી વાત એણે ઉપાડી !

“કેમ બન્ધુ કાંઇ બોલતા નથી ?” એણે મને પુનઃ પૂછ્યું.

‘ભાઇ તમારી વાતમાં કંઈ ઢંગધડો મને લાગતો નથી. તમે તો સ્ત્રીદર્શનથી મુક્ત રહીને બ્રહ્મચર્યપાલન કરવા ઇચ્છો છો એવું કહી ચૂકયા છો. અહીં રહેવાની વાતનો તમારા ઉદ્દેશ સાથે કંઇ મેળ ખાતો હોય એમ મને લાગતું નથી. આ તો ટિહરી–મસૂરીનો ધોરી રાજમાર્ગ છે. કેટલાંયે સ્ત્રીપુરુષો અહીં રોજ જતાં આવતાં હશે; અને કોઇ ગામની પાસે તમે રહેવા ઇચ્છો છો ત્યાં પણ સ્ત્રીવર્ગ તો હશે જ ને ? તમારું બ્રહ્મચર્યપાલનનું વ્રત સાચું, પણ એ માટે તમે સ્ત્રીદર્શનથી તદ્દન મુક્ત રહીને બ્રહ્મચારી બનવા ઇચ્છો છો એનો તમે કાંઇ સ્થિરતાથી વિચાર કર્યો હોય એમ મને લાગતું નથી.” મેં એના હિમાલયપ્રયાણનાં હેતુ, સાધન, સાધ્ય અને એની સંગતિ સાધવાનો સંકેત કર્યો.

એ જવાબ ન આપી શકયો. વિચારમગ્ન બન્યો હોય એમ અગ્નિ

તરફ તાકીને જોતો મૌન ધારીને બેસી રહ્યો. બન્ને ચૂપચાપ બેઠા છીએ; મારી આત્મપરીક્ષા શરૂ થઇ, મનમાં વિચારપ્રવાહ વહેવા માંડયા.

એની વાત તો એની પાસે, પણ મારું શું ? હું નીકળ્યો છું આત્મજ્ઞાનની, આત્મસાક્ષાત્કારની, આત્મઝંખનાની ધગશને લીધે, અને અઠ્ઠાવીસ વર્ષની ઉંમરે હુંયે કેવો અને કેટલો સુરક્ષિત છું એનું આંતરાવલોકન થવા માંડયું. કેટકેટલી કસોટીએ ચડયો છું, પડયો છું, ખરડાયેલો છું, ઊભો થયો છું, ઊઠયો છું, પશ્ચાત્તાપ થયા છે. સંતોનો સહવાસ તે સમયે પૂરતો નહોતો. પણ કંઈક, પૂર્વજન્મના સંસ્કાર કે પુણ્યપ્રભાવના પ્રતાપે એ સંસારીભાવ–સ્ત્રીપુરૂષના જાતીય-વિકાર ગમતા નહોતા; પૂર્વ દૌર્બલ્યના અજ્ઞાત હુમલાઓ આવી જતા, પતન થયું એમ હું પાછળથી સમજતો; વિવાહિત બન્યો હતો, લગ્નસંબંધની બેડીઓ–પ્રચંડ બેડીઓ ભારેખમ થઇને પગમાં પડી હતી તે તોડીને નીકળ્યો હતો, અને અત્યારે હું પણ જાઉં છું તો હિમાલયમાં જ ને! આ ભલોભોળો બાળક સ્પષ્ટવકતા છે, અને હું ? હા; મેં મારી બધી કથની છુપાવી નથી; એ મને કહે છે એથીયે વધારે સ્પષ્ટતા અને સરળતાથી મેં બધું કહી નાખ્યું છે-સંતોને ચરણે રોઇરોઇને બકી નાંખ્યું છે; એમાંથી મને સાધન સાંપડયાં હતાં અને એ રીતે યથામતિશક્તિ હું પ્રયત્નશીલ હતો. થોડો આત્મ-વૃત્તાંત કહી નાંખું.

કુળવાનનાં છોકરાં–છોકરીઓ પારણામાંથી લગ્નસંબંધ માટે ઝડપાઈ જવાં જોઇએ, એવી કુળમર્યાદાનો હુંયે ભોગ બની ચૂકયો હતો. દસ–અગીઆર મહિનાની કુળવાન કન્યારત્નને દસ વર્ષના કુળવાન બાળક માટે વાગ્દાનમાં દાદીમાએ શોધીને સંધરી સ્વીકારી લીધું. માતા-પિતાને આ વાત જરાયે રુચતી. નહોતી, પણ દાદીમાનો દોર સખત હતો; કુળધર્મ નાશ પામે, કન્યાપક્ષને ના ન પડાય, આબરૂ જાય,

આવી આવી એ વખતની સામાજિક મનોદશાથી અત્યારે તો ભાગ્યે જ કોઇ અજાણ્યું હશે.

હું મેટ્રિક સુધી પહોંચ્યો. અંગ્રેજી ચોથા ધોરણમાં હતો, ત્યારે જ વાચનના જબરા શોખને લીધે બાળસુલભ કવિતાઓ અને નાના નાના લેખો લખતો.

શ્રી હરિ હર્ષદ ધ્રુવનું માસિકપત્ર "ચંદ્ર," શ્રી મણિલાલ નભુભાઈનું "સુદર્શન" અને એવાં એ સમયના વિદ્વાન તંત્રીઓને હાથે પ્રકટ થતાં માસિકપત્રો વાંચવા મળે, જેમાંના કાવ્યો પ્રતિ મને સ્વભાવસુલભ રુચિ જ નહિ, પણ આસક્તિ થતી. કલાપી તો તે વખતે વિદેહ થયેલા; "કેકારસ્વ" હજુ અપ્રસિદ્ધ હતો. પણ સુદર્શન ચંદ્ર, વગેરે માસિકપત્રોમાંથી કલાપીની કાવ્યપ્રતિભાથી હું ખૂબ ખૂબ પ્રભાવિત થયેલો. ઇ. સ. ૧૯૦૩-૪ની આ વાત હશે; લાઠીમાં અમારી શાળાના સહાયક શિક્ષક શ્રી હીરાલાલ કવિ હતા; એ "હીરા—" એવા સંક્ષિપ્ત નામથી કાવ્યો લખતા. એમાંની એક પંક્તિ આ રહી—મારા સ્મૃતિક્ષેત્રમાંથી ઉતારું છું.

"કલાપી! તારી કલાઓ પરે અમે આંસુ જ સારવશું"

થોડો શબ્દભેદ આમાં ક્યાંક હશે, પણ કલાપીના હૃદયની આર્દ્રતાએ મારા હૃદયને ખૂબ જ કોમળ બનાવવા માડ્યું. એ વખતના લખેલા કાવ્યોનો સંગ્રહ નાશ પામ્યો છે. એકાદ બે હશે તે "કિરણ કલાપ"માં છપાયાં છે.

આવી મનોદશામાં, કાવ્યમય આવેશમાં અને થોડાં જ વર્ષો પહેલાં છપાયેલા "સરસ્વતીચંદ્ર" જેવા જીવનગ્રંથને વાંચતાં વાંચતાં સ્વજીવનનું અવલોકન શરૂ થયું. ઉંમર વધવા સાથે આદર્શ બંધાવા માંડયા; સુંદર ગૃહસ્થાશ્રમ, વિશાળ મિત્રવ્યૂહ, કાવ્યનાં ઉડ્ડયનો અને વિદ્યાવ્યાસંગમય જીવન જીવવાના કોડને લીધે, પંદરથી પચીસ વર્ષના

ગાળાની, સામાન્ય રીતે કહેવાતી "ગદ્ધાપચ્ચીસી"નો ઉન્માદ કે જે કહો તે, પણ હૃદયમાં દાહ અને દુઃખ ઊભરાવા માંડયાં. ધાર્મિક વાચનમાં ભગવદ્ગીતા વાંચેલી, રામાયણ-મહાભારતની વાર્તાઓ સાંભળેલી અને ઇ. સ. ૧૯૦૨–૩થી શ્રી ગિજુભાઈ બધેકા મિત્ર તરીકે મળ્યા, ત્યાર પછી એમની સાથે ઘણીએ અંગત જીવનની સમસ્યાઓની વાતો કરીને હું કંઈક સમાધાન મેળવતો.

મેટ્રિકની પરીક્ષા આપ્યા પહેલાં કાવ્યો ઘણાં લખાયેલાં, એ બધા હતા ઊભરા, ઉછાળા અને હૃદયની ભાવભીની સ્રોતસ્વિનીના ઉદ્દંડ, ઉન્નત, ધૂત્રવાતા પ્રવાહો ! એ જ સમયે પેલી કુળવતી કન્યા યાદ આવતી; એના પોતાના વિષે, એનાં માતપિતા વિષે, એના વાતાવરણ વિષે, સંસ્કાર વિષે વિચારો કરતો અને મારા જીવન અને આદર્શ સાથે કશોયે મેળ ન ખાય એવા એ પાત્રના વિચારે હું કંપી ઊઠતો. છાનું છાનું રડતો; માતાપિતાને દોષ દેવાય એમ નહોતું; એ હતાશા–નિરાશા દાખવીને મને—મારા ઘરના સૌથી મોટા બાળકને—દુઃખી જોઇને પારાવાર દુઃખી થતાં. દાદીમા તો ગયાં હતાં, પણ કુળધર્મ, કુળમર્યાદા લોપવાની એ વખતે માતાપિતાને હિંમત નહોતી; ન જ હોય એ સ્વાભાવિક છે. "નિભાવી લેવું" એ સામાન્ય ઉપદેશના મારા ઉપર બધેથી વરસાદ વરસતા. શ્રી ઇચ્છારામ સૂર્યરામનો "ચન્દ્રકાન્ત" ગ્રંથ વાંચવા મળેલો અને ઇ. સ. ૧૯૦૫માં અમદાવાદ અંગ્રેજી છઠ્ઠા ધોરણની છમાસિક પરીક્ષા પછી મેં એક સાહસ કર્યું.

ખૂબ જ મૂંઝાએલો હતો; સંસાર ગમે નહીં; અધ્યાત્મદિશાનું સાચું ભાન નહીં, સંધ્યાવંદન વગેરે કર્મો નાનપણમાં શીખેલો પણ ૨૦–૨૨ વર્ષની ઉંમરે એનું પાલન નહોતું થતું; નહોતો કરતો. અમદાવાદથી મુંબઇ ગયો; ત્યાં વર્ષ દહાડો રહ્યો; ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસમાં પ્રુફરીડર તરીકે નોકરી કરી. મેં આગળ લખ્યું છે, તેમ મારી ભાષાશુદ્ધિ માટે પિતાશ્રી ખૂબ જ કાળજી રાખતા. હ્રસ્વદીર્ઘ અને

વિરામચિહ્નોની સંજ્ઞાઓ સાચવતાં મને શીખવવામાં આવેલું, એનો લાભ મને ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસમાં પ્રુફરીડર તરીકે રહેવામાં મળ્યો.

એક બાજુ વિદ્યાવ્યાસંગી જીવન માટે તડફડાટ હતો ત્યારે બીજી બાજુ સુન્દર ગૃહસ્થાશ્રમ માણવાના કોડ હતા. ભાવી તો નિર્માણ થઇ ચૂકયું જ હશે, પણ તે વખતે તો બધું અદૃષ્ટ હતું. જે ઘાટ ઘડાતા હતા તે બધા સર્વેશ્વર અંતર્યામી ન્યાય, યુકિત અને આવશ્યકતા પ્રમાણે ઘડતા હતા, એવી અત્યારે તૃપ્તિપૂર્ણ વૃત્તિ છે; અને સત્ય જ લખાઈ જાય છે કે બન્નેમાં બાહ્ય દૃષ્ટિએ સાંપડેલી નિષ્ફળતાએ તથા બ્રાહ્મજીવનના સુપુપ્ત સંસ્કારના જોરે સંસારની બાજુથી પરમ કૃપાળુ પરમાત્માએ ધક્કામુક્કા મારીને મને અધ્યાત્મમાર્ગે ધકેલ્યો. એમાં એ દયાઘનની અસીમ, અવર્ણનીય, અયાચિત કૃપાકરુણા, જે કહો તે; પણ હું અંતરથી સચેત થતો જતો હતો. ઇશ્વરાભિમુખ થવાના શ્રી ગણેશ થઇ ચૂકયા. ધન્ય પરમાત્મા! ધન્ય વેદાન્તશાસ્ત્ર! ધન્ય સદ્‌ગુરુ અને ગુરુતુલ્ય સન્તો! ધન્ય આ માનવજન્મ! ૐ શાન્તિ. સ્કૂલ કે કોલેજનો વિદ્યાભ્યાસ ત્યાંથી અટકયો; એથીયે બહુ દુઃખ હતું; પણ પેલો ગૃહસ્થાશ્રમ!? જેમ જેમ એ વિષેની સમજણ વધવા માંડી; વાચન અને વિચાર દ્વારા આદર્શો સમજાયા, તેમ તેમ એમાં અંધકારનાં ઘેરાં વાદળ જ છવાતાં હોય-વધારે ને વધારે ગાઢ થતાં હોય-એવો ભાસ થવા માંડયો.

લગ્ન જ ન કરવું, નાસી જવું, ઇશ્વરભક્તિ કરવી, એકાકી જીવવું -આવી વૃત્તિઓનો વેગ વધતાં અભ્યાસ છોડીને મુંબઈ નાસી નીકળ્યો, પણ વિદ્યાવ્યાસંગ અને મિત્રોએ સૂચવેલા આશાતન્તુથી બંધાયેલો અમરેલી ગયો; મેટ્રિકની પરીક્ષા થઇ ગઇ. એ બાજુથી તો એક રીતે નિરાંત થઇ.પણ મિત્રો સંસારીભાવથી અનુરક્ત હતા. એમની સહૃદયી પણ સંસારઘેલી શિખામણોમાં હું ફસાયો. મારી મનોવૃત્તિ જ એમાં મુખ્ય કારણભૂત હતી એમ હું અત્યારે સ્પષ્ટ લખું છું—કબૂલું છું. એ બધા તો નિમિત્ત માત્ર હતા.

એવામાં મારા મિત્ર શ્રી ગિજુભાઈ બધેકા પ્રિવિયસની પરીક્ષા આપીને કમાવા માટે અફ્રિકા જવાના હતા. મને એ ગમ્યું; હું યે જાઉં; લગભગ નક્કી થયું પણ હું અવિવાહિત હતો. સગાસંબંધી, સ્નેહીવર્ગની સમજાવટ અને મારી રહીસહી ભોગવાસનાએ એમનો ત્યાંથી પત્ર આવ્યા પછી મેં જવાનું કબૂલ્યું. એ આફ્રિકા ગયા અને હું લગ્નબંધનની બેડી પહેરવા પાછળ રહ્યો.

ગૃહસ્થાશ્રમી બન્યો ! અને હવે ?! ૐ! નિરાશા–હતાશા–મૃત્યુ-તુલ્ય મનોદશા, મૂઝાયો; પેલું પત્નીરત્ન પ્રત્યક્ષ થતાં જ એમાં મને ભૂતાવળ દેખાવા માંડી; બન્નેની ઉંમર વચ્ચે ૧૧–૧૨ વર્ષનો મઝાનો તફાવત; અને કન્યાને ૧૧–થી૧૩ વર્ષની વચ્ચે જ ચોરીમાં પધરાવવી પડે એવાં કુળબંધને મારે ગળે, પગે, હૃદયમાં વજ્રશૃંખલાઓ નાખી. ચિત્ર ખડું થતાં જ હૃદય કંપે. રંગે, રૂપે, ગુણે, કર્મે, કદે અને બધી રીતે એ પાત્ર હતું કોઈ મારા પાપસંસ્કારના પરિપાકની મૂર્તિ !— છતાં અત્યારે સંતોષ છે. એ એવું ન હોત તો વૈરાગ્ય ક્યાંથી હોત ! ? એનો ઉપકાર; ધન્યવાદ સાથે પૂર્ણ આભાર ! અત્યારે તો એનાં શુભ પરિણામ જોઇને પરમાત્માને ધન્યવાદ આપું છું, કૃતકૃત્ય બનીને આત્મ-સુખ ભોગવું છું, પણ એ વખતનો ૨૦–૨૨ વર્ષનો, નવી પેઢીનો, નવીન સંસ્કારમાં ઊછરતો યુવાન કેટલો બંડખોર બને એની કલ્પના કોઈ કરી તો જુઓ ! ?!

ત્રણ વર્ષ બહુ જ ખરાબ ગયાં. વિષપાન કરવાના વિચારો થયા, સંકલ્પ દૃઢ થયો, કરવાનું સાહસ કર્યું, પણ જીવનદોરીના સંચાલક પરમાત્માએ મારા અધ્યાત્મસંસ્કારને જાગ્રત કર્યા; આટલી ઉંમરમાં જે કાંઇ અલ્પસ્વલ્પ વાંચેલું, નાનપણમાં કર્મકાંડ કરેલું, શિવાલયમાં જઈને રુદ્રાભિષેક કરેલા એ બધાના અદૃષ્ટ પુણ્યસંસ્કારે કે ગતજન્મોના મંદ વૈરાગ્યના પ્રભાવે અધ્યાત્મમાર્ગે પળવાનો સંકલ્પ કર્યો–દૃઢ થયો. આવી ૨૦ થી ૩૦ વર્ષ સુધીની અવસ્થાએ, શરીરમાં નવું લોહી પૂરાતું હોય, આસપાસ સુંદર ગૃહસ્થાશ્રમોનાં દર્શન થતાં હોય, પ્રેમાળ

અને સેવાભાવી હૃદયને લીધે માતાપિતા, સંબંધી અને સ્નેહીવર્ગની ધનસેવા કરવાની ધગશ હોય, ત્યાં ત્યાગ!? કેટલો દુષ્કર! કેટલો કષ્ટકર માર્ગ! કેટલો તપશ્ચર્યાના ધગધગતા અંગારભાર્યો અગમ્ય અને અલૌકિક પંથ!?!

ઇ. સ. ૧૯૦૭માં એક મિત્રદંપતી સદ્‌ભાગ્યે સાંપડયું; ખૂબજ પ્રેમાળ અને મારા માટે વાત્સલ્યભર્યું. મેટ્રિકની પરીક્ષામાં નિષ્ફળ થતાં આફ્રિકા ધન કમાવા જતાં વચમાં આવી પડેલી લગ્નબેડીઓ, એને લીધે મુંબઇમાં અંગ્રેજીપદ્ધતિના હિસાબનીશ થવાનો વિચાર સ્ફુર્યો; કારણ કે શ્રી ગિજુભાઇએ આફ્રિકાથી એવો પત્ર લખ્યો કે અહીં આવતાં પહેલાં એનો અભ્યાસ કરી લેજે. એ પ્રમાણે મુંબઇ ગયો.

મુંબઇના એ દિવસો દોહ્યલા હતા; હર્ષ અને વિષાદના પ્રચંડ વાવાઝોડામાં હીંચકો નિરંકુશ ઝૂલતો હોય, એવો જીવનમાર્ગ હતો. મિત્રમંડળ સારું એવું હતું. એમાં થોડા તેજોદ્વષી હતા, બીજા સદ્‌ભાવ શાલીની પણ ખોટ નહોતી, પણ એક વ્યકિતએ વૈરભાવે એવો ભાગ ભજવ્યો કે નિન્દાના વરસાદ મારા ઉપર વરસવા માંડયા. કારણ?— આ રહ્યું નીચે પ્રમાણે:

નાંદોદના વતની શ્રી નર્મદાશંકર બાળાશંકર પંડયા કુટુંબસહ મુંબઈમાં રહેતા હતા. કૉલેજમાં બી. એ. ના વર્ગમાં ભણતા અને જીવન-નિર્વાહ માટે ખાનગી ટ્યુશન અને શ્રી વિશ્વનાથ પ્રભુરામ વૈદ્ય—બૅરિસ્ટરને ત્યાં નોકરી કરતા. મુંબઇની વેદધર્મશાળાના એ બૅરિસ્ટર-સાહેબ મંત્રી હતા. એનું પુસ્તક વેચાણનું, તેમ જ બીજું કામકાજ ભાઇ નર્મદાશંકર કરતા અને સાહિત્યક્ષેત્રમાં પ્રસિદ્ધ હતા.

મુંબઇના નિવાસ દરમ્યાન ભાઇ શ્રી વિઠ્ઠલરાય માધવજી ભટ્ટ, એલ. એમ. એન્ડ એસ. પોતાનો અભ્યાસ શ્રી વિશ્વનાથ વૈદ્યને ત્યાં રહીને કરતા એટલે અમારું મિત્રમંડળ રવિવારે ત્યાં એકઠું થતું. સંખ્યા સારી એવી

હતી. શ્રી વિશ્વનાથભાઇ વિદ્યાર્થીવત્સલ હતા. વિદ્યાર્થીઓ એમને ત્યાં ઊતરે, આવે, રહે, એમનો ભોજન તથા બીજાં સાધનથી સારો સત્કાર કરે, અને પ્રસંગોપાત રાત્રે કે રવિવારે એકત્ર થતા. એ રીતે પ્રશ્નોરા-જ્ઞાતિનું હાલાર–ગુજરાતના ભેદભાવ વિનાનું સ્નેહસંમેલન ત્યાં થયા કરતું. વિદ્યાર્થીઓને એમની જબરી ઓથ–હૂંફ હતી. ત્યાં મને શ્રી નર્મદાશંકર પંડયાનો પરિચય થયો.

મારો પરિચય તે વખતે કાવ્યો લખનાર તરીકે હતો. ૧૯૦૫ની ૧૯૦૭ સુધીનાં કિરણકલાપનાં કાવ્યો વાચનારને એમાં લાગણી, મનો-વેદના, પ્રાર્થના, મોક્ષેચ્છા વગેરેનાં આંદોલનો મળશે, એ સમયે ભાઇ નર્મદાશંકર પંડયાનો પરિચય થયો, અને પછી તો અમે ગાઢ મિત્ર બન્યા; બન્ધુ બન્યા; ભાઇ બન્યા; એકપ્રાણ જેવો એમની સાથે હું થઇ ગયો, એમણે એકલાએ જ નહીં પણ એમનાં પત્ની અ. સૌ. જડાવબેને મને સગા ભાઇ સમાન ગણીને વધાવી લીધો. પતિપત્ની બંને માયાળુ, પ્રેમાળ અને અને મારા પ્રતિ ભાઇ નર્મદાશંકર વયે મોટા હોવાથી વાત્સલ્ય, અને બહેન જડાવ નાનાં હોવાથી એનો મારા પ્રતિનો મોટા ભાઈ જેવો આંતરિક ઘનિષ્ઠ સંબંધ બંધાયો. અમે એકપ્રાણ, એકચિત્ત, એકહૃદયી બન્યાં.

એમણે મારો ગૃહસ્થાશ્રમ જોયો. બહુ બહુ મહેનત એ બહેને કરી; અને છેવટે તો અમે ત્રણેય થાકયાં. ત્રણેય એ માટે આંસુ સારતાં, નિઃશ્વાસ નાંખતાં; એ વિચારે ગમગીન બની જતાં, મને સહાનુભૂતિની ઓથ મળી. બીજા મિત્રો સંસારશાણા હતા ત્યારે ભાઇ નર્મદાશંકર થોડે ઘણે અંશે સુધારક હતા. એમનું લગ્નજીવન પ્રેમની ઉષ્મા અને સંસ્કારની શોભાથી સુન્દર, સુખકર અને સ્વર્ગીય હતું.

ભાઈ નર્મદાશંકર પ્રાર્થનાસમાજમાં જતા આવતા; મને અમદાવાદમાં ભણતો ત્યારે જ એ સંસ્કાર મળેલા; એકેશ્વરવાદ,

નિરાકારવાદ, પ્રાર્થના, વર્ણલોપન, સમાજસુધારણા જેવા એ સમાજના સિદ્ધાન્તો અમને બન્નેને ખૂબ જ ગમતા. શ્રી દેવેન્દ્રનાથ ઠાકુર (ટાગોર), શ્રી કેશવચંદ્ર સેન, શ્રી પ્રતાપચંદ્ર મુજમુદાર જેવા બંગાળી તથા ભોળાનાથ સારાભાઇ, મહીપતરામ નીલકંઠ જેવા ગુજરાતના પ્રાર્થના-સમાજીઓની રહેણીકરણી ખૂબ જ ગમતી. સંસારસુધારા પરિષદ્‌નાં વ્યાખ્યાનો સાંભળતા અને એ માર્ગની સુધારણા એટલી બધી ઇષ્ટ લાગતી કે અમે "પ્રાર્થનામાળા"નાં કીર્તનો ગાતા; એની સાથે જ **"Imitation of Christ"**—"ઇસુનું અનુકરણ" નામનું ભક્તિમય પ્રાર્થનાનું પુસ્તક વાંચતા, એટલું જ નહિ પણ એ પુસ્તકના સ્વાધ્યાયને લીધે "બાઇબલ" વાંચવાનો શૉખ જાગ્યો, ભક્તિમય પ્રાર્થનામયું જીવન અમારું વીતતું.

મારે શું કરવું? અનેકવિધ પ્રશ્નોને અનેકવિધ દિશાઓથી તપાસતા હતા; મારાં એ બહેનનો મારા માટેનો વિશુદ્ધભાવ મને પવિત્રતાનાં પાન કરાવતો હતો. ભાઈ નર્મદાશંકરનું ભક્તિભર્યું જીવન મારા પ્રાણમાં શુદ્ધિ આપતું હતું, અને મારા બહેનની તબિયત મુંબઈમાં બગડી; મારું સ્વાસ્થ્ય ઘવાયું. ભાઇ નર્મદાશંકર બી. એ. માં નિષ્ફળ થયા, અને એમણે ઉમરેઠની હાઇસ્કૂલમાં નોકરી લીધી એટલે મને પણ સ્વાસ્થ્ય મેળવવા માટે વડીલબન્ધુ તરીકેનો ધર્મ પાળવા સાથે લીધો.

અમારી આ ત્રિપુટીના સ્નેહસંબંધનો તેજોદ્વેષ એકાદ મિત્રના ચિત્રમાં પરાકાષ્ટાએ પહોંચ્યો; બીજાઓએ પણ થોડો સાથ પૂરાવ્યો હશે, અને પરિણામે અમારી—ખાસ કરીને મારી નિન્દાનો પાર ન રહ્યો; નાતજાતમાં, સગાસંબંધીમાં, સ્નેહીવર્ગમાં, સાહિત્યક્ષેત્રના મિત્રોમાં —ચારેપાસ એ મિત્રોએ નિન્દાકંટકો વેરવા માંડયા અને મારા વડીલબન્ધુસમ નર્મદાશંકરને રૂબરૂ પણ ઘણાએ ઠપકારૂપે પત્રો લખ્યા,

અમે પવિત્ર હતાં. અમારું આંતરિક જીવન પ્રાર્થનામય હતું; એ સદ્‌ગત દંપતી, હું તે સમયે જ નહીં, પણ ત્યાર પછી, અને અત્યારે આ લખતી વખતે જ્યારે એ પૃથ્વી પરની લીલા સંકેલીને દૂરસુદૂર ભગવદ્‌-સાંનિધ્યમાં ક્યાંક નિવાસ કરતાં, દિવ્યલોકવાસી બનીને બેઠાં છે, ત્યાંથી પણ મારા પ્રતિ વાત્સલ્ય અને પ્રેમની વર્ષા વરસાવતાં હશે એવી મને શ્રદ્ધા છે. એમને હું પૂજ્ય માનતો; એમના પવિત્ર પ્રેમથી પાવન થતો અને એ બહેનના સતત્ સ્મરણથી મારા વિષયવિકારો શાન્ત થતા; મને એક અજબ કીમિયો મળી ગયો. પરમાત્માએ દયા કરી, જાતીય વિકારનો ઊભરો આવે અને હું એ દિવ્યમૂર્તિ બહેનનું માનસિક દર્શન કરીને નિર્વિકારી બનતો. મારી એ વખતની આવી સાધના હતી અને ખૂબ જ ઉપકારક હતી. મારી જ મેળે, શુભેચ્છાપૂર્વક પ્રયોગ આદર્યો. સ્ખલનો થતાં ખરાં, પણ જ્યારે જ્યારે આત્મજાગ્રતિ રહેતી, સાવધાનતા સચવાતી ત્યારે નારીમૂર્તિમાં ભગિનીભાવનું આરોપણ અત્યંત ઉપકારક નીવડતું. મારો ત્યાગનો આંતરિક સંકલ્પ દૃઢ થતો જતો હતો. પ્રત્યેક સ્ત્રી ભગિની છે, મા-જણી બહેન છે, આવી સદ્‌ભાવ વૃત્તિની સાધના મેં શરૂ કરી, અને ભગિનીમૂર્તિ જડાવબહેન દ્વારા મને નિર્વિકાર બનવાની અલૌકિક તક મળી.

હજુ વધારે વાત છે; વિદ્વાન્ સાક્ષર ભાઈશ્રી રામનારાયણ પાઠકના પિતા એટલે શ્રી વિશ્વનાથ સદારામ પાઠક, પિતાશ્રીના સગા ગાશીના દીકરા થાય; સંબંધ એક કુટુંબ જેવો જ; એઓશ્રી બીલખા આશ્રમના સંસ્થાપક શ્રીમાન્ નથ્થુરામ શર્માના અગ્રગણ્ય શિષ્યોમાંના એક હોઈ હઠયોગની સાથે સાથે કર્મકાંડરત, વેદાન્તના અભ્યાસી અને મારા કુટુંબપૂજ્ય હોવાથી મારા પ્રતિનું એમનું વાત્સલ્ય ખુબ જ હિતસ્વી હતું. મને એમના પ્રતિ ભક્તિ હતી. જેવી રીતે મારી બહેનની સ્મૃતિ મને નિર્વિકાર બનાવતી તેટલું જ આ મહાપુરુષનું

ધ્યાન મને કંઈક દિવ્ય પ્રેરણા આપતું–પાવન કરતું એવો અનુભવ થવા માંડેલો. આ હતું બીજું સાધન.

ત્રીજું અવલંબન સૌને યથાપ્રારબ્ધ સહજસાધ્ય બનેલું હોય છે તે પવિત્ર ધર્મપ્રેરક માતાપિતાનું અપૂર્વ, અલૌકિક અને નિઃસ્વાર્થી વાત્સલ્યનું અવલંબન. બાળક, કિશોર, યુવાન અને વૃધ્ધ, સર્વે અવસ્થામાં પૂર્વપૂણ્યના પ્રતાપે મળેલો, પિતૃલોકનો અમૂલ્ય વારસો. એનો આધાર તો સર્વકાળે હતો જ.

પણ આ ત્રિપુટીનેયે સ્મરણપટમાંથી જબરદસ્તીથી ધકેલી, ઘસેડી. ભૂંસી નાંખીને પણ પોતાનું જોર જમાવે એવો કામદેવ પોતાનો નિરંકુશ ભાવ ભજવે એ કયાં માનવપ્રાણીના અનુભવની બહારની વસ્તુ હશે ? ભગવાન્ શંકરને પણ એને ભસ્મીભૂત કરવા માટે પુરુષ–પ્રકૃતિ કે નર–નારી જેવા લિંગભેદ મૂકીને સાક્ષાત્ અલિંગી, અજાતીય, શિવનેત્ર ઉઘાડવું પડયું. એ પુરાણોક્ત કથાનું રહસ્ય અનુભવે જ સમજાય એવું છે; નરદેહી કે નારીશરીરી વ્યકિતને કામવિકાર ભસ્મીભૂત કરવા માટે માતાપિતા, બન્ધુભગિની કે દેવદેવીના ભાવ લાવતાં લાવતાં પણ જે ન થઇ શકે એ કેવળ અલિંગી બ્રહ્મભાવ ધારણ કરવાથી સહજસાધ્ય બને છે, એ છે બ્રહ્મચર્ય શબ્દનો વાચ્યાર્થ–લક્ષ્યાર્થ બંને. મેં મારી જાતીય વાસના જીતવાને માર્ગે પ્રારંભનો જે સાધનમાર્ગ ઝીલ્યો ને વાપર્યો હતો એનો આ એક સંકેત માત્ર છે. મારા એ સાધનના શ્રીગણેશ કેવી રીતે થયા, એમાં હું ફળીભૂત થતો જ હતો એટલો જ આ અંગત અનુભવને લિપિબધ્ધ કરવામાં હેતુ છે.

## પ્રસંગ નવમો

"કેમ બન્ધુ! શાન્ત બેઠા છો? કાંઇ બોલતા નથી?" બ્રહ્મચારી બન્ધુએ વળી પાછી મને બોલાવવા માટે ટકોર કરી. મારી વિચારમગ્ન મનોદશામાંથી હું સચેત થયો; એની સામે જોયું; બોલ્યો :-

"ભાઇ! બ્રહ્મચર્ય પાલનની વાતમાં મન જરા ચકડોળે ચઢી ગયું હતું. આપણે બન્ને એ વિષયમાં તો એક જ નૌકાના યાત્રીઓ છીએ; માત્ર તમારી મનોદશા અને તમે જે રીત એ માટે નાસી છૂટીને સ્ત્રીવર્ગને અદષ્ટ રાખીને સાધન કરવા ધારો છો એમાં મને કંઇક વિચિત્રતા લાગે છે." જવાબ ટૂંકો, સહજભાવે દેવાઇ ગયો.

"કેમ? મારી વાત કઇ રીતે ખોટી છે? સ્વા. દયાનન્દ સરસ્વતીએ આજન્મ બ્રહ્મચર્ય પાળ્યું હતું. મોટા યોગી હતા; વ્યાયામ પણ સુંદર કર્યો હતો. શરીરમાં પણ અતૂટ બળ હતું." એણે આદર્શ રજુ કર્યો.

"સાવ સાચી વાત;" મેં બોલવું શરુ કર્યું. "જેટલું હું એમના વિષે જાણું છું, એમાં તો એટલી માહિતી છે કે એમણે આસન પ્રાણાયામનો, ધ્યાન ધારણાનો સારો અભ્યાસ કર્યો હતો એમ લાગે છે. બીજું એમનું મન વિદ્યાભ્યાસમાં જ લાગી રહેલું હતું, વેદશાસ્ત્રના સિધ્ધાન્તો સમજવામાં, ચારિત્રના સંગઠનમાં, મૂર્તિપૂજાની સત્યાસત્યતામાં, અને એવી લોકસુધારણાની ધગશમાં જ એ એવા રચ્યાપચ્યા રહેતા હતા કે એમને સ્ત્રી, પત્ની, ગૃહસ્થાશ્રમ, કે એવાં એવાં બીજાં સાંસારિક સંબંધોમાં ઘસડી જાય એવાં નિમિત્તો વિઘ્ન જ ન કરે. તમે ભક્તિ, પાઠપૂજા, એકાન્તસેવન કરીને જપ, અનુષ્ઠાન, તપશ્ચર્યા કે

સ્વાધ્યાય જેવામાં મન પરોવવા ઇચ્છતા હો તો વાત જૂદી છે, પણ બ્રહ્મચર્યપાલન કરવું છે અને લોકસમૂહમાં નારીદર્શન થાય એટલે મન ચંચલ-ચલિત થાય એ ભયથી નાસીને હિમાલયમાં, કયાંક ગુફામાં પેસી-પૂરાઇ રહેલું છે એવું કહો છો એટલે તમારી વાતનો ઢંગધડો મને લાગતો નથી. એકાન્ત મળે, નિર્વાહનાં સાધન મળે અને સ્ત્રીદર્શન ન થાય એટલે બ્રહ્મચર્યપાલન થશે એમ તમે માનો છો ને?"

"ના, બધું! એમ તો કાંઇ થતું હશે?" એણે તરત જ વાતને સમજવાનો પ્રયત્ન કર્યો હોય એમ લાગ્યું.

"ત્યારે શું, ભલા આદમી! તમે તો સાવ ભોળા છો. કંઇ જપ વગેરે કરો છો?" મેં સીધો સાધન વિષેનો પ્રશ્ન કર્યો.

"ગુરુકુલમાં તો અમે નિત્ય હોમહવન કરતા હતા; અહીં નીકળી ચડયો એટલે નથી કરતો. સંધ્યા પણ નિયમિત હવે નથી થતી."

"ગાયત્રી મંત્રનો જપ નથી કરતા?" મારે જપ વિષે સ્પષ્ટતા કરવી હતી.

"લ્યો, ત્યારે બધી સાચી વાત કહી નાંખું." અંદરથી કૈંક જૂદી જ પ્રેરણા થઇ હોય એમ એણે બોલવાની શરૂઆત કરી. ટટ્ટાર થઇને બેઠો. બોલવા માંડયું.

"અમારે ત્યાં ગુરુકુલના વિદ્યાર્થીઓને બહુ સખત નિયમો પાળવાના હોય છે એ તો મેં તમને કહ્યું છે. મારે તો સગાંસંબંધીઓમાં કોઈ નહીં; પણ મારી સાથે રહેનાર એક મારો મિત્ર રજાઓમાં ઘેર જાય ત્યારે મને સાથે લઇ જતો. અમને મોટી ઉંમરના છોકરાઓને વાલીઓની ખાસ ભલામણ અને જવાબદારી સાથે ઘેર જવા દેવામાં આવતા. મારા મિત્રનાં માતાપિતાએ અમારી ગાઢ મિત્રતાને લીધે મને

એમને ઘેર જવાનું આમંત્રણ આપ્યું. આશ્રમના સંચાલકોને ખાસ વિનંતી કરી એટલે મને રજા મળી; હું એમને ગામ ગયો. ત્યાં એમના કુટુંબમાં હું ખૂબ હળી મળી ગયો.

" મારા મિત્રની એનાથી એકએક વર્ષની નાની બહેન હતી. એ બહેન કન્યાગુરુકુલમાં ભણતી હતી. ભણવામાં હુશીઆર, બોલવામાં ચકોર અને આનંદી સ્વભાવની હોવાથી મારી સાથે પણ ખૂબ જ છૂટથી વાતચીત કરતી.

" એક દિવસ ઉન્હાળાની રજામાં અમે ગામથી દૂર, મારાં મિત્રનાં આંબાવાડિયામાં સાંજરે ફરવા ગયાં; આખું કુટુંબ સાથે હતું. મિત્રનાં માતાપિતા, એની નાની ત્રણ બહેનો, હું જેની વાત કરૂં છું તે સુકન્યા અને નોકરો સાથે બધાં કેરીની મોસમ હોવાથી ઉજાણીએ નીકળી પડેલાં.

" મુરબ્બીઓ અને નોકર, પાકેલી કેરીઓની વ્યવસ્થા કરતા હતા. આંબાવાડિયું સઘન અને ખૂબ જ મોટું હતું. હું, મારો મિત્ર સુકુમાર અને એની બહેન સુકન્યા, ત્રણે દૂર દૂર ફરવા નીકળી પડયાં. અમારા આંબાવાડિયામાંથી નીકળીને પાસેની બીજી વાડીમાં ગયાં. ત્યાં સુંદર બગીચો હતો. ફૂલ વીણ્યાં, માળી ઓળખીતો હતો. થોડાં જમરૂખ એણે લાવી આપ્યાં; ખાધાં.

"કોણ જાણે સુકન્યાને શું થયું કે એણે ગુલાબનાં ફૂલની મુઠ્ઠી ભરીને મારા ઉપર ફેંકી, સુકુમારની નજર બીજી બાજુ હતી. મને ભાન ન રહ્યું. મેં પણ એની નકલ કરી, અમારું હસવાનું સાંભળીને સુકુમાર આવ્યો. એ પણ અમારી સાથે રમવા માંડયો; થોડી વાર દોડાદોડી કરી; કશો ઉદ્દેશ નહીં; કશી મનમાં બીજી દૃષ્ટિ નહીં, પણ એવી ગમ્મત થોડી વાર ચાલુ રહી ખરી.

" કેરીઓ ધોવાઈને તૈયાર થઇ હશે, એટલે પિતાજીએ અમને બૂમ મારી. હું એકદમ દોડયો. મારી પાછળ સુકુમાર આવતો હતો.

"કલમી આંબાની ડાળીઓ જમીન ઉપર પથરાયેલી હોય તેવાં વૃક્ષોનાં જૂથ, વચ્ચે જામફળી અને ચીકુનાં ઝાડ, તથા ક્યાંક ક્યાંક ફૂલઝાડ હતાં; હું દોડીને પહેલો પહોંચ્યો. હાંફતો હાંફતો ઊભો રહીને જોઉં છું તો નથી સુકુમાર કે નથી સુકન્યા; પિતાના પૂછવાથી 'એ આવે છે' એટલું કહીને હું પાછળ જોઈ રહ્યો. એએક મિનિટ સુધી આવ્યાં નહીં એટલે સુકુમારનું નામ પોકારતો હું પાછો એ દિશામાં દોડ્યો.

"સુકન્યા દોડનાં દોડતાં પડી ગઇ હતી એટલું જ નહિ પણ આંબાની નીચી ડાળી સાથે માથું અફળાતાં લોહિલુહાણ બની બેઠી હતી. સુકુમાર એની પાસે બેઠો હતો. ઊઠ, ચાલ, હિંમત રાખીને ઊભી થા, એવું સમજાવતો હતો.

"સુકન્યા રડતી નહોતી પણ શાંત રીતે બે હાથ માથા ઉપર રાખીને બેઠી હતી, 'શું થયું ?' એમ પૂછતો સુકુમારનો હાથ સુકન્યાની પીઠ ઉપર હતો. મેં પણ એને બોલાવી, પણ જબાબ ન મળ્યો.

" 'શું થયું સુકુમાર ?' મેં પૂછ્યું.

" 'તારી પાછળ હું દોડયો, અને મારી પાછળ એ પણ દોડતી દોડતી આવતી હતી ત્યાં આ આંબાની ડાળમાં એનું માથું અથડાયું અને એ પડી ગઇ. માથામાં થોડી ફુટ થઇ છે. એની મેળે જ બેઠી થઈ છે. માથે હાથ દઇને બેઠી છે. મેં લોહી તો થોડું લૂછી નાખ્યું છે, પણ જવાબ આપતી નથી.' એમ કહીને એણે પોતાનો લોહીથી ખરડાયેલો રૂમાલ મને દેખાડયો.

"'' ચાલ આપણે ઊભી કરીએ' એમ બોલીને મેં એને જમણી બાજુનો હાથ પકડીને ઊભી કરવાનો પ્રયત્ન કર્યો; સુકુમારે ડાબી બાજુનો હાથ પકડયો. મહામુશ્કેલીથી ઊભી કરી; પણ આ શું ? એ

બેભાન હતી. એને મૂર્છા આવી ગઈ હશે. બેઠી બેઠી જ એ બેભાન બની ગઇ હતી. તરત જ મેં મારા ધોતીયામાંથી ચીરો ફાડીને એને માથે બાંધી દીધો. પિતાજીને ' જલ્દી આવો ' એમ કહીને બૂમ મારી. એને બેભાન અવસ્થામાં જ ચલાવીને ધીરે ધીરે લઈ જતા હતા. પિતાજી પણ જોઈને ગભરાઈ ગયા. સુકુમારે વિગત કહી. ત્યાંથી ત્રણેય જણા ઊંચકીને અમારી ઊજાણીની જગ્યાએ લઈ ગયા. માળી આવ્યો; માથે પાણીનો છંટકાવ કર્યો; સૂવરાવી દીધી. રંગમાં ભંગ પડયો.

" બારેક વર્ષની સુશીલા અને નવેક વર્ષની સુમિત્રા રડવા જેવાં થઇ ગયાં. માતાજી માથા તરફ બેસીને હાથ ફેરવવા માંડયાં, ભીના કપડાથી લોહી સાફ કર્યું.

" થોડી વારે ટંડક થઈ એટલે માતાજીના પૂછવાથી એણે જવાબ આપ્યો.

" સુકન્યા ! શું થાય છે ? " માતાજીનો પ્રશ્ન સાંભળીને એણે ધીરજથી ' કાંઈ નહીં ' એટલું કહીને આંખો ઉઘાડી.

" અને પછી તો અમે બધાં વાહનની સગવડ કરીને ઘેર આવ્યાં. કેરીઓ કોઇએ ખાધી જ નહીં. દાકતરે આવીને પાટો બાંધ્યો. આઠેક દિવસ એની માંદગી રહી; તાવ આવતો હતો; હરવા ફરવામાં અશક્તિ રહેતી હતી. મગજ નબળું પડી ગયું હતું.

" સુકુમાર, એની બે બહેનો તથા હું એમ ચારેય જણાં એની સેવા ચાકરી કરતાં. હું સુકુમાર કરતાં નાનો, સુકન્યા કરતાં મોટો એટલે અમે પરસ્પર નામ દઈને એકબીજાને બોલાવતાં હતાં. આર્યસમાજના સુધરેલાં કુટુંબમાં જૂના રિવાજોનાં ખોટી શરમનાં બંધન નહીં, એટલે અમે બધાં છૂટથી હળતાં મળતાં અને કલ્લોલ કરતાં.

" સુકન્યાએ બીજે દિવસે અકસ્માત્‌ની વગતો જણાવી ત્યારે એ બોલ્યા ચાલ્યા વિના બેસી રહી હતી એનો ભેદ સમજાયો. સુકુમારથી થોડે પાછળ એ દોડતી આવતી હતી ત્યાં એક મોટો સર્પ જમણી બાજુથી જતાં જોયો એટલે એ બીકની મારી સુકુમારને પહોંચી વળવા દોડી એટલે ઉતાવળમાં એનું માથું આંબાની ડાળી સાથે અફળાયું અને એ બેહોશ થઈને પડી ગઇ. સુકુમારે એને બેઠી કરી ખરી પણ એને કશું ભાન નહોતું. સર્પની બીક, માથાનો ઘા, અને અમે બંને દોડી ગયા એ વિચારોથી અર્ધું વાગવાને લીધે અને અર્ધું બીકને લીધે એને નહીં જેવું જ ભાન હતું. એ માથે હાથ દઈને બેઠી ખરી, પણ સાંભળવા બોલવાના હોશ નહોતા રહ્યા.

" સુકન્યા અઠવાડિયામાં હરતીફરતી થઈ. એ કુટુંબ સાથે હવે તો મારાં સ્વજનો જેવો જ, એ જ કુટુંબનો બાળક હોઉં એવો સંબંધ થઇ ગયો. હું માબાપ વગરનો અનાથ છોકરો, ગામડાનો વતની, કોઇએ લાવીને મને ગુરુકુલમાં મૂક્યો; મને નાનપણમાં બધાં ' ગરીઓ ' કહીને બોલાવતાં એટલે મૂળ નામ તો ગરીબદાસ હશે, પણ આર્યસમાજમાં આવ્યા પછી મને ગુરુદાસ કહીને બધા બોલાવતા. આ નામપલટો થયો, સંસ્કાર બદલાયા અને એમાં આવા આગળ પડતા રિવાજવાળા કુટુંબમાં રહેવા ભળવાની છૂટ મળી, એટલે મારે તો આ એક નવો જ સંસાર થઈ પડયો. અંદરથી આનંદનો પાર નહોતો. બધાં મને પ્રેમથી ચાહતાં હતાં અને સુકન્યાની પણ મારે માટે એક સરખી લાગણી હતી. .એની માંદગીમાં હું ખૂબ સેવા કરતો, એની પાસે બેસતો, વનવગડાની તથા આર્યસમાજના ભણતર–શિક્ષણની એવી એવી વાતો થતી અને અમે આનંદ કરતાં હતાં."

એકધારી જાણે એણે વાત કરવા માંડી. સ્ત્રીનું નામ આવ્યું એટલે મને એના સ્ત્રીદર્શનના ભયનું કારણ કંઇક સમજાવા માડયું હતું,

પણ સ્પષ્ટતા નહોતી થતી. સુકન્યાએ ફૂલ ફેંક્યાં, એ માંદી પડી, એની સેવાનો નિકટવર્તી સંબંધ થયો, કુટુંબીજન તરીકે એને સૌએ પોતાનો માનીને રાખ્યો, એ બધામાંથી હજી આગળ શું આવે છે એ જાણવાની મારી ઉત્કંઠા વધતી જતી હતી. આટલું બોલીને એ પાણી પીવા ગયો. આવીને શાંત બેઠો.

"બન્ધુ ! તમારી વાત તો કોઈ નવલકથા જેવી છે !" મેં સહજ વિનોદ કર્યો.

"નવલકથા કહો કે જે કહો તે. પણ હું એ કુટુંબ સાથે ખૂબ હળી ગયો. એ બધાંયે પણ મને પોતાના સ્વજન જેવો જ ગણી લીધો.

"એ પ્રસંગ પછી એકાદ વર્ષ વીતી ગયું. એ દરમ્યાન હું બેએક વખત એમને ઘેર ગયો હોઈશ. મારા મનમાં કશો બીજો ભાવ નહોતો; પ્રેમથી હળવું ભળવું, કુટુંબી તરીકે જ સાથે રહેવું, સુકુમાર ઉપર ગુરુકુળમાં સુકન્યાના પત્રો આવે એમાં મને યાદ કરેલો હોય અને વળતો જવાબ પણ સુકુમાર એવી જ ઢબનો લખે. પણ પછી વાત બદલાઇ ગઈ.

"બીજા ઉનાળામાં જ્યારે હું ત્યાં ગયો, ત્યારે સુકન્યાના મનોભાવમાં મને કૈંક જુદું જ લાગવા માંડ્યું. અમે છૂટથી હળતાંભળતાં તો ખરાં જ, પણ હવે હું એકલો હોઉં ત્યાં એ આવી ચડતી. મારી ઉંમર, મારું અનાથપણું, મારું નામઠામ, ગામ અને મારા અભ્યાસની વાતો પૂછતી. પોતાના શિક્ષણની પણ વાતો ચાલતી. અવસ્થા હવે બદલાઈ જતી લાગી. સામાજિક સુધારણાના, નાતજાતના, રીતરિવાજના, આર્યસમાજના સિદ્ધાન્ત પ્રમાણેની ધાર્મિક માન્યતાના, લગ્નસ્વાતંત્ર્યનાં, સ્વા. દયાનન્દજીના જીવનચરિત્રના, એમના યોગ, બ્રહ્મચર્ય, ધર્મના ઉદ્ધરણના તેમજ અનેક જાતના પ્રશ્નોની ચર્ચા ખૂબ ઝીણવટથી ચાલતી અને

ખાસ કરીને સ્ત્રીસુધારણાના પ્રશ્નો ચર્ચાય ત્યારે બાળલગ્ન, પડદાપધ્ધતિ, સાસુનણંદના ત્રાસ, પતિપત્નીના સ્વતંત્ર સંબંધો વગેરે એવી રીતે ચર્ચાતા કે જાણે હવે એ લગ્ન અને ગૃહસ્થાશ્રમની સુધારણાની ખાસ પક્ષપાતી બની ગઈ હોય.

"હું ગુરુકુલમાં રહેતો તેથી મારે મન એમાંની ઘણી વાતો નવી હતી. આર્યસમાજ દ્વારા ચાલતાં ગુરુકુલોના શિક્ષણની, લગ્નમરણના પ્રસંગોમાં કેવલ વૈદિક પધ્ધતિની આવશ્યકતાની તેમ જ મુખ્યત્વે સ્વા. દયાનંદજીના જીવનની મને જેવી અને જેટલી ગતાગમ હતી એટલી ચર્ચા સુકન્યા સાથે હું કરતો; વધારે ભાંજગડમાં પડવાનો મારો સ્વભાવ જ નથી. પણ સુકન્યાના આવા સ્વતંત્ર વર્તનથી મારા મન ઉપર એની બુધ્ધિ, ચાતુર્ય, અને આનન્દી સ્વભાવની જબરી છાપ પડી. એકલો પડયો હોઉં છતાં મને એના જ વિચાર આવ્યા કરે. એનું મારા પ્રત્યેનું વલણ હેતાળ હતું. એ કોઈ કન્યાના પ્રેમનું વલણ હોય એવું મને કાંઈ ભાન જ નહોતું. હજીયે હું એવું કશુંયે સમજી શકતો નથી. પણ મને આકર્ષણ વધવા માંડયું એ વાત તો ચોક્કસ. હું સીધોસાદો વિદ્યાર્થી, એ ભર્યાભાદર્યા શ્રીમંત કુટુંબની નાતજાત, રીતરિવાજ વગેરેમાં ગળાડૂબ રહેલી કુમારિકા; નવલકથા, વાર્તાઓ વગેરેનાં પુસ્તકો વાંચીને સામાજિક સુધારણા વિષે ચર્ચા કરી શકે એવી ચકોર, અને ચપલા; એ બે વચ્ચે કાંઈ મેળ ખાય એમ જ મને નહોતું લાગતું. હજુયે નથી લાગતું.

"છતાં આ વખતના પરિચયથી મને એના તરફ આકર્ષણ થયું—ખાસ થયું એ વાત નક્કી. ત્યાર પછી હું તથા સુકુમાર ગુરુકુલમાં આવ્યા. એ હવે ઉંમરલાયક થવાથી અભ્યાસ મૂકીને ઘેર રહેતી હતી. હિન્દી અને સંસ્કૃતનો એનો અભ્યાસ બહુ સરસ હતો. સંગીત અને શીવણભરતમાં એ કુશળ બની હતી એટલે એનાં લગ્નની

અવસ્થા થઈ છે એમ માનીને માતાજીએ હવે એને ઘેર રાખી હતી.

"સુકુમારની ઉપર એના પત્રો આવતા હતા. ગુરુકુલમાં વિદ્યાર્થીઓ ઉપર આવતા બધા પત્રો અધિષ્ઠાતાની મારફત જ મળે છે અને વાંધા વગરના પત્રો વિદ્યાર્થીઓને સુપ્રત થાય છે. શરૂઆતમાં બંધ પત્રો ફોડીને વંચાય છે, પણ એક બે વાર ખાત્રી થયા પછી એવો ખાસ પ્રતિબંધ રહેતો નથી.

"સુકુમારને ઘેરથી પત્રો આવ્યા કરતા; એનાં માતપિતાના તથા બહેનોના પત્રો પણ આવતા. મારા માટે બધા પત્રોમાં ઉલ્લેખ હોય જ. પણ એક વાર મારા ઉપર એક બંધ કાગળ આવ્યો. અધિષ્ઠાતાએ મને બોલાવ્યો. કાગળ ઉપર રવાના કરનાર તરીકે સુકુમારના પિતાશ્રીનું નામ હતું. મારે એ કુટુંબ સાથે સ્નેહસંબંધ છે એવું એ જાણતા હતા તેથી લાંબી ચર્ચા વિના પત્ર મને સુપ્રત કર્યો.

"મેં મારા સ્થાન ઉપર જઈને પત્ર ફોડયો. મારા ઉપર આજ શા માટે પત્ર આવ્યો હશે એનું આશ્ચર્ય થયું હતું તેથી મેં સુકુમારને પત્ર વાંચતાં પહેલાં વાત નહોતી કરી. એના પોતાના વિષે કાંઈ બીજી ખાનગી વાત મને લખવા જેવી હશે એમ માનીને મેં પત્ર ફોડયો.

"અને આશ્ચર્ય! પત્ર તો સુકન્યાએ મને જ લખ્યો હતો. અત્યારસુધી પ્રકટ રીતે જે ભાવ નહોતો દેખાડયો તેની સ્પષ્ટતા કરીને લાંબો પત્ર લખ્યો હતો. એ મને 'ગુરુદાસ' નામથી તમે કહીને બોલાવતી પણ હવે તો પ્રિયતમ, તું, એવાં સંબોધન વાપરીને પોતે કેવી રીતે મુગ્ધ બની હતી, એનું વિસ્તૃત વિવેચન કર્યું હતું. અમે બે નકકી કરીએ તો માતાપિતા સુધારાવાળાં હોવાથી ના નહીં પાડે એવી ખાત્રી આપી હતી. એ લાંબો પ્રેમપત્ર વાંચીને હું ગભરાઈ

ઊછર્યો. મને એ હમેશાં યાદ આવતી પણ એ માત્ર સુકુમારની નાની બ્હેન તરીકે. હું તદ્દન અનાથ એટલે માતાપિતા, ભાઇબ્હેન કે એવા સંબંધોની મને જાણે ગતાગમ જ નહોતી. મારા મનમાં એવા કશા ભાવ આવતા જ નહીં.

"પણ આ કાગળ વાંચીને મને અનેક શંકાઓ થવા માંડી. મને આવા ઉદ્દેશથી જ એ કુટુંબે પોતાની સાથે ભેળવ્યો તો નહિ હોય! એનાં માતપિતાની પણ ઊંડી ઊંડી એવી ધારણા તો નહીં હોય! સુકન્યા પણ છૂટથી હળતીભળતી હતી અને એની માંદગીમાં તથા ત્યાર પછી મારા ઉપર ખૂબ જ વહાલ કરતી હતી, એ બધાં ચિત્રો મારી નજર આગળ ઊભરાવા માંડયાં. સમય સવારનો હતો. નિત્યકર્મથી પરવારીને વાંચવા બેસવાનો વખત હતો, પણ એ ભૂલીને હું સીધો પથારી ઉપર પડયો. એટલી બધી ગભરામણ થઇ કે શરીરે પરસેવો વળ્યો. કલાકેક પછી ભોજનનો ઘંટ વાગ્યો એટલે જમવા ગયો, પછી વર્ગમાં ગયો, બધું થયા કર્યું; મારી મૂઝવણની અસર મારા ચહેરા ઉપર જોઇને સુકુમારે મને તબિયત વિષે પૂછ્યું; મેં કે નથી એવો ઉડાઉ જવાબ વાળ્યો. સાંજે અને આખી રાત મને જાણે કશું સૂઝે જ નહીં એવો બેબાકળો રહ્યો. મારા જેવા ગરીબ વિદ્યાર્થીને આવો વિચિત્ર પ્રસંગ પડશે એવી કલ્પનાયે નહીં. મને કોણ ચ્હાય? મારા ઉપર આવા પ્રેમપત્રો શાના? આવું મારા મગજમાં કયાંક ખૂણેખાંચરે પણ નહોતું છતાં તેવું બન્યું એનો જબરો પ્રત્યાઘાત થયો.

"પત્રનો જવાબ માગ્યો હતો. સરનામાવાળા કવર ઉપર મોકલનાર તરીકે સુકુમારનું નામ લખવાનું એમાં સૂચન હતું. મને એ કશુંયે ન ગમ્યું. હું એકલો, માતા, બ્હેન, કાકી, મામી, ફોઈ એવાં સ્ત્રીપાત્રોના સંબંધ વગર ઉછરેલો, તેમાં આ કુટુંબનો સંબંધ થયો,

અને પરિણામ આવું આવ્યું, એટલે મારા સ્વભાવમાં સ્ત્રીઓના પ્રેમની જ્યાં કશી માહિતી જ નહોતી, મેં એ લહાણુ જ લીધી નથી, એને આવું પ્રિયા પ્રિયતમના સંબંધ જેવું કૈં બને એ કેટલું આશ્ચર્ય!

"મેં જવાબ ન આપ્યો, પંદર દિવસે બીજો પત્ર આવ્યો. મારું મૌન એને સાલતું હતું. ઘણાયે ખુલાસા એમાં હતા, માતાપિતાનો ભય નથી એમ આ પત્રમાં સ્પષ્ટ લખ્યું હતું; પણ હું એવી વાતોથી જ ગભરાતો હતો એનું શું? એ પત્રને પણ પંદર દિવસ નીકળી ગયા; ત્રીજો પત્ર આવ્યો; એમાં રજાઓના દિવસોમાં આવશો એટલે બધું નક્કી કરી લેશું; પત્ર ન લખો તો કાંઇ નહીં એવી સ્પષ્ટતા હતી.

"એ દિવસો મારા બહુ જ કંટાળા ભરેલા ગયા. રાત અને દિવસ સુકન્યાને જ મારી નજર આગળ જોયા કરું. સ્વપ્નો પણ એનાં તથા એનાં કુટુંબીઓનાં આવે; પેલો બાગ, ત્યાં એને વાગવાનો પ્રસંગ, ફૂલની ફેંકાફેંકી, એની માંદગી, સેવા, એનાં માતાપિતા તથા ભાઇ-બહેનોનું વહાલ, એ બધાંએ મને ઘેરી લીધો. શું કરું? હા કહું? પણ હું કોણ? લગ્ન કરીને હું કરું શું? હજુ શિક્ષણ પૂરું થયું નથી. ઉંમર નાની છે. રહેવાનું ઘર નથી; નિર્ધન છું; કમાવાની ગતાગમ નથી; ત્યાં ગૃહસ્થાશ્રમની લપ ક્યાં ઉપાડું?

"બ્રહ્મચારી છું; ગૃહસ્થાશ્રમ એટલે કોઈ સ્ત્રી સાથે લગ્ન કર્યા પછી કમાવું અને જીવવું એટલું હું જાણું; પણ કન્યાઓ આવો પ્રેમ કરતી હશે; આવી રીતે લગ્ન થતાં હશે; માબાપ પણ છૂપી સંમતિ આપતાં હશે, એ બધી વાતો મારે મન તદ્દન નવીન અને આશ્ચર્ય ઉપજાવે એવી હતી. પત્રોના જવાબ મેં ન આપ્યા. આપી શકું એમ પણ નહોતો, મને આવી બાબતોની કશી ગતાગમ હોય ત્યારે ને? મારું મન ડહોળાઈ ગયું, અભ્યાસમાં ચિત્ત પરોવાય નહીં; દિવસ રાત સુકન્યાના જ વિચાર આવ્યા કરે, અને ધીરે ધીરે પછી તો એનું

વય, હાવભાવ, પ્રેમ, રમતિયાળપણું મનમાં ભરાવા માંડયું; જાણે હું ખેંચાતો હોઉં એવું લાગવા માંડયું. એ વાતને ત્રણેક મહીના થઇ ગયા."

આટલું બોલીને એ શાન્ત પડયો. હું તો એક વાર્તા વાંચતો હોઉં એમ સાંભળ્યા કરતો હતો. વચ્ચે વચ્ચે એના જીવનની, એના નિર્દોષ ચિત્તની, એના ભોળપણની મનમાં મીમાંસા કર્યા કરતો હતો.

"પણ પછી શું થયું? રજાઓમાં એમને ત્યાં ગયા કે નહિ?" મારાથી પ્રશ્ન પૂછાઈ જવાયો.

"શું જાઉં, કપાળ મારું? મારાથી સુકન્યા ભૂલાતી જ નથી. મેં પરણવાનો વિચાર નહોતો કર્યો અને બ્રહ્મચારી રહેવું છે એવો પણ સંકલ્પ નહોતો કર્યો. અમારા આર્યસમાજમાં કન્યાઓ તથા કુમારોને માટે જુદાં જુદાં ગુરુકુલો છે, અને અમારા કુમારો માટે ગુરુકુલમાં છોકરાનાં સગાસંબંધીમાંથી સ્ત્રીવર્ગ મળવા માટે આવે તો પણ દૂર બેસાડીને જ વાતચીત કરાવાય છે. બ્રહ્મચર્યપાલનની એવી કડક શિસ્ત પળાવાય છે કે સ્ત્રીદર્શન તો શું પણ સ્ત્રીના વિચાર કે વાતચીત પણ ન થઇ શકે. તેમાં મારા વિષે આવું બની ગયું. મારા બ્રહ્મચર્યભંગનો પ્રસંગ ઊભો થયો એટલે હું પહેર્યે કપડે નાસી છૂટયો છું. સીધો આવ્યો મસૂરી અને ત્યાંથી રસ્તે પડતાં આપણે ભેગા થયા. આ છે મારી વાત. મને સ્ત્રીઓનો ભય લાગે છે, સુકન્યા ભૂલાતી નથી; એટલા જ માટે કયાંક નિર્જનમાં રહેવા આ તરફ હિમાલયમાં નીકળી પડયો છું."

વાત પૂરી થઇ; ભોળાભટાક બ્રહ્મચારીબન્ધુએ પોતાની કથા કહી નાંખી. એનામાં નિર્દોષ સરલતા હતી, પણ દીર્ઘદૃષ્ટિ નહોતી. સુકન્યાને ભૂલવા માટે સ્ત્રીદર્શનથી મુક્ત રહેવું, એટલું જ એના મગજમાં ઘૂસી ગયેલું હતું. જબરો સાહસી! પણ એને કશું બીજું ધ્યેય નહોતું; મારી

પાસે સ્પષ્ટ, દીવા જેવી ચોકખી વાત કરી નાંખી; મારી અને એની વચ્ચે કશું સામ્ય નહોતું, મેં લક્ષ્ય બાંધ્યું હતું આત્મજ્ઞાનનું; સાધના હતી વિવેક વૈરાગ્ય વગેરે સાધનની. સ્વા. રામતીર્થનાં લેખ-વ્યાખ્યાનોનો અભ્યાસ કરી ચૂકયો હતો, બીજુંએ ઘણું વાંચ્યું હતું. અને જેવો ભય એને હતો—સ્ત્રીશરીરદર્શનનો ભીરુ બનીને જ એ નાસી છૂટયો હતો, એ નરી બાલિશતા—અલબત નિર્દોષતા હતી ખરી—એવી કશી ભીરુતા મારામાં નહોતી.

હું એનો વિચાર જેટલો મને આત્મલક્ષી થવામાં ઉપયોગી હોય એટલો જ કરુંને! મેં પુષ્કળ એવું વાંચ્યું હતું કે યતિઓએ સ્ત્રીદર્શન ન કરવું જોઇએ. સ્વામિનારાયણ સંપ્રદાયના સ્ત્રીપુરુષ વિષેના કડક નિયમો હું જાણતો હતો; લાકડાની પૂતળી, કે દિવાલ ઉપરનાં સ્ત્રી-ચિત્રોનું પણ દર્શન ન કરવું જોઇએ એવું મેં વાંચ્યું સાંભળ્યું હતું; તેની સાથે સાથે શ્રીમદ્‌ભાગવત, મહાભારત, રામાયણ વગેરેના સંસ્કાર ઝીલ્યા હતા. ભ. રાધાકૃષ્ણ, ભ. સીતારામ, ભગવતીદેવીનાં કેટલાંયે સ્વરૂપો અને મંદિરો, પરમહંસ રામકૃષ્ણની કાલિકાની માતૃભાવે, અનન્ય ભક્તિભર્યે હૃદયે કરેલી આરાધના અને સિદ્ધિ; કેટલીએ સન્નારીઓએ આર્યસમાજના શિક્ષણ—સિદ્ધાન્તને અપનાવીને દેશસેવામાં આગળ પડતો લીધેલો ભાગ—આવું વાતાવરણ ડહોળીને હું તો હિમાલયમાં દોડતો જાઉં છું, એકાન્ત મારે જોઇએ છીએ, જન-સંસર્ગથી દૂર રહેવું છે, પણ એ આંતર અભ્યાસમાં વધારેમાં વધારે સમય ગાળવા માટે; બીજો કોઇ વિક્ષેપ ન આવે એટલા પૂરતું જ; કશી ભીરુતા નથી; સમવયસ્ક સ્ત્રીવર્ગને બહેન અને પ્રૌઢવયનાંને માતૃ—બુદ્ધિથી જોવાનું વ્રતધારણ કરીને નીકળ્યો છું. મારે મન નારી એ જગદંબાનું સ્વરૂપ છે; કન્યા હોય, કે કિશોરી, યુવતી હોય કે પ્રૌઢા—બધાં જગદંબાના મૂર્ત સ્વરૂપો છે.

આવી રીતે ભિન્ન ધ્યેયથી નીકળેલા અમે બે અકસ્માત્ મળી ગયા. બિચારો નિર્દોષ ગુરુદાસ ! એને શું કહું ? એના ભોળપણ માટે અંદર હસવું આવ્યું. સુકન્યાના સ્વયંવરણના સુપાત્રે તો સુકન્યાને ભૂલવા હિમાલયમાં દોટ મૂકી છે; ભૂલવા મથનારો ભૂલવાને બ્હાને જ નિરંતર અનિષ્ટ વિષયનું પણ સ્મરણ કરે છે એની એને ગતાગમ નથી. હું ક્યાં ઉપદેશ આપવાનો ધંધો લઈ બેસું ! સુકન્યા જેવું સુપાત્ર, સુકુમાર જેવો મિત્ર ! એવો આ ગુરુદાસ જેવો બન્ધુ ! નહિ—સુબન્ધુ !

"સુબન્ધુ !" મારાથી એ સાંભળે એમ બોલી જવાયું. એ ચમક્યો; મારી સામે જોયું.

"કેમ, બન્ધુ ! મને સુબન્ધુ કહ્યો ?"

"સુકન્યા અને સુબન્ધુની જોડી તો સરસ નીવડે એવી છે. તમને સદ્‌બુદ્ધિ સૂઝે અને પાછા હતા ત્યાં ગોઠવાઈ જાઓ તો." સલાહ ન આપવાની ઇચ્છા છતાં અપાઇ ગઇ.

"એ વાત જવા દ્યો, બન્ધુ ! તમે મારું નામ ઠીક બદલી નાંખ્યું, હું હવે એ જ નામે અહીં હિમાલયમાં રહીશ." એને નામ ગમી ગયું.

"એવી રીતે ભૂલી શકશો ? કૈંક સવળે રસ્તે ચડી જાઓ. સ્ત્રીદર્શન ન જ ગમતું હોય અને બ્રહ્મચારી બનીને પછી સ્વા. દયાનન્દજી જેવા સંન્યાસી થવું હોય તો એમણે જેવો અભ્યાસ કર્યો હતો તેવો કરો. વેદાભ્યાસ કરો, ગાયત્રીનાં અનુષ્ઠાન કરો; કોઈ સુયોગ્ય મહાત્માની સાથે રહીને બીજું પણ ધ્યાન ધારણાજેવું શીખો; ભજન-ભક્તિ કરો; એમ કૈંક ગાડું ચીલે ચડે તો." હું બોલીને શાન્ત થયો.

એ પણ વગર બોલ્યો બેસી રહ્યો. મને લાગ્યું કે હવે વધારે

વાત લંબાવવી ઠીક નથી. આખા દિવસનો થાક ઊતારવા હવે સૂઇ જવું જોઇએ. ઠંડીનો ચમકારો ઠીક ઠીક હતો.

"ચાલો, હવે સૂઇ જઇએ. બહુ જાગ્યા" એમ કહીને હું બહાર જવા નીકળ્યો. એણે પોતાની ચાદર પાથરીને પથારી બનાવી. મેં આવીને સૂવાની સગવડ કરી: વધારે બોલ્યા વિના સૂઈ ગયા.

* * * *

આખી રાત મઝેની ઊંઘ આવી, સવારે ઊઠયા, હાથમ્હોં ધોયાં; શૌચથી પરવારીને ટિહરીને રસ્તે ચાલવા માંડયું. બન્ધુ—અરે, 'સુબન્ધુ' સાથે કશી ઉપયોગી વાતો ન થઇ. આઠેક વાગે ટિહરી-ગંગોત્રીની જમણી—ડાબી બે સડકો આવી. ત્યાં એક ન્હાની એવી ઝૂંપડી હતી. અંદરના સજ્જનને માલિદેવલ ગામ માટે પૂછતાં ડાબા હાથની સડકે, ગંગોત્રીને માર્ગે જવાનું કહ્યું. ત્યાંથી માલિદેવલ ગામ એક માઇલ જ હતું, દસેક વાગે ત્યાં પહોંચ્યા.

રામમઢમાં એક બ્રહ્મચારી તે વખતે રહેતા હતા; મારા પહેલાં એકાદ માસથી ત્યાં ગયેલા; વસ્ત્રો સફેદ, પણ માથે એક ભગવો ટુકડો બાંધે. ભિક્ષાભોજન માટે પોતાની પાસે નાણાંની સગવડ હતી. એક ચોકીદાર ત્યાં હતો, મારી પાસેની ચિઠ્ઠી વાંચીને મને એક કુટિ રહેવા માટે ઊઘાડી આપી.

ગંગાસ્નાન કર્યું; 'સુબન્ધુ' પણ જમ્યો; સાંજના ચારેક વાગ્યે એ ગંગોત્રીને માર્ગે હિમાલયના અંતરંગભાગમાં જવા ઉપડયો; જતી વખતે ગદ્ગદ્ બની ગયો. 'નમસ્તે' કરીને ચાલ્યો; નજર પડે ત્યાં સુધી હું એને જોતો રહ્યો ! બિચારો સુબન્ધુ ! બિચારી સુકન્યા !

* * * *